રતિનાથની રંગભૂમિ અથવા ચપળા ચરિત્ર ચન્દ્રિકા

# વીરક્ષેત્રની સુંદરી

નારાયણ વિસનજી ઠક્કુર

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
કોટ, મુંબઈ

કિં. રૂ. ૧-૮-૦

## ચૂડેલનો વાંસો અથવા એક નટીની આત્મકથા

આ વાર્તાના એક ભાગમાં ચંપા નામની એક નટીની આત્મકથા છે. નાટકકાર તરીકે રંગભૂમિ પર નાચનારાઓ કેવા પ્રકારનું જીવન ગુજારે છે તેનો રહસ્યમય પડદો ખુલ્લો કરવામાં આવ્યો છે.

કોણે કોણે આત્મહત્યા કરી છે, તેમની રસિક અને રોમાંચક વાર્તાસંગ્રહ સીનેમાની ફીલમ માફક વાંચવા મળે છે.

કિ. રૂ. ૫-૦-૦. ટ. ખ. રૂ. ૦॥.

**ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ**

સાસુન બિલ્ડિંગ એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ મુંબઈ

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૨૬૮૫૨ किमत ૧-૮-૦

ग्रंथनाम વારઝોત્રની સુદરી

वर्गांक ૮,૧૫૫:૨

# રતિનાથની રંગભૂમિ

અથવા

# ચપળા ચરિત્ર ચંદ્રિકા

# વીરક્ષેત્રની સુંદરી

અનુવાદક :

ઠક્કુર નારાયણ વિસનજી

कामातुराणां न भयं न लज्जा...
" स्त्रियश्चरित्रं पुरुषस्य भाग्यं
देवो न जानाति कुतो मनुष्यः ?"

પ્રકાશકો :
"ગુજરાતી" પ્રેસના માલિકો
સાસુન બિલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ ૧

સંવત ૨૦૦૪ ] [ સને ૧૯૪૮

કિંમત રૂ. ૧-૮-૦

પુસ્તક મળવાનાં ઠેકાણાં:—

(૧) "ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ, રીઝર્વ બેંકની પાછળ, બજારગેટ સ્ટ્રીટ, સાસુન બિલ્ડિંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ ૧

(૨) આર. આર. શેઠની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૨

(૩) એન. એમ. ત્રિપાઠીની કું., લી. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૨

(૪) એન. એમ. ઠક્કરની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૨

(૫) મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, [illegible] દરવાજા, અમદાવાદ.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૨૬૮૫૧

( આ પુસ્તક છાપવા—છપાવવાના સર્વ હક્ક પ્રકાશકોને સ્વાધીન છે. )

મુદ્રક અને પ્રકાશક:—નટવરલાલ ઇચ્છારામ દેસાઈ બી. એ.

મુદ્રણસ્થાન:— "ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ,

સાસુન બિલ્ડીંગ, રીઝર્વ બેંકની પાછળ, બજારગેટ સ્ટ્રીટને નાકે

એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ—મુંબઈ, ૧

# પ્રસ્તાવના

પ્રસ્તુત ગ્રંથ જે મૂળ મરાઠી ગ્રંથનો અનુવાદ છે, તે ગ્રંથ મરાઠી ભાષામાં 'ડાકટર રામજીકૃત **સ્ત્રીચરિત્ર**'ના નામથી વિખ્યાત છે. તે ગ્રંથ રોયલ અષ્ટપત્રી આકારના ચાર ભાગોમાં વિભક્ત છે અને તે ચાર ભાગોની અનુક્રમે પૃષ્ઠ સંખ્યા ૨૧૮, ૨૩૦, ૧૫૩ અને ૨૮૮ ની છે એટલે કે ચારે ભાગની એકંદર પૃષ્ઠ સંખ્યાનો સરવાળો ૮૮૯ નો થવા જાય છે. એ ચારે ભાગમાંના અમુક પૃષ્ઠો શિલા પ્રેસથી છપાયાં છે અને કેટલાંક પૃષ્ઠોના મુદ્રણમાં ટાઇપનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મરાઠી ભાષામાં આ ગ્રંથ એકવાર એટલો બધો લોકપ્રિય થએલો છે કે, તેમાં એની ચાર પાંચ આવૃત્તિઓ છપાઇ ગઇ છે અને તે બધી ખપી જવાથી આજે એ ગ્રંથ મળવો પણ અશક્ય થઇ પડ્યો છે. પ્રસ્તુત અનુવાદ ઇ. સ. ૧૮૯૫ માં છપાયલી આવૃત્તિ પરથી કરાયલો છે, પણ આગળની આવૃત્તિઓ અને એ આવૃત્તિમાં બીજો કશો ફેરફાર નથી. અસ્તુ. હવે એ ગ્રંથની રચના કેવા પ્રકારની છે, તે આપણે જોઇએ.

સાધારણ 'સ્ત્રી ચરિત્ર' શબ્દથી કેટલાક લોકો એમ જ માની લે છે કે, એમાં તો બીભત્સ કથાઓ જ અપાયલી હશે અને તેથી તે વાંચવા લાયક ન હોય એ સ્વાભાવિક છે; કદાચિત્ પુરુષો વાંચે તો ચિંતા નહિ, પણ કોમળ વયનાં બાળકો અને સ્ત્રીઓના હાથમાં તો એવાં સ્ત્રી ચરિત્રનાં પુસ્તકો ન જ જવાં જોઇએ. સારાંશ કે, વ્યભિચારના અર્થમાં જ તેઓ 'સ્ત્રી ચરિત્ર' શબ્દની યોજના કરે છે. પણ ખરી રીતે જોતાં આ તેમનો એક મહાભયંકર ભ્રમ છે. વાસ્તવિકતાથી જોતાં 'સ્ત્રી ચરિત્ર' શબ્દનો એટલો સંકુચિત અર્થ નથી, કિન્તુ એ સમાસાન્ત પદમાં અત્યંત વિશાળ અર્થનો સમાવેશ થએલો છે. પ્રસ્તુત ગ્રંથના મુખ પૃષ્ઠપર જે સંસ્કૃત શ્લોકો આપવામાં આવ્યા છે,

તેમનો ભાવાર્થ એવો છે કે; "સ્ત્રીઓનાં ચરિત્ર અને પુરુષના ભાગ્યને દેવ પણ નથી જાણતો, તો પછી મનુષ્ય તો કયાંથી જ જાણી શકે?" અને "સ્ત્રીનો આહાર (પુરુષ કરતાં) બમણો હોય છે, સ્ત્રીમાં લજ્જા પુરુષ કરતાં ચાર ગણી વિશેષ હોય છે; તેનું સાહસ છ ગણું વધારે છે અને સ્ત્રીનો કામવિકાર પુરુષ કરતાં આઠ ગણો વધારે હોય છે."* તે જ પ્રમાણે જગતના આજ સુધીના ઇતિહાસથી એ પણ હવે નિર્વિવાદ સિદ્ધ થઇ ચૂકયું છે કે, ધર્મભાવનાનો અંશ પણ સ્ત્રીઓમાં પુરુષો કરતાં બહુ જ વિશેષ રહેલો છે અને એનો આપણા ગ્રહસંસારમાં આપણને નિત્ય પ્રત્યક્ષ પરિચય પણ મળ્યા કરે છે, એટલે એ વિશે વિશેષ વિવેચનની આવશ્યકતા નથી. મથિતાર્થ એટલો જ કે, સ્ત્રી ચરિત્ર શબ્દમાં લજ્જા, સાહસ, કામવિકાર તેમજ ધર્મભાવના આદિ સર્વ વિષયોનો સમાવેશ થાય છે, અને તેટલા માટે જેમ કેટલીક સ્ત્રીઓના ચરિત્રમાં કામવાસના કિંવા વ્યભિચાર અગ્રતા ભોગવે છે તે જ પ્રમાણે કેટલીક સતી સ્ત્રીઓનાં ચરિત્રોમાં ધર્મભાવના અને તદન્તર્ગત શૌર્ય-ભાવના જ અગ્રભાગે વિરાજેલી દેખાય છે. પ્રસ્તુત ગ્રંથમાં પણ કેવળ વ્યભિચારિણી વનિતાઓનાં વિકારમય ચરિત્રો જ કથાયલાં નથી, કિંતુ કેટલીક સદ્ધર્મચારિણી અને સતી સુંદરીઓનાં ચાતુર્યમય ચરિત્રોનો પણ તેટલા જ પ્રમાણમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને તેમાં પણ વળી દુષ્ટ માર્ગમાં પ્રવૃત્ત થએલાં સ્ત્રી પુરુષનાં જીવન અંતે કેવાં દુઃખમય અને તિરસ્કારપાત્ર થઈ જાય છે તથા સચ્ચરિત્રશીલ સ્ત્રીપુરુષો અંતે કેવી રીતે અગાધ આનંદસુખના ભોક્તા થાય છે, એ પણ સ્પષ્ટતાથી બતાવવામાં આવેલું હોવાથી વાચકોને પ્રત્યેક કથામાંથી અવશ્ય ઉત્તમ બોધની પ્રાપ્તિ થઇ શકે છે, એમાં લેશમાત્ર પણ સંશય નથી. છતાં કોઇ જો કેવળ ઉલટા અર્થને જ બાઝી પડે અને દુષ્ટ થવાની ચેષ્ટા કરે, તો તે તેની પોતાની જ કુપાત્રતા અને અધમતાનું પરિણામ છે; એ માટે કથા અથવા કથાકાર લેશ માત્ર પણ ઉત્તરદાતા નથી.

* આ માપ પ્રાચીનોએ શી રીતે કાઢયું હશે, તે જાણવું મુશ્કેલ છે.

હવે અહીં જે એક વિશિષ્ટ પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે એ છે કે, પ્રસ્તુત ગ્રંથમાં જે કથાઓ આપવામાં આવી છે તે સર્વ ગતાનુગતિક છે, ડોકટર રામજીની પોતાની કલ્પનાના પરિણામરૂપ છે કિંવા બીજા ગ્રંથોમાંથી લેવામાં આવી છે? એનું ઉત્તર એ જ આવે છે કે, આમાંની કથાઓ કેટલીક ગતાનુગતિક છે, કેટલીક અમુક પ્રકારના રૂપાંતર સહિત અન્ય ગ્રન્થોમાંથી પણ લેવાયલી છે અને કેટલીક કદાચિત્ ડોકટર રામજીની પોતાની પણ હશે. જે કથાઓ બીજા ગ્રંથોમાંથી લેવાયલી છે, તેમાંની સામળભટ્ટની વિક્રમાદિત્ય* વિષયક કેટલીક કથાઓ તેમજ 'સહસ્રરજની' (અરેબિયન્ નાઇટસ)માંની બેચાર કથાઓ તરત ઓળખાઇ આવે છે અને તેથી કલ્પના કરી શકાય છે કે, એ ઉપરાંત બીજા કથાગ્રંથોમાંની પણ કેટલીક કથાઓ એ ચાર ભાગમાં લેવામાં આવી હશે જ. માત્ર એ કથાઓને સ્વીકારી પોતાના ગ્રંથમાં તેમનો સમાવેશ કરતાં ડોકટર રામજીએ એટલી સંભાળ અવશ્ય રાખી છે કે, જે કથાઓમાં સ્રી ચરિત્રના કોઇ એક તત્ત્વની મહત્તા જણાઈ આવતી હોય, તેવી જ કેટલીક કથાઓનો સ્વીકાર કર્યો છે. અર્થાત્ એથી ડોકટર રામજીના અનુભવ, વિશાળ વાંચન અને બહુશ્રુતત્વ આદિનો તો આપણને તત્કાળ સારો પરિચય મળી શકે છે. આમાંની ઘણીક વાર્તાઓ આજથી વીસ વર્ષ પહેલાં એક ભાવસાર મિત્રના મુખથી મેં પોતે પણ એક કે બીજા રૂપમાં સાંભળી હતી અને તેથી નિશ્ચય થયો કે, એ વાર્તાઓ હજી પણ લોકોના સ્મરણમાં અને મુખમાં રમી રહેલી છે. એટલે આ ગ્રંથમાં સમાવેશ કર્યો છે તે યોગ્ય જ છે, એમ સુજ્ઞ વાચકો પણ જાણી શકશે જ.

મુંબઇ તા૦ ૧–૬–૧૯૧૪ સોમવાર

ઠક્કુર નારાયણ
અનુવાદક

---

* "વિક્રમાદિત્ય અને સ્રી ચરિત્ર" એ નામનો અન્ય વિભાગ તૈયાર થાય છે. વ્યવસ્થાપક "ગુજરાતી" પ્રેસ

# પ્રકાશકનું નિવેદન

"રતિનાથની રંગભૂમિ અથવા ચપળા–ચરિત્ર ચન્દ્રિકા" નામનું વાર્તાનું પુસ્તક સ્વ. નારાયણ વિશનજી ઠક્કરે સને ૧૯૧૪ ની સાલમાં લખી આપેલું, પણ તે છાપવાનો પ્રસંગ છેક હજી હમણાં સને ૧૯૪૮ માં આવ્યો તે પણ વિધિનું એક વિધાન નથી તો બીજું શું છે? આ પુસ્તક તદ્દન સ્વતંત્ર કૃતિ નથી, પણ મરાઠી ભાષામાં લખાયલા ડૉ. રામજીકૃત "સ્ત્રી ચરિત્ર"નો સુધારો–વધારો અને કંઇક અંશે ફેરફાર કરેલો અનુવાદ છે. મૂળ મરાઠી ગ્રંથ ચાર ભાગમાં વિભક્ત છે. તેમાંથી કેટલા ભાગનો આ અનુવાદ છે તે, મૂળ ગ્રંથ હાલમાં અમારી પાસે નહિ હોવાથી અને અનુવાદક મહાશય નારાયણ ઠક્કુર સ્વર્ગવાસી થયેલા હોવાથી અમે જણાવી શકતા નથી. મૂળ ગ્રંથ વિશે અનુવાદકે પ્રસ્તાવનામાં સારી રીતે ખુલાસો કરેલો છે, અને શા હેતુથી તે લખાયલો છે તે દર્શાવ્યું છે, એટલે એમાં અમારે વિશેષ કશું ઉમેરવાનું નથી. માત્ર વ્યભિચાર વિશે મન્વાદિ સ્મૃતિ ગ્રંથોમાં શું કહેવાયલું છે તે અને પ્રાકૃત–ગુજરાતી ભાષામાં લોકપ્રિય કવિવર અમદાવાદના શામળભટ્ટે (હયાતિ વિ. સં. ૧૭૫૦ થી ૧૮૩૦ સુધી) પોતાના ગ્રંથોમાં શું કહ્યું છે, તેને લગતા છપ્પા ચુંટી અત્રે આપ્યા છે. તે ઉપરથી સુજ્ઞ વાચનારને ખ્યાલ આવી શકશે કે કયા કારણથી સ્ત્રી–પુરુષો ચારિત્ર્યભ્રષ્ટ અને શીલભ્રષ્ટ થાય છે.

પુરુષનો પરનારી સાથેનો અને સ્ત્રીનો પારકા પુરુષ સાથેનો અયોગ્ય શારીરિક સંબંધ તે વ્યભિચાર કહેવાય છે, અને તે ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ, લોકમર્યાદાની દૃષ્ટિએ અને રાજ્યની ન્યાય દૃષ્ટિએ નિંદાને યોગ્ય છે, અને એવા અવળે માર્ગે ચઢેલા સ્ત્રી-પુરુષો પરિણામે દુઃખી થાય છે; માટે તે રસ્તે ન જવા માટે અનુવાદકનો અને મૂળ મરાઠી લેખકનો લોકોને બોધ છે. કપટી, દંભી, ધૂતારાઓથી હંમેશાં ચેતતા રહેવાની તેમાં પરોક્ષ રીત્યા શિખામણ રહેલી છે. શરીરની રચના અને વૈદ્યક દૃષ્ટિએ વિચાર કરતાં તથા સ્ત્રી-પુરુષોને વ્યભિચારથી થતા ભયંકર રોગોનો વિચાર કરતાં આ માર્ગ સર્વથા ત્યાજ્ય અને નિંદ્ય છે, એમાં તો કોઇને પણ વાંધો ઉઠાવવાનું કારણ નથી. પ્રીત, પ્રેમ, પ્યાર, મોહ, લુબ્ધતા, કામાતુરપણું, ઇશ્ક વગેરે શબ્દોના અર્થો અને શુદ્ધ દાંપત્ય ધાર્મિક પ્રેમ, એમાં ઘણો ભેદ છે, તેમજ અલંકાર શાસ્ત્રના તેમજ કામશાસ્ત્રના જાણકારોએ કયા અર્થમાં સ્વકીયા અને પરકીયા વગેરે નાયિકાના ભેદો દર્શાવ્યા છે તે વગેરે સમજ્યા વગર ઘણાઓ ફસાય છે; એટલા માટે સારા સંસ્કાર અને ધર્મજ્ઞાન-સદાચાર જ્ઞાનની અગત્ય આપણા ધર્મશાસ્ત્રકારોએ માની છે તે ખોટી નથી. તેમાં પણ વિચાર કરી જોતાં જણાશે કે, વ્યભિચારથી પુરુષ કરતાં સ્ત્રીએ ઘણું દુઃખ ભોગવવાનું હોય છે. કારણ કે પુરુષ તો સ્ત્રીને ફસાવી છુટી જાય, પણ સ્ત્રીથી તેમ બની શકતું નથી. પણ હાલમાં નવા જમાનામાં પસંદગી કરીને પ્રેમથી પરણેલી કેટલીક ભણેલી ગણાતી સ્ત્રીઓ, છુટાછેડાના કાયદાનો લાભ લઇ, ધણી ઉપર ગમે તેવા આરોપો મુકી, ભરણ પોષણને નામે સારી રકમો ન્યાયાલયો દ્વારા કઢાવી, ગુપ્તરીતે એક પ્રકારનો વેશ્યાનો વ્યભિચારનો ધંધો માંડતી, અને બીજા ગૃહસ્થોને ફસાવતી પણ જોવામાં આવે છે. એટલા માટે વ્યભિચારના દોષથી લોકોએ દૂર રહેવું, એ આ અને આવાં અન્ય પુસ્તકોનો મુખ્ય સદ્બોધ છે, અને હંસક્ષીરનીર ન્યાયે તે જ ગ્રહણ કરવા વિનંતિ છે. વ્યભિચારથી સમાજની બંધાયેલી વ્યવસ્થા તૂટે છે

અને મા બાપ તથા ધર્મશાસ્ત્રોની આજ્ઞા પાલનમાં શિથિલતા આવી સમાજ અધોગતિને માર્ગે ધસડાય છે. સ્ત્રીનું શિયળ એ દુનિયાનું અમૂલ્ય, મોંઘામાં મોંઘું સંરક્ષણીય પવિત્ર રત્ન છે, અને તેનો પતિ તેનો રક્ષણહાર છે. આ વ્યવસ્થા–મર્યાદા તૂટે ત્યાં પ્રજામાં સંકરતા અને ભયંકર ખાનાખરાબી થાય છે.

આ સાપેક્ષ અથવા દ્વન્દ્વશીલ દુનિયામાં બે પ્રકારની માનવસૃષ્ટિ હોય છે.—એક સદાચારી અને બીજી દુરાચારી. સદાચારના વર્તનવાળો માણસ ધાર્મિક અને ઇશ્વરપ્રિય હોય છે, તથા ઇશ્વરની આજ્ઞા પાળીને સંસાર વહેવાર ચલાવે છે; જ્યારે દુરાચારીને ઇશ્વરનો કશો ભય હોતો નથી, અને મનસ્વી–સ્વચ્છંદી રીતે વર્તી છેવટે તે દુઃખી થાય છે. આ બન્ને પ્રકારના પ્રાણીઓને ઉત્પન્ન કરનાર કર્મફળદાતા એક ઇશ્વર જ છે; કારણ કે દુરાચારી માણસ દુનિયામાં નહોય તો સદાચારી માણસ ઓળખાતો નથી. અને એક ધારૂં જીવન જીવવામાં રસ પણ રહેતો નથી. આ સદાચાર તથા દુરાચાર જાણવા માટે પરમેશ્વરે માણસ માત્રમાં જે સારાસારનો ભેદ જાણવાની વિવેક બુદ્ધિ મુકેલી છે, અને તેનો ઉપયોગ પ્રાણી માત્ર જે રીતે કરે છે તેના ઉપર સુખ દુઃખાદિ લાગણીઓ અવલંબેલી હોય છે. મન સંકલ્પ વિકલ્પ કરે છે. જ્યારે સારી કેળવાયલી બુદ્ધિ તેનો નિશ્ચય કરે છે. આ સર્વ ઉપરથી કહેવત પડી છે કે મન જાણે પાપ અને મા જાણે બાપ. મન જ પાપ-પુણ્યનું સાક્ષી બને છે, માટે ચંચલ મનને સારે માર્ગે જવા માટે અભ્યાસ અને વૈરાગ્યથી કેળવવું જોઇએ.

સંસારમાં સ્ત્રી પુરૂષોનો સારો સંબંધ એ સમાજની સુસ્થિતિનું કારણ છે. યાવત પ્રાણી માત્રમાં નરનારીનો સંબંધ છે, તે છતાં મનુષ્ય પ્રાણીમાં તે નાજુક સંબંધને સકારણ ધાર્મિક—સદાચારનું સ્વરૂપ અને મહત્ત્વ અપાયલું હોવાથી, તેમાં વિધિસરના લગ્ન સંબંધની અગત્ય ઉભી થઇ છે, અને સામાન્યતઃ એક પુરુષ અને એક જ સ્ત્રી સાથે લગ્ન ગ્રંથિથી આજીવન બંધાયલા રહે છે. જે કોઇ સ્ત્રી કે પુરુષ કશા

૨૬૮૫૧



પણ પ્રલોભનમાં ન ફસાતાં, વખત આવે કસોટીમાં પાર પડે છે, તો તેના ગુણગાન પ્રજામાં ગવાય છે, અને આદર્શરૂપ થઇ પડવા સાથે તેવું જીવન ગાળનારાં સુખી થાય છે. એટલા માટે એક પત્નીવ્રત અને સતીત્વનો મહિમા સંસારમાં આદર્શરૂપ બન્યો છે. અન્યથા વર્તનાર દુઃખી થયેલો જણાય છે. એટલા માટે સતીચરિત્ર, પત્ની પ્રત્યેનો અચળ પ્રેમ વગેરે દૃષ્ટાંતરૂપ થઇ પડયા છે, અને એથી ઉલટું વ્યભિચાર કર્મ નિંદ્ય ગણાયું છે. વ્યભિચાર એ દોષ છે, તેથી ત્યાજ્ય છે અને સતીત્ત્વ તથા એક પત્નીવ્રત સર્વોત્તમ ગુણ છે માટે ગ્રાહ્ય છે અને તેથી મનુષ્ય જીંદગીમાં સુખી થાય છે માટે પ્રયત્ને કરી તે જ ગુણ આચરવો; પણ આ બંને ગુણો અને દોષો જાણવાની જરૂર છે. દીવા વગર અંધારાનો ખ્યાલ આવતો નથી અને અંધકાર વિના દીપકનો ખ્યાલ આવતો નથી. માટે સંસારમાં સાપેક્ષતાની જરૂર છે, અને ભગવાને તે પ્રમાણે સૃષ્ટિક્રમ ઘડયો છે.

વ્યભિચારથી દૂર રહેવા માટે પુરૂષે પોતાની ધાર્મિક રીતે પરણેલી એક અથવા અપવાદ તરીકે બે ત્રણ સ્ત્રી હોય તો તે સિવાય, દુનિયાની બધી સ્ત્રીઓમાં મા, દિકરી કે બહેનની ભાવના રાખી આચરણ કરવું, એ જ સુખી થવાનો માર્ગ છે.

સ્ત્રી પુરૂષના સાંસારિક વહેવાર અને શારીરિક સંબંધના જ્ઞાન માટે આપણા સનાતન આર્ય ધર્મશાસ્ત્રકારોએ–વાત્સ્યાયનાદિ મુનિઓએ કામસૂત્રની અને ચરક ઋષિએ વૈદ્યક શાસ્ત્રની રચના કરી છે.

દુનિયાની દરેક ભાષામાંના સાહિત્યમાં સતીત્વ તથા એક પત્નીવ્રતના માહાત્મ્યને દર્શાવનારા દૃષ્ટાંતો મળે છે, તેમ વ્યભિચારથી દુઃખી થયાના દાખલા પણ મળે છે. તેમાં વ્યભિચારની હમેશાં નિંદા થયેલી હોય છે જ્યારે સતીપણાની અને સારા પ્રેમની પ્રશંસા થયેલી હોય છે. પણ સાહિત્ય તો બંને પ્રકારનું હોય છે જ, કારણ કે નિંદ્ય વસ્તુની નિંદા કરવાનો હેતુ, સ્તુત્ય વસ્તુની સ્તુતિ કરવાનો જ હોય છે. જે ભોગ્ય

વિષય આરંભમાં સુખકર લાગતો હોય છે, પણ પરિણામે દુઃખમય નીવડે છે, તે તામસ અને અધમ ગણાય છે, માટે વિવેક બુદ્ધિવાળાએ તેનો ખૂબ વિચાર કરીને ત્યાગ કરવો, અને જે ભોગ્ય વિષય આરંભમાં કદાચ દુઃખમય લાગવા છતાં પરિણામે સુખમય નીવડતો હોય તો વિવેકી જને તેનું સદા સેવન કરી, અન્યને દૃષ્ટાંત બેસાડવો, એ કર્તવ્ય છે, કારણ કે જીવન ટૂંકું હોવાથી, સામાન્ય માણસ તેવો નિર્ણય કરી શકતો ન હોવાથી, અનુભવી અને શાસ્ત્રજ્ઞ બુદ્ધિવાળાઓએ કથા, દાખલા, વાર્તા, કાવ્યો તેટલા માટે લખેલાં હોય છે, એનો ઉપયોગ પણ સમજીને કરવો જોઇએ.

રતિનાથની રંગભૂમિ અથવા ચપળા–ચરિત્ર–ચન્દ્રિકા નામની કથા સ્વ. નારાયણ વિસનજી ઠક્કરે–ઉપલા હેતુથી મરાઠી ભાષામાંથી અનુવાદિત કરેલી છે. તેનો હેતુ વ્યભિચાર ફેલાવવાનો નથી, પણ વ્યભિચારના દુઃખમય રસ્તે અનિચ્છાએ પણ ઘસડાઈ જનારા નિર્બળ મનવાળાઓ કેવા દુઃખી થાય છે, અને ભોળા માણસો કેમ ફસાય છે, તેનાથી દૂર રહી સન્માર્ગે ચાલ્યા કરવું, એ ઉપદેશ આપવાનો છે. એટલે આવી વાતોના પ્રકાશનથી સુજ્ઞ વાચકોએ ભડકવું ન જોઇએ. શું સાચું ને શું ખોટું, શું સારૂં ને શું નરસું–વગેરે શબ્દોના ગુણ દોષ જાણ્યા–સમજ્યા વિના નિર્ણય થઈ શકતો નથી. માટે આવાં સાહિત્યના પુસ્તકોની પણ જરૂરિયાતો મનાઈ છે, અને દરેક ભાષામાં આવા સાહિત્ય-ના ગ્રંથો મળી આવે છે. સંસ્કૃત અને તેની પુત્રી રૂપ ગુજરાતી ભાષામાં તથા અન્ય ભાષામાં આવાં ઘણાં પુસ્તકો રચાયલાં છે. ગુજરાતી ભાષામાં સ્ત્રી–ચરિત્ર અને શુકબોહતેરીની કથા વગેરે ઘણા જાણીતાં છે. અંગ્રેજીમાં "ડેકા મેરોન" (Deca maron) વગેરે ઘણા ગ્રંથો છે. અંગ્રેજી ન્યાયાલયોમાં છુટા છેડાના કજીઆ આવે છે અને તે છાપાઓમાં છપાય છે, તેના ઉપરથી નાટકો રચાઇને ભજવાય છે, સીનેમાઓ દેખાડાય છે;–એ સર્વમાં વ્યભિચાર–જનાકારી દોષ મુખ્ય હોય છે અને તેનાં વર્ણનો વર્તમાન પત્રોમાં ઘણાં આવે છે અને લોકોમાં તે

હોંસથી ખાસ વંચાય છે અને તેના ઉપરથી નાની મોટી નવલકથાઓ પણ લખાયલી પ્રસિદ્ધ છે. ફ્રેન્ચ વગેરે ભાષામાં આવું સાહિત્ય ઘણું છે. SexKnowledge—જાતીય જ્ઞાનને નામે પણ ઘણા ગ્રંથો લખાયલા છે. તેવાજ પ્રકારની આ **"વીર ક્ષેત્રની સુંદરી"** નામની નવલકથા છે. અમે વ્યભિચાર દોષનો બચાવ કરતા નથી, પણ કામસૂત્રમાં વાત્સ્યાયન મુનિએ જણાવેલું છે કે, મારા ગ્રંથમાં **रसस्तु परकीयाम्** વગેરે સુત્રો સમજાવનારૂં પરકીયાનું પ્રકરણ જે લખાયલું છે તે એટલા માટે કે ખરાબ ચાલના સ્ત્રી–પુરૂષો બીજાઓને કેમ ફસાવે છે અને ફસાય છે, તેથી સારા ચરિત્રવાળા માણસોએ ચેતતા રહી સ્ત્રીરૂપી રત્નનું નિત્ય સંગોપન અને સંરક્ષણ કરતા રહેવું જોઇએ.

મનુ મહારાજાએ લખ્યું છે કે, સ્ત્રી રૂપી રત્નની બાલ્ય અને કુમારાવસ્થામાં પિતાએ રક્ષા કરવી, યુવાનીમાં તેના લગ્ન સંબંધથી જોડાયલાં પતિએ રક્ષા કરવી, અને મોટી અવસ્થાએ જો તે વિધવા હોય કે વૃદ્ધા હોય તો તેના પુત્રાદિ અને સગાવાહલાંએ રક્ષા કરવી જોઇએ; એટલે સ્ત્રી રત્નને એકલું સ્વચ્છંદી સ્વતંત્ર રઝળતું ન ધણિયાતું બનવા ન દેવું, પણ એ સર્વદા ગોપ્ય તથા સંરક્ષણીય છે, માટે સ્વતંત્રતાને યોગ્ય નથી એમ ગણવું; પણ સ્ત્રી જાતિ પુરુષ જાતિની ગુલામી કરવા સરજાયલી છે એમ નહિ માનવું. મનુ મહારાજના આ શ્લોકનો આવો સીધો સાદો અર્થ ન સમજતાં આજકાલના મન્વાદિ સ્મૃતિની નિંદા કરનારાઓ અને પોતાના સ્વચ્છંદ વર્તનને ઢાંકવાનો પ્રયાસ કરનારા કહે છે કે મનુ વગેરે સ્મૃતિમાં સ્ત્રીઓને પુરૂષની ગુલામડીજ બનાવી દીધી છે, તેથી સ્ત્રીને સ્વતંત્રતાને યોગ્ય ગણી નથી. આ માન્યતા ગેરસમજ અને દિશા ભૂલ ભરેલી છે, તે અજ્ઞાન જ દર્શાવે છે. આધુનિક પાશ્ચાત્ય લેખકો બરટાન્ડ રસલ વગેરેના લેખો વાંચી ઘણાઓનાં મગજો ફરી ગયેલાં હોય છે, અને તેની અસરથી ગુજરાતી ભાષાના લેખકો પણ મુકત થયા નથી તેથી તેઓ વ્યભિચારના નિંદ્ય પ્રકારને સુંવાળો સહચાર વગેરે ભભકાભર્યાં નામો

આપી લોકોને આડે માર્ગે દોરવે છે; કેટલાકો વિજાતિની સમાગમની બુભુક્ષાને નામે વ્યભિચાર અને સુંવાળા સહચાર અને વેશ્યાવૃત્તિનો બચાવ કરવા પ્રેરાયા છે; પણ આખરે જે વસ્તુ નિંદ્ય છે તે તો તેવી જ રહેવાની, તે સારા શબ્દોથી બચી શકતી નથી. આ વાર્તામાળાની વાર્તાઓનો હેતુ એવો છે, એ સુજ્ઞ વાંચક સમજી શકશે અને જૂની વ્યભિચારની કે સ્ત્રી ચરિત્રોની વાર્તાને ભિન્ન ગણશે.

બીજા બધા પશ્વાદિ પ્રાણીના શરીરના બંધારણોથી વિભિન્ન મનુષ્ય પ્રાણીમાં સ્રીપુરૂષના શરીરનાં બંધારણો જ એવાં છે કે જો કોઇ એનો દુરૂપયોગ કરે તો તેનો નાશ થાય છે. મનુષ્ય પ્રાણીમાં સ્ત્રી–પુરૂષના રજ–વીર્યની શુદ્ધતા રાખવા માટે ધર્મ શાસ્ત્રકારોએ બહુ જ કાળજી પૂર્વક લગ્નની ગ્રંથિની વિધિ–સંસ્કાર રચ્યાં છે. અને તે પછી પણ સંસાર–વહેવાર માટે પણ ઘણા સંયમ–નિયમો વ્રત, તપ, ત્યાગ, વૈરાગ્યાદિથી તેની વાડ બાંધી રક્ષા કરી છે. ક્ષેત્રની શુદ્ધિ તેમ જ બીજની શુદ્ધિ રાખવા માટે બ્રહ્મચર્યનું પાલન અને લગ્નનો સંસ્કાર અને ગૃહસ્થાશ્રમની વિમળતા ઉપર ભાર મુકાયો છે, તે સાથે સતીત્વનો તથા શુદ્ધ પ્રેમનો અને એક પત્નીવ્રતનો મહિમા ગવાયો છે, અને વ્યભિચાર–સુંવાળો સહચાર, પરિણીત દંપતીનો પણ અતિ કામાતુર સહચાર વગેરેને નિંદ્ય ગણેલા છે. આખરે તો શુદ્ધ ગૃહસ્થ ધર્મનો અને નિર્મળ દાંપત્ય ધર્મનો જ વિજય છે એ દર્શાવવા માટે આ કથાઓ સ્વ. નારાયણે લખી છે. આ હેતુ ધ્યાનમાં રાખી આ વાર્તાઓ વાચવાની વિનતિ છે. ગૃહસ્થાશ્રમ એ ધર્માચરણની ખાણ છે.

હરગોવિંદ દેશાઇની વાડી,<br>મુંબઈ, તા૦ ૧૧–૫–૧૯૪૮<br>વિ. સં. ૨૦૦૪ અક્ષયતૃતીયા

નટવરલાલ ઇચ્છારામ દેશાઈ

રતિનાથની રંગભૂમિ અથવા ચપલા ચરિત્ર ચન્દ્રિકા

# વીરક્ષેત્રની સુંદરી


કથાનુક્રમણિકા

અનુવાદકની પ્રસ્તાવના

પ્રકાશકનું નિવેદન

મૂળ ગ્રંથ

# વીરક્ષેત્રની સુંદરી

## અનુક્રમણિકા

ડૉ. રામચંદ્રનો પરિચય અને અનુભવ


| પ્રસંગો | પૃષ્ઠ |
|---|---|
| ૧. ડૉ. રામચંદ્રનો **અનંગભદ્રાને બોધ** ... ... | ૬ |
| ૨. **વીરક્ષેત્રની સુંદરી** ... ... ... ... | ૧૬ |
| સોનીએ પ્રાણ કેવી રીતે ગુમાવ્યો? ... ... | ૨૪ |
| વિકારવશ કનૈયાલાલ ... ... ... | ૩૩ |
| બ્રહ્મકુમાર અને ચંદ્રપ્રભા ... ... ... | ૪૧ |
| વસુકુમારી ... ... ... ... | ૫૮ |
| મદિરાક્ષી ... ... ... ... | ૬૩ |
| રાજકુમાર **રક્તસેન** ... ... ... ... | ૬૮ |
| વિવરસ્થ વનિતા ... ... ... ... | ૭૫ |
| વ્યભિચારિણી વારુણી ... ... ... | ૭૮ |
| ચંદુલાલ અને બાજપક્ષી ... ... ... | ૮૦ |
| **અનંગભદ્રાની જિજ્ઞાસા** ... ... ... ... | ૮૩ |
| ગુણવાન શ્વાન ... ... ... ... | ૮૩ |
| પોપટ ... ... ... ... ... | ૮૬ |
| રાજાનો વિશ્વાસ કરવો નહિ ... ... ... | ૮૮ |
| કામવિકારનાં પ્રાબલ્યના પુરાણપ્રસિદ્ધ દૃષ્ટાંતો ... | ૯૮ |
| સૂર્યાન્વિત ભારતી તપસ્વી ... ... ... | ૧૦૧ |
| વ્યભિચારના દોષ અને પરિણામ ... ... | ૧૦૩ |
| વીરક્ષેત્રની સુંદરીનું પતન ... ... ... | ૧૦૯ |
| વ્યભિચારના નિષેધ સંબંધી શાસ્ત્રોનાં પ્રમાણો ... | ૧૧૪ |
| પરનારી વિષયક કવિ શામળભટના છપ્પા ... ... | ૧૧૭ |
| કામીજન વિષે છપ્પા ... ... ... ... | ૧૨૧ |

# રતિનાથની રંગભૂમિ

અથવા

# ચપલા ચરિત્ર ચંદ્રિકા

## ઉપોદ્ઘાત

### ડૉ. રામચન્દ્રનો પરિચય અને અનુભવ

" स्त्रियश्चरित्रं पुरुषस्य भाग्यं ।
दैवो न जानाति कुतो मनुष्यः ॥"

" स्त्रीणां द्विगुण आहारो लज्जा चापि चतुर्गुणा ।
साहसं षड्गुणं चैव कामश्चाष्टगुणः स्मृतः ॥"

આ ગ્રંથ રચવાનું મૂળ કારણ એવું છે કે, પૂર્વે હું સિંધ હૈદરાબાદના રાજ્યકર્ત્તા મીરસાહેબની તહનાતમાં હતો, તે વેળાએ ત્યાંના વ્યાપારી-સોદાગર-ની અનંગભદ્રા નામની એક મહારૂપવતી અને તરુણી કન્યા હતી. એ રમણીનો તેના પતિએ બહુ દિવસથી તિરસ્કાર કરેલો હોવાથી તે મદનજ્વાળાથી પીડિત થઇને વિષયસુખનો યથેચ્છ અનુભવ લેવા માટે કોઈ બીજા દેશમાં નીકળી જવાને તૈયાર થઇ ગઇ. તે સમયમાં મેં તેને પ્રાચીનકાળમાં કેટલીક ખરેખરી બનેલી અને કેટલીક સ્વકપોલકલ્પિત મનોરંજક તેમજ કેટલીક અનેક ધર્મોમાંની

ઉપદેશમયી વાર્ત્તાઓ કહી સંભળાવવાનો આરંભ કર્યો. તે સાંભળવા માટે અનંગભદ્રા નિત્ય દોઢ પ્રહર રાત્રિ જતાં ગુપ્તતાથી મારે ઘેર આવતી હતી અને પ્રભાતમાં પાછી ચાલી જતી હતી. એવી રીતે ત્રણ વર્ષ પર્યન્ત મેં તેને અખંડ બોધામૃતનું પાન કરાવ્યું અને તેથી તેની પાપવાસનાનો લોપ થયો અને તે પાતિવ્રત્યના નિયમથી વર્તીને ઇશ્વરભજનમાં નિમગ્ન થઇ ગઇ. એજ પ્રમાણે અન્ય અબળાઓ પણ આ ગ્રંથ વાંચશે કિંવા એમાંની કથાઓ પરિણામના વિચાર સહિત સાંભળશે, તો અવશ્ય તેમનાં હૃદય સન્માર્ગમાં પ્રેરાશે; એવા ઉદ્દેશથી જ મેં આ ગ્રંથની રચના કરેલી છે. આ ગ્રંથમાં વ્યભિચાર-વિષયક કથાઓ કહીને તેમનાં પરિણામો અત્યંત દુઃખદાયક દર્શાવેલાં છે, અને અંતે તાત્પર્યમાં મહાઉત્તમ બોધ આપેલો છે.

આ કથાઓને પ્રકાશમાં લાવવાનું માત્ર એ જ એક કારણ છે કે, આજસુધીમાં આ ભૂમંડળપર અનેક જનો વિષયાસક્ત થઇને અનેક અનર્થોને પાત્ર થયા છે; અર્થાત્ પ્રબળ કામવિકારના યોગે કેવા અને શા શા અનર્થો થયા છે અને તેમના પરિણામ કામવિકારી-ઓને શા ભોગવવાં પડ્યાં છે, એનો ગુપ્ત સાર લોકોના જાણવામાં આવી શકે અને તેઓ સન્માર્ગગામી થાય. પ્રસ્તુત પુસ્તકમાં વનિતાવિકારવિષયક જે વાર્તાઓ આપવામાં આવી છે તેમના વાંચનથી પ્રતિક્ષણે તજ્જન્ય દુઃખોનું સ્મરણ થતાં તરુણો અને વૃદ્ધો એ દુરાચારથી દૂર રહે, એવો સંભવ હોવાથી આબાલવૃદ્ધે દીર્ઘ દૃષ્ટિ રાખીને આ ગ્રંથનો સંગ્રહ કરવો એટલે સારૂં શું છે અને નઠારૂં શું છે તેમજ નીતિ શી છે અને અનીતિ શી છે, એ તત્કાળ તેમના જાણવામાં આવી શકશે. કદાચિત્ કોઇ કહેશે કે, આવાં પુસ્તકો વાંચવાથી બુદ્ધિમાં વિકાર થવાનો સંભવ છે; તો ભાઇરે! જ્યાં સુધી તમે આવાં પુસ્તકો વાંચ્યાં નથી, ત્યાં સુધી જગ-તમાં નઠારી વસ્તુ છે શી, એ તમારા જાણવામાં ક્યાંથી અને કેમ કરીને આવી શકશે વારૂ? અને જો એ જાણવામાં નાહ આવે, તો

તેવા નઠારાં વિકારથી તમારા અંતઃકરણની પરાવૃત્તિ કેવી રીતે થવાની? એ તો એક સાધારણ અને સર્વમાન્ય સિદ્ધાન્ત છે કે, 'અનુભવ લીધા વિના પશ્ચાત્તાપ થતો નથી!' એટલા માટે આવાં પુસ્તકો અવશ્ય સર્વ સ્રીપુરુષોએ વાંચવાં જ જોઈએ; અસ્તુ.

એ પછી ત્યાંના-હૈદરાબાદના મુખ્ય નવાબ મીર નૂર મહંમદ ખાનબહાદુરને દુર્ભાગ્યવશતાથી ભગેન્દ્ર રોગ થયો અને તે સાથે અર્શોવ્યાધિ તથા સંગ્રહણીનો ઉપદ્રવ પણ ઉદ્ભવ્યો. એથી એ રાજ્યકર્તા બહુ જ વ્યાકુળ રહેવા લાગ્યો. તે રોગને સત્વર મટાડવા માટે વારંવાર ઔષધોપચાર કરવા માટે હું તેમની પાસે રહ્યો હતો. એક દિવસે નિશાનો એક પ્રહર વીત્યા પછી મને મીર સાહેબે કહ્યું કે:-"ડોકટર રામચંદ્ર! મારા ચિત્તમાં અત્યારે અતિશય ઉદાસીનતા થયા કરે છે, માટે જો મનોરંજન માટે કોઈ સારી વાર્તા કહી સંભળાવો તો મોટો આભાર." એટલે મેં અનંગભદ્રાને ચપળાચરિત્રની જે કથાઓ સંભળાવીને એક મોટા ગ્રંથની રચના કરી હતી, તેમાંની નિત્ય એક એક કથા સંભળાવી હું મીર સાહેબના મનને રંજિત કરવા લાગ્યો. અને રોગના પરિહાર માટે અનેક પ્રકારનાં ઔષધો પણ આપ્યાં. તથાપિ તેના રોગમાં કાંઈ પણ ઘટાડો થયો નહિ. અંતે તેના સ્વર્ગવાસનો સમય સમીપ આવી લાગ્યો, એટલે મેં તેને પ્રાર્થના કરીને કહ્યું કે;-"ખુદાવન્દ! આ માનવલોકમાં આવીને પરલોકનાં સાધન માટે આપે પુષ્કળ દાનધર્મ આદિ કરીને જે પુણ્યનો સંગ્રહ કરેલો છે, તેના યોગે આપને સ્વર્ગ મળશે કે નરક એ તો પરમાત્મા જાણે! પરંતુ આપના પરલોકવાસ પછી અહીંના લોકોને દીર્ઘકાળ પર્યન્ત આપનું જેનાથી સ્મરણ રહે, એવું કોઈ પણ મહત્ કૃત્ય નથી કર્યું, એ મહા અનુચિત છે. એટલા માટે જેના યોગે આપની કીર્ત્તિ આપની પાછળ સદા અવિચળ રહે, એવું કોઈ કાર્ય કરી જાઓ તો વધારે સારૂં."

મારી આ પ્રાર્થના સાંભળીને મીર સાહેબે મને પૂછયું કે;-"ડૉક્ટર! આપ જે કીર્ત્તિને માટે કહો છો તે શી છે અને કેવી રીતે કરવી, એ મને જરા સમજાવીને કહો. મને એ વિશેને યોગ્ય માર્ગ બતાવશો ?"

જવાબમાં મેં જણાવ્યું કે;-"ગરીબપરવર! પ્રથમ દૈવિક કીર્ત્તિ છે; દૈવિક કીર્ત્તિ એટલે સંસારથી વિરક્ત થઇ ઇશ્વરની દૃઢતમ ભક્તિ કરવી તે! એના યોગે ઇશ્વરની કૃપા મેળવી મુક્તિના માર્ગમાં જવું અને બીજાને પણ બોધ આપી આ અગાધ સંસાર સાગરને તરી જવું, એ છે. એવા પુરુષોની સાધુજનોની માલિકામાં ગણના થાય છે અને તેઓ કીર્ત્તિ રૂપે આ વિશ્વમાં અનંતકાળ પર્યન્ત વિદ્યમાન જ રહે છે! બીજી કીર્ત્તિ તે રાજકીય કીર્ત્તિ છે; એટલે કે, આપના જેવા ભૂપતિ પોતાના પરાક્રમથી અનેક બળવાન્ રાજાઓ સાથે યુદ્ધ કરી અનેક રાજ્યોને સ્વાધીન કરે છે; અને તેના યોગે તેમનાં નામનાં પુસ્તકો લખાતાં તેઓ પણ એ કીર્ત્તિના યોગે અમર થઇ જાય છે. ત્રીજી કીર્ત્તિ તે વૈદિક કીર્ત્તિ છે; એટલે કે, કોઇ બુદ્ધિમાન્ મનુષ્ય લોકહિતાર્થ ઉત્તમ, બોધકારક અને લોકમાન્ય ગ્રંથની રચના કરીને લોકોને સન્માર્ગમાં પ્રવૃત્ત કરે છે. એવા ગ્રંથકાર્યની કીર્ત્તિ દિગંતમાં વ્યાપીને તેમના ગ્રંથો જ્યાં સુધી આ પૃથ્વીમાં અસ્તિત્વ ધરાવે છે, ત્યાં સુધી તેઓ અસાર અને અશાશ્વત સંસારને ત્યાગી જવા છતાં કીર્ત્તિરૂપે જીવતા જ હોય છે. ચોથી કીર્ત્તિ, 'સામાન્ય કીર્ત્તિ'ના નામથી ઓળખાય છે; એટલે કે, લોકોના ઉપકારને માટે દેવાલય, મસ્જિદ, ધર્મશાળા; કૂપ, તળાવ અને કિલ્લા ઇત્યાદિ બંધાવીને કીર્ત્તિ મેળવવી તે. અર્થાત્ જ્યાં સુધી એ લોકસુખનાં સાધનો અવિચળ રહે છે, ત્યાં સુધી તે બંધાવનારની નામના પણ આ જગત્માં કીર્ત્તિરૂપથી અવિચળ રહે છે. આમાંની કોઇ પણ એક કીર્ત્તિને પ્રાપ્ત કરીને સ્વર્ગમાં પ્રયાણ કરવું, એજ આપના માટે વિશેષ હિતાવહ છે."

મારી આ વાણીને સાંભળી મીરસાહેબ પશ્ચાત્તાપ પામીને કહેવા લાગ્યા કે;-"ડૉક્ટર! મેં આજસુધીમાં અસંખ્ય દ્રવ્ય સંપાદન કરીને

અનેક ક્ષણિક વિલાસો ભોગવ્યા; પણ એમાંની એક પણ કીર્ત્તિ મેળવી નહિ. પશુ પ્રમાણે વિષયસુખમાં લંપટ થઇને સમસ્ત આયુષ્યને વ્યર્થ ખોઇ નાખ્યું! હવે મારો અંતકાળ સમીપ આવી લાગ્યો છે, એટલે હવે મારા હાથે એવાં સત્કૃત્યો કયાંથી થઇ શકે વારૂ ?" એ પ્રમાણે ખેદ કરીને તેમણે પોતાના કનિષ્ઠ બંધુ મીર નસીરખાન બહાદુરને પોતા પાસે બોલાવીને કહ્યું કે;–"હું તો હવે સત્વર જ પરલોકવાસી થવાનો, એટલે મારા મરણ પછી મારા કુટુંબની અને આ રાજ્યની સારી રીતે સંભાળ રાખજે. અને ખજાનામાં જે અગણિત ધન ભરેલું છે, તેમાંથી જોઇએ તેટલું ધન ખર્ચીને મારા નામનું એક મોટું તળાવ બંધાવજે." બંધુને આવી આજ્ઞા આપીને તેમણે પોતાના પ્રાણનો પરિત્યાગ કરી દીધો.

અહીં આ વાર્ત્તા કહેવાનું પ્રયોજન એ જ કે, પ્રસ્તુત પુસ્તકમાં-ની સર્વ કથાઓ મીરસાહેબે સાંભળી હતી અને તે તેમને અપૂર્વ ભાસવાથી એ માટે તેમણે મને અનેક ધન્યવાદ આપ્યા હતા. તેમના એ ધન્યવાદથી આ ગ્રંથને છપાવી પ્રકટ કરવા માટેના ઉત્સાહનો મારા હૃદયમાં સંચાર થયો.

આ પુસ્તકમાંની કથાઓમાં એટલું બધું રહસ્ય સમાયલું છે કે, તેમનું અનેક વાર વાચન કરવા છતાં મનની તૃપ્તિ થઇ શકતી નથી, જો કોઇ સુખવસ્તુ મનુષ્યનો ઉદ્યોગના અભાવથી સમય ન જતો હોય, તો તેણે અથવા કોઇ સંકટના યોગે જેને ઉદાસીનતા પ્રાપ્ત થએલી હોય તેણે આ ગ્રંથનું મનનપૂર્વક વાચન કરવું એટલે એથી મનોરંજન અને જ્ઞાન ઉભયનો એક સમયાવચ્છેદે લાભ મળશે.

## પ્રસંગ ૧ લો

## અનંગભદ્રાને બોધ

ઇ. સ. ૧૮૭૭માં સિંધ હયદરાબાદના રાજ્યની વ્યવસ્થા કરવા માટે કચ્છ ભુજના રેસીડંટ સાહેબ સર હેન્રી પૉટિંજર ત્યાં પધાર્યા હતા, તે વેળાયે તેઓ મને પણ પોતાના પ્રાઇવેટ ડૉકટર તરીકે પોતાની સાથે લેતા ગયા હતા. ત્યાં ત્યાર પછી મીરસાહેબે તેમની પાસેથી મને પોતાની તહનાતમાં રાખવા માટે માગી લીધો હતો.

સિંધ હયદરાબાદના નિવાસી ક્ષત્રિય–લુહાણા–જાતિના ધનાઢ્ય વ્યાપારી પ્રિયતમદાસની તે સમયમાં ત્યાં બહુ જ ખ્યાતિ અને કીર્ત્તિ પ્રસરેલી હતી. એની અનંગભદ્રા નામની એક કન્યા હતી. તે અષ્ટાદશ વર્ષીયા બાળા સ્વરૂપમાં અત્યંત સુંદર હોઇને અત્યારે યૌવનરૂપ વસંતોદ્યાનમાં વિહરતી હતી. તેને કામોદ્ભવ રોગની બાધા થઇ હતી, અને તેના યોગે બુદ્ધિમાં ભ્રષ્ટતાનો સંચાર થતાં તે ઉન્માદિની બની ગઇ હતી. તેના એ રોગનો નાશ કરવા માટે તેના પિતા તથા શ્વશુરઆદિએ પુષ્કળ દ્રવ્ય ખર્ચીને ઔષધ તથા મંત્ર તંત્ર ઇત્યાદિ અનેક ઉપચારો કર્યા, પરંતુ એમાંના એક પણ ઉપચારનું યોગ્ય પરિણામ ન થયું અને તેનો ઉન્માદ દિવસે દિવસે વધારે અને વધારે વધવા લાગ્યો. એક દિવસે મીર નૂરમહંમદની કચેરીમાં આવીને તે બન્ને શાહુકારોએ પોતની પીડાનો સર્વ વૃત્તાન્ત કહી સંભળાવ્યો, અને કહ્યું કે;–"આપની તહનાતમાં કંપની સરકારના વૈદ્યરાજ જે ડૉકટર રામચન્દ્ર છે, તેમના હાથે બાઇનો ઉપચાર કરાવવો, એવા હેતુથી અમો આપની સેવામાં સાદર થયા છીએ. જો એમના ઉપચારથી બાઇને આરામ થશે, તો આપને મરણોન્મુખ અબળાને જીવનદાન કરવાના પુણ્યની પ્રાપ્તિ થશે." તેમનું આવું દીનતાયુકત ભાષણ સાંભળીને મીર સાહેબે મને તે બાળાનો ઉપચાર કરવાની

આજ્ઞા આપી દીધી. તે ગૃહસ્થોની સાથે તેમને ઘેર જઈને મેં તે બાળાની પ્રકૃતિની પરીક્ષા કરી જોઈ. તેનાં આરક્ત નેત્રોને જોતાં મારો એવો નિશ્ચય થયો કે, કામજ્વરની અધિક વૃદ્ધિ થવાથી તે ભ્રમિષ્ઠા થઈ ગઈ છે, આવા અનુમાનથી મેં તેને શાંતિકારક અને રેચક ઔષધિ આપી. એથી તેના ઉન્માદનો લોપ થતાં તે શુદ્ધિમાં આવી અને સારી રીતે વર્ત્તવા લાગી.

એ પછી એક દિવસ પ્રિયતમદાસ પોતાની કન્યા સહિત પાલખીમાં બેસીને મારે ઘેર આવ્યો. ત્યાં અનંગભદ્રાને મેં એકાંતમાં બોલાવીને પૂછ્યું કે:–"જે રોગે આટલા કાળ સુધી તમારા શરીરનો ગ્રાસ કર્યો હતો તે રોગ કયો અને તે શા કારણથી આવ્યો, તે કૃપા કરીને જણાવશો કે? વૈદ્યને રોગનું સત્ય નિદાન જણાય, તો તે સત્વર રોગને દૂર કરી શકે છે, એ તો તમો જાણતાં હશોજ, એટલે વધારે કહેવાની અગત્ય નથી."

અનંગભદ્રા જેવી રૂપસુંદરી હતી તેવીજ શારદાસુંદરી પણ હતી, અર્થાત્ તેનો વિદ્યાભ્યાસ પણ બહુજ ઉત્તમ પ્રકારનો હતો. તેણે મારા આંતરિક ભાવના મર્મને જાણીને ઉત્તર આપ્યું કે;–"ડોક્ટર સાહેબ! એ એક મહા ગુપ્ત વાર્ત્તા છે; એટલા માટે કોઈવાર અવકાશ મેળવી અહીં આપની પાસે એકલી જ આવીને એ રોગનું નામ અને તેનું નિદાન હું આપને જણાવીશ."

એ પછી તે દિવસે તે પિતા અને પુત્રી ઔષધ લઈને પોતાને ઘેર જવાને ચાલ્યાં ગયાં. એ પ્રમાણે ઔષધોપચાર કરતાં કરતાં બહુ દિવસ વીતી ગયા અને મારી સાથેનો પ્રિયતમદાસના કુટુંબનો પરિચય દૃઢ થતો ગયો.

અચાનક એક દિવસ કૃષ્ણચતુર્દશીની રાત્રે સુભાગિની નામની પોતાની દાસીને પોતાના પલંગમાં સુવાડી અનંગભદ્રા પોતે પુરુષનો વેશ ધારીને કટિભાગમાં શસ્ત્ર લટકાવી મારા નિવાસસ્થાનમાં આવી

લાગી અને મારા સેવકને જાગૃત કરી મારા શયનમંદિરમાં આવી પલંગ પાસેની કુરસીમાં બેસી ગઇ. થોડીકવાર વિશ્રાંતિ લઇને પછી તેણે મને જગાડયો. જાગૃત થવા પછી તેને જોઇને આ કોઇ મોટા સરદારનો પુત્ર છે એમ ધારીને એકદમ ઊઠીને હું તાજીમતવાજીમ કરવા મંડી ગયો, અને દેશના સંપ્રદાય પ્રમાણે કુશળ સમાચાર તથા નામ આદિ પૂછયા પછી 'આટલી મોડી રાત્રે આપના અહીં પધારવાનું શું પ્રયોજન છે?' એવો તેને પ્રશ્ન પૂછયો.

તેણે ઉત્તરમાં હાથ જોડીને જણાવ્યું કેઃ-"ડાકટર સાહેબ! હું અબળા છું અને મારૂં નામ અનંગભદ્રા. તે દિવસે મેં આપને મારા રોગનું નામ અને નિદાન જણાવવાનું વચન આપ્યું હતું. તે વચનના પાલન માટે આજે પ્રસંગ સાધીને હું આપની પાસે આવી છું. હું આપની આજ્ઞાધારિણી દાસી હોવાથી અત્યારે મારા દુઃખની કથા સાંભળીને સુખની પ્રાપ્તિનો જો કોઇ ઉપાય હોય તો તે બતાવવાની અવશ્ય કૃપા કરશો!"

તેની આવી નમ્રતાયુક્ત વાણી સાંભળીને મેં અત્યંત ભયભીત થઇને અનંગભદ્રાને પૂછયું કે;-"તમે અબળા હોવા છતાં પુરુષનો વેશ ધારીને આટલાં દૂર એકલાં અને તે પણ વળી અડધી રાતે ચાલ્યાં આવ્યાં, એ તમારૂં મહા ઘોર કર્મ જ કહી શકાય! કારણ કે, અહીંની અત્યારની મુસલમાન રાજસત્તા હિંદુ સ્ત્રીઓના સંબંધમાં સર્વથા નિર્દય અને અનુકંપારહિત છે. જે સ્ત્રીને પોતાના પ્રાણ અને પોતાની પ્રતિષ્ઠાની જરા પણ ભીતિ ન હોય, તે સ્ત્રી જ આવા કર્મ માટે આવા સમયમાં પોતાના ગૃહમાંથી એકલી બહાર નીકળવાનું સાહસ કરી શકે. તમે એક મહા ભાગ્યવાન્ અને કુલીન પિતાનાં પુત્રી હોવા ઉપરાંત મારા જાણવા પ્રમાણે વિદ્યા અને કળામાં પણ કુશળ છો, છતાં વિકારને વશ થઇ અવિચારથી વિના કારણ પ્રાણ અને પ્રતિષ્ઠા ઉભયનો પોતાના હાથે જ નાશ કરવાને તત્પર થયાં

છો, એ જોઇને મારા આશ્ચર્યનો અવધિ થાય છે. તમારા માટે આ વર્તન યોગ્ય નથી. તમારી કથા સાંભળ્યા વિના જ મારો તમને એ ઉપદેશ છે કે, તમે અત્યારે અને આ ક્ષણે જ અહીંથી પાછાં જાઓ અને ઘર ભેગાં થાઓ! અત્યારે જો કોઇ તમને અહીં જોશે, તો સાથે મારી આબરૂના કાંકરા થઇ જશે, સમજ્યાં?"

"ડોકટર સાહેબ! હું એવી વ્યવસ્થા કરીને આવી છું કે, ઘરમાં મારા ન હોવાની પ્રભાત પર્યન્ત કોઇને કશી પણ જાણ થઇ શકે તેમ નથી, એટલે કોઇ આવશે અને આપની આબરૂ જશે, એ વિષે આપે જરાપણ ભીતિ રાખવાની નથી. વૈદ્યરાજ! આપ અન્ય અનેક રોગોની પરીક્ષા કરી તેમના યોગ્ય ઉપચારો કરી શકો છો, પણ અત્યારસુધીમાં મદનરોગની પરીક્ષા કરી તેને યોગ્ય ઉપચારથી શમાવનાર કોઇપણ વૈદ્ય, હકીમ કે ડોકટર મારા જોવા કે સાંભળવામાં આવ્યો નથી. કેટલીકવાર મનનો ઉભરો બહાર કાઢી નાખવાથી એ મદનરોગની કંઇક શાંતિ થાય છે, એમ કેટલાક અનુભવીઓનું કહેવું છે અને તેથી એ ઉભરો આજે આપની આગળ કાઢી નાખી શાંતિ મેળવવાના ઉદ્દેશથી જ હું આટલું સાહસ કરીને અહીં આવી છું. એટલે હવે કૃપા કરીને મને નિરાશ ન કરો અને મારી વાર્તા સાંભળી લ્યો." અનંગભદ્રાએ પ્રાર્થના કરી.

હું કાંઇક વિચારમાં પડી ગયો અને થોડીવાર પછી હિંમત લાવીને બોલ્યો કે:—"અનંગભદ્રા! ચિન્તા નહિ. જો ઉભરો કાઢી નાખવાથી આપના એ રોગની શાંતિ થતી હોય અને આપને સુખ મળવાનો સંભવ હોય, તો ભલે મને પોતાની ગુપ્ત વાર્તા કહી સંભળાવો. જો આ પરોપકાર કરતાં મારા શિરપર કોઇ સંકટ આવશે, તો તેને પણ હું આનંદથી સહન કરીશ."

"મોટો ઉપકાર!" એમ કહીને અનંગભદ્રા આગળ વધી કહેવા લાગી કે:-"ડોકટર સાહેબ! એ તો નિસર્ગનો એક નિયમ જ છે કે,

શરદૃઋતુમાં શીતળતાની, નિદાઘમાં ઉષ્ણુતાની, વસંતમાં વનશોભાની અને વર્ષાકાળમાં જળવૃષ્ટિની ઉત્પત્તિ થવી જ જોઇએ—એ જ પ્રમાણે યૌવનકાળમાં સ્રી અને પુરુષ–ઉભયના મનમાં મદનવિકારની જાગૃતિ થવી પણુ નિસર્ગના નિયમ અનુસાર અને સ્વાભાવિક જ છે. તેમાં પણુ પુરુષ કરતાં સ્રીમાં મદનવિકારની વિશેષતા હોય છે અને યોગ્ય કાળમાં જો તેની શાંતિનું સાધન ન મળે, તો સ્રીને માટે એ વિકારની પીડા મહા અસહ્ય હોવાથી ઉન્માદ જેવા ભયંકર રોગોનું કારણુ થઇ પડે છે. હું એક તરુણુ, સુંદર અને નવયોવના નારી છું અને મારામાંનો મદનવિકાર એટલો બધો વધી ગયો છે કે હવે હું તેને દબાવી શકતી નથી. મારા પતિને કોણુ જાણે શા કારણુથી મારા પ્રતિ અભાવ અને તિરસ્કાર થઇ ગયો છે એટલે તેમના સંયોગથી શાંતિ મળવાનો સંભવ આકાશપુષ્પસમાન છે. અર્થાત્ હવે જેને અજ્ઞ જનો વ્યભિચાર કહે છે અને હું સ્વચ્છંદાચાર કહું છું, તે માર્ગમાં સંચાર કર્યા વિના મારો છૂટકો થવાનો નથી !"

"શિવ ! શિવ !! આ શું બોલ્યાં–તમારા જેવી કુલીન આર્ય કન્યા વ્યભિચારના નરકમાં જશે અને વેશ્યા પ્રમાણે સ્વચ્છંદાચાર કરશે ! કદાપિ ન માની શકાય !" મેં ઉદ્ગાર કાઢયા.

"જો અત્યંત ક્ષુધાતુરને સારાં ભોજન નથી મળી શકતાં, તો પછી નિરુપાય થઇને ચણામમરા કે અભક્ષ્ય ભક્ષ કરીને પણુ તે પોતાની ક્ષુધાનું શમન કરે છે અને જીવનને ટકાવે છે ! એ શું આપ નથી જાણુતા ? ક્ષુધાની વેદનાને બુભુક્ષિત જ જાણે છે, પ્રસવની વેદનાને પ્રસૂતા જ પ્રમાણે છે અને મદનની વેદનાને વિરહિણી નવયોવના જ પિછાને છે; અન્ય મનુષ્યોને એની કલ્પના માત્ર પણ હોઇ શકતી નથી. કેટલાક લોકો પરોપદેશે બહુ પાંડિત્ય બતાવે છે, પણુ પોતા પર એવો પ્રસંગ આવતાં નરકની નદીમાં ડુબકી લગાવે છે, એ વળી એક આ વિશ્વનું વિલક્ષણુ આશ્ચર્ય છે. મારા અભિપ્રાય પ્રમાણે તો જગત્માં અસ્તિત્વ ધરાવતા સર્વ વેગોમાં મદન-

વિકારનો વેગ અત્યંત પ્રબળ છે અને એને અટકાવવાને કોઇ પણ સ્ત્રી કે પુરુષ સમર્થ નથી. એટલા માટે જ શ્રી ભર્તૃહરિ જેવા યોગીશ્વરો પણ કહી ગયા છે કે;—

'मत्तेभकुंभदलने भुवि संति शूराः,
केचित्प्रचंडमृगराजवधेऽपि दक्षाः ।
किंतु ब्रवीमि बलिनां पुरतः प्रसह्य,
कंदर्पदर्पदलने विरला मनुष्याः' ॥

'આ પૃથ્વીમાં મદોન્મત્ત ગજરાજનાં કુંભસ્થલોને દલનાર અનેક શૂરવીરો વિદ્યમાન છે; અને તેવા જ પ્રચંડ મૃગરાજ સિંહનો વધ કરનાર મનુષ્ય પણ અનેક મળી આવે છે; પણ બળવાનો સમક્ષ આ વાર્તા હું બળપૂર્વક ઉચ્ચારૂં છું કે, કંદર્પ–કામદેવ–ના દર્પને દળનાર તો કોઈ વિરલા મનુષ્યો જ હશે!' અર્થાત્ મહાન્ શૂરવીર અને નરપુંગવો પણ એ કામદેવના દર્પનો પરિહાર કરી શકતા નથી અને તેના વેગને આધીન થઇ વિકારના પ્રવાહમાં તણાઇ જાય છે, તો પછી એવા પ્રબળ કામદેવના શરસંધાન સમક્ષ મારા જેવી એક કોમળાંગી અને કોમળહૃદયા નવયૌવના નારી કેટલીકવાર ટકાવ કરી શકે, એનો આપ પોતેજ વિચાર કરી શકો એમ છે! "પ્રફુલ્લ પુષ્પના નવીન મધુને ચાખનાર જો ભોગી ભ્રમર ન હોય, તો પછી પુષ્પનો ઉપયોગ શો? શું ઇશ્વર ઉદ્યાનમાં પુષ્પને નિર્માણ કરે છે તે સદાને માટે અનાઘ્રાત રહી, કરમાઇ છેવટે નીચે પડીને ધૂળમાં મળી જવા માટે જ કે? મારી એવી ધારણા નથી." અનંગભદ્રાએ વાદ કર્યો.

"એ સર્વ ભાગ્યની લીલા છે. ભાગ્યના પ્રતાપથી એક પુષ્પ દેવના મસ્તકે વિરાજે છે, અને એક અરણ્યગત કુસુમ અજ્ઞાતાવસ્થામાં અને અનાઘ્રાત રહી છેવટે ખરી પડી ધૂળમાં મળી જઇને વાયુના ઝપાટાથી આમતેમ ઊડે છે." મેં ભાગ્યના કારણને આગળ ધર્યું.

"ડોક્ટર સાહેબ! જડ વસ્તુઓની કદાચિત્ ભાગ્યના પ્રતાપથી સારી કે નઠારી અવસ્થા થતી હશે, પણ ચેતનવાન્ અને બુદ્ધિવાન્

મનુષ્યની અકારણ એવી દુર્દશા થાય એ કદાપિ સંભવતું નથી. મારો તો એવો જ અભિપ્રાય છે કે;—

"જાનું હય ખુબ્ત હય તકદીરસે નાહક ઝગડતે હયેં;
હમ આપ હી અપને હી કરનેસે બનતે ઔર બિગડતે હયેં !"

અનંગભદ્રાએ દૈવવાદનો પ્રતિકાર કરીને યત્નવાદનું સમર્થન કર્યું.

"પરંતુ અનંગભદ્રા ! તમે કોઇપણ પ્રકારનું આડું પગલું ભરશો, અને તેનો પ્રકાશ થતાં એ વાત તમારા પિતા તથા શ્વશુરના જાણુવામાં આવશે, તો તમારી શી દશા થશે, એનો તમે કાંઇ વિચાર કર્યો છે ખરો કે ? તેઓ તમને પોતાના ઘરમાંથી સદાને માટે સંબંધના બંધને તોડી કાઢી મૂકશે, કદાચિત્ જીવથી મારી પણ નાખે !" મેં એક બીજા ભયનું દર્શન કરાવીને તેના મનને શાંત કરવાનો યત્ન આદર્યો.

"જો તેઓ મને ઘરમાંથી કાઢી મૂકશે, તો કોઇ યોગ્ય વયના, સુંદર અને મનોહર યુવકને મારા યૌવનવસંતપ્રફુલ્લ શરીરોપવનનો માળી બનાવી તેની સાથે ગમે તે અન્ય સ્થાને ચાલી જઇશ અને સંસારસુખનો મરણ પર્યન્ત યથેચ્છ આસ્વાદ લઇશ. જો તેઓ મારી નાખશે, તો પણ તે મારા માટે સારૂં જ થવાનું; કારણ કે, આ મદનના અગ્નિની આંતરિક જ્વાળાથી ધીમે ધીમે બળીને ભસ્મીભૂત થવું એના કરતાં એકવારનાં મરીને ચિતાપર ચઢી બળી જવું, એ વિશેષ ઉત્તમ છે." અનંગભદ્રાએ એકદમ છેલ્લા પાટલાપર બેસીને જવાબ આપ્યો.

"હાય રે, મદન ! હાય !! તું સ્ત્રી અને પુરુષોને વિકારવશ કરી આટલી સીમા પર્યન્ત નિર્લજ્જ તથા સાહસી બનાવે છે, એમ અત્યાર સુધી અનેકવાર સાંભળ્યું તો હતું, પણ આજે એનો પ્રત્યક્ષ અનુભવ—અરે સાક્ષાત્કાર થયો ! વિદ્વાન્ અને બુદ્ધિમાન્ જનો જે કામ અને કનકના મોહની અત્યંત નિન્દા કરી ગયા છે તે અક્ષરે અક્ષર

સત્ય છે. આ શ્લોકનો આશય અત્યારે મારાં નેત્રો સમક્ષ મૂર્ત્તિમાન્ થઇને ઊભો રહે છે!" એમ કહી મેં નીચેના શ્લોકનો ઉચ્ચાર કર્યો;–

"वेधा द्वेधा भ्रमं चक्रे कामेषु कनकेषु च ।
तेषु तेष्वप्यनासक्तः साक्षाद्भर्गो नराकृतिः ॥"

"અર્થાત–સૃષ્ટિકર્ત્તા બ્રહ્મદેવે આ જગત્માં કામવિકાર અને ધન એ એ અત્યન્ત મોહકારક વસ્તુઓ નિર્માણ કરી છે; અર્થાત્ જે પુરુષ એમનામાં આસક્ત થતો નથી તે પુરુષ સાક્ષાત્ ઇશ્વરનો જ અવતાર છે!" તેજ પ્રમાણે જો સ્રી એ બન્ને વસ્તુઓમાં મુગ્ધ ન થાય, તો મારી ધારણા પ્રમાણે તેને પણ નારીરૂપધારિણી સાક્ષાત્ પરમેશ્વરી જ કહી શકાય. વ્યભિચારિણી વનિતા વેશ્યા કિંવા પિશાચિની કહેવાય છે. તો તમો પિશાચિની મટીને દેવી કિંવા પરમેશ્વરી શા માટે નથી થતાં વારૂ ?"

"બ્રહ્મચારિણી કિંવા ષંઢપ્રકૃતિ પરમેશ્વરી કરતાં મદનવિલાસિની પિશાચિનીના અવતારને હું અધિક આદરણીય માનું છું, એટલા માટે!" અનંગભદ્રાએ પોતાના હઠને વળગી રહીને પણ તે પ્રમાણેનું જ ઉત્તર આપ્યું.

મેં કહ્યું કે;–"અનંગભદ્રા ! અત્યારે ઉન્માદવશ થવાથી તમારા બુદ્ધિપ્રભાવ અને સારાસાર વિચારનો લોપ થયો છે, એટલે અત્યારના તમારા વિચારોને હું વિચાર તરીકે સ્વીકારી શકતો નથી. જ્યારે આ વિકારનો ઉન્માદ દૂર થશે અને શાંતિનો આવિર્ભાવ થશે તે વેળાયે આ પોતાની ભૂલ પોતાની મેળેજ તમારા જાણવામાં આવી જશે. મારો તો એવો જ અભિપ્રાય છે કે, બુદ્ધિમાન્ પુરુષે પરનારીમાં અને બુદ્ધિમતી વનિતાએ પરપુરુષમાં લંપટ થઇને વ્યભિચાર કર્મમાં પ્રવૃત્ત થવું, એ કદાપિ ઉચિત કિંવા ઇચ્છવા યોગ્ય નથી. કારણ કે, અવિચારી સ્રીપુરુષ પોતાના તારુણ્યમાં વિકારને વશ વર્ત્તી કામને આધીન થઇ મોટા મોટા અનર્થપાત કરી બેસે છે. પ્રથમ એ દુષ્ટ

બુદ્ધિનો સંચાર થાય છે અને ત્યાર પછી તેમાંથી બીજાં પણ અનેક વ્યસનો ઉત્પન્ન થઇ સદાને માટે ગળે બાઝી બેસે છે. શાસ્ત્રમાં જ્યાં જ્યાં પણ ષડ્રિપુઓનું વર્ણન કરવામાં આવ્યું છે, ત્યાં ત્યાં સર્વના અગ્રણી અને મહા ધુરંધર શત્રુ તરીકે એ દુષ્ટ કામદેવના નામનો જ નિર્દેશ કરાવલો છે. કામ, ક્રોધ, મોહ, મદ અને લોભ આદિમાંના એક પણ દુર્ગુણનો વાસ જેનામાં હોય, તેનામાં એ સર્વ દુર્ગુણોનો ન્યૂનાધિક પ્રમાણમાં નિવાસ હોવોજ જોઇએ, એવો નિયમજ છે. એટલા માટે વિચારશીલ સ્ત્રીપુરુષોને એના સંગથી વિસંગ રહેવામાંજ લાભ છે. કારણ કે, ભૂતકાળમાં એ વિષયાધીનતાના યોગે અનેક સ્ત્રી પુરુષોનાં શિરપર કેવાં કેવાં સંકટો આવ્યાં હતાં અને તેમની કેવી દુર્ગતિ થઇ હતી, એ ઘટનાને ગત કાળનો ઇતિહાસ સપ્રમાણ સિદ્ધ કરી બતાવે છે. એ વ્યભિચારના યોગે સ્વજન, પ્રતિષ્ઠા, ધન અને કેટલીકવાર પ્રાણ સુદ્ધાંનો વિયોગ થાય છે કિંવા નાશ પણ થઇ જાય છે. તેમજ યત્કિંચિદ્ વિષયસુખની લાલસામાં લપટાયાથી ચિરકાલીન પારમાર્થિક સુખનો અસ્ત થઇ જાય છે. એટલા માટે કુલીન કામિની અને પવિત્ર-ચરિત્ર પુરુષોએ એ દુર્વ્યસનનો ત્યાગ કરીને સન્માર્ગનાં પ્રવાસી થવું. એમાં જ તેમનું પરમ કલ્યાણ છે!"

અનંગભદ્રા વિલક્ષણ મુખમુદ્રા કરીને તિરસ્કારદર્શક સ્વરથી બોલી;–

"મુઝકો માલૂમ હય જન્નત કી હકીકત લેકિન;
દિલકે ખુશ કરનેકો સાહિબ, યે ખિયાલ અચ્છા હય!"

મેં પુનઃ મારા ઉપદેશના પ્રવાહને આગળ વહેવડાવીને કહ્યું કે;– "અનંગભદ્રા! તમે કહો છો કે, પિતૃગૃહ તથા શ્વશુરગૃહને ત્યાગીને સ્વતંત્ર કિંબહુના સ્વચ્છંદ થવું અને પરપુરુષના સમાગમમાં રહી મનોગમતાં સુખો ભોગવી, નારીદેહની સાર્થકતા કરવી; પરંતુ એમ કરવું તે થાળી પરના મિષ્ટાન્ન પ્રમાણે મહા અનર્થકારક છે. જેઓ આવું અશ્લીલ વર્ત્તન કરે છે, તેઓ એમાં સુખ છે કિંવા દુઃખ છે, એ બીજાને જણાવવા માટે અવશિષ્ટ રહેતાં જ નથી. કારણ કે, જો

કોઇ દીન જન એ દુષ્ટ કર્મ કરે છે, તો તે તેના પ્રાણને હરે છે; અને જો કોઇ ધનાઢ્ય કિંવા ભૂપતિ પણ એ કુકર્મ આચરે છે, તો તે તેની પ્રતિષ્ઠા તથા લક્ષ્મી ઇત્યાદિનો અલ્પ સમયમાં જ નાશ કરી નાખે છે. કદાચિત્ હજારોમાંથી કોઇ જીવતું બચી પણ જાય છે, તો તે પણ છેવટે દારિદ્ર્ય તથા ઉપદંશ આદિ રોગોને આધીન થઇ રીબાઇ રીબાઇને મૃત્યુના પંથે પડી જાય છે. તલવારનો ઘા એક માસમાં રૂઝાય છે, પરંતુ આ વિષયસુખનો ઘા જન્મજન્માંતરે પણ રૂઝાતો નથી; એટલું જ નહિ, પણ તે મનુષ્યને આ લોકમાં અપકીર્તિ અને પર લોકમાં નરકવાસને પાત્ર બનાવી દે છે. કારણ કે, આ કર્મ અત્યંત નિંદ્ય હોઇને નાશકારક છે, એટલા માટે એનો કોઇએ પણ અંગીકાર ન જ કરવો. જેવી રીતે ધગધગતા અંગારાને હાથમાં લીધાથી હાથ બળવા માંડે છે અને તે બુઝાઇ જાય છે એટલે હાથને કાળો કરતો જાય છે; તે જ પ્રમાણે એ વ્યસન ઉભય લોકમાં વિનાશનું જ કારણ થઇ પડે છે. અનંગભદ્રા! આ સંકટ એકવાર મારાપર પણ આવ્યું હતું, તે હું તમને કહી સંભળાવું છું, માટે મારી એ આપવીતી વાર્તાનું તમો આશા છે કે ધ્યાન અને એકાગ્રતાપૂર્વક શ્રવણ કરશો. એમાંથી તમને બહુ બહુ જાણવાનું મળી આવશે."

એમ કહીને મેં મારા પોતાપર વીતેલી એક ઘટનાની કથાનો નીચે પ્રમાણે આરંભ કર્યો;-

## પ્રસંગ ૨ જો
## વીરક્ષેત્રની સુન્દરી

"હું મારા યૌવનકાળમાં હતો તે સમયે અમુક કારણ-વશાત્ ગુજરાતમાંની ગાયકવાડ સરકારની રાજધાની વીરક્ષેત્ર-વડોદરા-માં કેટલાક સમયને માટે જઇ રહ્યો હતો. ત્યાં ફતેપુરામાં પ્રત્યેક શુક્રવારે મોટો બજાર ભરાય છે. એક શુક્રવારે મારા એક મિત્રસાથે હું બજારમાં કાંઇક ખરીદી કરવા અને બજારની ચેષ્ટા જોવા માટે ગયો. અમે બજારમાંના એક સ્થાને ઊભા રહીને બજારમાં ચાલતી ધામધૂમને જોતા હતા એટલામાં અચાનક સ્હામેના એક બે મજલાના મકાન તરફ મારી દૃષ્ટિ આકર્ષાઇ. તે મકાનની ખુલ્લી બારીમાં એક તરુણ, સુંદર અને ચંદ્રવદના લલના પોતાની સખીઓ સાથે બેઠી હતી. તે પણ બજારની ધામધૂમ જોતી હતી. એવામાં અમારી ઉપર કથા પ્રમાણે ચાર આંખો થઇ ગઇ. તેણે જ્યારે મારાપર દૃષ્ટિપાત કર્યો એટલે પછી હું પણ આગળ કરતાં અધિક એકાગ્ર દૃષ્ટિથી તેને તાકી તાકીને જોવા લાગ્યો. એથી તે જાણી ગઇ કે, 'આ પુરુષ મારામાં અવશ્ય મોહમુગ્ધ થએલો હોવો જોઇએ!' એમ ધારીને તેણે પ્રથમ તો મને આંખનો ઇશારો કર્યો અને તેથી હું એમ સમજ્યો કે, એનો બીજો કોઇ મિત્ર કિંવા પ્રિયકર આ બજારમાં હશે તેને એ ઇશારાથી બોલાવે છે. એમ જાણીને હું ત્યાંજ ઊભો રહી તે મિત્રને જોવા માટે ચારે તરફ મારી દૃષ્ટિને ફેરવવા લાગ્યો, પરંતુ તે કયાંય જોવામાં આવી શકયો નહિ. એટલે પુનઃ મેં તે રમણી પ્રતિ નેત્રપાત કર્યો, અને પાછી તે ઇશારો કરવા લાગી એટલે પાછો હું વધારે ધ્યાનથી તેના મિત્રને શોધવાના કાર્યમાં પ્રવૃત્ત થયો, પણ પ્રત્યુત્તર આપનાર બીજો કોઇ પણ મળી આવ્યો નહિ. આવી સ્થિતિને જોઇને મારી સાથે જે મારો મિત્ર હતો, તેને ઉદ્દેશીને મેં કહ્યું કે;-'મિત્ર! જરા જો તો ખરો-પેલી સ્હામી બારીમાં બેઠેલી રમણી આપણી તરફ જોઇ નેત્રસંકેતથી અને કરસંકેતથી પોતા પાસે મને બોલાવવાની ચેષ્ટા

કર્યા કરે છે!' મારી આ વાર્તા સાંભળી તે સ્ત્રીને એકવાર નિહાળ્યા પછી તે કહેવા લાગ્યો કે,–"ભાઇ! એ કોઇ કુલીન કામિની છે'; તમે ધારો છો તેવી દુરાચારિણી દેખાતી નથી. તમારા સમજવામાં ભૂલ થવાથી તમે વિના કારણ બિચારીને બદનામ કરો છો. કદાચિત્ અહીં તેનો કોઇ ઇષ્ટમિત્ર હશે તેનેજ તે બોલાવતી હશે?" આ તેનું ઉત્તર સાંભળીને મેં તેને જણાવ્યું કે;–'આપણે એકવાર પાછા એની તરફ જોઇએ એટલે એના મનમાં જે ભાવ હશે તે તરત જ જણાઇ આવશે.'

મારા આ શબ્દો સાંભળીને તે વક્રદૃષ્ટિથી તે સુંદરીની ચેષ્ટાને જોવા લાગ્યો. તે લલનાએ અમારી તરફ જોઇને પાછો આગળની પેઠે જ લટકાથી ઇશારો કર્યો. હવે તે અમને જ બોલાવે છે એવો અમારો નિશ્ચય થવાથી અમો બન્ને ત્યાંથી રહામી બાજૂએ જઇ તે મકાનની નીચે ઊભા રહ્યા. એટલામાં તે અને બીજી ત્રણેક સ્ત્રીઓ નીચે ઊતરી આવી અને બજારની ભીડમાં એકની પાછળ એક ચાલતાં તે લલનાએ એક ચમત્કારિક સંકેતથી સૂચના આપી કે, 'તમો મારી પાછળ પાછળ ચાલ્યા આવો!' અમો તેની પાછળ ચાલતા થયા, અને એક ઠેકાણે લોકોની વધારે ભીડ હતી ત્યાં મેં તેને પડખે ચઢીને તેનો હાથ પકડી લીધો અને ભીડ ઓછી થતી હતી ત્યાં પાછો છોડી દીધો. તેમની સાથે એક વૃદ્ધ સ્ત્રી હતી તે એક વિશિષ્ટ માર્ગમાં ચાલતી થઇ અને બાકીની બીજી સ્ત્રીઓ સાથે તે રમણી ઊભી સડક લઇને ચાલવા લાગી. આવી સ્થિતિ જોઇને મેં મારા મિત્રને તે વૃદ્ધા સ્ત્રીની પાછળ રવાનો કરી દીધો અને હું પોતે તે સ્ત્રીની પાછળ પાછળ ચાલવા લાગ્યો. અમો બધાં મદનને ઝાંપે આવી લાગ્યાં. એ વેળાયે સંધ્યાનો સમય થઇ ચૂક્યો હતો અને મદનને ઝાંપે મહા પ્રભુજીની બેઠકમાં દર્શનાર્થ આવેલાં અને દર્શન કરીને પાછા વળેલાં ભક્ત સ્ત્રી પુરુષોનાં ટોળેટોળાં ત્યાંથી ચાલ્યાં જતાં હતાં. એ ભીડનો લાભ લઇ તે બીજી સ્ત્રીઓ સહિત પોતાના ઘરમાં પેસી ગઇ. હું તો તેને ત્યાં આમ તેમ શોધતો જ કાવરો બાવરો બનીને ઊભો રહ્યો.

તે વૃદ્ધ સ્ત્રી પણ મિયાં મહંમદની વાડીથી મદનના ઝાંપા તરફ આવતા માર્ગમાં મારા મિત્રને થાપ આપીને ક્યાંક અદશ્ય થઇ ગયેલી હોવાથી તે પણ હું જ્યાં હતો ત્યાંજ અચાનક આવી લાગ્યો અને અમારો ન ધારેલો મેળાપ થઇ ગયો. અમો બન્ને તે ગલીમાં તેની શોધમાં આમ તેમ ભટક્યા, પરંતુ તે કામાક્ષી ક્યાંય અમારા જોવામાં આવી નહિ. રાત્રિનું આગમન થતાં મનુષ્યોની ભીડ ઓછી થઇ ગઇ એટલે પુનઃ અમે તે માર્ગ અને પાસેની ગલીઓમાંનાં એકે એક ઘર બહારથી તાકી તાકીને તપાસી જોયાં, પણ તેના વદનચંદ્રના દર્શનનો અમને લાભ ન મળ્યો તે ન જ મળ્યો. અમને આવી રીતે ઘણી વારથી ભટકતા જોઇને એક ઘરના દરવાજાપર એક ઘાંચણ ઊભી હતી તેણે અમને પૂછ્યું કે;–"શેઠિયા ! આટલા લાંબા વખતથી આ રસ્તાપર અને ગલીઓમાં ભટકીને તમે કોને શોધો છો વારૂ ?" મેં તેને જવાબ આપ્યો કે;–"બાઇ ! હું શુક્રવારમાંથી પાછો ફરતો હતો એટલામાં કોઇ શ્રીમંતની એક સુંદર વનિતા મને માર્ગમાં મળી અને તેના પોતાના બોલાવ્યાથી હું તેની પાછળ પાછળ અહીં સુધી આવ્યો અને અહીં અચાનક અમારો વિયોગ થઇ ગયો. અર્થાત્ હું તેને જ શોધ્યા કરૂં છું, પણ તેનો ક્યાંય પત્તો મળી શકતો નથી !" એ સાંભળીને તે ઘાંચણે કહ્યું કેઃ–'તે સુંદર હતી એમ તમો કહો છો, એટલે તે સ્ત્રી આ મહલ્લાની તો નથી જ. તે કોઇ બીજા મહલ્લામાંની સેઠાણી બૈરી હશે, અહીં હવા ખાવાને આવી હશે અને હવા ખાઇને પાછી પોતાને ઠેકાણે ચાલી ગઇ હશે. તેનો એ જવાબ સાંભળીને મેં જણાવ્યું કેઃ–"બાઇ ! તેના ગુણોને જાણવાની મારા મનમાં મોટી ચટપટ લાગી રહી છે; માટે જો તું તેને શોધી આપીશ, તો હું મારી શક્તિ અનુસાર તને સંતુષ્ટ કરીશ, એટલું જ નહિ, પણ તારા આ ઉપકારને મરણપર્યન્ત ભૂલીશ નહિ." મારી આ વાણી સાંભળીને તે કહેવા લાગી કે;–'તમો આવતી કાલે આ સ્થળે જ આવજો. હું તેનો શોધ કરીને જો તે મળશે, તો એંધાણી કરી મૂકીશ !'

"તેણે આવી આજ્ઞા આપવાથી હું મારે ઘેર આવ્યો અને આખી રાત નિદ્રાનો આસ્વાદ ન લેતાં તે સુંદરીના ધ્યાનમાં જ નિમગ્ન રહ્યો. જે કોમળાંગીના કોમળ કરને મેં મારા કરથી સ્પર્શ કર્યો હતો, જે નારી નેત્રસંકેત કરી મારા મનને હરી ગઇ હતી અને જે મારી હૃદયેશ્વરી થયેલી છે, તે કોપનાના વદનચંદ્રના દર્શનનો લાભ મને ક્યારે મળશે એવા પ્રકારના વિચારોમાં જ મેં આખી રાત વીતાડી દીધી. પ્રાતઃકાળ થતાં જ ઉતાવળથી શય્યાનો ત્યાગ કરી મુખમાર્જનાદિથી મુક્ત થઇ મેં નવીન વસ્ત્રો ધારણ કરી લીધાં અને હાથમાં એક સુંદર લાકડી લઇને હું તે ઘાંચણના ઘર આગળ જઇ પહોંચ્યો. શિયાળાના દિવસ હોવાથી તે લાકડાની ધૂણી કરીને દરવાજા આગળ તાપતી બેઠી હતી. હું પણ તેની પાસે જઇને બેઠો અને યુક્તિના માર્ગથી ધીમે ધીમે મુદ્દાની વાતપર આવીને મેં પૂછ્યું કે બાઇ! કાલે રાત્રે મેં જે કામ કરવાનું તને કહ્યું હતું, તે થયું કે? તેનો કાંઇ પત્તો મળ્યો કે કેમ?' એના ઉત્તરમાં તે બોલી કે;–'અરે ભાઇ! હજી તો ઘણાંક માણસો બિછાનામાંથી ઊઠયાં પણ નહિ હોય, એટલે મને તેનો અત્યાર પહેલાં કેવી રીતે પત્તો મળી શકે? તમે તેના માટે એકવાર આંખો મળતાં જ આટલા બધા ગાંડાતૂર બની ગયા છો, એથી મને જણાય છે કે, રાતે તમને પૂરી ઊંઘ પણ નહિ જ આવી હોય!' મેં કહ્યું કે, 'બાઇ! આપણામાં એક કહેવત છે કે, અર્થીને અક્કલ હોતી નથી અને કામાતુરને નિદ્રા આવતી નથી. અર્થાત્ અર્થી, ચોર, જાર, ઠગ, પ્રપંચી અને અભિસારિકા તથા જારિણી આદિ વર્ગનાં સ્ત્રી પુરુષોની નિદ્રા અને બુદ્ધિ આદિનો કોણ જાણે ક્યાંય લોપ થઇ જાય છે, એટલે જો ગઇ રાતે મને નિદ્રા ન આવી હોય, તો તેમાં આશ્ચર્ય જેવું કાંઇ પણ નથી. પરંતુ જે સુંદરીએ પોતાના કટાક્ષબાણથી મારા હૃદયને વીંધી નાખ્યું છે, જેના કટાક્ષબાણ અદ્યાપિ મારા હૃદયમાં સાલ્યા કરે છે અને જેણે મને ગાંડો બનાવી દીધો છે, તે સુંદરીનો એકાંતમાં મેળાપ થયા વિના મારા હૃદયને શાંતિનો સ્પર્શ થવાનો નથી. જો તે સુરસુંદરી નહિ મળે, તે

અવશ્ય મારા પ્રાણ આ દેહમાંથી નીકળી જશે. એટલા માટે આ પરોપકાર કરીને તું મને જીવનદાન આપ.' મારી ઉન્માદદર્શક વાણીને સાંભળી તે કહેવા લાગી કે;—"ભાઈ! અત્યારે ગુજરાતના ચાર મોટા શહેરોની સ્ત્રીઓના સ્વભાવ વિશે બોલાય છે, તેમાં વડોદરાની બાયડીઓ વિશે લોકોમાં એક કહેવત ચાલી રહી છે કે,

"અમદાવાદી હરામજાદી, ખંભાતી, ગોઝારી;
વડોદરાની વાંકી નારી, સૂરતની લટકાળી" ઇત્યાદિ

એટલા માટે જો તમને બીજી કોઈ જોઈતી હોય, તો તમારી એ સુંદરી કરતાં હજારગણી વધારે રૂપાળી, નખરાળી અને લટકાળી અત્યારેજ લાવી આપું. તમે કહો છો તે સ્ત્રીનો કશો પણ વૃત્તાંત હું જાણતી નથી એટલે લાચાર છું. છતાં પણ આ બાબતનો મારો અનુભવ જૂનો પુરાણો હોવાથી હું મારાથી બનશે તેટલો શોધ કરીશ." તેનું આ પ્રકારનું ભાષણ સાંભળી હું અત્યંત ઉદ્વિગ્ન મનથી ત્યાંથી નીકળીને પાછો મારા નિવાસસ્થાનમાં આવી લાગ્યો.

ત્યાર પછી નિત્ય હું ત્યાં દિવસમાં બે ત્રણ વાર જતો અને તે સુંદરીને શોધવાની ચેષ્ટા કરતો; પણ તે ન મળવાથી હતાશ થઈને પાછો ચાલ્યો આવતો. એવી રીતે તેના ધ્યાનમાં પડવાથી દિવસે દિવસે મારા ખાનપાનમાં ભયંકર ઘટાડો થતો ગયો અને હું મહા-ઘોર દુઃખમાં આવી પડ્યો. જે નોકરી હતી તેમાંથી પણ મારૂં મન ઊઠી ગયું અને વરિષ્ઠ અધિકારીનો રોજ ઠપકો મળવા લાગ્યો. એવા પ્રકારે કેટલાક દિવસ વીત્યા પછી એક દિવસ હું મદનના ઝાંપાથી ગોવાગેટ જવાના નિર્જન માર્ગમાં આવેલા એક શિવાલયમાં દર્શન કરવાને ગયો અને ત્યાં તે સ્ત્રી પણ પોતાની એક દાસી તથા ત્રણ બ્રાહ્મણોને લઈને શિવનું પૂજન કરવાને આવેલી હોવાથી અચાનક તેની સાથે મારો મેળાપ થઈ ગયો. હું આનંદમાં આવીને તેના પૂજનકાર્યની સમાપ્તિ થાય ત્યાં સુધી આસપાસમાં ફરતો રહ્યો.

તેના પૂજાકાર્યની સમાપ્તિ થતાં તે પોતાને ઘેર જવાને નીકળી એટલે હું પણ તેના નિવાસસ્થાનને જોવાની ભાવનાથી તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. તેણે મને ક્યારનોય જોયો હતો, એટલે પોતાના ગૃહમાં પ્રવેશ કરતી વેળાએ મને અંદર ન આવવાનો ઇશારો કરી દીધો અને હું આગળની પેઠે જ નિરાશ થઇને પાછો ચાલ્યો આવ્યો. હું મારા ગૃહમાં ચિંતાગ્રસ્ત થઇને બેસી રહ્યો. ત્યારપછી ભોજનકાર્યની સમાપ્તિ થતાં મારા રહેઠાણમાંથી મારો બધો લબાચો ઉપાડીને તેને મળવાની આશાથી હું તે શિવાલયની પાસેનાજ એક સ્થાનમાં રહ્યો અને મારો ઘણો વખત શિવાલયનાં સભામંડપમાં બેસીને વીતાડવા લાગ્યો. તે દિવસે તે સુંદરીએ પોતાના સ્વામીને કહ્યું કેઃ–"મને ઉદરશૂળની વ્યથા હોવાથી મેં મહાદેવની એવી માનતા માની છે કે, હું નિત્ય શિવાલયમાં બે વાર આવીને તને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી જઇશ. એટલા માટે મારે દરરોજ શિવાલયમાં બે વાર તો જવું જ પડશે." આ પ્રમાણેનું નિમિત્ત બતાવીને તે દિવસમાં બે વાર પૂજા સામગ્રીને લઇને આ જીવતા જાગતા મહાદેવ માટે શિવાલયમાં આવવા લાગી. પરંતુ તે શ્વશુરગૃહવાસિની હોવાથી અને તેની સાથે હંમેશ તેના એક બે નોકરો આવતા હોવાથી મારી જોડે બોલવાચાલવાનો પ્રસંગ તેને મળી શકતો નહોતો. વળી તે કુલીન પોતની પત્ની હોવાથી અન્યત્ર જવાની તેને આજ્ઞા નહોતી અને અધૂરામાં પૂરૂં તેનો પતિ જમદગ્નિનો અવતાર હોવાથી પતિનો પણ તેના હૃદયમાં અતિશય ભય રહ્યા કરતો હતો. આ સર્વ પ્રત્યવાયો હોવાથી હું સભામંડપમાં તેના નિકટમાં ઊભો રહી માત્ર તેના વદનવિધુનાં દર્શનથી નેત્રોની સાર્થકતા કરી શકતો હતો અને જ્યારે તે ઘેર જવા નીકળતી ત્યારે પાળેલા કૂતરા પ્રમાણે તેની પાછળ પાછળ જઇ તેને તેના ઘર સુધી છેટેથી પહોંચાડી આવતો હતો.

કેટલાકોનો એવો અભિપ્રાય છે કેઃ–

"વેણુ પદારથ વેણુ રસ, વેણેવેણુ મિલંત;
અણુજાણ્યાથી પ્રીતડી, પરથમ વેણુ કરંત !"

અને કેટલાકોનો વળી એથી વિરુદ્ધ-એવા પ્રકારનો અભિપ્રાય પણ જોવામાં આવે છે કે :—

"નેણુ પદારથ નેણુ રસ, નેણે નેણુ મિલંત;
અણુજાણ્યાથી પ્રીતડી, પરથમ નેણુ કરંત !"

મને પોતાને તો નયનપદાર્થ અને નયનરસના યોગે અજ્ઞાત સાથે પ્રેમ બંધાયાનો સાક્ષાત્કાર થયો હતો. કારણ કે, અત્યાર સુધી તે સુંદરી સાથે પ્રત્યક્ષ સંભાષણનો પ્રસંગ મને મળી શકયો નહોતો. ઉભયના હૃદયમાં જે આકર્ષણ થયું હતું તે માત્ર દૃષ્ટિદ્વારા જ થયું હતું. એ પ્રમાણે નિત્યની નેત્રપલ્લવી ભાષાનો વ્યવસાય ચાલવાથી ઉભયના મનમાંની મદનચેતના વધવા માંડતાં અન્નજલની રુચિનો ધીમે ધીમે લોપ થવા લાગ્યો. અંતે મેં નોકરી છોડી દીધી અને આખો દિવસ કુટ્ટિનીની નાના પ્રકારની પ્રાર્થના કરવામાં જ વીતાડવા લાગ્યો. બીજી તરફ તે સ્ત્રી કામાનલથી બળી બળીને કૃશ થઇ ગઇ. એટલે તેની દાસીએ તેને પૂછ્યું કે:—"બાઇ સાહેબ! તમને સર્વ પ્રકારની અનુકૂળતા હોવા છતાં તમે દિવસે દિવસે સૂકાતાં કેમ જાઓ છો, એનું કારણ કૃપા કરીને જણાવશો કે ?"

એનું ઉત્તર આપતાં તે વિરહિણી વનિતાએ નિઃશ્વાસ નાખીને જણાવ્યું કે:-"સખી ! દુઃખની વાર્ત્તા તો તેને જ કહેવાય કે જે તે વાર્ત્તા સાંભળીને દુઃખનો પરિહાર કરી શકે, જે દુઃખની કથા સાંભળીને મનમાં જ રાખી મૂકે, એક કાને સાંભળી બીજા કાને કાઢી નાખે અથવા તો સાંભળીને સ્હામો ફજેતો કરે, તેવાને હૃદયની વાર્ત્તા ખોલી સંભળાવવાથી શો લાભ વારુ ? પોતાના મુખથી પોતાનો ભેદ બીજાને કહી પોતાના હાથે જ પોતાની પ્રતિષ્ઠા ખોવી એના કરતાં તેલમાં અફીણ ઘોળી રાતે પીને સવારમાં મરી જવું શું સારું નથી કે ? હવે મારા દુઃખનો પરિહાર કરવાની શક્તિ તારામાં હોય પણ ખરી, છતાં તું એ પરોપકાર કરીશ કે નહિ, એનો કાંઇ વિશ્વાસ

રોખી શકાય નહિ; એટલે તને કાંઈ પણ કહેવું તે આંધળા આગળ રોઈને પોતાની આંખો ખોવા જેવું જ થવાનું."

શેઠાણીનું આવા પ્રકારનું ભાષણ સાંભળી દાસી દીનતાથી કહેવા લાગી કે;–"બાઈ સાહેબ! આજ સુધીમાં મેં કોઈવાર પણ તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી અને હવે પછી કરવાની પણ નથી. મારા નિર્વાહનો સર્વ આધાર તમારી કૃપા પર જ રહેલો છે. માટે મનમાં સંશયને જરા પણ સ્થાન ન આપતાં તમને જે વેદના હોય તે મને વિશ્વાસપૂર્વક જણાવો એટલે હું અવશ્ય તેનો પરિહાર કરીશ."

દાસીના આવા આશાજનક ઉદ્ગારો સાંભળી તે સુંદરી નમ્રતાથી બોલી કે;–"બહેન! હું મારી ગુપ્ત વાર્તા તને કહી સંભળાવું છું; પણ તે કોઈ ત્રીજા માણસને કાને ન જાય, એવું તું વચન આપતી હોય તે જ. વળી જો મારૂં તે કાર્ય તારા હાથે સિદ્ધ થશે, તો હું તને સંતોષ આપીશ અને તારો જીવનની અંતિમ ઘટિકા પર્યન્ત આભાર માનીશ."

આવાં મંજુલ વાક્યો ઉચ્ચારી તે સુંદરીએ દાસીને વશ કરી લીધી અને તેની પાસેથી અભય વચન મેળવી પોતાનો ઇત્થંભૂત વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. ત્યાર પછી વધારામાં તેણે જણાવ્યું કે;–"મારા પિયરિયાંના ગામમાંનો મારો એક બાળસખા હાલમાં વડોદરામાં આવ્યો છે, તેને એક વાર આપણે ત્યાં બોલાવી તેનો ભોજનસત્કાર કરવો, એવી મારી પ્રબળ ઇચ્છા થએલી છે, એક પ્રકારે મને એનો ખ્યાસ જ લાગી ગયો છે. તેને જોતાં જોતાં લગભગ એક મહિનો થવા આવ્યો, અને તે સમયથી અત્યાર સુધીમાં અલંકાર, વસ્ત્ર, અન્ન, જળ અને અન્ય વિહાર આદિનો મને એટલો બધો તિરસ્કાર થઇ ગયો છે કે, કાંઇ પણ ગમતું નથી. હૃદયની અસ્વસ્થતા એટલી બધી વધી ગઇ છે કે નેત્રોએ નિદ્રાને દેશવટો આપી દીધો છે અને તેનો એકાંતમાં કયારે મેળાપ થાય, એ જ વિચાર રાત દિવસ હૃદયને ઘેરીને બેસી રહ્યો છે. વચ્ચે કેટલાક દિવસ સુધી અમારો મેળાપ થયો નહોતો એટલે હું મહા ચિંતામાં પડી ગઇ હતી. હવે કેટલાક દિવસથી દિવ-

સમાં બે વાર માત્ર અમારૂં ચક્ષુમિલન થાય છે, પણ તેથી શાંતિ થવાને બદલે મારા શરીરમાં કામજ્વરનો અધિક તાપ થવા લાગ્યો છે. એટલા માટે જો તને મારા પ્રાણનો ખપ હોય, તો અમો બન્નેનો એકવાર એકાંતમાં ગમે તે ઉપાય યોજીને મેળાપ કરાવી દે, કે જેથી અમો ઉભયની વેદનાનો વિલય થાય અને બહુ દિવસની આશા સફળ થઇ જાય; એટલીજ તારી પાસેથી મારી નમ્ર યાચના છે. જો આ કાર્ય કરી આપીશ, તો અત્યારે તું મારી દાસી છે, પણ પછીથી હુંજ તારી આજ્ઞાધારિણી દાસી થઇ રહીશ, રોજ તારા પગ ધોઇને પીશ !!"

શેઠાણીનાં આ વાક્યો સાંભળી દાસીના હૃદયમાં અત્યંત કોપનો આવિર્ભાવ થયો અને તે ચિત્તને કઠોર કરીને બોલવા લાગી કે;–"હવે પછી મારા આગળ આવી વાત કદાપિ કાઢશો નહિ, અને બીજા કોઇ પાસે પણ બોલશો નહિ. વળી એ વાર્તાને સ્વપ્નમાં પણ તમે પોતેય હૃદયમાં સ્થાન આપશો નહિ. જો આ વાર્તા ગૃહપતિના સાંભળવામાં કે જાણવામાં આવશે, તો તે તમારો, તમારા પ્રિયકરનો અને મારો એવી રીતે ત્રણેનો શિરચ્છેદ કરી નાખશે, એમાં લેશ માત્ર પણ સંશય નથી. કારણ કે, આપના પતિનો સ્વભાવ બહુ જ ક્રોધિષ્ઠ અને અત્યંત નિર્દય છે, એ તો આપ જાણો જ છો. આ વાર્તાનો ગંધ આવતાંજ તે ઘરબારની ધૂળધાણી કરી નાખશે. આજે બાર વર્ષની વાત પર તમારાં જેઠાણી એ જ કુકર્મના પરિણામે અકાળ મૃત્યુને વશ થયાં હતાં. તેનું કેવું વર્તન હતું, તે હું તમને સંભળાવું છું તે ધ્યાન આપીને સાંભળો."

એમ કહીને તેની દાસીએ તેના જેઠાણીનો વૃત્તાન્ત નીચે પ્રમાણે સંભળાવવા માંડયો:

## સોનીએ કેવી રીતે પોતાનો પ્રાણ ગુમાવ્યો? તેની કથા

"આપણા ઘરનાં ઘરેણાં ઘડનાર સોની હમેશાં ઘરમાં જતો આવતો હતો, તેને જોઇને તમારી જેઠાણીનું મન તેનામાં મુગ્ધ થયું, અને તે કામાતુર થઇ ગઇ. પરંતુ તેને એકાંતમાં મળવાનો પ્રસંગ

મળી શકતો ન હોવાથી નિરુપાય થઇને જૂના દાગીનાની તોડફોડ કરી તે નિમિત્તથી તે નિત્ય તેને ઘરમાં બોલાવ્યા કરતી હતી. એક દિવસ દેવડીપર વધારે માણસો ન હોતાં, માત્ર એક જ સિપાઇ પહેરો ભરતો હતો, તેને પણ દાસીએ રૂપિયો આપીને તેના પૈસા લાવવાના નિમિત્તથી બહાર મોકલી દીધો. તેના જવા પછી સોનીને ઇશારો કરીને અંદર બોલાવી લીધો અને તેનો કોઇને પત્તો ન મળી શકે એટલા માટે તેને સંતાડી દીધો. તેના ખાનપાનની વ્યવસ્થા પણ તે કરતી હતી. તે સોનીના ઘરમાં તેનાં બાલબચ્ચાંના પોષણ માટે જે કાંઇ પૈસો ટકો જોઇએ તે પણ દાસીના હાથે તે પોતે જ મોકલી દેતી હતી. છેવટે પાપને છુપાવવાના અનેક પ્રયત્ન કરવા છતાં પાપ છાનું ન રહ્યું તે ન જ રહ્યું. તેની દાસીના મુખથી જ એ વાતનો ગણુગણાટ તેના પતિના કાનમાં પહોંચી ગયો અને તેથી શંકાશીલ થઇ ઘરમાં તપાસ કરતાં તે ચોર તરત મળી આવ્યો. એ પછી રાત્રે કોઇના પણ જાણવામાં ન આવે તેવી રીતે તમારા જેઠે બંન્નેનો શિરચ્છેદ કરી નાખ્યો અને તેમનાં મડદાંને પાછલા આંગણામાં જ ખાડો ખોદીને સાથે દાટી દીધાં. બીજે દિવસે પોતાની પ્રતિષ્ઠાને જાળવવા માટે બહાર તેણે એમ જાહેર કર્યું, બાયડીને તેનાં પિયરિયામાં મોકલી છે. એવી રીતે લોકાપવાદનું નિવારણ કરીને કેટલાક દિવસ જવા દઇ લાગ જોઇને તેણે દાસીને પણ યમધામમાં પહોંચાડી દીધી. બાઇસાહેબ! આ કુકર્મનું આવું પરિણામ થાય છે, માટે એમાં પોતાના ચિત્તને પ્રાણ જતાં પણ પરોવશો નહિ. તમારા પ્રાણનાથ મહા સદ્ગુણશાળી અને મદનમૂર્ત્તિ હોવાથી તમે આવા માર્ગમાં પદસંચાર કરી તેમના પૂર્વજોની નિષ્કલંક કીર્ત્તિને કલંકિત કરશો નહિ. હવે જો બીજીવાર મારી આગળ આવી વાત કાઢશો, તો હું તમારા પતિને તે કહી દઇશ. એથી થશે એમ કે, તમારી સોકયનું સન્માન થશે અને તમારૂં નિત્ય અપમાન થયા કરશે. સ્વામીના અપમાનને સહન કરીને મરવું તેના કરતાં યોગ્ય માર્ગમાં ચાલી સદ્વર્ત્તનથી વર્ત્તવું, એ

વિશેષ ઉત્તમ નથી કે શું! જો સદાચરણથી ન રહી શકાય, તો આત્મહત્યા કરીને પાપી પ્રાણનો ત્યાગ કરી દેવો, એજ વધારે કલ્યાણકારક માર્ગ છે."

દાસીનાં આવાં કઠોર વચનો સાંભળી તે સુંદરી અત્યંત ખિન્ન થઇ ગઇ. તથાપિ એકવારની હારથી હિંમત હારી ન બેસતાં તેણે એ વિશેના પોતાના પ્રયત્નને ચાલૂ જ રાખ્યો. તે દાસીને નિત્ય આર્જવતાથી કહ્યા કરતી હતી કે;–"મારી વ્હાલી સખી! ગમે તે જોખમે અને ગમે તે ઉપાયે માત્ર એકજવાર એકાંતમાં અમારો મેળાપ કરાવી દે. તારે આ કાર્ય કરતાં અધિક ભય રાખવાની અગત્ય નથી. પૂર્વે અનિયંત્રિત રાજસત્તા અને અંધાધુંધીનો કાળ હોવાથી મારી જેઠાણી અને તેના યારને મારી નાખ્યા ને તેની ખબર ન પડી. પણ હવે આ કાળમાં તેમ થવું અશક્ય છે; કારણ કે અત્યારે તો દેશી રાજાઓ પણ કૃપાળુ અને ન્યાયપરાયણ અંગ્રેજ સરકારના માંડલિક છે. એ કારણથી આજના કાળમાં પ્રાણીમાત્ર પોતાના જીવન માટે નિર્ભય છે. હું તને છેલ્લી વાત હવે જણાવી દઉં છું કે, મારી આટલી આર્જવતા છતાં પણ જો તારાથી આ કાર્ય ન જ થઇ શકે તેમ હોય, તો હું આ ઘરને સદાને માટે છોડીને પલાયન કરી જઇશ. કારણ કે, હવે મારા પ્રાણનો મને લેશ માત્ર પણ ભય રહ્યો નથી."

અનુભવી દાસી શેઠાણીનાં આ નિશ્ચયદર્શક વાક્યો સાંભળી મનમાં વિચાર કરવા લાગી કે;–"ખરેખર જો આ મદનાતુર માનિનીનો મનોરથ પૂરો નહિ થાય, તો અવશ્ય એ ભાગી જવાનું કે મરી જવાનું સાહસ કરવાની જ અને એ નહિ હોય, તો મને અનાથાવસ્થામાં રહેવાનો વખત આવશે. અર્થાત્ એકવાર એકાંતમાં બંનેનો મેળાપ કરાવી તો દેવો, પછી ભલે જે થવાનું હોય તે થાય." મનમાં આવા પ્રકારનો વિચાર કર્યા પછી તેણે શેઠાણીને કહ્યું કે; "બાઇ સાહેબ! તમે આમ ઉતાવળાં અને અધીર ન થાઓ. તે પુરુષ ક્યાં રહે છે તે આ દાસીને જણાવો એટલે હું મારાથી

બની શકતા સર્વ યત્ન કરીશ." આ આશાથી તે મદનાતુરાના મનમાં કાંઇક શાંતિનો પ્રવેશ થયો.

અનંગભદ્રા! હવે મારી શી દશા હતી તે સાંભળ. મારા દેહભાનનો પણ લોપ થઇ ગયો. મધ્યાહ્નનું ભોજન રાતે અને રાતનું ભોજન સવારમાં ખાવાનો ક્રમ ચાલુ થઇ ગયો. નોકરી, પૈસા ટકા અને આબરૂ ઇત્યાદિ સર્વ વસ્તુઓની આશાને છોડી દઇને બંને વખત હું તેનાં દર્શન માટે આતુર થઇ શિવાલયમાં સાધુ પ્રમાણે બેસી રહેતો હતો અને તેના દેવદર્શન અને પૂજન આદિ કાર્યની સમાપ્તિ થતાં તેની પાછળ નગરના વસતિવિભાગમાં સંચાર કરી તે પોતાના ગૃહમાં પ્રવેશ કરી અદૃશ્ય થાય એટલે પછી બહુ દુઃખ પામી નીચું મોઢું કરી પાછો પોતાના ઉતારામાં આવી લાગતો હતો. માર્ગમાં આવતાં જ્યાં જ્યાં તેનાં ચરણોનાં ચિહ્નો દેખાતાં ત્યાં જરાવાર ઊભો રહીને હું શોકમગ્ન થતો હતો. કામાંધની ચેષ્ટાઓ ગુપ્ત રહી શકતી નથી, એટલે અમો બંનેની આવી ચેષ્ટાઓ જોઇને કેટલાક તીવ્ર દૃષ્ટિવાળા લોકોના મનમાં અમારા વિશે સંશયનો ધીમે ધીમે પ્રવેશ થવા માંડયો.

એક વાર તે દાસીએ પોતાની શેઠાણી-મારી મનોહારિણી-ને શોકાતુર મુદ્રાથી કહ્યું કે:-"બાઇ સાહેબ! તમને એ પરપુરુષનો આટલો બધો મોહ લાગી ગયો છે, એથી મને તો એમજ જણાય છે કે, આપણા ત્રણેના મરણનો અવસર બહુ જ પાસે આવી લાગ્યો છે; એટલે કે, આ કાર્ય કરવાના નિશ્ચય પર આવવા સાથે આપણા ત્રણેએ જીવવાની આશા તો રાખવાની જ નથી. હવે મારી પ્રાર્થના માત્ર એટલી જ છે કે, એ પુરુષ સાથે મેળાપ થવા પછી આ ચાલતા ગૃહસ્થાશ્રમને ત્યાગી તેની સાથે પલાયન કરી ન જવાનું વચન આપો, તો હું આ પ્રાણઘાતક કાર્ય કરી આપની આશા પૂર્ણ કરવાનું બીડું ઝડપું."

દાસીનાં આ વચનોથી શરીરમાં નવીન જીવનનો સંચાર થતાં તે સુંદરીએ દાસીને એક નવાં વસ્ત્રો આપીને વશ કરી લીધી, અને

તેને વળતે દિવસે નિત્ય પ્રમાણે બ્રાહ્મણ તથા તે દાસીને સાથે લઇને તે રમણી દેવદર્શન કિંવા પ્રિયતમદર્શન માટે શિવાલયમાં આવી પહોંચી. દેવપૂજાની સમાપ્તિ થવા પછી ઇશારાથી દાસીને મારો પરિચય કરાવી તેને પાછળ રાખીને પોતે ઘેર જવા માટે વીજળીના ઝબકારાની પેઠે ત્યાંથી અદૃશ્ય થઇ ગઇ.

આજે હું તે સુંદરીની પાછળ ન જતાં દાસીના મુખથી તેનો સંદેશ સાંભળવાને ત્યાંજ રહી ગયો. શિવાલયના બહારના ભાગમાં એક ઝાડના થડની આસપાસ ઓટલો બાંધેલો હતો તે પર વૃક્ષની છાયામાં હું બેઠો એટલે તે આસપાસમાં બીજું કોઇ માણસ ન હોવાથી મારી પાસે આવી અને જરાક દૂર ઊભી રહીને કહેવા લાગી કે;–"સિપાહી દાદા! મારે ત્યાં ગાય દૂઝે છે, માટે જો ગાયનું દૂધ જોઇએ, તો પધારજો." એના ઉત્તરમાં મેં જણાવ્યું કે;–"જો તે દૂધ અમારા પીવા જોગું હોય, તો ભલે આપજો. પણ પ્રથમ આપનું ઘર ક્યાં છે તે બતાવો એટલે રોજ મારું માણસ આવીને દૂધ લઇ જશે."

તે દાસી મને પોતાને ઘેર લઇ ગઇ અને ત્યાં જાજમ પાથરીને તે પર મને બેસાડ્યો. ત્યાં બીજાં માણસો બેઠેલાં હોવાથી મને તેણે પૂછ્યું કે;–"આપ ક્યાંના નિવાસી છો? આપનું નામ શું છે અને આપનો વ્યવસાય શો છે? વડોદરામાં આપ શા કારણથી પધાર્યા છો અને તમારી પાછળ કુટુંબ કેટલુંક છે વારૂ? આપ પરણ્યા છો કે હજી કુંવારા છો? આપને ત્યાં રસોઇ કોણ કરે છે? હાથે તો નથી બનાવતા? આ રંગીલા નગરમાં આપનો કેટલાક દિવસ રહેવાનો વિચાર છે?" એ પ્રશ્નોના મેં સમયનો વિચાર કરી યોગ્ય ઉત્તર આપ્યાં અને તે સાથે માર્મિકતાથી મારો ગુપ્ત વૃત્તાંત પણ કેટલેક અંશે જણાવી દીધો. તે સાંભળીને તે બોલી કે;–"વારૂ ત્યારે આજે કૃપા કરીને અહીંજ ભોજન લેજો; કારણ કે, અતિથિનો સત્કાર અમે ગૃહસ્થાશ્રમી હોવાથી અમારે કરવોજ જોઇએ." એટલે મેં કહ્યું કે;–

"હું જો કે બહુ દિવસનો ક્ષુધાતુર છું, પણ મને મારી ઇચ્છા પ્રમાણેનું ભોજન મળી શકતું નથી. જે દિવસે ઇચ્છિત ભોજન અને ઇચ્છિત પીરસનાર મળશે, તે દિવસે અહીં ભોજન કરીશું. અન્ન તો રંધાઇને તૈયાર છે, પરંતુ તેને થાળીમાં પીરસીને થાળી લાવી આપનારનીજ ખોટ છે અને તેથી નિત્ય એકાદશી વ્રતનું પાલન કરવું પડે છે. જે દિવસે યજમાનની કૃપા થશે, તે દિવસે જ આ ક્ષુધાતુર વિપ્રની તૃપ્તિ થવાની. નહિ તો જેમ આટલા દિવસ વીતાડયા છે, તેવીજ રીતે પ્રાણોત્ક્રમણ સુધીનો બીજો અવશિષ્ટ કાળ પણ વીતાડી નાખવાનો આપણે તો દૃઢ નિશ્ચય જ કરી રાખ્યો છે."

બીજાં જે બે ત્રણ માણસો હતાં તે હવે ઊઠી ગયાં હતાં એટલે તે ચતુર દાસી કાંઇક સ્પષ્ટ વાણી અને સ્પષ્ટ ભાવદર્શક શબ્દોથી કહેવા લાગી કે;–"ડૅકટર સાહેબ! તમો ચતુર, સદ્ભાવી, સદ્‌ગુણી અને બુદ્ધિમાન્ પુરુષ હોવા છતાં આવા વિષયમાં ચિત્તને કેમ ચોંટાડો છો, એ હું સમજી શકતી નથી. કારણ કે, આ કૃત્ય એવું છે કે, જેણે રાવણ અને કીચક જેવાઓનો પણ જોતજોતામાં વિનાશ કરી નાખ્યો હતો, છતાં તેમને અનુક્રમે સીતા અને દ્રૌપદીની પ્રાપ્તિ થઇ શકી નહોતી. તો પછી તમારા જેવાની શી ગણના વારૂ? તમે ગમે તેટલો ખજાનો ખર્ચી નાખો અથવા પ્રાણ પણ કાઢી નાખો, છતાં એ કિલ્લો તમારા હાથમાં આવવાનો નથી. જો આ આશાને ધારી બેસી રહેશો, તો પ્રાણનાશ વિના બીજો તમને કશો પણ લાભ મળવાનો નથી. અનેક વર્ષ પર્યન્ત ઘરબાર છોડી દિલે ભભૂત ચોળી બાવા બની એના નામનો અખંડ જાપ જપશો, તોપણ એ વસ્તુની પ્રાપ્તિ વિશેનો તમારો મનોરથ સિદ્ધ નથી થવાનો તે નથીજ થવાનો. સિદ્ધરાજે જૂનાગઢને બાર વર્ષ સુધી ઘેરો ઘાલ્યો હતો છતાં તેનાથી જૂનાગઢનો કિલ્લો લેવાયો નહોતો, તે પ્રમાણે તમે ચોવીસ વર્ષ સુધી મોર્ચો માંડીને ગોળા ગબડાવશો, તોપણ આ મજબૂત કિલ્લો તૂટે તેમ નથી. વિના કારણ તમે પોતાની લક્ષ્મી, પ્રતિષ્ઠા અને કાયાનો નાશ કરશો,

એટલુંજ. કારણ કે, અહીં તમારો એવો કોઇ પણ પ્રાણપ્રિય મિત્ર નથી કે જે એ થાળને પીરસીને તમારા મોઢા આગળ લાવી રાખે અને આ વાતને પાછી સદાને માટે છુપાવી રાખે ! વળી આજ સુધીમાં જે સ્ત્રીપુરુષ વ્યભિચારના માર્ગમાં ચાલ્યાં છે, તેમનો છેવટે ભૂંડી રીતેજ અંત આવ્યો છે, કેટલાકો જીવથી નહિ ગયાં હોય તો નિર્ધન અને રોગિષ્ઠ થયાં હશે અને કેટલાકો તો ખરેખર મરી પણ ગયાં છે તે પણ વળી મહા ભૂંડી રીતે. તમે જેની આશા રાખો છો, તે બજારની મીઠાઇ નથી. એ એક દુર્ગ અને તે પણ અજેય દુર્ગ છે, એમજ તમારે સમજી લેવું. એ દુર્ગનો દુર્ગપતિ મહા શૂરવીર અને કાળનો અવતાર છે. એ સર્વ કારણોથી તમારૂં ધારેલું કાર્ય સફળ થાય, એવો રંગ મને તો દેખાતો નથી. એ દુર્ગની બાંધણી દૃઢ અને અચલ છે અને તે સાથે તેનો રક્ષક પણ મહાચતુર અને ઓજસ્વી છે. તેના દુર્ગને લેવાની જે કોઇ પણ દુષ્ટ ધારણા કરે તેને તત્કાળ મારી નાખવાને તે પૂર્ણ સમર્થ છે. જ્યારે તમે એ દુર્ગને દૂરથી જોઇને એટલા બધા ઘાયલ થઇ ગયા કે અન્નજલને ત્યાગી ઘરબારને પણ ભૂલી ગયા, તો પછી એ દુર્ગમાં નિરંતર નિવાસ કરનારનો એ દુર્ગમાં કેવો અને કેટલો બધો પ્રેમ હશે, એની કલ્પના તમે પોતેજ કરી શકો એમ છે. હવે જો કિલ્લાના ચોકીદારો નિદ્રાધીન હોત અથવા બુર્જોના પાયા ઢીલા થઇને બુર્જો પડી ગયા હોત, તો કિલ્લેદાર આટલો ચોકી પહેરો રાખત જ નહિ અને તેથી કિલ્લો સહજ તમારા હાથમાં આવી જાત. કારણ કે, જૂની વસ્તુની કોઇ એટલી બધી સંભાળ રાખતું નથી. નવીન વસ્તુમાં સર્વજનોનો વિશેષ પ્રેમ હોય છે. એમાં પણ વળી એ દુર્ગનાં રૂપરંગ અત્યુત્તમ હોવાથી કદાચિત્ એના પર કોઇની નજર દોડશે, એવા ભયથી દુર્ગેશ બહુ જ ચોકસી અને તપાસ રાખ્યા કરે છે. જેવી રીતે કૃપણની ધન પર અને ક્ષુધાતુરની અન્ન પર દૃષ્ટિ હોય છે, તેજ પ્રમાણે તરુણ પુરુષની સ્ત્રીના સૌન્દર્ય પર દૃષ્ટિ હોય છે. એટલા માટે તરુણ સુંદરીની બધા જીવની પેઠે જાળવણી કર્યા કરે છે. મારા કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે, તમે

પોતાનાં ઘરબાર ભેળા થઇ જાઓ અને પોતાની સ્ત્રીમાં સ્નેહ રાખો એટલે તમારૂં પણ કલ્યાણ થશે અને તમારાં કુટુંબીય જનોને પણ સુખનો ઉપભોગ મળી શકશે!"

મેં તેના ઉપદેશથી સર્વથા વિરુદ્ધ દિશામાં જઇને કહ્યું કે;– 'ભદ્રે! એ તો તમો જાણો જ છો કે, કામાતુરને ભય અને લજ્જા આદિ હોતાં જ નથી. પરંતુ મને તો એ દુર્ગે પોતે જ આશાનો રંગ બતાવ્યો છે. અને હું જ્યારે નોકરી, ચાકરી, આબરૂ, પૈસા અને ઇષ્ટ મિત્ર આદિને ત્યાગીને પોતાના માથાને હાથમાં લઇ હું એ દુર્ગને સર કરવાના ધ્યાનમાં લીન થયો છું; તો પછી ઇશ્વર જે વેળાયે કૃપાળુ થઇને એ દુર્ગમાં મારા અધિકારની સ્થાપના કરશે, તે વેળાએ જ મારા દુઃખનો લોપ થવાનો. આ પ્રાણ રહે કે જાય, પણ ભોજનથી તૃપ્ત થયા વિના તો હું વીરક્ષેત્રમાંથી જવાનો નથી જ, એવો મારો કૃતનિશ્ચય છે. તેનો ક્ષણ માત્રનો વિયોગ પણ મને હવે અસહ્ય થઇ પડયો છે. ભદ્રે! તેના ભાષણ કે અંગસ્પર્શનો લાભ મળ્યા વિના જ હું આટલો બધો ગાંડો બની ગયો છું, એનું કારણ શું છે એ હું, પોતે પણ સમજી શકતો નથી. મેં સાંભળેલું છે કે, સ્ત્રી અને પુરુષનો કેટલાક કાળપર્યન્ત સમાગમ થયા પછી બન્નેનો પરસ્પર પ્રેમ દૃઢ થાય છે; કિંવા સ્ત્રી પુરુષ એકબીજાને મોહિની મંત્ર આદિક વડે પોતામાં આસક્ત બનાવે છે; પણ આ અપ્સરાએ તો મને માત્ર નેત્રકટાક્ષથી જ વશ કરી લીધો છે, મને ઘાયલ અને જખ્મી બનાવી દીધો છે! જો તલવારનો જખમ થયો હોત અથવા અગ્નિથી ઘર બળ્યું હોત, તો તે બધાના જોવામાં આવી શકત; પરંતુ આ હૃદયમાં પ્રકટેલો કામાગ્નિ અને કામબાણનો જખમ કોઇના જોવામાં આવી શકતો નથી અને મારૂં શરીર અંદર ને અંદર દિનરાત બળ્યા કરે છે. અત્યારે એ કામાગ્નિને ચાતુર્યજળથી શાંત કરનાર કોઇ બુદ્ધિમાન્ મિત્ર મારી પાસે નથી; એટલા માટે જો કોઇ ઉપાય હોય તો એજ ઉપાય છે કે, જે દિવસે અમો બન્નેને એક ક્ષણ માત્રનો જ એકાંતવાસ પ્રાપ્ત થશે અને ચાર વાતો કરવાનો પ્રસંગ મળશે,

તે વેળાએજ આ નિર્જીવ શરીરમાં જીવનનો આવિર્ભાવ થશે અને મારી વેદનાનો અંત આવશે. જો એમ નહિ થાય, તો પછી મારા જીવનની આશા છે જ નહિ. હવે તમેજ કહો કે, આ દુઃખનું કારણ શું અને કયું છે તે?"

"ડૉકટર સાહેબ! એનું કારણ એજ કે આ પ્રેમ એક માયા છે અને તે સૌન્દર્ય, તારુણ્ય, મંજુલ ભાષણ, દ્રવ્ય, ગાયન અને ચિત્રલેખન ઇત્યાદિ નાના પ્રકારનાં મોહજનક સાધનોથી સ્ત્રીપુરુષોના હૃદયમાં વિકારની જ્વાળા સળગાવે છે અને તેના યોગે સ્ત્રી પુરુષ એકાંતમાં સંલગ્ન થાય છે. સલંગ્ન થઇને તેઓ પોતાના મનોરથને પૂર્ણ કરે છે. એમાં પણ એવા મનોરથને પૂર્ણ કરવામાં સ્ત્રીઓ તો બહુજ ઉતાવળી થઇ જાય છે. સ્ત્રીને અનેક બાળકો થઈ ગયાં હોય અથવા તો વૃદ્ધાવસ્થાની પ્રાપ્તિ થઇ હોય, તો પણ તેના કામભાવની શાંતિ થઇ શકતી નથી. માત્ર તેનામાં લજ્જાનો અધિક આવિર્ભાવ થાય છે. જે સુંદરીનો પોતાના સ્વામીમાં સ્નેહ હોતો નથી, તે એ વિષયમાં ચંચળ થઇને પરપુરુષને પોતાના યૌવનવનનો માળી બનાવે છે અને પોતાના પાતિવ્રત્યરત્નને ગુમાવી છેવટે નષ્ટભ્રષ્ટ થઇ જાય છે. એટલા માટે સ્ત્રીએ પ્રથમથી જ પોતાના પતિમાં પ્રીતિ રાખવી જોઇએ; અને જો સ્ત્રીનો પોતામાં પ્રેમ ન હોય, તો તે લગ્નની સ્ત્રી હોય તો પણ પતિએ તેનો તત્કાળ ત્યાગ કરવો જોઇએ. કારણ કે, ડૉકટર સાહેબ! જો સ્ત્રીના હૃદયમાં પુરુષનો પ્રેમ ઉદ્‌ભવતો હોત, તો પોતાના વિવાહિત પતિ અને ગૃહસ્થાશ્રમને ત્યાગી કોઇ પણ સ્ત્રી કદાપિ પર પુરુષના પ્રેમમાં નિમગ્ન થાત નહિ. અર્થાત્ કામવિકાર નેત્ર અને તારુણ્યમાં રહીને મનમાંથી સંગ થવા પૂર્વેજ ઉત્પન્ન થાય છે. એ કેવળ દૃષ્ટિનો જ ખેલ છે, એમ નથી; કારણ કે, આંધળાને નેત્ર ન હોવા છતાં પણ તેઓ કામવિકારમાં લીન થઇ જાય છે. અર્થાત્ વિકારનું મૂળ જન્મસ્થાન મનજ છે. પૂર્વે છેલબટાઉ અને મોહનારાણી, સદેવંત સાવળીંગા, હીરરાંઝા, યૂસુફ જુલયખા અને લયલીમજનૂં આદિ પ્રેમી જોડા એક બીજાના પરિચય

કે સંગવિના જ એક બીજામાં મુસ્તાક થઇને આંધળાં ભીત બની ગયાં હતાં. અને છેવટે સંગના સમયમાં એક કે બીજી રીતે મરણને આધીન થયાં હતાં, અર્થાત્ આવા પ્રકારનો પ્રેમ તે મનોદ્‌ભૂત વિકાર છે. તમો બંનેના તારુણ્ય અને મનોદેવે ઘણા જીવોના નાશની યોજના કરી રાખી છે. એટલા માટે હું એક ઉત્તમ કથા આપને કહી સંભળાવું છું તે સાંભળી સારનો સ્વીકાર કરીને પોતાના મૂળ જન્મ સ્થાનમાં ચાલ્યા જાઓ. નહિ તો છેવટે આપને પણ એક મોટા શાહુકારના દીકરા કનૈયાલાલની પેઠે અવશ્ય પશ્ચાત્તાપ જ થવાનો."

આમ કહીને તે દાસી નીચેની વાર્તા કહેવા લાગી;—

## વિકારવશ કનૈયાલાલની વાર્ત્તા

પૂર્વે દેવદુર્ગમાં મુરલીધર નામનો એક શાહુકાર રહેતો હતો. તેનો એક પુત્ર હતો અને તે કનૈયાલાલના નામથી ઓળખાતો હતો. એના જન્મસમયે એના પિતાએ બહુ ધન ખર્ચીને મોટો ઉત્સવ કર્યો હતો અને ત્યાર પછી તે જેમ જેમ મોટો થતો ગયો, તેમ તેમ તેને યોગ્ય વિદ્યાભ્યાસ પણ કરાવવામાં આવ્યો. તે જ્યારે તારુણ્યમાં આવી લાગ્યો તે વેળાયે તેના પિતા મુરલીધરનો સ્વર્ગવાસ થઇ ગયો. પિતાની ઉત્તરક્રિયા કર્યા પછી પુત્રે પોતાની પુંજી તપાસી જોઇ તો તે પાંચ લાખની નીકળી. તે કેટલોક માલ ખરીદીને બનારસ ગયો અને ત્યાં એક દુકાન ભાડે રાખી માલ વેચવાની શરૂઆત કરી. દુર્ભાગ્ય-વશાત્ ખરીદી કરતાં કીમત ઓછી આવવા માંડયાથી વ્યાપારમાં ખોટ જવા લાગી. એટલે તેણે ત્યાંના સર્વ વ્યાપારીઓને વિનતિ કરી કે;—"તમો મારા પિતાના લાંબા સમયના મિત્ર અને ગ્રાહક છો, મારા પિતાના મરણ પછી વ્યાપારમાંના મારા અલ્પ જ્ઞાનને લીધે હું અત્યારે ફસાઇ પડયો છું, એટલા માટે જો મને મદદ આપીને અત્યારે અને મારા માલનાં મુદ્દલ નાણાં પણ કરી આપશો, તો બીજી વખતે હું તમારા માટે ઘણો જ સારો સારો માલ લઇ આવીશ. નહિ તો પછી આ ગામમાં મારૂં આવવાનું હંમેશને માટે અટકયું જ સમજવું."

આ વિનતિ સાંભળીને ત્યાંના બધા વ્યાપારીઓએ મળીને કહ્યું કે;–"ભાઇ! તમે ફિકિર ન થાઓ. જે માલ અત્યારે તમારી પાસે છે તેમાંથી દરેકની દુકાને થોડો થોડો માલ વેચવા માટે જાંગડ રાખી લો, એટલે અમે રેજકી વેચીને તમારાં નાણાં તમને ઊભાં કરી આપીશું. દરરોજ બધી દુકાને ચક્કર મારીને જેટલો માલ વેચાયો હોય તેટલાના પૈસા હિસાબ કરીને તમે લેતા જજો એટલે મુદ્દલ નાણું તરત વસૂલ થઇ જશે." તેમની આ સલાહ માનીને તેણે પોતાનો ઘણોખરો માલ જૂદા જૂદા દુકાનદારોને આપી દીધો અને પોતે નિત્ય તેમની દુકાને જઇ હિસાબ લેવાનોજ ધંધો કરવા લાગ્યો. એક દિવસ તે એક શાહૂકારની પેઢી પર બેઠો હતો તેવામાં એક અત્યંત સુંદર અને તરુણ સ્ત્રી પાલખીમાથી ઊતરીને દુકાનમાં આવી. તેણે પોતાના મુખપરનો બુરખો કાઢી નાખીને વ્યાપારીને કહ્યું કે;–"મને એક સારામાં સારી અને ઊંચી કીંમતની સાડી આપો!" કનૈયાલાલ તે રમણીના સ્વરૂપને જોઇને તે ક્ષણેજ મોહમુગ્ધ થઇ ગયો, અને એકાગ્ર દૃષ્ટિથી તેને જોઇ રહ્યો. વ્યાપારીએ તેને કેટલીક સાડીઓ બતાવી, તેમાંની એક સાતસો રૂપિયા કીમતની સાડી તેણે પસંદ કરી અને પંદરસો રૂપિયાનો કીનખાબનો એક તાકો ખરીદ્યો. તે માલને પાલખીમાં રખાવી તે જવાની તૈયારી કરતી હતી એટલામાં તે વ્યાપારીએ તેને કહ્યું કે;–"બાઇસાહેબ! આ માલ મારો પોતાનો નહિ, પણ દુકાનમાં બેઠેલા આ પરદેશી સોદાગરની માલેકીનો હોવાથી તમારે એની કીમત અત્યારે જ આપવી પડશે." સુંદરી બોલી કે;–"અત્યારે હું નાણાં સાથે લઇને આવી નથી; ઘેર જઇને હમણાંજ નોકર સાથે નાણાં મોકલી આપું છું." પરંતુ એનો નિષેધ કરીને વ્યાપારી પાછો કહેવા લાગ્યો કે;–"મારા પોતાના માલમાંથી ગમે તે લઇ જાઓ અને તેના નાણાં ભલે એક વર્ષે મોકલજો, તેનો વાંધો નથી; પણ પારકા ધણીનો માલ મારાથી ઉધાર આપી શકાય તેમ નથી." આ સાંભળીને તે તરુણીના શરીરમાં ક્રોધ વ્યાપી ગયો અને તેથી માલ પાછો તેની

દુકાનમાં પછાડીને પાલખીમાં બેસી તે જવાને તૈયાર થઇ ગઇ. આ બધી લીલાને જોઇને કનૈયાલાલે દુકાનદારને ઉદ્દેશીને કહ્યું કે:– "ભાઇ! આ રમણી જ્યારે કુલીન અને સાધનસંપન્ન છે, તો થોડા વખતને માટે એને આટલો માલ ધીરવામાં શી ચિંતા છે? પૈસા આજે નહિ, તો આવતી કાલે મળી જશે. આટલી નજીવી રકમ માટે એક કુલીન કામિનીનું અપમાન કરવું વ્યાજબી નથી. માલ આપો, જો પૈસા નહિ આવે, તો તેનો જવાબદાર હું છું. નાણું જશે તો મારાં જશે!" કનૈયાલાલનાં આ વાક્યો સાંભળી તે વ્યાપારીએ તે તરુણીને હાક મારીને પાછી બોલાવી અને તે પાછી આવી દુકાનમાં ઉભી રહી. દાસીને ઘેરથી નાણું લાવવાનું કહેવા લાગી. એટલે કનૈયાલાલે નમ્રતાથી તેને કહ્યું કે;– "તમે માલ લઇ જાઓ; અત્યારે નાણું ન હોય, તો ફિકર નહિ. જ્યારે તમારી મરજીમાં આવે ત્યારે નાણું મોકલજો; અને તે પણ ન મોકલી શકાય તો આ બે ચીજોને મારા તરફની મળેલી બક્ષીસ તરીકે માની લેજો." કનૈયાલાલનાં આ વાક્યો સાંભળતાં જ તે રમણી આગભભૂકો થઇ ગઇ અને લાલ નેત્રો કરીને કહેવા લાગી કે:– "મને તમે વેશ્યા ધારી લીધી છે કે શું? આ ચીજોને હું તમારા તરફની બક્ષીસ માની લઉં, એટલે એનો અર્થ શો? સંભાળજો, હવે પછી મને કિંવા બીજી કોઇ સંભાવિત સ્ત્રીને ઉદ્દેશીને આવા શબ્દો ઉચ્ચારશો, તો વિના કારણ ક્યાંય માર્યા જશો!" આવું નિષ્ઠુર ભાષણ કરીને તે પોતાને ઘેર ચાલી ગઇ. ઘેર જઇને તત્કાળ તેણે બધાં નાણું વ્યાપારીને મોકલી આપ્યાં અને વ્યાપારીએ તે ગણી લીધાં. ત્યાર પછી ત્રીજે દિવસે પાછી તે દુકાન પર આવી. તે વેળાયે પણ કનૈયાલાલ ત્યાંજ બેઠો હતો. પાછો પોતાનો બુરખો ઉતારીને તે વ્યાપારીને કહેવા લાગી કે:–"તે દિવસે જેવો કીનખાબનો તાકો આપ્યો હતો તેવા બીજા બે તાકા આપો!" કનૈયાલાલને પૂછીને વ્યાપારીએ બે તાકા કાઢી આપ્યા. એ વેળાયે પણ કનૈયાલાલ અતિ કામાતુર થઇને વિકૃત દૃષ્ટિથી તે સુંદરીને જોઇ

રહ્યો હતો. નેત્રોનો કાંઇક સંકેત કરી તે સુંદરી પાલખીમાં બેસીને પોતાને ઘેર ચાલી ગઇ.

કનૈયાલાલે તે દુકાનદારને પૂછ્યું કે:-"આ સ્ત્રી કોણ છે વારૂ?" એના ઉત્તરમાં તે દુકાનદારે જણાવ્યું કે:-"એનો પિતા પૂર્વે આ નગરના રાજાનો એક મોટો સરદાર અને અમીર માણસ હતો. તેને આ પુત્રી વિના બીજું કશું પણ સંતાન ન હોવાથી અને પત્નીનો પણ પરલોકવાસ થવાથી તેની સર્વ સંપત્તિની સ્વામિની આ બાઇ જ થઇ છે. અત્યારે એ બાઇ પૂર્ણ સ્વતંત્ર અને નિરંકુશ હોવાથી પોતાના દ્રવ્યનો જેમ ઇચ્છામાં આવે તેમ વ્યય કર્યા કરે છે." "વારૂ ત્યારે હવે હું રજા લઇશ," એમ કહીને કનૈયાલાલ ત્યાંથી ઉઠીને પોતાના ઉતારા ભણી જવાને નીકળ્યો. તે ત્યાંથી સો સવા સો પગલાં દૂર ગયો હશે એટલામાં એક દાસી તેની પાસે આવીને કહેવા લાગી કે:-"મહાશય, જે બાઇ અત્યારે આપની પાસેથી કીનખાબના બે તાકા લઇ ગયાં છે, તેમણે આ ક્ષણે જ સાંબના દેવાલયમાં આપને દેવદર્શન માટે બોલાવ્યા છે. આપને અત્યારે ત્યાં સુધી આવવાનો પરિશ્રમ લેવોજ પડશે!" આ સંદેશાથી કનૈયાલાલને મહાઆનંદ થયો. તેણે પોતાના સેવકોને ઉતારે મોકલી દીધા અને પોતે તે દાસી સાથે સાંબના મંદિરમાં જવાને ચાલતો થયો. ત્યાં તે સુંદરી મંદિરને પ્રદક્ષિણા કરતી કરતી દેવાલયના પાછળના ભાગમાં ઊભી રહીને તે વિદેશી વ્યાપારીને વિનયથી કહેવા લાગી કે;-"હું તે દિવસે દુકાનપર ચીડાઇને કાંઇક વધારે પડતું બોલી ગઇ હતી, તે મારા અવિનયની અત્યારે હું આપ પાસેથી ક્ષમા માગું છું. અત્યારે અહીં આ સ્થળે મારાથી આપની સાથે વધારે વાતચીત કરી શકાય તેમ નથી; કારણ કે, ચારે તરફ માણસો પ્રસરેલાં છે. એટલા માટે આપ સંધ્યાકાળે મારી આ દાસી સાથે મારી પર્ણકુટીમાં પધારજો એટલે ત્યાં આપણા મનમાંના પરસ્પર સર્વ સંદેહોનો અંત આવી જશે!" તેની આવી અમૃતવાણી સાંભળી હૃદયમાં મહા સંતોષ પામીને કનૈયાલાલ પોતાને

ઊતારે ચાલ્યો ગયો. પરંતુ આ ઘટનાનું ભવિષ્યમાં શું પરિણામ થશે, એનો લેશમાત્ર પણ વિચાર ન કરતાં નિર્ભયતાથી તે અજ્ઞાત અબળાના મંદિરમાં જવાની આતુરતા દર્શાવતો મનમાં કહેવા લાગ્યો કે;–"રાત ક્યારે થાય અને ક્યારે નિરાશાના આકાશમાં તે આશારૂપ ચંદ્રનો ઉદય થએલો દેખાય ?" તે અર્ધ દિવસ તેને અર્ધ યુગસમાન થઇ પડ્યો. સૂર્યનો અસ્ત થતાંજ તે સાંઝ મંદિરમાં જઇને કાક દૃષ્ટિથી તે દાસીના આગમનની માર્ગપ્રતીક્ષા કરવા લાગ્યો. એક પ્રહર રાત્રિ વીત્યા પછી તે દાસી આવી અને તેણે તેને સ્ત્રીનો વેશ પહેરાવી દાસી બનાવીને પોતા સાથે લીધો. દાસીના રૂપે તે ત્યાં ગયો અને ત્યાં આખી રાત તે રમણી સંગે રંગવિલાસ કરી પ્રભાતમાં ઓસીકા તળે પચાસ સુવર્ણમુદ્રા રાખીને તેણે શય્યાનો ત્યાગ કરી પોતાના નિવાસસ્થાન પ્રતિ પ્રયાણ કર્યું. એવી રીતે ઘણા દિવસ સુધી તે નિત્ય તે સુંદરીના સદનમાં જતો રહેવાથી અને નિત્ય પચાસ સુવર્ણમુદ્રા આપતો રહેવાથી તેની પાંચ લાખની બધી પુંજી તે સ્ત્રીના ધનભંડારમાં જઇ પડી. આવી દશા થવા છતાં પણ તે કામાંધ વખતસર ચેત્યો નહિ. એક દિવસ તે પ્રિયતમાને આપવા માટે પોતા પાસે પચાસ સુવર્ણમુદ્રા ન હોવાથી તે સંધ્યાકાળે દેવદર્શન કરવાને ગયો. ત્યાં લોકોની ઘાટી ભીડ જામેલી હતી. તેમાં કોઇ મોટો સરદાર દેવદર્શને આવ્યો હતો, તેના ખીસામાં મોહોરોની થેલી છે એમ લાગવાથી તે કાઢી લેવાનો વિચાર કરીને તે માટેનો તે લાગ શોધવા લાગ્યો, પણ દાવ ફાવ્યો નહિ. થોડીવાર પછી કાંઇક વધારે ભીડ થઇ એટલે શરીરને શરીર અથડાઇ જવાનું નિમિત્ત કરીને તેની નજર ચૂકવી તેના ખીસામાંની કોથળી કાઢીને પોતાની કમ્મરમાં ખોસી દીધી. એટલામાં પોતાની કોથળી જવાની ખબર પડતાં કનૈયાલાલ પાસે ઊભેલો હોવાથી શંકા આવતાં એનેજ પકડીને તેણે મારકૂટ કરવાનો સપાટો ચલાવી દીધો. એ વેળાએ ત્યાં કનૈયાલાલના પણ કેટલાક ઓળખીતા વ્યાપારીઓ ઊભેલા હોવાથી તેમણે સાક્ષી પૂરી કે;–"આ ગૃહસ્થ એક લક્ષાધીશ અને પ્રતિષ્ઠિત

વ્યાપારી હોવાથી એના હાથે આવું નીચ કૃત્ય કદાપિ થાય જ નહિ !" છતાં તે સરદારના મનનો સંશય ગયો નહિ અને તેથી બધાના દેખતાં તેની જડતી લીધી અને તેની કમ્મરેથી મોહોરોની કોથળી નીકળી આવી. આવો પ્રકાર થતાં તે સરદાર બધા વ્યાપારીઓને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે;–"તમો બધા આની સાક્ષી ભરતા હતા અને આ શું થયું ? જો તમો બધાના વચનમાં વિશ્વાસ રાખીને મેં આની જડતી ન લીધી હોત, તો મારૂં તો દીવાળું જ ફૂંકાઇ જાત. સાંભળજો, આવી રીતે કોઇનામાં કદાપિ આંધળો વિશ્વાસ રાખશો નહિ."

સાક્ષી પૂરનાર બધા વ્યાપારીઓ ઝંખવાણા પડીને ચાલ્યા ગયા અને કનૈયાલાલને ફોજદારી ચાવડી પર લઇ જવામાં આવ્યો. ત્યાંની સરકારનો કાયદો એવો હતો કે, જો કોઇએ પહેલીવાર ચોરી કરી હોય, તો તેની શિક્ષા તરીકે તેનો ડાબો હાથ કાપી નાખવો, અને જો પાછો તે બીજીવાર ચોરી કરે, તો તેનો જમણો હાથ કાપી કાઢવો. આટલાથી ન માનતાં એ જ અપરાધ માટે તે ત્રીજીવાર પકડાય તો પછી તેનો શિરચ્છેદ કરી તેના અસ્તિત્વને સદાને માટે મટાડી દેવું. બીજે તપાસ ચાલતાં તેના પરનો ચોરીનો આરોપ સિદ્ધ થવાથી તેનો ડાબો હાથ કાપીને તેને છોડી દેવામાં આવ્યો. સાંઝ પડી ગયા પછી સ્ત્રીનો વેશ ધારણ કરીને મોહોરો વિના જ તે પોતાની પ્રિયતમાના મહાલયમાં ગયો. તે વેળાએ તેનો હાથ સાલાના પાલવ તળે હોવાથી તે સ્ત્રીના જોવામાં આવ્યો નહિ. પરંતુ જ્યારે બન્ને પલંગ પર ગયાં, તે વેળાયે તેના કપાયલા હાથને જોઇ એમ થવાનું કારણ તે સ્ત્રીએ પૂછ્યું. એટલે તેણે ખુલાસો કર્યો કે;–"જે ઘરમાં હું રહું છું તે ઘરની દીવાલ અચાનક ધસી પડવાથી મારો હાથ હાડકા સહિત ભાંગી ગયો એટલે વૈદ્યરાજે એવી સલાહ આપી કે, જો આ હાથ થોડાક દિવસ આમ જ રહેશે, તો સડવા માંડશે અને અસહ્ય વેદના આપશે એટલા માટે આટલા તૂટેલા ભાગને અત્યારે જ કાપી કાઢવામાં આવે, તો વધારે સારૂં. મને પણ એ સલાહ વ્યાજબી લાગવાથી મેં

છેવટે આટલે હાથ કપાવી નાખ્યો." આ વાર્તા તે વનિતાને સત્ય ભાસવાથી તેણે તેની સારી રીતે શુશ્રૂષા કરી. પુનઃ પ્રાતઃકાળ થતાં તે પોતાને ઘેર આવી લાગ્યો. બીજે દિવસે પોતા પાસે પૈસા નહોવાથી ચિંતાગ્રસ્ત થઇને તે નદીનાતીર પ્રાન્તમાં ચાલ્યો જતો હતો, એટલામાં એક મનુષ્યને પોતા પાસેની મોહોરોની કોથળી અને વસ્ત્રો વગેરે નદીના તીરભાગમાં રાખી સ્નાન માટે નદીમાં ઊતરતો તેણે જોયો. જ્યારે તે મનુષ્ય પ્રવાહમાં ડુબકી મારીને સ્નાન કરવા લાગ્યો એટલે તેની નજર ચૂકવીને તે મોહોરોની કોથળી ઉપાડી કનૈયાલાલ પલાયન કરી ગયો. તેની આ કૃતિ એક સિપાહીના જોવામાં આવેલી હોવાથી તેણે તેને દોડીને પકડી લીધો. પ્રથમ તેને પેટ ભરીને મેથીપાક જમાડયા પછી સિપાહીએ તેને અદાલતમાં હાજર કરી જે બનાવ બન્યો હતો તે કહી સંભળાવ્યો. પાછો તેનો જમણો હાથ કાપી નાખવામાં આવ્યો અને તે સાથે તાકીદ આપવામાં આવી કે;—"હવે જો ત્રીજીવાર ચોરી કરીશ, તો શિરચ્છેદ થવાથી તારા જીવનનો સદાને માટે અંત આવી જશે!"

આ ઘટનાને હજી તો બે ત્રણ દિવસ નહિ થયા હોય એટલામાં કનૈયાલાલના મનમાં પુનઃ તે સ્ત્રીપાસે જવાની ઉત્કંઠા થઇ આવવાથી તે વળી ત્રીજી ચોરી કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પણ ક્યાંય લાગ ફાવ્યો નહિ, એટલે મધ્યરાત્રિની વેળાયે તે ખાલી હાથે જ તે સુંદરીના મહાલય તરફ ચાલ્યો. તેને મોટા ઘરમાં પેસતો જોઇને ત્યાંના માણસે ચોર ધારીને પકડી લીધો અને ચોકીદારને બોલાવી તેના હાથમાં સોંપી દીધો. રાત્રે ચોકીમાં રાખી બીજે દિવસે તેનો ન્યાય કરવામાં આવ્યો. હમેશના ચોર તરીકે તેના નામનો ડંકો વાગી ગએલો હોવાથી વધારે સાક્ષી પુરાવો ન લેતાં બહુમતથી તેને શિરચ્છેદની શિક્ષા અપાઇ ગઇ. પેલી સ્ત્રીએ જેની પાછળ કનૈયાલાલ ખુવાર થયો હતો તેને છોડાવવા કશી મદદ કરી નહિ.

સારાંશ કે, ડોકટર સાહેબ, રંડીબાજીનું વ્યસન લાગવાથી પચ લાખની પુંજીમાં પૂળો મૂકાયો, પ્રતિષ્ઠાનું પાણી થયું, હાથ કપાય

અને છેવટે પ્રાણનું પણ બલિદાન આપવું પડયું. એટલા માટે આપ આ વાતપરથી ઊતરીને ચાલ્યા જાઓ, તો તેથી બંનેના કલ્યાણનો સંભવ છે. મારી શેઠાણી પણ સુખી થશે અને તમે પણ સુખી થઇને દીર્ઘાયુષ્ય ભોગવી પોતાની પત્ની અને પોતાના સંતાનોને સુખસંતોષ આપી શકશો. શું આપે આ કવ્યુક્તિ સાંભળી નથી કે;-

"પરનારી વિષની છુરી, કદા ન ધારો અંગ;
રાવણ રોળાયો રણે, ઇચ્છી સીતાસંગ!"

તે ગુણવતી દાસીના મુખથી આ દૃષ્ટાંતનું શ્રવણ કરીને હું કહેવા લાગ્યો કે;-"ભદ્રે! તમે મને જે કૃપા કરીને બોધક કથા કહી સંભળાવી, તેથી મને અતિશય સંતોષ થયો છે. પરંતુ પુરુષનું મન મહા ચાંડાલ છે. જેના ગૃહમાં રતિસુખ માટે એક એકથી વધારે સુંદર શતાવધિ સુંદરીઓ હાજર હોય છે, તેની કામવાસના પણ શાંત થતી નથી; તો હું તો એક નવો ઉમીદવાર છું અને અનુકૂળતા મળવાથી આ માર્ગમાં દોરાયો છું. વળી કોઇને પણ વિષયસુખની તૃપ્તિ થઇ જ નથી, તોપછી મારી તૃપ્તિ કેમ કરીને થઇ શકે વારુ? કારણ કે, હું પણ મનુષ્ય છું. કાંઇ દેવ નથી. જેવી રીતે કોઇ દારૂડિયો સવારમાં દારૂ પીએ અને બપોર પછી તેનો નશો ઊતરી જતાં પશ્ચાત્તાપ કરવા બેસે કે, 'હવે જીવ જતાં પણ હું કલાલની દુકાને જઇશ નહિ અને આ મૂત્ર તુલ્ય વસ્તુ પીશ નહિ!' પણ પાછો જ્યાં મદિરાપાનનો સમય થયો એટલે એ બધા વિચારોને વીંટી ઘૂંટીને તે પુનઃ કલાલની મોરીમાં લથડિયાં ખાતો દેખાવાનો; તેવો જ પ્રકાર વ્યભિચારનો પણ જાણી લેવો. કિંતુ વ્યભિચારનું વ્યસન તો મદ્યપાનના વ્યસન કરતાં પણ અધિક અપરિહાર્ય હોય છે. આનાં નિત્ય માઠાં પરિણામો આવતાં જોઇને રંડીબાજ માણસો ઘણીકવાર એ વ્યસનથી મુક્ત થવાની પ્રતિજ્ઞા કરે છે અને દેવ ગુરુ સમક્ષ સોગંદ ખાઇને પાણી પણ લે છે. છતાં વખત આવતાં પાછા તે બધી પ્રતિજ્ઞાને ભૂલી "ભલો હું ને ભલી મારી રાંડ, નાક ભલે વઢાય પણ ખાવી છે ખાંડ"નો હિસાબ કરી પાછા જેવાના તેવા બની જાય છે. એ વ્યસનમાં તેમની સ્થિતિ જળકમળ જેવી થઇ જાય

છે; જેવી રીતે પાણીમાં રહેવા છતાં કમળદળ પર પાણીનો સ્પર્શ થતો નથી, તે જ પ્રમાણે ઉપદેશોનો ચારે તરફથી એકસરખો વર્ષાવ થતો હોવા છતાં દુરાચારીના મનમાં તેનું કશું પણ પરિણામ થઇ શકતું નથી. આવો નિયમ હોવાથી હે ભદ્રે! અત્યારે તારો આ અમૃતતુલ્ય ઉપદેશ મને તો સર્વથા પ્રાણહારક વિષ સમાન જ ભાસે છે. પછી તમે એને 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' ધારતા હો, તો પણ ભલે. અત્યારે તો મારો તેની સાથે મેળાપ કરાવીને મને જીવિતદાન આપો, નહિ તો મારા પ્રાણ આ શરીરમાં ટકી શકે એવો રંગ મને દેખાતો નથી. એ વિશે ઉદાહરણરૂપ એક કથા હું તમને કહી સંભળાવું છું તે જરા કૃપા કરી એક ચિત્ત અને એક ધ્યાનથી સાંભળશો, તો તમારો મારા પર મોટો આભાર થશે."

"જેવી આપની ઇચ્છા!" દાસીએ અનુમતી આપી.

મેં નીચે પ્રમાણે કથાનો આરંભ કર્યો;–

## બ્રહ્મકુમાર અને ચન્દ્રપ્રભાની કથા

પૂર્વે કાશ્મીર નામક નગરમાં ચંદ્રચૂડ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાની એક કન્યા હતી અને તેનું નામ ચંદ્રપ્રભા હતું. એ કન્યા તરુણ થઇ હતી અને ગ્રીષ્મ તથા વસંત કાળમાં પોતાની સખીઓ સાથે પોતાના ખાસ ઉદ્યાનમાં તે ફરવા અને સૃષ્ટિ-સૌન્દર્યનું અવલોકન કરવાને નીકળતી હતી. એકવાર એક તરુણ બ્રાહ્મણ પ્રવાસીએ તેના ઉદ્યાનમાં ભોજન બનાવી જમવા અને વિશ્રાંત લેવા માટે છાવણી નાખી. વસંત ઋતુના દિવસો હતા, એટલે તે જમીને એક વિશાળ વૃક્ષની શીતળ છાયામાં શીતળ વાયુના સ્પર્શથી નિદ્રાધીન થઇ ગયો. એટલામાં પોતાની સખીઓ સાથે ફરતી ફરતી રાજકુમારી ચંદ્રપ્રભા ત્યાં આવી લાગી, અને ત્યાં ઊભી રહી ગઇ. સખીઓના પરસ્પર વાર્તાલાપના ધ્વનિથી તે બ્રહ્મકુમારની નિદ્રા ઊડી ગઇ અને જેવી તેણે આંખો ઉઘાડી કે એક મહાસુંદર અને મનોહર નવયૌવના નારી પોતાની સામે ઊભેલી તેના જોવામાં

આવી. તેને જોતાં જ બ્રાહ્મણપુત્રને મૂર્ચ્છા આવી ગઇ. તે તરૂણ બ્રાહ્મણ એવો તો મનોહર અને સુંદર હતો કે, તેને જોતાં રાજકુમારીના મનમાં પણ તત્કાળ મોહનો ઉદ્દ્ભવ થવાથી તે પણ મુર્ચ્છિત થઇને પૃથ્વીપર પછડાઇ પડી. રાજકન્યાને તો તેની સખીઓએ જલસિંચન અને વીજનવાયુથી સાવધ કરી અને ત્યારપછી તેને પાછી મહાલયમાં લઇ જવામાં આવી, પરંતુ બ્રાહ્મણપુત્રની શુશ્રૂષા કરનાર કોઇ ન હોવાથી તે તો અદ્યાપિ જેમનો તેમ મૂર્ચ્છામાંજ પડયો હતો. એટલામાં દૈવયોગે કામરૂપદેશના શશિદેવ અને મૂળદેવ નામના બે મહાવિદ્વાન બ્રાહ્મણો ત્યાં આવી લાગ્યા. મૂળદેવ તે મૂર્ચ્છિત બ્રાહ્મણને જોઈ શશિદેવને કહેવા લાગ્યો કે, "હે શશિ! આ મનુષ્ય અહીં આવી દશામાં કેમ પડયો છે વારૂ?" એટલે શશિદેવે ઉત્તર આપ્યું કે, "બંધો! એને કોઇ મનોમોહિની કામિનીએ ભ્રૂધનુષ્યમાંથી નેત્રશરનું સંધાન કરી ઘાયલ કરી નાંખ્યો છે." એટલે મૂળદેવ બોલ્યો કે, "આ પોતે આવો સુંદર હોવા છતાં મોહાસક્ત કેમ થયો વારૂ? કદાચિત એને જેણે પોતાના કટાક્ષબાણથી વીંધી નાખ્યો છે, તે સુંદરી એના કરતાં પણ વિશેષ સુંદર હશે, એવી કલ્પના સહજ કરી શકાય છે. અહાહા! તે કેવી અને કેટલી બધી અલૌકિક સુંદરી હશે! ઠીક, પણ આ અસહાય તરુણને આપણે સાવધ તો કરવોજ જોઇએ." એમ કહીને તેના મુખ અને નેત્રો પર જલસિંચન કરી મૂળદેવે તેને હાથનો આધાર આપી સાવધતામાં લાવીને બેઠો કર્યો. શુદ્ધિ આવી ને જુએ છે તો તે લલનાનો ત્યાંથી લોપ થએલો હોવાથી તેને સર્વ શૂન્યવત્ દેખાયું. માત્ર બે પુરુષો ત્યાં ઊભેલા તેને મંદ મંદ દેખાયા. તે સાવધ થઇને બેઠો તો ખરો, પણ લલનાને ન જોવાથી હૃદયમાં બહુજ ખિન્ન થઇ ગયો. મૂળદેવે તેને પૂછ્યું કે;—"ભાઇરે! તારી આવી દશાનું કારણ શું છે?" તે તરુણ વિપ્ર કહેવા લાગ્યો કે;—"તમારાથી મારા દુઃખનું નિવારણ થઇ શકે તેમ તો છેજ નહિ, એટલે પછી

વમને મારા હૃદયની વેદના ખોલી બતાવવાથી શો લાભ!" એ સાંભળીને મૂળદેવે આશ્વાસન આપ્યું કે;—"જો અમને તારા દુઃખનું ખરેખરૂં કારણ તું જણાવીશ, તો અવશ્ય અમે અમારાથી બની શકશે તેટલો તે દુઃખના નિવારણનો ઉપાય કરીશું." આ પ્રમાણેનું આશ્વાસન મળવાથી તે તરુણના મનમાં બહુજ સંતોષ થયો અને તેથી તેમણે પોતાના રાજકન્યાસાથેના દૃષ્ટિમિલનનો સમસ્ત વૃત્તાંત સંભળાવીને છેવટે કહ્યું કે;—"મહારાજ! જો મને એ રમણીરત્નની પ્રાપ્તિ નહિ થાય, તો હું તેના વિયોગમાં ઝૂરી ઝૂરીને સત્વર જ મરી જઇશ. કારણ કે, તેનાં નયનબાણો મારા હૃદયને ભેદીને પાર નીકળી ગયાં છે. મારા હૃદયમાં એ બાણોનો એવો તો ઊંડો અને કારી જખમ થઇ ગયો છે કે જ્યાં સુધી કોઇ મહા કુશળ વૈદ્ય ન મળે, ત્યાં સુધી તે કદાપિ રૂઝાય તેમ નથી. જે વૈદ્ય મારા એ જખમને રૂઝાવશે, તેનો હું સદાને માટે ગુલામ થઇ રહીશ, તેનો મરણ પર્યન્ત આભાર માનીશ અને તેની સર્વ પ્રકારની સેવા કરીશ." મૂળદેવે કહ્યું કે;—"ભાઇ! અત્યારે તો તું અમારી સાથે ચાલ; પછી અમે પ્રયત્ન કરીને તેની સાથે તારો મેળાપ કરાવી આપીશું. છતાં જો અમારો પ્રયત્ન સફળ નહિ જ થાય, તો તને દ્રવ્યની પ્રાપ્તિ કરાવી આપીને સંતુષ્ટ કરીશું." તરુણ બ્રાહ્મણે કહ્યું કે;—"ઇશ્વરે સૃષ્ટિમાં અનેક પ્રકારનાં રત્નો ઉત્પન્ન કર્યાં છે, પરંતુ તેમાં સ્ત્રી રત્ન જેવું ઉત્કૃષ્ટ બીજું એક પણ રત્ન નથી. સ્ત્રીના સુખ માટે પુરુષો અનેક પ્રકારનાં દુઃખો આનંદથી ભોગવે છે. જે ગૃહમાં સ્ત્રી નથી તે ગૃહ સ્મશાન તુલ્ય મનાય છે અને સ્ત્રીહીન પુરુષની અન્ન, વસ્ત્ર, અલંકાર કિંવા સુખોપભોગ આદિમાં જરાપણ રુચિ હોતી નથી. કરોડોની દોલત હોય અને સ્ત્રી ન હોય, તો તે સંપત્તિ સર્વથા વ્યર્થ છે. સ્ત્રીને પુરુષનો સહવાસ ન હોય અને પુરુષને સ્ત્રીનો સમાગમ ન હોય, તો બન્નેમાંથી કોઇને પણ સુખ હોતું નથી. ધર્મનું ફળ દ્રવ્ય છે, દ્રવ્યનું ફળ સુખ છે અને સુખનું ફળ સાધ્વી સ્ત્રી છે. જ્યાં સ્ત્રી અને પુરુષનો પરસ્પર પ્રેમ

હોતો નથી, ત્યાં સુખ હોય જ ક્યાંથી ? પ્રેમહીન દંપતીનો સમય દુઃખમાં જ વીતી જાય છે."

"તમારી જે ઇચ્છા હશે તે પૂર્ણ કરવામાં આવશે." મૂળદેવે કહ્યું.

"અને જો કશાની પણ અપેક્ષા હોય, તો તે એ સ્ત્રી રત્નની જ છે!" તરુણ બ્રાહ્મણે તેનું તેજ ઉત્તર આપ્યું.

મૂળદેવ તેને વળી પણ આશ્વાસન આપીને પોતાની સાથે લઇ ગયો અને ત્યારપછી તેણે બે મંત્રગુટિકાઓ સિદ્ધ કરી. તેમાંની એક ગુટિકા તે તરુણ બ્રાહ્મણને આપી મુખમાં ધારણ કરવાનું કહ્યું. એ ગુટિકાના યોગે તે તરુણ સુંદરીના અવતારમાં ફેરવાઇ ગયો અને બીજી ગુટિકાને પોતે પોતાના મુખમાં ધારણ કરવાથી મૂળદેવ પોતે એંસી વર્ષના વયનો વૃદ્ધ બ્રાહ્મણ બની ગયો. ત્યાર પછી તે વૃદ્ધ તે કૃત્રિમ બાળાને લઇને રાજગૃહમાં જઇ લાગ્યો. તે સમયે રાજા સભામાં બેઠો હતો ત્યાં જઇ તેને આશીર્વાદ આપીને વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું કે;– "આપ ભૂપતિ સર્વ પ્રાણીના પ્રતિપાલક અને સંરક્ષક છો, એટલે હું આપ પાસેથી ભિક્ષા માગું છું કે, મારી આ પુત્રવધૂને તેનાં પિયરિયામાંથી તેડી લાવવાને ગયો હતો એટલામાં પાછળ અમારા ગામમાં મહામારિકાનો ઉપદ્રવ થવાથી આખું ગામ ઉજ્જડ થઇ ગયું–કેટલાંક મરી ગયાં અને બાકીનાં ધાસ્તીથી દેશદેશાંતરમાં ચાલ્યાં ગયાં છે. અર્થાત્ મારી સ્ત્રી અને મારો પુત્ર ક્યાંક ચાલ્યાં ગયાં છે કે મરી ગયાં એનો જ્યાં સુધી વિશ્વાસપાત્ર શોધ ન મળે, ત્યાં સુધી મારી આ તરુણ પુત્રવધૂને આપ પોતાના રાણીવાસમાંની સ્ત્રીઓ સાથે રહેવાની વ્યવસ્થા કરી આપો. મારા ઉપર આપનો એથી અત્યંત આભાર થશે."

બ્રાહ્મણનું આવા પ્રકારનું ભાષણ સાંભળી રાજા વિચારમાં પડી ગયો કે; "જો આ તરુણ અને અત્યંત રૂપવતી રમણીને હું મારા મહાલયમાં રાખીશ, તો એના કારણથી આગળ જતાં અનેક

પ્રકારનાં વિઘ્નો ઉત્પન્ન થશે; અને જો નહિ રાખું તો બ્રાહ્મણ મહા દુ:ખી થઇને ક્રોધથી શાપ આપશે, તો મારું નખ્ખોદ કાઢી નાખશે !" છેવટે ઇચ્છા કે અનિચ્છાથી રાજાએ તે વૃદ્ધ બ્રાહ્મણની સ્નુષાને પોતાના અંતઃપુરમાં રાખવાની વ્યવસ્થા કરી આપી અને રાજકુમારી ચંદ્રપ્રભાને બોલાવીને કહ્યું કે;–"આ બાઇ બ્રાહ્મણ કન્યા હોવાથી એને તું પોતા પાસે રાખીને એની બધી રીતે સંભાળ રાખજે; કાંઇ પણ પંક્તિપ્રપંચ રાખીશ નહિ. ખાતાં, પીતાં, ચાલતાં, બેસતાં, સૂતાં અને રમતાં એને એક નિમેષ માત્ર પણ પોતાથી જૂદી કરીશ નહિ." પિતાની આ આજ્ઞાને મસ્તકે ચઢાવી પ્રેમથી બ્રાહ્મણકન્યાનો હાથ ઝાલી તેને રાજકુમારી આદરપૂર્વક પોતાના મહાલયમાં લઇ ગઇ. ત્યાં નાના-પ્રકારનાં ભોજનથી ક્ષુધાને તૃપ્ત કરી બન્ને નવીન સખીઓ પલંગ પર સાથે સૂઇ ગઇ.

શય્યામાં ઉભયનાં અંગોનો સ્પર્શયોગ થવાથી અને બન્ને બાળાઓ તારુણ્યમાં આવેલી હોવાથી તેમના શરીરમાં કામાગ્નિ પ્રદીપ્ત થયો. આવો રંગ જોઇને બ્રાહ્મણકન્યા રાજકુમારીને પૂછવા લાગી કે;– "સખી ! તને સર્વ વસ્તુઓની અનુકૂળતા હોવા છતાં તું આટલી બધી શરીરે કૃશ કેમ થઇ ગઇ છે, એ જણાવીશ ? આપણે સમાન વયનાં છીએ એટલે હૃદયની વાત કહેવામાં કશો વાંધો નથી, પછી તો જેવો તારો વિચાર અને તારો મારામાંનો વિશ્વાસ !"

"મારા અંતરમાં આટલા બધા વૈભવવિલાસ હોવા છતાં જે એક અસહ્ય વેદના નિરંતર થયા કરે છે, તે કોઇને કહી કે બતાવી શકાય તેવી નથી." રાજકુમારીએ નિઃશ્વાસ નાખીને કહ્યું.

"પણ સખી, જો મને પોતાની એ વેદના જણાવીશ, તો હું તેને ટાળી તને સુખી કરવાનો પ્રયત્ન કરી શકીશ, એવી મારી પાસે એક અલૌકિક કળા છે. ગમે તેવી પણ હું બ્રાહ્મણકન્યા છું, એ તારે ભૂલી જવાનું નથી. આગળના ઋષિમુનિઓ કેવા ચમત્કારો કરી શકતા હતા, એ તો તું જાણે જ છે." બ્રાહ્મણકન્યાએ આગ્રહ કર્યો.

"બહેન ! બે ચાર દિવસ પૂર્વે હું મારા વસંતોપવનમાં મારી સખીઓ સાથે લટાર મારવાને ગઇ હતી, ત્યાં અચાનક એક સુંદર તરુણ પુરુષ મારા જોવામાં આવ્યો અને હું મોહથી મુગ્ધ બની મૂર્છિત થઇ ગઇ. મારી સખીઓ મને અહીં લઇ આવી અને તેનાથી મારો વિયોગ થઇ ગયો. તે ઘડીથી મારૂં મન તેનામાં એટલું બધું પરોવાઇ ગયું છે કે હું લગભગ ગાંડી જેવી જ બની ગઈ છું. મને જોઇને તેને મૂર્છા આવી ગઇ અને તેને જોઇને મને મૂર્છા આવી ગઇ. મને તો સખીઓએ સાવધ કરી મહાલયમાં પ્હોંચાડી, પરંતુ તે બિચારો જીવતો રહ્યો કે મરી ગયો, એના મને કશા પણ સમાચાર મળી શકયા નથી. તેના અલૌકિક રૂપને જોવા પછી આ વસ્ત્રાલંકાર અને વૈભવવિલાસ મને વિષતુલ્ય ભાસે છે. એ પુરુષના ઉપભોગ સમક્ષ આ રાજસત્તા પણ તુચ્છ છે !" રાજકુમારીએ પોતાના દુઃખનું કારણ કહી બતાવ્યું.

"વારૂ, ત્યારે જો તે પુરુષને અત્યારે અને આ ઘડીયે જ અહીં બોલાવી તેની સાથે તારો મેળાપ કરાવી આપું, તો મને ઇનામ શું આપીશ વારૂ ? આવી સેવાનું ઇનામ પણ તેવું જ મોટું મળવું જોઇએ." વિપ્રકન્યા બોલી.

"જે વસ્તુ માગીશ, તે હું આપીશ અને તે ઉપરાંત મરણપર્યન્ત તારાં ચરણોની દાસી થઇને તારી પ્રત્યેક આજ્ઞાનું પાલન કરીશ !" રાજકુમારીએ પોતાના માનને ત્યાગીને અત્યંત નમ્રતા દર્શાવી.

બ્રાહ્મણકન્યાએ મુખમાંથી ગુટિકાને કાઢી લેતાંજ તેનો પુરુષાવતાર પાછો આવી ગયો. તેને પુરુષના અવતારમાં પોતા સમક્ષ ઊભેલો જોઇ હૃદયમાં આનંદનો ઉછાળો આવવા છતાં લજ્જાથી રાજકુમારી અધોવદના થઇને ઊભી રહી. એ પછી બન્નેએ ત્યાં ગાંધર્વ લગ્નનો વિધિ કર્યો અને તેઓ પતિપત્નીના સંબંધથી એક બીજા સાથે સદાને માટે સંધાયાં. માત્ર શય્યાશાયીના સમય વિનાના બીજા સમયમાં તે તરુણ બ્રાહ્મણ મુખમાં ગુટિકા રાખી સ્ત્રીના અવતારમાંજ રહેતો અને નિશા સમયે પુરુષ થતો હતો. એવી રીતે નાના પ્રકા-

રના ભોગ ભોગવતાં કેટલોક કાળ વહી ગયો અને ત્યાર પછી રાજકુમારી ગર્ભવતી થઇ. એકવાર પ્રધાનને ત્યાં લગ્નનો પ્રસંગ હતો ત્યાં રાજકન્યા સાથે તે વિપ્રકન્યા પણ ગઇ. તેને જોઇને પ્રધાન પુત્ર કામાસક્ત થયો અને પોતાના પ્રિય મિત્રને કહેવા લાગ્યો કે;-"આ સુંદરીએ આજે મને એવો તો ઘાયલ કરી નાખ્યો છે કે એના સમાગમ વિના સર્વ કાંઇ મને નરકવાસ સમાન જ ભાસ્યા કરે છે. જો આ અંગનાની મને પ્રાપ્તિ નહિ થાય, તો હું મારા પ્રાણનો ત્યાગ કરી દઇશ !"

લગ્નવિધિની સમાપ્તિ થતાં રાજા, અન્ય અધિકારીઓ અને સાધારણ અસાધારણ નિમંત્રિત જનો તેમજ સ્ત્રીઓ પોતપોતાને સ્થાને જવાને ચાલ્યાં ગયાં. પ્રધાનપુત્રે તો સર્વ ભોગવિલાસ અને તે સાથે ખાનપાન સુદ્ધાંનો પણ ત્યાગ કરી દીધો. તેના પ્રિય મિત્રે આ બધી બાબત તેના પિતાને જણાવી એટલે પ્રધાને રાજા પાસે આવીને પ્રાર્થના કરી કે;-"મહારાજ ! આપના મહાલયમાં જે કન્યા છે, તે મારા પુત્રને આપીને તેના પ્રાણ બચાવો; નહિ તો મારો એકનો એક પુત્ર અવશ્ય અકાળ મૃત્યુને વશ થઇ જશે."

"પ્રધાનજી ! તમે આજે ગાંડા તો નથી થયા ને ? એક તો એ બ્રાહ્મણકન્યા હોવાથી આપણને પૂજ્ય છે અને વળી જો હું એમ કરૂં, તો મારા શિરપર વિશ્વાસઘાતનો દોષ પણ આવી પડે. તમે ચતુર, બુદ્ધિમાન્, વિચારશીલ અને ન્યાયપરાયણ છો, એટલે આવી અયોગ્ય વાણી તમારા મુખમાંથી તો ન જ નીકળવી જોઇએ. આ યોગ થવો સર્વથા અશક્ય અને અસંભવનીય છે." રાજાએ પ્રધાનની વાર્તા સાંભળીને ધર્મનું ભાન કરાવ્યું.

પ્રધાન નિરુત્તર થઇને પાછો ઘેર આવ્યો અને રાજાએ આપેલું ઉત્તર પિતાના મુખથી સાંભળી પ્રધાનપુત્ર નિરાશ અને આકુળવ્યાકુળ થઇ ગયો. ત્યાર પછી વળી એકવાર સભામાં જઇને બીજા અધિકારી તથા રાજકર્મચારી જનોએ રાજાને પ્રાર્થના કરી કે;-"મહા-

રાજ ! એ બ્રાહ્મણકન્યા પ્રધાનપુત્રને આપી રાજ્યને સુરક્ષિત કરો, તો વધારે સારૂં; કારણ કે, વિરહાગ્નિનો ભય અસહ્ય થવાથી પ્રધાન-પુત્ર મરવાની અણીપર આવી લાગ્યો છે. જો એનું કાંઇ અશુભ થઇ જશે, તો વૃદ્ધાવસ્થામાં પુત્રમરણના આઘાતથી પ્રધાનજીનો પણ પરલોકવાસ થઈ જશે; કારણ કે, પ્રધાનજીના પ્રાણ એ પુત્રના આધારે જ ટકી રહ્યા છે, જો પ્રધાનજીનો અંત થશે, તો રાજ્યને ચલાવવાનો સર્વભાર અત્યારે આપણા શિરપર આવી પડશે; કારણ કે એવો દક્ષ બીજો પ્રધાન અત્યારે જ મળી શકે તેમ નથી. આ સર્વ કારણોથી આપે અમારી આ પ્રાર્થનાનો રાજ્યના કલ્યાણ માટે સ્વીકાર કરવો જ જોઇએ. એ વૃદ્ધ બ્રાહ્મણ પોતાની એ પુત્રવધૂને અહીં મૂકી ગયો તેને ઘણા દિવસ વીતી ગયા છે, એથી અનુમાન કરી શકાય છે કે તેનાં સ્ત્રીપુત્ર આદિનો અવશ્ય નાશ થએલો હશે અને એમ થયું હશે તો તે પાછો આવવાનો પણ નથી. છતાં ધારો કે તે આવ્યો, તો તેને યથેચ્છ ધન આપી પૂર્ણ સંતુષ્ટ કરી તેના પુત્રને જો તે જીવતો હશે તો બીજી કન્યા પરણાવી દઇશું."

આ વાર્ત્તા રાજાને ગળે ઊતરતાં તેણે બ્રાહ્મણસ્નુષાને સભામાં બોલાવીને પ્રધાનપુત્રની તેનામાંની આસક્તિનો સમગ્ર વૃત્તાન્ત કહી સંભળાવ્યો, એટલે તે સાંભળીને વિદૂષી બ્રહ્મતનયા કહેવા લાગી કે; "મહારાજ ! આપ એ તો જાણો જ છો કે "વ્યભિચારથી સ્ત્રીના ધર્મનો નાશ થાય છે. અધર્મના આચરણથી ધન નષ્ટ થાય છે અને ગાય જો એકલી જ અરણ્યમાં જાય તો અવશ્ય તેના જીવનનો અંત આવી જાય છે. આજે મારૂં સુંદર અને અલૌકિક સ્વરૂપ મારા જ નાશનું કારણ થઇ પડયું છે. એક તો હું અબળાજાતિ છું અને મારા પક્ષમાં કોઇ બીજો બોલનાર પણ નથી, એટલે પછી નિરાધારતાનો સંહાર થાય, એમાં આશ્ચર્ય જેવું કાંઇ પણ નથી. અત્યારે તો મારા માતા, પિતા, ગુરુ, શ્વશુર, બંધુ કે આમ ગોમ જે ગણું તે કેવળ આપજ છો. મારો ઇશ્વર વિના બીજો કોઇ પણ આધાર નથી. અત્યારે 'દીકરીને

ગાય દોરે ત્યાં જાય!' એ નિયમ પ્રમાણે આપના વચનને માન આપી વર્ત્તવા વિના મારો છૂટકો થવાનો નથી, એ હું સારી રીતે જાણું છું. છતાં મારી એટલી પ્રાર્થના છે કે, મારી સાથે લગ્ન કર્યા પહેલાં પ્રધાનપુત્રે મારી એક બે ઇચ્છાઓને આધીન થવું અને તે જો તેમ કરશે, તો હું આનંદથી આપની આજ્ઞાને આધીન થઇશ. મારી પ્રથમ ઇચ્છા એવી છે કે, હું જાતિની બ્રાહ્મણકન્યા હોવાથી અને તે પોતે ક્ષત્રિયપુત્ર હોવાથી આ સંબંધ અયોગ્ય હોવા છતાં એને બળાત્કારે યોગ્ય કરવાનો છે; એટલે તે જો તીર્થયાત્રા કરીને પવિત્ર થઇ આવશે, તો પછી હું તેના ગૃહમાં નિવાસ કરવાને જઇશ."

રાજાએ પ્રધાનપુત્રને બોલાવીને બ્રાહ્મણકન્યાની ઇચ્છા જણાવી, એટલે બહુજ સંતુષ્ટ થઇને બોલ્યો કે;–' તીર્થયાત્રા કરી આવવામાં મને કશો પણ વાંધો નથી; કારણ કે, એમાં તો એક રીતે મારૂં પોતાનું પણ કલ્યાણ સમાયલું છે. પરંતુ પ્રથમ એ સુંદરીએ મારા ગૃહમાં આવીને રહેવું જોઇએ." રાજાની આજ્ઞા થવાથી નિરુપાય થઇને તે બ્રાહ્મણકન્યા રાજકુમારીના સમાગમને ત્યાગી પ્રધાનપુત્રના ગૃહમાં જઇને રહેવા લાગી.

ત્યાર પછી પ્રધાનપુત્રે તીર્થયાત્રાએ નીકળવાની તૈયારી કરી. જતી વેળાએ તેણે પોતાની આગલી સ્ત્રીને પોતા પાસે બોલાવીને ઉપદેશ આપ્યો કે;–"તમો બંને એક ચિત્તથી અને સંપસમાધાનથી રહેજો. એક બીજાના પ્રમાદ કે અપરાધને સહન કરવો અને પારકે ઘેર વધારે જવું નહિ." આ પ્રમાણે ઉપદેશ આપીને તે તીર્થયાત્રા કરવાને ચાલ્યો ગયો.

તેના ગયા પછી રાત્રે તેની સ્ત્રી સૌભાગ્યસુંદરી અને નવીન સ્ત્રી બ્રાહ્મણકન્યા એક જ પલંગમાં પોઢેલી હતી. તેવામાં સૌભાગ્યસુંદરીને પોતાના પતિ પ્રધાનપુત્રનું સ્મરણ થતાં કામદેવે તેનાં હૃદયમાં વિકારની વ્યથા ઉપજાવી દીધી. તે વેળાએ તે બ્રાહ્મણકન્યાને–પોતાની સપત્નીને સંબોધીને કહેવા લાગી કે:–"આ ક્ષણે હું કામાતુર થઇ છું, તો આ મારા આ કામજ્વરનો તાપ કયા ઉપાયથી શાંત થઇ શકે એમ છે?"

"જો અત્યારે અને આ પળે જ તારો મનોરથ સિદ્ધ થઇ જાય, તો તેના બદલામાં તું મને શું આપે વારૂ?" બ્રાહ્મણકન્યાએ સ્હામો પ્રશ્ન કર્યો.

"તમારી જે ઇચ્છા હોય તે આપું; એટલું જ નહિ, પણ જન્મા-રાની! તમારી બેબદામની ગુલામડી બની જાઉં. પણ અત્યારે મારી એ મનઃ—કામના કયાંથી અને કેવી રીતે સિદ્ધ થાય? જેવી હું તેવાં તમે?" સૌભાગ્યસુંદરીએ ઉદ્ગાર કાઢીને છેવટ નિરાશા દર્શાવી.

તેના આ શબ્દો સાંભળી બ્રાહ્મણકન્યાએ મુખમાંની ગુટિકાને બહાર કાઢીને પોતાના પુરુષના અવતારને ધારણ કરી લીધો અને તે સ્ત્રીને તેની ઇચ્છા પ્રમાણેનો સંતોષ આપ્યો. એવી રીતે છ માસ પર્યન્ત તે પ્રધાનપુત્રના ગૃહમાં રહીને તે તરુણ બ્રાહ્મણે પોતાનો કાળ આનંદવિલાસમાં વીતાડ્યો. છ માસ પછી પ્રધાનપુત્ર તીર્થયાત્રા કરીને પાછો આવ્યો એટલે લોકો તેના લગ્નની તૈયારીઓ ધામ ધૂમ સાથે કરવા લાગ્યા. આવો પ્રકાર જોઇ તે બ્રાહ્મણપુત્ર પોતાના મુખમાંથી ગુટિકા કાઢીને ત્યાંથી કોઇના જાણવામાં ન આવે તેવી રીતે પલાયન કરી ગયો અને તે બ્રાહ્મણ મૂળદેવને મળી સમસ્ત વૃત્તાંત કહી સંભળાવીને તેની ગુટિકા તેને પાછી આપી દીધી.

ત્યાર પછી તે વૃદ્ધ બ્રાહ્મણ પોતાના પુત્ર સહિત રાજા પાસે આવ્યો. રાજાએ તેને કુશળસમાચાર પૂછ્યા પછી સવાલ કર્યો કે;— "ભૂદેવ! આપે આટલા દિવસ કયાં વીતાડ્યા અને કાંઇ સમાચાર પણ ન મોકલ્યા તેનું કારણ શું?"

"મહારાજ! હું મારા પુત્રને શોધવા માટે ગયો હતો. આ મારો પુત્ર બહુ દૂરના દેશમાં નીકળી ગએલો હોવાથી બહુ પ્રવાસ અને પરિશ્રમ કરીને હું એને આપની પાસે ખેંચી લાવ્યો છું. હવે કૃપા કરી મારી પુત્રવધૂને અમારે હવાલે કરી અમને વિદાય કરી લો એટલે થયું."

રાજા ગભરાટમાં પડી ગયો અને નીચું મોઢું કરીને કહેવા લાગ્યો કે;-"મહારાજ, ધરાદેવ! મને મારા અપરાધની ક્ષમા આપો!"

"રાજન! તેં મારો શો અપરાધ કર્યો છે? આટલા દિવસ મારી સ્નુષાનું રક્ષણ કર્યું એ તો મારા પર તારો એક મોટામાં મોટો ઉપકાર જ છે કે જેનો બદલો મારાથી કદાપિ આપી શકાય તેમ છે જ નહિ." બ્રાહ્મણે આશ્ચર્યચકિત થઇને કહ્યું.

એ પછી જ્યારે રાજાએ તેની ગેરહાજરીમાં બનેલા બનાવનો સઘળો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો, ત્યારે તે બ્રાહ્મણ મહા સંતપ્ત થઇને બોલ્યો કે;-"મારા આ અંધયષ્ટિકાસમાન પુત્રનો પોતાની સ્ત્રીમાં અત્યંત અનુરાગ હતો; અને તે એટલો બધો કે હવે તો મારો એ પુત્ર પત્નીના વિયોગથી મરી જ જવાનો. અરે અનાચારી રાજન! તેં વૃદ્ધાપકાળમાં મારો તો શસ્ત્ર વિના જ ઘાત કરી નાખ્યો. હું આ અન્યાય વિષે ઇશ્વર આગળ પોકાર કરીને નિત્ય તને શાપ આપતો રહીશ! જો બ્રાહ્મણના શાપથી બચવું હોય, તો મારી સ્નુષાને લાવી મારા પુત્ર આગળ હાજર કરી દે અને અમને આ પાપપુરીમાંથી વિદાય કર. જો એમ ન જ બની શકે, તો મારા પુત્ર સાથે તારી રાજકન્યાનો લગ્નસંબંધ કરી આપ!"

રાજાએ શાપના ભયથી બ્રાહ્મણની ઇચ્છા પ્રમાણે પોતાની રાજકુમારીને તેના પુત્ર સાથે પરણાવી દીધી. ત્યાર પછી તે તરુણ બ્રાહ્મણ કેટલાક દિવસ સાસરિયાંમાં સુખો ભોગવીને પછી પોતાની પત્નીને લઇ પોતાની જન્મભૂમિમાં ચાલ્યો ગયો.

આ પ્રમાણેની કથા સંભળાવ્યા પછી મેં કહ્યું કે;-"ભદ્રે! સારાંશ એટલો જ કે, તે બ્રાહ્મણકુમાર પ્રમાણે જ મને એ સ્ત્રીના પ્રેમનો ઉન્માદ લાગી ગયો છે. અર્થાત્ તેના સદ્‌ભાગ્યયોગે જેવી રીતે પરોપકારી બ્રાહ્મણ મૂળદેવ અચાનક ત્યાં આવી લાગ્યો, અને તેના મનોરથને અદ્‌ભુત ગુટિકાદ્વારા પૂર્ણ કરી તેના પ્રાણને બચાવ્યા, તેવી રીતે આજે મારા મનોરથને પૂર્ણ કરી તમે મારા જીવનનું રક્ષણ કરો.

હવે અમો બન્નેનાં ગળાં અને છરી બન્ને તમારા હાથમાં છે, એટલે મારો કે તારો એ માત્ર તમારો જ અધિકાર છે. આનાથી વધારે હવે મારાથી કાંઇ પણ બોલી શકાય તેમ નથી.”

તે દક્ષ દાસી કહેવા લાગી કે;–“ડાક્ટર સાહેબ! જો આ નિંદ્ય કર્મ પ્રકાશમાં આવશે, તો તે આપણ ત્રણેનો એક સાથે અપ્રતિષ્ઠા સહિત નાશ કરી નાખશે. માત્ર એક ક્ષણના સુખની લાલસા માટે પોતાની શાશ્વત પ્રતિષ્ઠા અને અમૂલ્ય માનવી જીવનનો નાશ કરવો, એ શું વિચારશીલતા કહેવાય કે? આનો ગહન વિચાર કરવો, એ તમારૂં કર્ત્તવ્ય છે. વળી મારી તો એટલી બધી હાનિ થવાનો સંભવ છે કે, મારે અન્ન અન્ન કરીને ભૂંડા હાલે મરવું પડશે અને તમારો પણ અનેક પ્રકારે અપાય થવાનો. અર્થાત્ આ નાદમાં ન પડતાં જો આ નગરને ત્યાગીને ચાલ્યા જાઓ, તો તમારો મોટો ઉપકાર–હું એવું જાણીશ કે, જાણે તમેજ મને અને મારી શેઠાણીને નવીન જીવન આપ્યું! છતાં જો હઠને ત્યાગવાની તમારી ઇચ્છા ન જ હોય, તો હું આજે જ આ બધી વાત મારા શેઠને જણાવી દઇશ અને તેથી સત્વર જ પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ તમને પ્રાપ્ત થઇ જશે!”

અનંગભદ્રા! તે દાસીનાં આવાં કઠોર વચનો સાંભળીને હું તો વળી વધારે અને વધારે લંપટ થતો ગયો અને પાછો તેને બે હાથ જોડી પ્રાર્થના કરતો કહેવા લાગ્યો કે:–“ભદ્રે! અમો બન્ને કામક્ષુધાથી વ્યાકુળ થએલાં માટે મનોરથસિદ્ધિરૂપ ફળને આપનાર આશાવૃક્ષ માત્ર તમે જ છો. જો તમેજ અમારાં મારનાર થશો, તો પછી અમારો ઉદ્ધાર બીજા કોઇથી પણ થવાનો નથી. આવી કઠોરતાને ધારણ ન કરતાં જે વસ્તુની ઇચ્છા હોય તે વસ્તુ તત્કાળ અમારી પાસેથી માગી લ્યો અને એકવાર અમો બન્નેનો એકાંતમાં મેળાપ કરાવી આપો. એથી ઇશ્વર પણ તમારાપર પ્રસન્ન થશે.”

અનંગભદ્રા! મેં ઇચ્છિત વસ્તુ માગી લેવાનું જણાવતાં જ તે દાસીનું મન કાંઇક પીગળ્યું અને તેથી તે કઠોરતાને ત્યાગીને બોલી

કેઃ–“પ્રથમ મને જે કાંઇ આપવાનું હોય તે આપો અને તે સાથે મારી શેઠાણી અલકનંદાબાઇને તમે નસાડીને લઇ નહિ જાઓ એ માટેનું ધર્મસાક્ષીથી વચન આપો. ત્યારપછી હું તમને ત્યાં સ્ત્રીના વેશમાં લઇ જઇશ અને તમારી મનોરથસિદ્ધિનો યોગ મેળવી આપીશ.” મેં મારી પ્રિયતમાને કોઇ અન્ય સ્થળે લાવવાનો તેને બહુ આગ્રહ કર્યો, પણ મારા તે આગ્રહને જરા પણ ધ્યાનમાં ન લેતાં તેણે કેવળ એટલો જ જવાબ આપ્યો કેઃ–“કૃપા કરીને અત્યારે હવે આપ પોતાને સ્થાને ચાલ્યા જાઓ. હું શેઠાણી પાસે જઇ તેમનો આ વિષયમાં શો અભિપ્રાય છે તે જાણી લઇને સંધ્યાકાળે પાછી તમને મળીશ.” તેનું આ ઉત્તર સાંભળીને હું મારા નિવાસસ્થાનમાં ચાલ્યો આવ્યો.

દાસીએ શેઠાણી પાસે જઇને તેને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો અને ત્યારપછી કહ્યું કેઃ–“હવે જો તમને કોઇ યુક્તિ સૂઝતી હોય, તો કોઇ નિમિત્ત બતાવીને અત્યારે જ ઘરમાંથી બહાર નીકળી પડો એટલે થઇ જાય આજે ને આજે જ મનોરથની સિદ્ધિ. ધર્મના કાર્યમાં નકામી ઢીલ શા માટે થવી જોઇએ?”

“સખી! અત્યારે તો તેવું મારાથી કાંઇ પણ કરી શકાય તેમ નથી. પરંતુ આજે મેં મારા પતિને કહેલું છે કે, મારા પેટમાં આજે પાછો ભયંકર દુઃખાવો થઇ આવ્યો છે, એટલે આ કારણથી તું જઇને ડોકટરને અહીં ઉપચાર કરવાના નિમિત્તથી લઇ આવ. પણ હા–ઠીક યાદ આવ્યું, કારણ કે, તે અહીં આવશે, તો પણ મનોરથની સિદ્ધિ તો નહિજ થાય; કારણ કે, ડોકટરને કેટલીકવાર રોકી શકાય? જો તે વધારે વાર રોકાય તો અવશ્ય કોઇના મનમાં શંકા આવી જાય અને તત્કાળ ભેદનો પ્રકાશ થાય તો જીવતાં મુવા જેવું થાય! ત્યારે હવે પ્રિયકરને મળવાનો બીજો શો ઉપાય કરવો?” આમ બોલીને તે મહા ચિંતામાં પડી ગઇ.

"ચિંતા ન કરો, એની વ્યવસ્થા હું કરી લઇશ." એ પ્રમાણે શેઠાણીને આશ્વાસન આપી તે દાસી મારી પાસે આવી અને ત્યાંનો વૃત્તાંત મને સંભળાવી સ્ત્રીવેશ ધારણ કરવાની સૂચના કરી દીધી. તે બનાવટી ચોટલો સાથે લાવી હતી તે મેં ટોપી પ્રમાણે માથા પર ધારણ કરી લીધો, હાથમાં તેની શેઠાણીની સોનાની બંગડીઓ પહેરી લીધી અને ત્યાર પછી સ્ત્રીનાં વસ્ત્રો, ઘાઘરો, કમખો અને સાલ્લો ઇત્યાદિ પણ ધારણ કરી લીધાં. એ વેશમાં જ્યારે દાસી સાથે હું મારી મનોહારિણીનાં દ્વાર પર જઇ પહોંચ્યો, તે વેળાએ ત્યાં દેવડી પર એક વૃદ્ધ પુરુષ હુક્કો ગગડાવતો બેઠો હતો, તેણે દાસીને પૂછ્યું કે;–"બાઇ! તારી સાથે આ બીજી સ્ત્રી કોણ છે વારૂ?"

"આ દાયણ છે અને હાલમાં જ નવી નવી અમદાવાદથી આવી છે. આપણાં બાઇ સાહેબનું પેટ આજે કેટલાક દિવસથી દુઃખ્યા કરે છે એટલે તેમના ઉપચાર માટે આ બાઇને બોલાવવામાં આવી છે." આ જવાબથી તેનું સમાધાન થઇ ગયું અને અમો બન્નેએ તત્કાળ ગૃહમાં પ્રવેશ કર્યો.

એ વેળાએ સૂર્યનો અસ્ત થવા સાથે કામીજનોને પ્રિય નિશાદેવીની સત્તાનો આરંભ થઇ ગયો હતો. મારી મનોમોહિની પ્રથમથીજ પૂર્ણ શૃંગાર સજીને મારા આગમનની માર્ગપ્રતીક્ષા કરતી બેઠી હતી. તેણે મને સ્ત્રીના વેશમાં પણ તત્કાળ ઓળખી લીધો અને દાસીની જરા પણ લજ્જા ન રાખતાં તેના દેખતાં જ તે દોડીને એકદમ મારે ગળે બાઝી પડી. તે દાસીને કહેવા લાગી કે;–"જેના માટે આજે દીર્ઘકાળથી હું આતુર થઇ રહી હતી તે વસ્તુ આજે માંડમાંડ હાથમાં આવી છે, તો હવે એ લુચ્ચી બાઇને અહીંથી પાછી ન જવા દેવાની બરાબર તારે ખબરદારી રાખવી!" એમ કહીને તે મને પોતાના પલંગ પર લઇ ગઇ અને દાસીને એક રૂપિયો આપી મીઠાઇ લાવવાનું કહ્યું. દાસી મીઠાઇ લાવવા માટે લહરીપુરાના બજારમાં ચાલી ગઇ.

ઊતાવળમાં ભાન ન રહેવાથી ઓરડાનાં બારણાં અંદરથી વાસ્યા વિના જ તે પલંગ પર મારી પાસે આવીને બેસી ગઇ. અમે બન્ને મસ્તીતોફાનમાં મચેલાં હતાં એટલામાં તેનો પતિ શસ્ત્રાસ્ત્ર ધારણ કરીને બહાર ગયો હતો તે અકસ્માત્ અમો બન્નેની આગળ આવીને ભૂત પ્રમાણે ઊભો રહ્યો. તેને જોતાં જ મારી બુદ્ધિનો લોપ થઇ ગયો અને બોબડી બંધ થઇ ગઇ. મેં ગભરાટમાં ઊતાવળથી ઊઠીને માથાપર સાલ્લો ઓઢી લીધો અને મનમાં દેવદેવતાનાં સ્મરણનો આરંભ કરી દીધો. હું મનમાં જ ઇશ્વરને કહેવા લાગ્યો કે;–"પ્રભો! જો અત્યારે મારો જીવ બચાવીશ, તો હવે પછી કોઇવાર પણ હું આવો અપરાધ કરીશ નહિ!" એ વેળાએ મારા મનમાં એવો સંશય પણ આવ્યો કે, "દાસીએ એકવાર એવો ઉદ્ગાર કાઢયો હતો કે, 'હું આ વાત મારા શેઠને કહી દઇશ,' એટલે કદાચિત્ તે જ રાંડ મીઠાઇ લેવા જતાં એને આ બધો ભેદ જણાવતી ગઇ હશે!' હું આવા તર્કવિતર્ક કરતો હતો એટલામાં તે સુંદરીના પતિએ તેને પૂછયું કે;–"હવે પેટનો દુ:ખાવો કેમ છે?" એના ઉત્તરમાં તે સમયસૂચક સુંદરીએ સમતોલતા જાળવીને નમ્રતાથી જણાવ્યું કે;–"આ અમદાવાદથી નવી આવેલી સૂયાણી હમણાં મારૂં પેટ તપાસતી હતી. એનો અભિપ્રાય એવો છે કે, મારો રજસ્વલા થવાનો સમય પાસે આવ્યો છે, તેથી જ આ દુ:ખાવો થાય છે; પણ ઇલાજ કરવાથી તે મટી જશે!" ત્યાર પછી તેના પતિએ મને પૂછયું કે;–"દાઇ! આની પ્રકૃતિમાં બીજો કાંઇ વધારે બગાડો તો નથી ને?" હું કાંઇ પણ ઉત્તર ન આપતાં સ્તબ્ધ થઇને બેસી રહ્યો. એટલે મારી વકીલાત કરતી તે સુંદરી બોલી કે;–"આ બાઇ બહુજ લજ્જાળુ હોવાથી પરપુરુષ સાથે વધારે વાતચીત કરતી નથી. માટે એને ન બોલાવશો." આ ઉત્તર સાંભળીને તે પાસેના બીજા મકાનમાંની પોતાની બેઠકમાં ચાલ્યો ગયો.

અનંગભદ્રા! તે સમયમાં મારા આનંદ અને ઉત્સાહનો કયાં અને કેવી રીતે લોપ થઇ ગયો, એનું વર્ણન હું કરી શકતો નથી.

તે સ્ત્રી મહાચતુર હોવાથી અમો બન્ને એ સંકટમાંથી પાર પડી ગયાં, નહિ તો ત્યાં બન્નેનાં મડદાં થવાનો જ કાળ આવી લાગ્યો હતો. મેં અનન્ય ભાવથી ઇશ્વરની પ્રાર્થના કરી, તેથી જ મારો બચાવ થયો. એટલામાં તે દાસી બજારમાંથી પાછી આવી અને તે પણ આ વૃત્તાંત સાંભળીને બહુ ગભરાટમાં પડી ગઇ. ત્યાર પછી સ્નાન આદિ કરીને અમો ત્રણેએ સાથે બેસી બજારની મીઠાઇને ઇન્સાફ આપ્યો. એ પછી નાના પ્રકારનાં વિનોદાત્મક ભાષણોમાં અમે આખી રાત વીતાડી દીધી. ઉષઃકાળ થતાં હું તે સુંદરીને અનેક પ્રકારે વિનવી પુનઃ આવવાનું આશ્વાસન આપી દાસીને સાથે લઇ જવા માટે ઘર-માંથી બહાર નીકળ્યો. મહા આનંદસહિત હું દાસીને ઘેર ગયો અને ત્યાં સ્ત્રીવેશનો ત્યાગ કર્યા પછી એકવારનો ક્ષેમકુશળતાથી મારા પોતાના નિવાસસ્થાનમાં જઇ પહોંચ્યો. પ્રભાતકાળ થતાં જ તે સુંદરી પણ સર્વ સાહિત્યો લઇને શિવના પૂજન માટે શિવાલયમાં આવી અને પૂજા કરી મારાં દર્શનનો લાભ લઇ પાછી પોતાને ઘેર ચાલી ગઇ.

અનંગભદ્રા ! એ પછી ઉત્તરોત્તર અમો આશકમાશૂકનો પ્રેમ વધારે અને વધારે ગાઢો થતો ગયો. કેટલીકવાર હું સ્ત્રીનો વેશ ધારીને તે મોહિનીના મંદિરમાં જતો હતો અને કેટલીકવાર તે પોતાની દાસીને ત્યાં આવીને મને પોતાના સમાગમનો લાભ આપતી હતી. બીજી વિશેષતા એ કે, મેં મારી નોકરી છોડી દીધેલી હોવાથી અને મારી પાસે જે કાંઇ હતું તે ખર્ચીને પૂરૂં કરી નાખવાથી હું પૈસા વગરનો ભીખારી બની ગયો હતો. આ ભેદ તેના જાણવામાં આવતાં તેણે મને એક હજાર રૂપિયા પોતાના ખાનગી ભંડારમાંથી લાવી આપ્યા અને તે ઉપરાંત દાસીના હાથે રોજ કાંઇ ને કાંઇ મોકલ્યા કરતી હતી કે જેથી મને કોઇ પણ પ્રકારનો ત્રાસ ભોગવવો ન પડે. આવી રીતે કેટલોક કાળ વીતી જવા પછી તે સુંદરી દાસીને ત્યાં આવીને મને કહેવા લાગી કે;—

"ડૉક્ટર સાહેબ! અહીંથી હવે તમે મને અને મારી આ વફાદાર દાસીને કોઈ બીજા દૂરના દેશમાં લઈ જાઓ; કારણ કે, તમારો એક પળ માત્રનો વિયોગ પણ હવે મારાથી સહી શકાતો નથી. મારા પતિના સદનમાં હવે હું એક ક્ષણને માટે પણ રહેવા ઇચ્છતી નથી; પછી ભલે એમ કરવાથી મારા પ્રાણ જાય કે રહે એની મને જરા પણ દરકાર નથી!"

તેનો આવો નિશ્ચય જાણીને હું અત્યંત ઉદાસ થઇ ગયો. મને એવા વિચાર આવ્યા કે;—'આ સ્ત્રી કુલીન અને ધનાઢ્ય ગૃહની છે અને હું સાધારણ સ્થિતિનો પુરુષ છું એટલે એના ખર્ચનો ભાર મારાથી ઊપાડી શકાશે કે કેમ, એ એક શંકા જ છે. વળી જો એ એકવાર લજ્જાને ત્યાગી પોતાના ઘરમાંથી બહાર નીકળી, તો પછી મારા તાબામાં પણ ભાગ્યે જ રહેવાની. આના આવા રંગઢંગથી મારી આબરૂ પણ જશે અને મારાથી કોઇ ધંધો પણ કરી શકાશે નહિ; એટલું જ નહિ, પણ જો કોઇ વાર એના જમદગ્નિ રૂપ પતિને પત્તો મળશે, તો ગમે ત્યાં આવીને તે મારૂં માથું ધડથી એકદમ જૂદું કરી નાખશે!' આવા ભયથી હું તેને ઉપદેશના રૂપમાં કહેવા લાગ્યો કે;—

"આવી ક્રૂરતા મારાથી કદાપિ થઇ શકવાની નથી; કારણ કે, જે મનુષ્ય બીજાનું અશુભ કરવા ઇચ્છે છે, તેના અશુભની યોજના ઇશ્વર પ્રથમથી જ કરી રાખે છે. આ વિષયસુખની અતિશય લંપટતાથી આજસુધીમાં અનેક શ્રીમાન્ લોકોનો સર્વ પ્રકારે નાશ થઇ ગયો છે. તો પછી આપણા જેવાની શી કથા! એક ચમકતા પાષાણના કટકાને જો સુવર્ણમુદ્રિકામાં જડી દેવામાં આવે, તો તે હીરાની બરાબરી કરે છે, પણ જો તે સ્થાનભ્રષ્ટ થાય, તો પછી તેનું મૂલ્ય એક દમડીનું પણ અંકાતું નથી. એટલા માટે જો તમે આ ઘરમાંથી બહાર નીકળી જશો, તો એક શાહૂકારની સ્ત્રીની જેવી દશા થઇ હતી તેવી દશામાં આવી પડશો અને મરણપર્યન્ત આ પ્રમાદનો પશ્ચાત્તાપ કરવો પડશે."

"તે સ્ત્રીની શી દશા થઇ હતી અને તેને કેવાક પશ્ચાત્તાપ કરવો પડયો હતો, તે વિસ્તારપૂર્વક સંભળાવશો ?" મારી માથકે આતુરતાથી પૂછ્યું.

"મહા હર્ષથી સંભળાવીશ !" એમ કહીને તે કથાનો મેં આ પ્રમાણે પ્રારંભ કર્યો:—

## વસુકુમારીની વાર્ત્તા

પૂર્વે અમરાવતી નગરીમાં ધનાનન્દ નામનો એક શાહૂકાર રહેતો હતો. તેની સ્ત્રીનું નામ વસુકુમારી હતું અને તે તરુણ તથા મહા સુંદર હતી. બહુ દિવસથી તે ગુપ્ત વ્યભિચાર કર્યા કરતી હતી; પણ પછીથી તેના મનમાં એવો વિચાર આવ્યો કે;—'ગૃહને ત્યાગી ચાલ્યા જવું, ભયમાંથી છૂટવું, સ્વતંત્ર થવું અને વિષયસુખની બની શકે તેટલી યથેચ્છ તૃપ્તિ કરી લેવી !' આવી ભાવનાથી એક દિવસ પોતાના ગૃહમાંથી પુષ્કળ દ્રવ્ય અને બહુમૂલ્ય અલંકાર ઇત્યાદિ લઇને પોતાના એક બહુ દિવસના પ્રિયમિત્ર શ્રીપતિ નામક સૈનિક સાથે મધ્યનિશાના સમયમાં પલાયન કરી ગઇ. પ્રભાત થતાં તેઓ એક નદીના તીરે આવી પહોંચ્યાં. નદીમાં પૂર હોવાથી તેનો તે જાર તેને કહેવા લાગ્યો કે;—"વહાલી ! તારા આ અલંકાર અને શરીર પરનાં મૂલ્યવાન્ વસ્ત્રો પણ ઊતારીને મને આપી દે; કારણ કે, નદીમાં પાણી બહુ હોવાથી એ ભીંજાઇને ખરાબ થઇ જશે. અત્યારે હજી અહીં લોકોના આવજાવ થઇ નથી અને આ જંગલ હોવાથી કોઇ આવે તેમ પણ નથી. એટલે થોડીવાર જો નગ્નાવસ્થામાં ઊભી રહીશ, તો પણ ચિંતા જેવું નથી. હું આ બધી વસ્તુઓ પેલેપાર રાખી આવીને હમણાંજ તને લઇ જવા માટે પાછો આવી પહોંચું છું !" આમ સમજાવી તેનું સર્વસ્વ લઇ કરીને તે સૈનિક નદી ઉતરીને સ્હામેપાર જઇ પહોંચ્યો અને પછી મનમાં વિચાર કરવા લાગ્યો ;—"હવે આના નાદમાં લચીપચી રહેવાથી કશો પણ લાભ થવાનો નથી. કારણ કે, એ મોટા માણસની બાયડી છે. અને વળી સાથે ધન પણ પુષ્કળ લાવી છે, એટલે એનો ધણી શોધ તો

કરવાનો જ, અને કદાચિત્ તે પોલીસને લઇને નીકળી પણ ચૂકયો હશે એટલે જો તે અહીં આવી લાગશે તો અમો બંનેને પકડીને લઇ જશે. પકડાઇશું તો એ રાંડના પાપે મારી પણ દુર્દશા થશે, અને ઓી જવા સાથે આ હાથમાં આવેલી દોલત પણ ચાલી જશે. આટલા માટે આ હાથમાં આવેલી લક્ષ્મીથી જ સંતોષ માની દેશમાં ચાલ્યા જવું અને ત્યાં બાલબચ્ચાં સાથે અમનચમનમાં દિવસ વીતાડવા, એજ વધારે સારૂં છે." આવા નિશ્ચય પર આવીને તે સૈનિકભાઇ ત્યાંથી પાછા વળવાને બદલે આગળ વધવામાં જ પ્રવૃત્ત રહ્યા.

અહીં વસુકુમારી નગ્નાવસ્થામાં પોતાના હસ્ત વડે લજ્જાનું રક્ષણ કરતી જારના આવવાની વાટ જોતી ઊભી હતી. એટલામાં પ્રભાતકાળ થએલો હોવાથી એક માછણ હાથમાં થોડુંક માંસ લઇને ત્યાં આવી લાગી. તે તીરે તીરે ચાલી આવતી હતી એટલામાં એક મોટી માછલી બહાર તીરપર પડેલી તેના જોવામાં આવી. તેને જોઇને હાથમાંનું માંસ નીચે મૂકીને માછલીને પકડવા આગળ વધી. એટલામાં આકાશમાંથી એક સમળી ઊતરી અને માંસને લઇને ઊડી ગઇ અને બીજી તરફ પેલી માછલી પણ ચપળતાથી પાણીમાં સરકી ગઇ એટલે માછણ માછલી અને માંસ બંને વસ્તુને ખોઇ નિરાશાથી આકાશમાં જોવા લાગી. આ બધી ચેષ્ટાને જોઇ વસુકુમારીએ તે માછણને કહ્યું કે;–"આકાશમાં દૃષ્ટિ દોડાવવાથી શું ફળ મળવાનું હતું ? તેં જે ઉદ્યોગ કર્યો હતો તે તારી મૂર્ખતાથી નિષ્ફળ ગયો છે !"

માછણે કલ્પનાથી તેની સ્થિતિ જાણી લીધી હતી અને દૂરથી તેણે પેલા સૈનિકને નદી ઊતરતો પણ જોયો હતો, એટલે તે પ્રત્યુત્તરમાં બોલી કે;–"મારી દોઢડાહી બાઇ ! આ બે પૈસાનું માંસ ગયું તેની કાંઇ વધારે ચિંતા નથી; એ તો બીજું પણ મળશે પરંતુ તેં પોતાની મૂર્ખતાની સીમા કરીને દ્રવ્ય, જાર અને પતિ ત્રણેને ખોઇ દીધાં છે, તે તને આ જન્મમાં મળવાં તો અશકય છે. જે હતું તે બધું ચાલ્યું ગયું, છતાં નિર્લજ્જ દશામાં હાથથી લજ્જાનું રક્ષણ

કરી તું કોની વાટ જોતી ઊભી છે વારૂ? હવે સુખ માટેની તારી સર્વ આશાઓ વ્યર્થ છે."

માછણના આ શબ્દો સાંભળી વસુકુમારી નિશ્ચયપૂર્વક જાણી ગઇ કે, "મારો જાર મને દગો દઇને દ્રવ્ય લઇ પલાયન કરી ગયો છે!" અને તેથી એ વેળાએ તેના હૃદયમાં જે પશ્ચાત્તાપ થયો, તે ખરેખર અપૂર્વ હતો. એ પછી બહુ વિચાર કરીને પોતે ઉન્માદિની હોવાનો દંભ કરી તેણે પોતાના કેશને છૂટા કરી નાખ્યા અને નગ્નાવસ્થામાં જ પાસેના એક ગામમાં તે પેસી ગઇ. એને ખરી ઉન્માદિની જાણી લોકોએ તેના નગરનો પત્તો મેળવી પકડીને તેને પાછી તેના પતિ પાસે મોકલી દીધી. તેના પતિએ તેની આવી દશા જોઇને આનંદથી તેનો સ્વીકાર કર્યો અને ઔષધોપચારથી તેના ઉન્માદને દૂર કરી દીધો.

આ પ્રમાણેની વસુમતીની વાર્ત્તા સંભળાવીને મેં મારી પ્રિયતમાને કહ્યું કે;–"જુઓ સુંદરિ! એમાંથી એટલા જ સારનું ગ્રહણ કરવાનું છે કે, એ સ્ત્રી મહાચતુર હોવાથી જ પાછી પોતાના પતિગૃહની સ્વામિની થઇ શકી. પરંતુ જો તમે તમારા ગૃહને ત્યાગી દેશો, તો તમારી શી દશા થશે, એની કશી કલ્પના અત્યારે કરી શકાતી નથી. કારણ કે, જે જે અબળાઓએ અત્યાર સુધીમાં પોતાના વિવાહિત પતિના ગૃહનો ત્યાગ કર્યો છે, તેમનો સર્વ પ્રકારે નાશ અને નાશ જ થયો છે. એ વિશેના સહસ્રાવધિ દૃષ્ટાંતો ઉપલબ્ધ છે. ચોર અને જારનાં ગામ કદી વસ્યાં નથી અને વસવાનાં પણ નથી. હું એક સાધારણ સૈનિક અરે લુખ્ખો સિપાહી ભાઇ છું, એટલે તમારો નિર્વાહ તમારી કુલીનતા પ્રમાણે મારાથી ચલાવી શકાશે કે કેમ, એનો પ્રથમ તમારે વિચાર કરવાનો છે."

તે મારી પ્રિયતમા આ પ્રમાણેનો મારો ઉપદેશ સાંભળીને કાંઇક કોપાયમાન થઇને બોલી કે;–"ડૉકટર સાહેબ! મેં તમારા સર્વ ગુણોની પરીક્ષા કર્યા પછી જ મારી બજાનના ભોક્તા તમને બનાવ્યા

છે; અને તેટલા માટે હવે અંતકાળ પર્યન્ત આપના સમાગમનો સ્વતંત્ર અને યથેચ્છ આનંદ ભોગવવા વિશેનો મારો દઢ નિશ્ચય થઇ ગયો છે. હું જ્યારે મારા સર્વસ્વને ત્યાગવાને તૈયાર છું, તો તમારે હવે આવી નપુંસકતા બતાવવી ન જોઇએ. તમારી આ ચેષ્ટા પુરુષોચિત નથી."

આવી રીતે તેણે અત્યંત આગ્રહ કર્યા છતાં જ્યારે મેં તેની ઇચ્છાનો સર્વ પ્રકારે અસ્વીકાર કર્યો એટલે તે ડૂસકાં ભરી ભરીને રડવા લાગી. મને પણ દયા આવી ગઇ અને તેથી તેને શાંત પાડવામાં આખી રાત વીતાડી દીધી. પ્રભાતમાં પોતાને ઘેર જતી વેળાએ તે કહેવા લાગી કે;–"ડોકટર સાહેબ! તમે મને જેવો દગો દીધો છે, તેવો દગો તમને ઇશ્વર આપશે! એ વિશે તમારે નિશ્ચય રાખવો. હવે આપણો મેળાપ થવો અશક્ય છે. આજે બે દિવસથી મારો પતિ બીજે ગામ ગયો છે તેથી અહીં પણ આવવાનું અને ન્હાસી જવાનો હજી સારો લાગ છે; કારણ કે, તે આવતી કાલે આવવાનો છે. આવો પ્રસંગ ફરી ફરીને મળી શકવાનો નથી. માટે આજ રાત્રે મારે ઘેર આવીને મને પોતાના અંતિમ સમાગમસુખનો લાભ આપી જશો, તો મોટો ઉપકાર થશે."

અનંગભદ્રા! ત્યાર પછી સંધ્યાકાળે હું તેની ઇચ્છા પ્રમાણે તેને ઘેર ગયો અને તેણે મારો નિત્ય કરતાં પણ ઘણો જ સારો સત્કાર કર્યો. ત્યાર પછી તે તુલસી, ગંગાજળ અને ચોખા આદિ વસ્તુઓ મારી આગળ લાવીને કહેવા લાગી કે;–"ડોકટર સાહેબ! હવે જરાક સૂક્ષ્મ વિચાર કરીને કહો કે, તમે મારો અંગીકાર કરો છો કે નહિ?"

"મારો આ પ્રમાણે કરવાનો જરા પણ વિચાર થતો નથી; અને તમને પણ એ પ્રમાણે ન કરવાનો જ મારો આગ્રહપૂર્વક ઉપદેશ છે." મેં મારા પૂર્વના અભિપ્રાયને જ પુનઃ વ્યક્ત કરી બતાવ્યો.

મારા મુખમાંથી આ શબ્દો નીકળતાં જ ક્રોધથી તે કંપવા લાગી અને મને હાથ ઝાલીને પોતાના અંતર્ગૃહમાં લઇ જઇ દાસીને બહાર કાઢીને તેણે બારણાં અંદરથી વાસી દીધાં. ત્યાર પછી પોતાના હાથમાં એક તીક્ષ્ણ છૂરી લઇને તે પોતાનું ગળું કાપવાને તૈયાર થઇ

ગઈ. તેની આ વિલક્ષણ ચેષ્ટાને જોઈને હું તો ગર્ભગળિત જ થઈ ગયો; અને બીજા કોઈને મદદે બોલાવવાનો વિચાર કરવા લાગ્યો, પણ હું કેવી અવસ્થામાં હતો એનું ભાન થતાં તે વિચારને માંડી વાળ્યો. કારણ કે, જો તે જ માણસો મને આમ પારકા ઘરના એકાંત ભાગમાં ઘુસેલો જોઈને મારવા મંડી જાય તો? આવા ભયથી લાચારીએ મેં જ હિમત લાવીને તેના હાથમાંથી છરી છીનવી લીધી અને તેને શાંત થવા માટે હું અનેક પ્રકારની વિનંતિ કરવા લાગ્યો પરંતુ એથી શાંત થવાને બદલે વિશેષ આક્રોશ કરીને વધારે અને વધારે મોટે સાદે બોલવા મંડી ગઈ. મારા શરીરમાં કંપ થવા લાગ્યો અને મારી બુદ્ધિ બહેર મારી ગઈ. ત્યાંથી છૂટવાનો બીજો કોઈ પણ ઉપાય ન જણાયાથી એવો પણ ભય થયો કે, જો ઘરનો માલિક આવી લાગશે, તો અહીં અને અત્યારે જ મારાં સો વર્ષ પૂરાં કરી નાખશે, અથવા તો નાક કાપીને જન્મારાની ખોડ આપી દેશે. છેવટે મેં આત્મહત્યાનો વિચાર કર્યો: પરંતુ પુનઃ નરકવાસનું સ્મરણ થતાં તે વિચારને ફેરવી નાખ્યો. તે સાથે એવો વિચાર પણ આવ્યો કે, જ્યાં સુધી આપણે પકડાયા નથી, ત્યાં સુધી તો ધૈર્યનું અવલંબન કરવું જ; કારણ કે, પુરુષના ધૈર્યની સત્ય પરીક્ષા આવા સંકટના પ્રસંગમાંજ થાય છે. છતાં જો તેવો જ પ્રસંગ આવી લાગશે, તો આત્મહત્યા કરવામાં શો વિલંબ થવાનો હતો વારુ? આવી ધારણાથી મેં પુનઃ તેને સમજાવીને બુદ્ધિમાં લાવવાના અનેક પ્રયત્ન કર્યા, પણ તે હઠવાદિની એકની બે થઈ નહિ. અંતે જ્યારે તેની છરીથી હું મારું પોતાનું ગળું કાપીને મરી જવાને તૈયાર થઈ ગયો, ત્યારે જ કાંઈક શાંત થઈ મારો હાથ ઝાલીને કહેવા લાગી કે;—

"આજ તમારો પુરુષાર્થ કે? આમ આત્મહત્યા કરીને અકાળે મરી જવાથી શું ફળ મળવાનું હતું વારુ?"

"જો તમે આ ક્ષણે જ મને અહીંથી જવા દેશો તો તો ઠીક છે; નહિ તો લોકોને આપણી ફજેતી જોઈને તાળીઓ વગાડતાં જોવાં અને શરમભરેલી જિંદગીમાં જીવવું, એના કરતાં આબરૂ જાળવીને

પોતાના હાથે મરી જવાનું હું વધારે પસંદ કરૂં છું." મેં દીનતા-દર્શક અને નિશ્ચયાત્મક ગંભીર વાણીથી કહ્યું.

"ડાકટર સાહેબ! આજની ઘટના એવી થઇ છે કે, હવે આપણને સુખ કે વિલાસભોગ ભોગવવાનો અવસર તો નથીજ મળવાનો; કારણ કે આપણા મરણની ઘટિકા બહુ જ પાસે આવી લાગી છે. એટલા માટે આ નશ્વર દેહમાં જ્યાં સુધી પ્રાણપક્ષીનો નિવાસ છે, ત્યાં સુધી અહીં જ બેસો અને અહીંથી જવાની આશાનો ત્યાગ કરો. કારણ કે, જેવી રીતે એક સરદારની સ્ત્રી પોતાના પતિ, પુત્ર, અને દાસી એ સર્વને સાથે લઇને જ મરણના માર્ગમાં ગઇ હતી, તેવી રીતે હું પણ તમને સાથે રાખીને જ મરવાની છું; તમારા જેવા સહચારી વિના નરકના ભયંકર માર્ગનો પ્રવાસ હું એકલી જ કરી શકું તેમ નથી." તે સુંદરીએ વિકટ સ્મિત કરીને કહ્યું.

કોઈ રીતે રાત વીતી જાય અને સૂર્યોદય થાય એવા હેતુથી મેં કહ્યું કે;—"તે સ્ત્રી પોતાના પતિ, પુત્ર, જાર અને દાસી આદિ સર્વને સાથે લઇને કેવી રીતે મરણ પામી હતી, તે કથાભાગ જો અડચણ ન હોય, તો કૃપા કરીને મને સંભળાવશો ?"

મારી પ્રાર્થનાને માન્ય કરીને તે સુંદરી તે સ્ત્રીની કથા વર્ણવતી કહેવા લાગી કે;—

## મદિરાક્ષીની વાર્તા

ડાકટર સાહેબ! પ્રતિષ્ઠાનપુર નામક નગરમાં પૂર્વે એક સરદાર રહેતો હતો. તેનાં માતાપિતાનો સ્વર્ગવાસ થયા પછી તેણે કેટલાક દિવસ સુધી ગૃહમાં જ બેસીને જે પોતાની વડિલોપાર્જિત સંપત્તિ હતી તે નાના પ્રકારના આનંદવિલાસમાં ખર્ચીને પૂરી કરી નાખી. એ પછી તેના મનમાં એવો વિચાર આવ્યો કે, 'આ તારુણ્યમાં હું વિષયલંપટ થઇને આમનો આમ બેસી રહીશ, તો વૃદ્ધાવસ્થામાં અન્નવસ્ત્રની મહા વ્યથા ભોગવવી પડશે; એટલા માટે અત્યારે શરીરમાં સામર્થ્ય છે તેવામાં જ દ્રવ્યોપાર્જનનો પ્રયત્ન કરવો જોઇએ.' આવો

વિચાર કરીને તેણે પોતાની પત્ની તથા દાસીને કહ્યું કે;–'હું વ્યવસાય માટે કોઇ અન્ય સ્થાનમાં જાઉં છું, એટલા માટે આપણા બાળકની તમો બન્ને મળીને સંભાળ રાખજો. હું ધન મેળવીને બનતાં લગી સત્વર જ પાછો આવીશ.' આમ કહીને તે ત્યાંથી અન્યત્ર જવાને ચાલ્યો ગયો.

તેની સ્ત્રી મદિરાક્ષી મહા સુંદર અને તરુણ હોવાથી પતિના પ્રયાણ પછી એક પંજાબી સૈનિક સાથે તેણે પ્રેમસંબંધ કર્યો. પંજાબી સૈનિક પણ સુંદર, તરુણ અને બળવાન્ હોવાથી દિવસે દિવસે બન્નેનો પરસ્પર પ્રેમ વધતો ગયો અને બન્ને વિષય-લંપટતાનાં જળમાં વધારે અને વધારે ઊંડાં ઊતરતાં ગયાં. એક દિવસ તેની દાસી નદીએ કપડાં ધોવાને ગઇ હતી અને તેનો દીકરો બહાર રમવાને ગયો હતો, એટલે એ પ્રસંગને સાધી મદિરાક્ષી પોતાના પંજાબી યારને ઘરમાં લઇ આવી. એટલામાં અકસ્માત્ તેનો પુત્ર ઘરમાં આવી લાગ્યો અને પોતાની માતાને પરપુરુષ સાથે એક પલંગ પર જોઇને કહેવા લાગ્યો કે;–"મા! આજકાલ આ કોણ નવીન પુરુષ આપણા ઘરમાં આવે છે અને આજે તું એની સાથે નિમગ્ન થઇ છે તેનું શું કારણ વારુ? મેં સાંભળ્યું છે કે, આ નિંદ્ય કર્મ ઘણાકોના પ્રાણ લે છે અને પ્રતિષ્ઠાની સર્વથા હાનિ કરી નાખે છે. એટલા માટે મારા પિતાશ્રી જ્યારે પાછા ઘેર પધારશે, તે વેળાએ તેમને હું આ સર્વ વૃત્તાંત કહી સંભળાવીશ અને તમો બન્નેને યોગ્ય શિક્ષા કરાવીશ." પુત્રના મુખમાંનાં આ વાક્યો સાંભળી હૃદયમાં અત્યંત ભયભીત થઇને મદિરાક્ષીએ પોતાના જારને ઇશારાથી સૂચવી દીધું કે;–'હવે વિલંબ ન કરતાં આના પ્રાણનો નાશ કરી નાખો, નહિ તો આ બધો ભંડો ફોડી નાખશે અને તે આપણુ બન્નેના પ્રાણ લઇ લેશે!' આટલું કહીને જ તે અટકી નહિ, પણ તત્કાળ તેણે એક ખંજર લાવીને પોતાના જારના હાથમાં આપ્યું, અને પુત્રને ભૂમિપર પછાડીને કહ્યું કે;–"આ આપણો બાપ થવા આવ્યો છે, માટે હવે મનમાં લેશમાત્ર પણ દયા ન લાવતાં આનો વધ કરી નાખો, નહિ તો

એ આપણા બન્નેના નાશનો હેતુ થઈ પડશે!" માતાનો આવો રંગ જોઇને તે પુત્ર અત્યંત ભયભીત થઇ હાથ જોડીને માતાને પ્રાર્થના કરવા લાગ્યો કે;–"માતા! મારૂં મરણ ન નીપજાવો. તમો બન્ને હમેશાં ગમે તેમ વર્ત્યા કરો, તો તે માટે મારી ના નથી. હું પ્રાણ જતાં પણ આ વાત મારા પિતાને કહીશ નહિ. વળી હું તને કાશીની યાત્રાએ લઇ જઇશ અને સદાસર્વદા તારી જ આજ્ઞાનું પાલન કરીશ." આવી રીતે તેણે અનેક પ્રકારે માતાની પ્રાર્થના અને આર્જવતા કરી, પણ તેનું તે કામાંધ અને નિર્દય નારીના હૃદયમાં કશું પણ પરિણામ થયું નહિ. તે દુષ્ટાએ રાક્ષસીનો અવતાર ધારીને તે ક્ષણે જ પોતાના હાથે જ પોતાના પુત્રનું ગળું કાપી નાખ્યું. અદ્યાપિ દિવસ હોવાથી પુત્રના શબને તેણે ઢોર માટે જે નીચેના એક ઓરડામાં ઘાસ અને બળતણ વગેરે વસ્તુઓ રાખવામાં આવતી હતી તે ઓરડામાં રાખી દીધું. એ પછી થોડીવારમાં જ દાસી કપડાં ધોઇને ઘેર આવી પહોંચી અને તેણે છોકરાને ન જોઇને શેઠાણીને પૂછ્યું કે;–"આપણો બાબૂ કયાં ગયો વારૂ?" શેઠાણીએ આંખો ફેરવીને જવાબ આપ્યો કે;–"હમણાં જ મારી માનું માણસ આવ્યું હતું તે તેને મોશાળમાં લઇ ગયું–બે ચાર દિવસ રહીને તે પાછો આવશે!" શેઠાણીનું આ ઉત્તર સત્ય ન ભાસવાથી દાસી બાબૂને આમતેમ શોધવા લાગી, એટલામાં ગાય આવી અને તેને માટે ઘાસનો પૂળો કાઢવા તે ઓરડામાં જતાં ત્યાં બાબૂનું મડદું પડેલું તેના જોવામાં આવ્યું. હૃદયમાં અત્યંત શોક થવાથી તે શબને આલિંગન આપીને દાસી મોટા સ્વરે વિલાપ કરવા લાગી, અને બોલી કે;–"જો શેઠ આવશે, તો આનો શો જવાબ આપીશ?" દાસીનો રોદનધ્વનિ સાંભળી મદિરાક્ષી ત્યાં આવી અને તેણે દાસીને શબને ખોળામાં રાખી વિલાપ કરતી બેઠેલી જોઇ. તત્કાળ તેણે પોતાના જારને બોલાવ્યો અને કહ્યું કે;–"અત્યારે અને આ ક્ષણે જ આ દાસીનો પણ જીવ લેવો જ જોઇએ; કારણ કે, એ જીવશે, તો આ વાતની હોહા કરીને આપણ બન્નેનો જીવ લઇ લેશે." આ વાત

સાંભળતાં જ તે પાપી જારે તે ભલી દાસીની છાતીમાં તત્કાળ ખંજર ભોંકીને તેના પ્રાણનો પણ ભોગ લીધો. તે બન્નેનાં મડદાંને ત્યાં જ પડતાં મૂકીને પાછાં તેઓ યથેચ્છ વર્તન કરવા લાગ્યાં.

ભાવિનો પ્રતિકાર કદાપિ થઇ શકતો નથી, એ નિયમાનુસાર મદિરાક્ષીનો સ્વામી પણ એ જ વેળાએ અચાનક ગ્રામાંતરથી ઘેર આવી પહોંચ્યો. તેણે આવતાંની સાથે જ પોતાની પત્નીને પૂછ્યું કે;–"આપણો બાબૂ કયાં છે વારૂ ?" એના જવાબમાં દુષ્ટ દારાએ જણાવ્યું કે;–"દાસી તેને લઇને મારી માને ઘેર ગઇ છે; અને તેઓ ચાર છ દિવસ પછી આવવાનાં છે!' પિતાનો પુત્રમાં અતિશય પ્રેમ હોવાથી અને પુત્રને જોવાની તેની ઇચ્છા બળવતી થએલી હોવાથી તેણે પોતાનાં સાસરિયાંના ગામ ભણી તેને લાવવા માટે કાસદને મોકલવાની તૈયારી કરવા માંડી. આવી સ્થિતિ જોઇને સ્ત્રી કહેવા લાગી કે;–"હવે એ ચાર દિવસમાં શું ખાટું મોળું થઇ જાય છે કે વળી કાસદ મોકલો છો ? હજી તો કાલે જ ગયો છે; જો ઊતાવળ હોય તો બે દિવસ પછી બોલાવી લેજો. અત્યારે જ પાછો બોલાવીશું, તો મારાં પીયરિયાંને ખોટું લાગશે." સરદારને પણ પત્નીની આ વાર્ત્તા યોગ્ય લાગવાથી તે શાંત થઇને બેસી રહ્યો. ત્યાર પછી રાત્રિના સમયે તે સ્ત્રીએ વિચાર કર્યો કે;–"જો આજની રાતમાં જ આ પીટયા ધણીનું કાસળ નહિ નીકળે, તો આવતી કાલે મોટો ગજબ થઇ જશે." આવી ધારણાથી તેણે નાના પ્રકારનાં ભોજન તૈયાર કરીને તેમાં પ્રાણહારક વિષ મેળવી દીધું અને સ્વામીને પોતાના હાથે સ્નાન આદિ કરાવીને જમવા માટે બેસાડયો. વિષ એવું તો પ્રબળ હતું કે, તે સરદાર અડધો જમ્યો એટલામાં તો તેના મુખમાં શુષ્કતા થતાં તેનો જીવ મુંઝાવા લાગ્યો અને તેથી પીવાનું પાણી તેણે માગ્યું. 'પાણીનો છાંટો પણ ઘરમાં નથી' એમ કહી ગાગર લઇને તે જારિણી પાણી ભરવાને કૂવા પર ચાલી ગઇ. પાછળ તે બિચારા સરદારને અત્યંત પીડા થવાથી 'વખતે નીચે ગાય માટે પાણી ભરી રાખ્યું હશે તેમાંથી થોડુંક પાણી

પીને શાંત થઇશ.' એવી આશાથી તે હાથમાં દીવો લઇને ધાબાવાળા ઓરડામાં ગયો, તો ત્યાં તેણે દાસી અને પુત્ર બન્નેનાં મૃત શરીરોને પડેલાં જોયાં. પુત્રના શબને આલિંગન આપી 'મારો બાબૂ, મારો બાબૂ !' એ પ્રમાણે આક્રોશ કરી તેણે પણ ત્યાંજ થોડા વખતમાં પોતાના પ્રાણ ત્યાગી દીધા ! મદિરાક્ષી આખી રાત પોતાના જાર સાથેના વિલાસમાં વીતાડીને પ્રાતઃકાળે ઘરમાં આવી અને જોયું તો પોતાના કરેલા વિષપ્રયોગના પ્રતાપથી પુત્ર અને દાસી પ્રમાણે તે પણ યમધામના માર્ગનો પ્રવાસી થઇ ચૂકયો હતો. તેના આનંદનો અવધિ થયો.

ત્યાર પછી ખંજરથી પોતાના પતિનું ગળું કાપીને તે પાપિની મોટા સાદે રડી રડીને પોકાર કરવા લાગી કે;–"દોડો રે દોડો–આ પીટયા ચોરોએ અમારૂં તો સત્યાનાશ કાઢી નાખ્યું–બાપલિયારે–નખ્ખોદ વાળી નાખ્યું !" આ પોકાર સાંભળીને પાડોશીઓ અને આસપાસના બીજા લોકો ત્યાં એકઠા થઇ ગયા અને તેઓ અનેક પ્રકારે તેના મનનું સાંત્વન કરવા લાગ્યા. તે રંડાએ કોઇનું કાંઇ પણ ન સાંભળતાં પોતાના અત્યંત દુષ્ટ કર્મને છુપાવવા માટે પતિના શબ સાથે બળીને સહગમન કરવાની તૈયારી કરવા માંડી, અને પોતે પુરુષનો પોશાક પહેરી પોતાના સ્વામીના અશ્વ પર બેસીને વાજતેગાજતે સ્મશાનમાં જઇ પહોંચી. એ વેળાએ એ તમાશાને જોવા માટે નગરમાંનાં નાનાં મોટાં બધાં માણસો આવીને એકઠાં થયાં હતાં. એ લોકોના સમુદાયમાં તેનો જાર પણ હતો. તેને પોતા પાસે બોલાવીને તે સ્ત્રીએ કહ્યું કે;–"આ ચાર મનુષ્યોનો નાશ કેવળ તારા કારણથી જ થયો છે, એટલા માટે હવે મને છેવટનો એકવાર ભેટી લે." તે જાર તેની પાસે ગયો એટલે તત્કાળ તેણે તેને સળગેલી ચિતામાં ખેંચી લીધો અને એવી રીતે પાંચ મનુષ્યોનો એક સાથે અંત આવી ગયો.

ડાક્ટર સાહેબ ! આ કથાનો સારાંશ એટલો જ છે કે, જેવી રીતે એ મદિરાક્ષીએ વિજયસંપટના અને પ્રાંતકા માટે બીજા ચાર

મનુષ્યોને લઇને પોતાના પ્રાણનો ત્યાગ કર્યો હતો, તે પ્રમાણે જ હું પણ અમુક મનુષ્યોને સાથે લઇને જ મરવાની છું. તમે મારા હાથમાં આવો, એટલા માટે મેં ઘણા કાળનો અને દ્રવ્યનો ભોગ આપીને અનેક યત્ન કર્યા અને છેવટે તમે મારા હાથમાં આવ્યા તો ખરા, પણ આ દુષ્ટ આચરણથી બહુધા મારી પ્રતિષ્ઠાનો નાશ તો થઇ જ ચૂક્યો. હવે આ વાર્ત્તા મારા પતિના કાને જતાં મારા પ્રાણનો નાશ થશે, એમાં તો સંશય નથી જ. અર્થાત્ કદાચિત્ આ ગૃહને ત્યાગી તમારી સાથે ન્હાસી જવાથી કદાચિત્ પ્રાણ બચે, એવી આશાથી મેં તમને એ પ્રાર્થના કરી; પણ તમે તો કાંઇ માનતા જ નથી; એથી હવે ફજેતો કરાવીને પતિના હાથે મરવું તેના કરતાં અત્યારે તમને સાથે લઇને મરી જવું, એ મારા વિચાર પ્રમાણે વધારે સારૂં છે. કારણ કે, આવી રીતે મરવાથી પાછળ લોકો એટલું તો જરૂર બોલશે જ કે, "રાંડ મરી તો ગઇ, પણ ધગડાને સાથે લઇને મુઇ!" કારણ કે, પુરુષો માત્ર ગરજના સાથી અને પ્રેમરસ ચાખી નિર્દયતાથી પરનારીનો નાશ કરનારા જ હોય છે.

હે અનંગભદ્રા! તેની આ વાણી સાંભળીને હું કહેવા લાગ્યો કે, "સુંદરી! તેં જેવી રીતે મને આ મદિરાક્ષીની કથા કહી સંભળાવી, તેવી જ એક કથા હું પણ તને કહી સંભળાવું છું, તે સાંભળીને પછી તારે જે કાંઇ કરવું હોય તે ખુશીથી કરજે." એના ઉત્તરમાં તે બોલી કે:—"પ્રાતઃકાળ સુધીનો સમય આપણો છે, માટે ત્યાં સુધીમાં જે કાંઇ પણ કહેવું હોય તે આનંદથી કહો." એ ઉત્તર સાંભળી હું તેને નીચેની કથા સંભળાવવા લાગ્યો:—

## રાજકુમાર રક્તસેનની કથા

સુંદરી! પૂર્વે કાશ્મીર દેશમાં સંજયસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને એક પુત્રનો ઇશ્વરકૃપાથી લાભ થયો અને તેનું રક્તસેન નામ રાખી રાજાએ મોટો ઉત્સવ કર્યો. ત્યાર પછી જેમ જેમ તે રાજકુમાર વયમાં મોટો થતો ગયો, તેમ તેમ અનુક્રમે સર્વ

વિદ્યાકળામાં પણ નિપુણ થવા લાગ્યો. વયમાં આવ્યા પછી એકવાર રાજકુમારના મનમાં એવો વિચાર આવ્યો કે;–"જ્યાં સુધી મારા પિતાજી હયાત છે અને રાજ્ય તથા સ્ત્રી સંતાન આદિને સંભાળવાનો ભાર મારા માથા પર નથી આવી પડયો, ત્યાં સુધીમાં પ્રવાસ કરીને સર્વ દેશો જોઇ આવીએ તો સારૂં. નહિ તો આ બધો ભાર માથા પર આવી પડયા પછી આ મનની આશા મનમાં જ રહી જશે." એ પછી પોતાનો એ વિચાર પિતાને જણાવીને તેણે તેની પાસેથી પ્રવાસમાં જવાની આજ્ઞા માગી. પિતાને એ એક જ પુત્ર હોવાથી તેની એવી આજ્ઞા આપવાની હિંમત ચાલી નહિ; પણ પુત્રનો અત્યંત હઠ જોઇને છેવટે સાથે બહુ દ્રવ્ય અને મોટી ફોજ આપીને તેણે રાજકુમારને પ્રવાસ કરવાની આજ્ઞા આપી. એ વેળાએ રાજકુમારે કહ્યું કે;–"પિતાજી! જો આ સેના આદિ સાથે હશે, તો મારાથી સત્વર આવી શકાશે નહિ, માટે મને એકલા જવાની જ અનુમતિ આપો." રાજાએ કહ્યું કે;–"વત્સ! પ્રવાસમાં પગે ચાલવું અને પોતાના હાથે ભોજન બનાવીને ખાવું, એ તારા જેવા સુખી રાજકુમારથી બની શકવાનું નથી. જો માણસો સાથે હશે, તો તું સર્વ પ્રકારે સુખી રહીશ." રાજકુમારે નાના પ્રકારે પિતાને સમજાવી સાથે બહુ દ્રવ્ય લઇને છેવટે એકલા જ અશ્વારૂઢ થઇને પ્રવાસનો આરંભ કરી દીધો. નીકળતી વેળાએ તેણે પોતાના મનમાં વિચાર કર્યો કે,–"કદાચિત્ માર્ગમાં આ દ્રવ્ય લૂટારાઓ લૂટી જશે, તો મારે ભૂખે મરવું પડશે." એ કારણથી પોતાના રાજકોષમાં જૂના વખતના પૂર્વજોના બે મહામૂલ્યવાન્ લાલ હતા, તે તેણે પોતાની સાથે લઇ લીધા અને તે લુટારાઓના હાથમાં ન જાય એટલા માટે પોતાની બન્ને જંઘાઓને ચીરી તેમાં તેણે તે લાલોને છુપાવી રાખ્યા અને ચામડીને શીવી લઇ મલમથી ઘાને રૂઝાવીને તે પ્રવાસ માટે નીકળી પડયો.

રાજકુમાર પ્રવાસ કરતો અનેક દેશોનું અવલોકન કરતો ચાલ્યો જતો હતો એવામાં કેટલાક દિવસ પછી માર્ગમાં રાજધાનીનું એક

નગર આવ્યું અને ત્યાં જઇને તે ધર્મશાળામાં ઊતર્યો. લગભગ એક પ્રહર રાત્રિ વીતી હશે તે વેળાએ એક તરુણ અને અત્યંત રૂપવતી વેશ્યા સોળ શૃંગાર સજીને પોતાના પ્રિયકરને ઘેર જતી હતી. તેના પગમાંના ઝાંઝરનો ઝમકાર રાજકુમારના કાનોમાં આવી અથડાયો અને તે સાંભળતાં જ રાજકુમાર મોહમુગ્ધ થઇ ગયો. તેને કુલીન કામિની ધારીને 'જો મને એકવાર એ સુંદરીના સમાગમનો લાભ મળે, તો અહોભાગ્ય !' એવા પ્રકારની આશાને તે હૃદયમાં ધારણ કરવા લાગ્યો. કેટલીકવાર પછી તે જ વેશ્યા તેનો પ્રિયકર ન મળવાથી પાછી પોતાનાં ઘર તરફ જતાં એ જ માર્ગમાં થઇને નીકળી. રાજકુમારે મદનાતુર થઇને સંકેતથી તેને પોતા પાસે બોલાવી અને તેના આશયને જાણી જઇને ચતુર વેશ્યા તત્કાળ આવીને તેના આસન પર બેસી ગઇ. રાજકુમારે તેનો તાંબૂલ આદિથી બહુ જ સારો સત્કાર કર્યો. તેને ચિકાસદાર અને સાથે મદનમૂર્ત્તિ જોઇને વેશ્યા કહેવા લાગી કે;– "સ્વામિન્ ! આ ધર્મશાળામાં પડીને દુ:ખ ભોગવો છો, તેના કરતાં મારૂં ઘર પાસે જ છે, ત્યાં પધારો, તો આપને સર્વ પ્રકારનાં સુખો મળી શકશે." રાજકુમાર કામાતુર થએલો જ હતો અને વળી રમણીએ પોતે આવો આગ્રહ કર્યો એટલે તે તત્કાળ અશ્વારૂઢ થઇ પોતાના સર્વ સાહિત્ય સહિત તે વેશ્યાના વિલાસમંદિરમાં ચાલ્યો ગયો.

તે બહુ દિવસ તે વેશ્યાના મંદિરમાં રહ્યો અને વેશ્યા તેને તેની ઇચ્છા પ્રમાણેનો વિષયરસ ચખાડી તેના ધનનું ધીમે ધીમે હરણ કરતી ગઇ. તેના સર્વ ધનનો વ્યય થઇ ગયો છતાં તે સાવધ ન થયો. એક દિવસ તે રાજકુમાર નગ્ન સ્નાન કરતો હતો એવામાં તેની જંઘાઓને સીવેલી જોઇને તે વેશ્યાના મનમાં વિકલ્પનો સંચાર થયો. તે રાત્રે રાજપુત્ર નિદ્રાધીન થવા પછી તે સ્થળે હાથ ફેરવીને જોતાં તે ભાગ કઠિન દેખાયા, એટલે બીજે દિવસે તે મોહિનીએ પૂછ્યું કે;– "તમારી જંઘાઓના અમુક ભાગો બહુ જ કઠિન છે તેનું શું કારણ વારૂ ?" લંપટતામાં જ્ઞાનભાનને ભૂલી ગએલા ભોળા રાજ-

કુમારે લાલ છુપાવ્યાનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, એટલે વેશ્યાએ તરત પોતાની નથમાં નાખવા માટે તેમાંના એક લાલની માગણી કરી. રાજકુમારે કહ્યું કે;–"આવતી કાલે કોઇ સારા શસ્ત્રવૈદ્યને બોલાવી આ ભાગને કપાવીને તને એક લાલ હું કાઢી આપીશ." એમ કહીને તે ભોજન કરવાને બેઠો. રાત્રે તે મહા પશ્ચાત્તાપ પામીને પોતાના મનમાં જ કહેવા લાગ્યો કે;–"હવે જો હું વેળાસર સાવધ નહિ થાઉં, તો અવશ્ય આ વેશ્યા મારા પ્રાણનો ઘાત કરી નાખશે." આવો નિશ્ચય કરી બીજે દિવસે વૈદ્યને ઘેર જવાનું નિમિત્ત કરી તે પોતાના અશ્વ પર આરૂઢ થયો અને વૈદ્યને ત્યાં જવાની તૈયારી કરવા લાગ્યો. તે મદનમોહિની વેશ્યાએ પોતાના પિતાને બોલાવીને કહ્યું કે;–"તમે છુપાઇને આ પ્રવાસીની પાછળ પાછળ જાઓ અને એ જ્યાં મુકામ કરે ત્યાંથી તે જોઇ તરત પાછા આવીને મને એના સમાચાર આપો." એમ કહી પ્રવાસના ખર્ચ માટે પૈસા આપી તેણે પોતાના પિતાને રાજકુમારની પાછળ રવાના કરી દીધો.

રાજકુમાર ત્યાંથી અશ્વને વાયુના વેગે ચલાવી કેટલાક દિવસ પછી એક બીજા દેશમાં જઇ પહોંચ્યો. ત્યાં પહોંચ્યા પછી તેણે પોતાના મનમાં વિચાર કર્યો કે;–"આ નગરના રાજાને ત્યાં થોડાક દિવસ નોકરી કરી આ દરબારની રીતભાત જોઇને વાટ ખર્ચી જેટલા પૈસા થાય એટલે પછી આગળ વધવું, એ સારૂં છે." આવો વિચાર કરી રાજાની સભામાં જઇને તેણે પ્રાર્થના કરી કે;–"મહારાજ ! હું અમુક દેશનો નિવાસી છું અને આપની કીર્ત્તિ સાંભળી આશ્રય મેળવવાની આશાથી અહીં આવ્યો છું. એટલા માટે જો આશ્રય આપશો, તો આપનો મારા પર મોટો ઉપકાર થશે !"

રાજાએ તેની આકૃતિથી તેને કુલીન વંશનો જાણીને તેની યોગ્યતા પ્રમાણેની એક પદવી આપી પોતા પાસે રાખી લીધો. મદનમોહિની વેશ્યાનો પિતા રાજકુમારના નિવાસસ્થાનને જોઇને પાછો પોતાની પુત્રી પાસે આવી લાગ્યો, અને તેણે તેને રાજકુમારનો સમસ્ત

વૃત્તાંત કહી સંભળાવ્યો. તે વેશ્યા પોતાના અનેક દાસદાસીને સાથે લઇ નાના પ્રકારના ઉત્તમ વસ્ત્રાલંકાર ધારીને તે રાજાની સભામાં ગઇ; પોતે બહાર ઊભી રહી અને પોતાના પિતાને તેણે રાજા પાસે મોકલ્યો. વેશ્યાના પિતાએ પુત્રીની શીખવણી પ્રમાણે રાજાને પ્રાર્થના કરી કે;–"મહારાજાધિરાજ! આ તમારી સ્હામે જે તરુણ બેઠો છે, તે મારો જમાઇ છે. મારી પુત્રી અત્યારે તારુણ્યમાં આવેલી છે છતાં તેને ત્યાગીને આ જૂદા જૂદા દેશોમાં રખડતો ફરે છે, અને હું વૃદ્ધ થએલો હોવાથી મારાથી મારી પુત્રીનો ખર્ચ નિભાવી શકાતો નથી. એ કારણથી આ ઠગ જમાઇનો પત્તો મેળવી એની ગૃહલક્ષ્મીને લઇને હું અહીં આવી લાગ્યો છું. તો કૃપા કરી એ પતિપત્નીનો સંપ કરાવી આપો એટલે હું સર્પના ભારાને મારા માથાપરથી ઊતારીને ઘેર ચાલ્યો જાઉં અને પ્રભુ ભજનમાં મારો કાળ વીતાડી શકું." આ તેની પ્રાર્થના સાંભળી રાજાએ તત્કાળ બે દાસીઓને મોકલી તે વેશ્યાને એક જૂદા મહાલયમાં રહેવાની વ્યવસ્થા કરી આપી અને અનુચરોને તે બાઇને જે વસ્તુ જોઇએ તે લાવી આપવાની સખ્ત તાકીદ કરી દીધી.

રાજકુમાર પોતાની પ્રતિજ્ઞાને જાળવવા માટે એક પણ શબ્દનો ઉચ્ચાર ન કરતાં મૌનને જ ધારી રહ્યો. સભા વિસર્જન થવા પછી ઘેર આવી પોતાની તે જ મનોહારિણીને જોઇને તે કાંઇક સંતુષ્ટ થયો અને તેને પૂછવા લાગ્યો કે;–"તું અહીં મારી પાછળ શા કારણથી આવી છે વારૂ?" એના ઉત્તરમાં તેણે જણાવ્યું કે;–"પ્રથમ દિવસે તમને હું ધર્મશાળામાંથી મારે ઘેર લઇ ગઇ, તે વેળાથી જ મારા મનથી મેં તમને મારા પ્રાણનાથ માની લીધા છે. તમે મારી પાસે પાછા આવવાની કબૂલાત આપ્યા છતાં વૈદ્યને ત્યાંથી બારોબાર અહીં ચાલ્યા આવ્યા તે શા માટે? શું હું તમને મારી નાખવાની હતી કે?"

રાજકુમારે મનમાં કલ્પના કરી કે;–"આ વેશ્યા હોવા છતાં બળાત્કારે મને પોતાનો પ્રાણનાથ બનાવે છે, એથી સ્પષ્ટ જણાય

છે કે, એ અવશ્ય અહીં કાંઇ પણ દગાની રમત રમવાને જ આવેલી હોવી જોઇએ. અર્થાત્ એનાથી બહુજ સંભાળીને વર્ત્તવાનું છે, નહિ તો નાશ નિકટમાં જ છે!" આવી કલ્પના થતાં તે પોતાના સેવકો સહિત બીજી મેડીપર જ રહેતો હતો અને કોઇ કોઇ વાર વેશ્યાની મેડીમાં આવતો હતો, અને તેની સાથે વિલાસ કરી પાછો પોતાના ભિન્ન શયનગૃહમાં ચાલ્યો જતો હતો. તે વેશ્યા રાજકુમારને મારીને તેની જંઘામાંના બે લાલ કાઢી લેવાનો લાગ જોયા કરતી હતી. એવી રીતે કેટલાક દિવસ વીતી ગયા. એ સમયમાં તે રાજ્યના પ્રધાનપુત્ર અને આ રાજકુમારનો પરસ્પર ગાઢ મૈત્રીસંબંધ થયો હતો. એક દિવસે રાત્રે તે બન્ને મિત્રો રાજોદ્યાનમાં ગયા અને ત્યાં રાજકુમાર વિશેષ મદિરાપાન કરવાથી ઉન્મત્ત થઇ ગયો. એટલે પ્રધાનપુત્ર ગાડીમાં નાખીને તેને તે વેશ્યાના ગૃહમાં લાવ્યો અને કહેવા લાગ્યો કે;– "બાઇ! તમારા પતિરાજ મદિરાપાનથી મદોન્મત્ત બની ગયા છે, માટે એમને શીતોપચારથી સાવધ કરો, એટલામાં ઘેરથી ભોજન કરીને હું હમણાંજ પાછો આવી પહોંચું છું." એમ કહીને પ્રધાનપુત્ર પોતાને ઘેર ચાલ્યો ગયો. વેશ્યાએ રાજકુમારને અસાવધ અવસ્થામાં જોઇ પોતાના પિતાને બોલાવીને કહ્યું કે;–"અત્યારે અને આ ક્ષણેજ ગમે તે ઉપાયે થોડુંક કાતિલ ઝેર ક્યાંકથી લાવી આપો; એટલે આપણું કામ પાર પડી જાય!" તેનો પિતા બજારમાં ગયો અને ત્યાર પછી કદાચિત્ રાજકુમાર સાવધ થઇને છટકી જશે તો ઇચ્છા ફળીભૂત નહિ થાય એમ ધારીને જે પલંગપર રાજકુમાર પડ્યો હતો તે પલંગ સાથે મજબૂત દોરડાથી તેણે તેને જકડી લીધો. રાજકુમાર થોડી વારમાં જ સાવધ થયો અને જોયું તો મિત્ર પાસે નથી, અને વેશ્યાએ એવો સજ્જડ બાંધી લીધો છે કે છૂટવાનો ઉપાય નથી, એવી પોતાની નિરાધાર અવસ્થા તેના જોવામાં આવી. મનમાં અત્યંત ખેદ પામીને પોતાના પ્રાણને બચાવવા માટે તે વેશ્યાની અનેક પ્રકારે પ્રાર્થના કરવા લાગ્યો, પરંતુ તે વજ્રહૃદયની વેશ્યાના મનમાં દયાનો ઉદ્ભવ

ન થયો. એટલામાં તેનો પિતા બજારમાંથી ઝેર લઇને આવી પહોંચ્યો. તેને વેશ્યાએ કહ્યું કે;–"પિતાજી ! આ સાવધ થઇ ગયો છે, એટલે વિષપાન તો નહિ જ કરે; એટલા માટે વેગથી ચાલનારા બે ઘોડા તૈયાર કરીને લાવો; કારણ કે, કોઇ પણ પ્રયત્ને આના પ્રાણનો નાશ કરી આપણું કાર્ય સાધીને આપણે એ ઘોડાપર બેસી અહીંથી પલાયન કરી જઇશું !" તેની આ વાણી સાંભળી રાજકુમાર અત્યંત દીનતા-દર્શક સ્વરથી કહેવા લાગ્યો કે:–"સુંદરી ! તું મને જીવતો રહેવા દે એટલે તને જે વસ્તુની ઇચ્છા છે તે આપીને હું તારો મનોરથ પૂર્ણ કરવાને તૈયાર છું." પરંતુ તે દુષ્ટ સ્ત્રી તેનું કાંઇ પણ ન સાંભળતાં મ્યાનમાંથી તલ્વાર કાઢીને તેનું ગળું કાપવાને તત્પર થઇ ગઇ. તે વેળાએ પુન: તે રાજકુમાર તેની પ્રાર્થના કરતો કહેવા લાગ્યો કે:–"હે રમણી ! અત્યારે જો તું મને જીવનદાન આપે, તો હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, હું તારૂં પાણિગ્રહણ કરીને તને મારી રાણી બનાવીશ અને તારી સર્વ ઇચ્છાઓ પૂર્ણ કરીશ. મને મારવાથી તને જે કાંઇ મળવાનું છે તે માત્ર એક જ વાર મળશે, પણ મને જીવતો રાખવાથી એવા અનેક વૈભવોને તું મરતાં સુધી ભોગવીશ. બકરીને કાપીને તેનું માંસ ખાવાથી માત્ર એકજ વાર તૃપ્તિ થાય છે અને તેના દૂધનું સેવન કરવાથી જન્મારો નીકળી જાય છે, એ તત્ત્વ તો તારા જાણવામાં હોવું જ જોઇએ. વળી મને મારવાથી તારા પોતાના પ્રાણની હાનિનો સંભવ છે, એનો પણ તારે વિચાર કરવાનો છે; કારણ કે, હજી રાત ઘણી બાકી છે. એટલે ગામના દરવાજા ઊઘડયા વિના તને કોઇ બહાર જવા દેશે નહિ અને તેટલામાં મારો કોઇ મિત્ર આવી લાગશે, તો તને પકડીને મારી નાખશે, એટલા માટે મને ન મારતાં દરવાજા ઊઘડવાનો વખત થાય ત્યાંસુધી મનને સ્થિર કરીને પેલા બાજઠ-પર બેસ અને હું જે એક કથા સંભળાવું તે સાંભળીને મનમાં કાંઇ દયા આવે, તો મને જીવનદાન આપજે અને નહિ તો જતી વેળાએ મારા ગળા પર તલ્વાર ફેરવીને ચાલી જજે.' વેશ્યાને પણ તેની આ

વાર્ત્તા વિચારાંતે યોગ્ય જણાયાથી તે કહેવા લાગી કે;–"વારૂ ત્યારે ઊતાવળથી તારી કથા કહી સંભળાવ," એમ કહી હાથમાં નગ્ન અસિ લઇને તે બાજઠ પર બેસી ગઇ, અને રાજકુમારે નિમ્ન લિખિત કથાનો આરંભ કરી દીધો;–

## વિવરસ્થ વનિતાની વાર્ત્તા

પૂર્વે અવંતી નામક નગરીમાં મત્સ્યેન્દ્ર નામનો એક શાહુકાર રહેતો હતો. તેનો ગોપીનાથ નામનો સેવક વયમાં તરુણ અને સ્વરૂપે અતિશય સુંદર હતો. તેનો મત્સ્યેન્દ્રના વ્યાપારમાં ભાગ હોઇને તે લોકોની હુંડી પત્રીઓ સ્વીકારતો હતો. તેની પાસે બહુ સંપત્તિ થવાથી તેના મનમાં પરણવાનો વિચાર સ્ફુરી આવ્યો, પરંતુ પ્રમદાઓ પાપિની અને વ્યભિચારિણી હોય છે, એવો તેનો નિશ્ચય થએલો હોવાથી પ્રથમ યોગ્ય પરીક્ષા કરી જો કોઈ સારી સ્ત્રી મળે તો જ તેની સાથે લગ્ન કરવું અથવા તો સ્ત્રીને એવા સ્થાનમાં રાખવી કે જ્યાં તેને પર પુરુષનું દર્શન જ ન થઇ શકે. આવા વિચારથી તે ગૃહસ્થે એક પર્વતના વિવરમાં ગૃહ ચણાવીને તેમાં અન્નોદક આદિની વ્યવસ્થા કરી રાખી. ત્યાર પછી કાશીમાં જઇને માત્ર એક વર્ષના વયની એક કન્યા સાથે લગ્ન કરી તેને તે વિવરસ્થ ગૃહમાં લઇ આવ્યો અને ત્યાં તેના રક્ષણ માટે બે દાસીઓ અને દૂધ પાવા માટે ધાવ મળીને ત્રણ સ્ત્રીઓને રાખી. કેટલાંક વર્ષ પછી તે કન્યા તારુણ્યમાં આવ્યા પછી ગોપીનાથ ત્યાં નિત્ય જઇને તે સ્ત્રીના યૌવનનો ઉપભોગ લેતો હતો. એકવાર તે વ્યાપારના કાર્ય માટે કોઇ દૂરના દેશમાં ગયો હતો, અને એક દિવસ તેની પત્ની મુક્ત વાયુનો સ્વાદ લેવા માટે વિવરમાંથી બહાર આવી હતી. એટલામાં એક સરદાર પુત્ર શિકાર કરતો તે સ્થળે આવી લાગ્યો અને તેના સૌન્દર્ય તથા તારુણ્યને જોઇને તેનામાં લુબ્ધ થઇ ગયો. તે વનિતા તે તરુણને પોતાના વિવરમાંના મંદિરમાં લઇ આવી. ત્યાં તેની સાથે ભોગ વિલાસ કરી તે પર્વતમાં પાછળના ભાગમાં બીજે માર્ગ કરી ત્યાંથી તેણે તેને વિદાય કરી દીધો. ત્યાર

પછી તે સરદારપુત્ર નિત્ય તે માર્ગેથી આવીને તેની સાથે રંગ ભોગ કરતો હતો અને તેથી વખત જતાં તેમનો પરસ્પર અત્યંત ગાઢ પ્રેમ બંધાઇ ગયો.

એક દિવસે તે સરદાર પુત્ર સાથે તે સ્ત્રીએ એવી સલાહ કરી કે;–"મારા ધણીને જીવથી મારી નાખીએ અને પછી આપણે નિર્ભયતાથી મદનના ઉદ્યાનમાં વિહાર કરીએ. જો આમ નહિ કરીએ અને આપણાં આ ગુપ્ત વ્યભિચારની વાત જો મારા ધણીના જાણવામાં આવશે, તો તે આપણ બન્નેને અવશ્ય મારી નાખશે." તેની આ ઇચ્છા જાણીને સરદાર પુત્રે કહ્યું કે; "ના હવે આવા વિચાર માત્રને પણ મનમાં લાવીશ નહિ. જે પતિએ આજ અનેક પ્રકારે તારૂં પાલન પોષણ કર્યું છે, તેને તું મારી નાખવા ઇચ્છે છે, એ તારી કૃતિ યોગ્ય નથી. આ નિંદ્ય કર્મ સર્વથા ત્યાજ્ય છે." એવી રીતે તેણે બહુબહુ બોધ આપ્યો, પણ તેને ધ્યાનમાં ન લઇને એક દિવસ પોતાના પતિને નિદ્રાધીન અવસ્થામાં અને અસાવધ જોઇ પોતાના જારને પકડીને તે ત્યાં લઇ આવી અને મ્યાનમાંથી તલ્વાર કાઢી તેના હાથમાં આપીને કહેવા લાગી કે;" લે તલ્વાર અને કરી નાખ ઠાર !"-અચાનક મનમાં ઇશ્વરનો ભય થવાથી મૂર્છાગત થઇ સરદારપુત્ર ધરણીપર ઢળી પડયો. કેટલીકવાર પછી સાવધ થઇને તે બોલ્યો; કે "સુંદરી ! આ પાપાચાર મારાથી થવાનો નથી !"

જારને ભયભીત થયેલો જોઇ તે નાગિનીએ તલ્વારને પોતાના હાથમાં લઇ એક જ વારથી પતિના શરીરના બે કટકા કરી નાખ્યા. તેની આવી ક્રૂરતાને પ્રત્યક્ષ નિહાળી તે સરદારપુત્ર કહેવા લાગ્યો કે, "આ પુરુષે અત્યાર સુધીમાં તારૂં લેશમાત્ર પણ અહિત કર્યું નથી. તારા માટે એ પોતાના કુટુંબ અને સર્વ મિત્રોને ત્યાગી આ અરણ્યમાં આવીને રહ્યો, અનેક કષ્ટો સહન કર્યાં અને તારા લાડકોડ પૂર્યાં; પણ છેવટે તેં જ પોતાને હાથે એ બિચારાના પ્રાણ લીધા. આની આવી અવસ્થા થઇ, અને મેં તો તારૂં કશું પણ કલ્યાણ કર્યું

નથી, તો પછી મારી તારા હાથે કોણ જાણે ભવિષ્યમાં કેવી અવસ્થા થાય, એની અત્યારે કલ્પના પણ કરી શકાતી નથી. આપણા તને આજથી છેલ્લા રામ રામ છે !" એમ બોલી અત્યંત ભયભીત થઇને તે સરદાર-પુત્ર ત્યાંથી પોતાને ઘેર જવા માટે પલાયન કરી ગયો. મરણ પતિનું થવાથી અને જાર છોડીને ચાલ્યો જવાથી તે સ્ત્રી ચિંતા અને પશ્ચાત્તાપથી ઝૂરવા લાગી અને બુદ્ધિમાં એક પ્રકારનો ભ્રમ થતાં ઉન્માદિની થઇને કેટલોક બકવાદ પણ કરવા લાગી. અરણ્યમાં પતિના મરણ પછીથી અન્ન અને જળ આદિનો ત્રાસ થતાં તે કોઇ ગામમાં જવા માટે ત્યાંથી નીકળી એટલામાં રસ્તામાં એક હડકાયું શિયાળવું તેને કરડ્યું અને તેથી વધારે ગાંડી થઇને તે નાગી જ જંગલમાં ભટકવા લાગી. તે આવી અવસ્થામાં જંગલમાં ભટકતી હતી એવામાં એક દિવસે અવંતી નગરીનો રાજકુમાર ત્યાં મૃગયા માટે આવી લાગ્યો અને તે તેની સુંદરતાથી મુગ્ધ થઇ તેને પોતાના મહાલયમાં લઇ આવ્યો. ત્યાં હડકવા લાગૂ પડવાથી તે સ્ત્રીએ ઘણાકોને બટકાં ભર્યાં અને તેથી કેટલાંક માણસો મરી ગયાં. છેવટે રાજકુમારે તેને મારાઓના હાથમાં સોંપી ગામ બહાર મોકલીને તેનો શિરચ્છેદ કરાવી નાખ્યો.

અનંગભદ્રા! જોયું-કોઇ મનુષ્ય એ દુષ્ટ સ્ત્રી પાસેથી પાપનો બદલો ન લઇ શક્યો, તો છેવટે ઇશ્વરે પોતે જ ચમત્કારિક રીતે તેનો નાશ કરી નાખ્યો. એવી રીતે જ્યાં સુધી પાપનો ઘડો ભરાય છે, ત્યાં સુધી પાપીઓ મોજમઝા કર્યા કરે છે અને જ્યારે તે ઘડો કાંઠા સુધી ભરાઇ જાય છે, એટલે પરમાત્મા તત્કાળ તેને ફોડી નાખે છે.

આ વાર્ત્તા સંભળાવીને રક્તસેન તે વેશ્યાને કહેવા લાગ્યો કે;-"હે રમણી! જો તું માત્ર પોતાના સ્વાર્થનો જ વિચાર કરી મને મારી નાખીશ, તો રાજા એ ખૂનનો બદલો તારી પાસેથી લેશે. અને ત્યાંથી ધાર કે, તું છૂટીશ, તો પણ પરમેશ્વરના હાથમાંથી તો તારો છૂટકો થવાનો નથી જ. એટલા માટે મારો ઘાત કરવો, એ કૃત્ય તારા માટે કલ્યાણકારક નથી. આ મનુષ્યાવતાર જેવો સુખપૂર્ણ

અવતાર બીજો કોઇ પણ નથી, એટલા માટે તને જે વસ્તુ જોઇએ છે તે લે અને મને જીવતો રહેવા દે !" તેનાં આ વાક્યો સાંભળીને મદનમોહિની વેશ્યા કહેવા લાગી કે;-"તમને મારી નાખવાની મારી ખાસ ઇચ્છા નથી; પણ જો તમને જીવતા રાખીશ, તો તમે મારી ખરાબી કરી નાખશો, એમાં તો સંશય છેજ નહિ અને એટલા માટે તમારા પ્રાણ મારે અવશ્ય લેવા જ જોઇએ." એના ઉત્તરમાં રાજકુમારે જણાવ્યું કે;-"પ્રમદે ! આ કુકલ્પનાને હૃદયમાં સ્થાન આપતી જ નહિ; કારણ કે, સ્ત્રીહત્યા મહા પાપ છે એટલે હું તને મારવાનો નથી; છતાં તને મારા વચનમાં વિશ્વાસ ન આવતો હોય, તો મારી પાસેથી વચન લે; કારણ કે, ક્ષત્રિયો પ્રાણ જતાં પણ વચનનો ભંગ નથી કરતા, એ તો તું સારી રીતે જાણેજ છે. આટઆટલી પ્રાર્થના કરવા છતાં, જો તું મને મારી નાખીશ, તો શેઠ ધર્મકાન્તની પત્નીને જેવો અસહ્ય પશ્ચાત્તાપ થયો હતો, તેવો જ પશ્ચાત્તાપ તને પણ થશે અને તે વેળાએ પોતાનું જીવન પણ તને અકારૂં થઇ પડશે.' એમ કહીને રક્તસેને ધર્મકાન્ત શેઠની પત્ની વારુણીની કથાનો નીચે પ્રમાણે વિસ્તાર કર્યો;—

## વ્યભિચારિણી વારુણીની વાર્તા

પૂર્વે રત્નાવતી નગરીમાં ધર્મકાન્ત નામનો એક ધનાઢ્ય વ્યાપારી વસતો હતો. તેની વારુણી નામની સ્ત્રી અત્યંત વ્યભિચારિણી હોવાથી તેને સંતતિ થતી ન હોતી. તેના પતિએ અગણિત દ્રવ્ય ખર્ચીને તીર્થયાત્રા આદિ કરી, પણ તેનું કાંઇ પણ ફળ ન મળવાથી અંતે નિરાશ થઇને બેસી રહ્યો. ત્યારપછી એક દિવસ વારુણી પોતાના પતિને કહેવા લાગી કે:-"અહીંથી બાર ગાઉ ઉપરના પર્વત પર જગદંબા દેવીનું મંદિર છે, તેની માનતા માનવાથી અને તેને નૈવેદ્ય ચઢાવવાથી સંતતિ અવશ્ય થાય છે, એવો ઘણાકોને અનુભવ મળ્યો છે. એટલા માટે મારો એવો વિચાર છે કે, આપણે પણ ત્યાં જઇએ અને દેવીને નૈવેદ્ય ચઢાવી સંતાનસુખ મેળવીએ." પોતાના પતિને

એવી ભુલથાપ આપી ઘરમાંનાં મૂલ્યવાન્ રત્નો, અને સુવર્ણાલંકાર ઇત્યાદિ પોતાના જારના હાથમાં સોંપી માર્ગમાં ક્યાંય પણ લાગ જોઇને પતિને પરલોકમાં પહોંચાડી દેવાનો તેણે સંકેત કર્યો અને પોતાના તે દુષ્ટ હેતુને પાર પાડવા માટે તે પતિને આડી વાટોમાંથી લઇ ચાલી. અડધો માર્ગ કપાયો ત્યાં સૂર્યનો અસ્ત થયો અને તેવામાં વળી તે સ્ત્રીએ એવો ઢોંગ કર્યો કે;-"મારા પગમાં જબરો કાંટો પેસી ગયો છે એટલે મારાથી એક ડગલું પણ આગળ ચાલી શકાય તેમ નથી!' પતિ તેને ખભે બેસાડીને ધીમે ધીમે ચાલવા લાગ્યો. એવામાં લગભગ દોઢ પ્રહર જેટલી રાત થવા આવી. તે વેળાએ તે સ્ત્રીએ કહ્યું કે;-"મને બહુ જ તરસ લાગી છે, મારા પ્રાણ નીકળી જાય છે, માટે ગમે ત્યાંથી પાણી લાવો અને મને પીવડાવો!' માર્ગથી જરાક દૂર એક કૂવો હતો ત્યાં ધર્મકાન્ત પોતાની પત્ની સહિત ગયો અને દોરી લોટો સાથે હોવાથી કૂવામાંથી પાણી કાઢીને પ્રથમ તેણે તે સ્ત્રીને પીવા માટે આપ્યું. ત્યાર પછી તે સ્ત્રી આમતેમની કેટલીક વાતો કરીને વખત વીતાડી પોતાના યારના આવવાની વાટ જોવા લાગી, પરંતુ તે આવ્યો નહિ એટલે જતી વેળાએ પાછું તેણે પાણી માગ્યું. ધર્મકાન્ત પાણી કાઢતો હતો એટલામાં ધીમેથી તેની પાછળ જઇ તે પાતકી પ્રમદાએ પતિના બન્ને પગ પકડીને તેને ઊંધે માથે કૂવામાં નાખી દીધો, અને ઉપરથી મોટા મોટા પત્થર નાખીને તત્કાળ તેના પ્રાણનો નાશ કરી નાખ્યો. ત્યાર પછી જ્યારે તેનો યાર આવી લાગ્યો એટલે તેને તેણે પોતાની વીર-તાનો ઇત્થંભૂત વૃત્તાંત કહી સંભળાવ્યો. વારુણી અને તેનો જાર ત્યાર પછી ત્યાંથી બીજા કોઇ દેશમાં ચાલ્યા જવા માટે નીકળ્યાં. તેઓ ચાલ્યાં જતાં હતાં એવામાં કર્મધર્મ સંયોગે અચાનક વારુણીના કેટલાક આપ્તજનો બીજે ગામથી વળતા હતા તે માર્ગમાં મળી ગયા અને તેમણે તેને પૂછ્યું કે;-"તમે આ પારકા પુરુષ સાથે ક્યાં જાઓ છો?" તત્કાળ કાંઇ ઉત્તર ન સૂઝવાથી તે પાપિણી ગભરાઇ ગઇ અને

તેથી શક પડતાં તેને તથા તેના જારને બાંધીને તેમણે ખૂબ મેથીપાક જમાડયો. ચૌદમા રત્નના પ્રતાપે તે બન્નેએ પોતાના પાપકર્મનો સ્વીકાર કરવાથી તે આમજનોએ તે બન્નેને ત્યાંનાં ત્યાંજ ઠાર કરી નાખ્યાં. અર્થાત્ હે વારાંગને ! જો તું અત્યારે મને મારી નાખીશ, તો તારી પણ અવશ્ય એવી જ દશા થવાની; કારણ કે, પ્રાત:કાળ થતાં ફોજદાર ચારે તરફ ઘોડેસવારોને દોડાવીને તને અને તારા બાપને પકડી મંગાવશે અને બન્નેને યમલોકના માર્ગમાં પઠાવી દેશે. એટલા માટે દયામયી થઇને મને જીવનદાન આપ—એમાં જ તારૂં કલ્યાણ સમાયલું છે.

એ પ્રમાણેનું રક્તસેનનું ભાષણ સાંભળીને ચદનમોહિની વેશ્યા કહેવા લાગી કે;—"આજ સુધીમાં મેં તારા જેવા શતાવધિ પુરુષોને પરલોકમાં પહોંચાડી દીધા છે, ત્યાં તારા એકલાની શી કથા વારૂ ?" એ ઉત્તર સાંભળીને રાજકુમાર પુનઃ આર્જવતાથી પ્રાર્થના કરવા લાગ્યો કે;—"હજી રાત ઘણી બાકી છે, એટલે હું તને એક બીજી કથા સંભળાવું છું તે સાંભળી લઇને જો દયા આવે, તો મને જીવતો રાખજે; નહિ તો પછી મરણ તો આજે મારા ભાગ્યમાં લખાયલું છે જ." મદનમોહિની ઊઠી હતી તે પાછી નગ્ન અસિને હસ્તમાં રાખી બાજઠપર બેસીને કહેવા લાગી કે;—"વારૂ—સંભળાવ તે કથા શીઘ્રતાથી; વિશેષ વિલંબ ન કરીશ !" અનુમતિ મળતાં રાજકુમારે નીચેની કથાનો આરંભ કર્યો;—

## રાજા ચંદુલાલ અને બાજપક્ષી

હે સુંદરી ! પૂર્વે મહાસાગર નામક નગરમાં ચંદુલાલ નામનો રાજા રાજ્ય કરતો હતો અને તેને મૃગયાનો એટલો બધો છંદ લાગ્યો હતો કે જેનો અવધિ થએલો જ કહી શકાય. એક દિવસ તે અરણ્યમાં મૃગયા કરતો કરતો પોતાના સૈન્યથી જૂદો પડી આગળ વધીને પુરંદર નામના વનમાં આવી લાગ્યો. મધ્યાહ્નનો સમય હોવાથી તે તૃષાથી મહાવ્યાકુળ થયો અને તેથી એક ટેકરી પર ચઢીને આસપાસ ક્યાંય પાણી

હોય તો તેનો શોધ કરવા લાગ્યો. એટલામાં એક વૃક્ષમાંથી પાણીનાં બિંદુ ટપકતાં તેના જોવામાં આવ્યાં, એટલે તે સ્થળે જઇ ઝાડનાં પાંદડાનો એક દડિયો બનાવી તેની નીચે ધરીને થોડુંક પાણી તેણે એકઠું કર્યું. એટલામાં તેની સાથે શિકારી બાજપક્ષી હતો તેણે ઝડપ મારીને તે પાણી ઢોળી નાખ્યું. રાજાને ક્રોધ તો થયો, પણ ક્રોધને શમાવીને પાછો તેણે પડિયો ધર્યો અને થોડું જળ એકત્ર કર્યું; પણ પુનઃ તે બાજપક્ષીએ તે પડિયાને ઉંધો વાળી પાણી ઢોળી નાખ્યું. એ વેળાએ રાજાનો ક્રોપ અનિવાર્ય થવાથી તેણે તે પક્ષીને પકડીને તત્કાળ તેનો ઘાત કરી નાખ્યો, અને ત્રીજીવાર પડિયાને તે ટપકતા જલબિંદુ નીચે રાખ્યો. એ પછી રાજાના મનમાં અચાનક વિચાર આવ્યો કે, બાજપક્ષીએ બે વાર પાણી ઢોળી નાખ્યું તેનું કારણ શું વારૂ? જરા તપાસ તો કરવો જ જોઇએ. એમ વિચારીને તે તપાસ કરવા લાગ્યો એટલે ઝાડ પર એક મોટો નાગ આડો પડયો છે અને અત્યંત ઉષ્ણતા થવાથી મોઢું નીચું કરી ઝેરી લાળ ટપકાવે છે, એવો દેખાવ તેના જોવામાં આવ્યો. આ દેખાવ જોઇને રાજા અત્યંત ભયભીત થઇ ગયો અને વૃક્ષ પરથી નીચે ઉતરી બાજપક્ષીના મુખને ચૂમતો બોર બોર જેવડાં આંસુ વર્ષાવીને રોવા લાગ્યો. અને મનમાં કહેવા લાગ્યો કે;—"આજે જો આ પક્ષી મારી સાથે ન હોત, તો આ સર્પ-વિષના પ્રાશનથી અવશ્ય મારો નાશ થઇ જાત!' એ પછી એ રાજા જ્યાં સુધી જીવ્યો ત્યાંસુધી તે પક્ષીનો સર્વકાળ ઉપકાર માનીને શોક કર્યા કરતો હતો. તેજ પ્રમાણે હે પ્રિયતમે! જો તું મને મારી નાખીશ, તો તું પણ અત્યંત પશ્ચાત્તાપમાં પડી જઇશ; અને મને જો આ બંધમાંથી મુકત કરી જીવનદાન આપીશ, તો તારૂં કલ્યાણ થઇ જશે."

આ વાર્તાનું તે વેશ્યાના હૃદયમાં કાંઇ પણ પરિણામ ન થતાં તે બાજઠ પરથી ઉઠી તલવાર ઉગામીને પુનઃ તેનું ગળું રેંસવાને આગળ વધી એટલે પુનઃ તે પરાધીન અને નિરાધાર રાજકુમાર તેને અનેક પ્રકારે પ્રાર્થના કરીને જીવનનું તેની પાસેથી દાન માગવા લાગ્યો.

× × ×

અનંગભદ્રા અને મારો આટલો વાર્તાલાપ ચાલ્યો એટલામાં રાત્રિના ત્રણ પ્રહર વીતી ગયા, એટલે મેં અનંગભદ્રાને કહ્યું કે;-"હવે અરુણોદયનો સમય થવા આવ્યો છે એટલે તમો પોતાને ઘેર જાઓ, તો સારું અને હવે પછી આવા રાત્રિના સમયમાં કદાપિ મારે ત્યાં આવશો નહિ. શ્વશુર પક્ષ અને પિતૃ પક્ષના લોકોની ઇચ્છા પ્રમાણે વર્ત્તી સદાચારથી ચાલશો, તો જ તમારું કલ્યાણ થશે. કદાપિ કોઇની જોડે વૈર બાંધશો નહિ અને ઇશ્વરથી ડરીને ચાલજો. આ દુષ્ટ મદન-રિપુનો જરા પણ આદરસત્કાર ન કરશો અને મારા ઉપદેશનું નિરંતર સ્મરણ કર્યા કરજો." એમ કહીને અનંગભદ્રાને મેં જવાની પ્રાર્થના કરી. મારું આ ભાષણ સાંભળી તે નમ્રતાથી કહેવા લાગી કે;-"ડૉકટર સાહેબ! અત્યારે એકલાં જવાની મારી છાતી થતી નથી, એટલા માટે આપ મારી સાથે આવી મને ઘર સુધી પહોંચાડી જશો તો આપનો મોટો ઉપકાર થશે; કારણ કે, જો હું એકલી જઇશ અને માર્ગમાં મને કોઇ મારાં વિશિષ્ટ લક્ષણોથી સ્ત્રી તરીકે ઓળખી લેશે, તો આ મુસલ્માનોનું રાજ્ય હોવાથી કોઇ મુસલ્માન મારી આબરૂના કાંકરા કરી નાખશે."

તેની આ ભીતિ યથાર્થ હોવાથી મેં મારી ગાડી જોડાવી અને તેમાં તેને બેસાડી ઠેઠ તેના ઘર આગળ તેને હું મૂકી આવ્યો. હું ત્યાંથી પાછો ફર્યો એટલામાં દિવસ ઊગવાનો વખત થઇ ગયો. ત્યાર પછી ઘેર આવી નિત્ય કર્મથી મુક્ત થઇ અમીર સાહેબની સલામે જઇ આવ્યો અને ત્યાર પછી કેટલાક રોગીઓની પ્રકૃતિ જોઇ લગભગ દશ વાગે ઘેર આવી લાગ્યો. બીજે દિવસે દોઢ પ્રહર રાત જતાં પુનઃ પુરુષવેશમાં અનંગભદ્રા મારે ઘેર આવી અને કુરસી પર બેસી થોડી વાર વિશ્રાંતિ લીધા પછી તેણે મને મારી મધુર નિદ્રામાંથી જાગૃત કર્યો. જાગૃત થઇ તેને જોતાં જ મહા કોપથી હું કહેવા લાગ્યો કે;-"અનંગભદ્રા! ગઇ રાત્રે મેં તમને જે આટલો ઉપદેશ આપ્યો, તે સર્વ વ્યર્થ ગયો, એટલે એથી જણાય છે કે, તમે સદ્બોધને પાત્ર નથી. તમારાં આવાં આચરણોથી મને તો એમજ ભાસે છે કે, તમારા પર

ઇશ્વરનો કોપ જ ઊતરેલો હોવો જોઇએ. જેવી રીતે રોજ ચોરી કરવાને નીકળતો ચોર એક દિવસ અવશ્ય પકડાઇ જાય છે, તેજ પ્રમાણે તમે પણ અવશ્ય પકડાશો, એટલું જ નહિ, પણ સાથે મારા પ્રાણની પણ હાનિ કરી નાખશો. મારી તમને હાથ જોડીને પ્રાર્થના છે કે, તમે પાછાં પોતાને ઘેર ચાલ્યાં જાઓ અને હવે પછી ભૂલે ચૂકે પણ મારા ઊંબરામાં પગ મૂકશો નહિ."

## અનંગભદ્રાની જિજ્ઞાસા

મારા આ ઉદ્દગારો સાંભળી અનંગભદ્રાએ નમ્રતાથી પ્રાર્થના કરી કે "ડાકટર સાહેબ! આપે ગઇ રાત્રે પોતાના અનુભવની જે વાર્તા સંભળાવી તે અપૂર્ણ જ રહી ગઇ છે. વીરક્ષેત્રની સુંદરીએ આપને પોતાના શયનમંદિરમાં અટકાવી રાખ્યા હતા તેનો તેમ જ રક્તસેન રાજકુમારની કથાનો પણ અદ્યાપિ અંત જણાયો નથી. એટલે તે દુષ્ટ સ્ત્રીઓના પંજામાંથી તમારો અને રક્તસેન રાજકુમારનો છૂટકો કેવી રીતે થયો, એ સવિસ્તર સાંભળવાની મારી ઉત્કંઠાને હું દબાવી ન શકી અને તેટલા માટે જ હું આજે પણ પાછી અહીં આવી લાગી. માટે કૃપા કરીને એ બન્ને કથાઓ મને પૂરેપૂરી સંભળાવો." એ તેની આતુરતાને તૃપ્ત કરવા માટે હું તેને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે;–"અનંગભદ્રા! ત્યાર પછી તે રાજકુમાર તે વેશ્યાને પુનઃ પ્રાર્થના કરીને ચોથી વાર્તા સંભળાવવા લાગ્યો અને તે આ પ્રમાણે:–

## ગુણવાન્ શ્વાનની વાર્ત્તા

પૂર્વે સુદામાપુરીમાં મહાધન નામક એક શાહુકાર વસતો હતો. તે અત્યંત ધનાઢ્ય હોવા છતાં એકવાર તેની કેટલીક નૌકાઓ સમુદ્રમાં ડૂબી જવાથી અને તેમાં લાખો રૂપિયાના માલની હાનિ થવાથી તે નિર્ધન થઇ ગયો. નિર્ધનતાથી અત્યંત શોકાતુર થઇને તે પોતાનો એક ગુણવાન્ શ્વાન હતો તેને લઇ બીજા એક ગામમાં પોતાનો યમુનાદાસ નામનો મિત્ર હતો તેની પાસે ગયો. તે શાહૂકારે પોતાના મિત્રને આવેલો જોઇ તેનો સારો આદરસત્કાર કરીને પૂછ્યું કે;–"આ વેળાએ અચાનક આપનું આગમન શા કારણથી થયું છે વારુ?"

મહાધને તેને પોતાની દુર્દશાનો ઇત્થંભૂત વૃત્તાંત કહી સંભળાવ્યો અને કહ્યું કે;–"મારી પાસે આ મહા ગુણવાન્ અને ઉપકારક શ્વાન વિના બીજી કોઇ પણ વસ્તુ નથી, એટલા માટે એ શ્વાનને આપની પાસે રાખો અને મને એક હજાર રૂપિયા ઉછીના આપો. એ રકમ એક વર્ષમાં આપને વ્યાજ સુદ્ધાં ભરી આપીને હું મારા શ્વાનને લઇ જઇશ. જો એટલા અવધિમાં રોગ અથવા એવા જ કોઇ આકસ્મિક કારણથી એનું મરણ થઇ જાય, તો તેની જવાબદારી તમારા માથા પર નથી." આ વાર્ત્તા યમુનાદાસે માન્ય કરી અને તેથી તે પ્રમાણેનો દસ્તાવેજ લખી આપી રૂપિયા લઇને નિર્ધન થએલો મહાધન પોતાને ગામ પાછો ચાલ્યો ગયો.

શ્વાનને રાખનાર વ્યાપારી યમુનાદાસ કેટલાક દિવસ પછી પોતાને ત્યાંનો માલ નૌકામાં ભરી બીજા દેશમાં તે વેચવા જવાની તૈયારી કરવા લાગ્યો. જતી વેળાએ તે શ્વાનને ઘરમાં રાખી પોતાના દાસ અને દાસીને પાસે બોલાવીને તેણે કહ્યું કે;–"ઘરને છોડી બહાર ભટકવા જશો નહિ અને આ શ્વાનની સારી સંભાળ રાખજો." ત્યાર પછી તે શ્વાનના ખાનપાનની વ્યવસ્થા કરી આપીને તે પરદેશમાં ચાલ્યો ગયો.

લાંબા વખત સુધી પતિ પાછો આવ્યો નહિ એટલે મદનવિકાર અસહ્ય થવાથી તેની સ્ત્રીએ એક સુંદર અને હૃષ્ટપુષ્ટ પુરુષસાથે પ્રેમ-સંબંધ કર્યો અને તેને નિત્ય પોતાના આવાસમાં બોલાવી તેની સાથે તે યથેચ્છ કામક્રીડા કરવા લાગી. આ ચરિત્ર પેલા શ્વાનના જોવામાં આવતાં તે સ્ત્રીનો જાર જ્યારે પણ ઘરમાં આવતો હતો ત્યારે તે બહુ જ મોટા સ્વરથી ભસ્યા કરતો હતો. પણ ઘરમાંની દાસી કે શેઠાણી પોતે તેને ધમકાવતી એટલે લાચારીએ તે ભસતો બંધ થતો હતો. આવો પ્રકાર નિત્ય ચાલવાથી એકવાર તે શ્વાનને એટલો બધો ક્રોધ વ્યાપી ગયો કે, તે એકદમ તે સ્ત્રીના જારના શરીર પર ધસી ગયો અને ઉછળીને તેના ગળામાં એવી તો દાઢ બેસાડી દીધી કે તેના પરિણામે તે કામી પુરુષ તત્કાળ મરણને શરણ થઇ ગયો.

તેની આવી ધીટતાને જોઇને શેઠાણીએ કૂતરાને બહાર હાંકી કાઢયો અને પોતાના નોકરોને હુકમ આપી દીધો કે;–"જો આ શ્વાન પાછો ઘરમાં આવે, તો એને જીવતો જવા દેશો નહિ, પણ મારી જ નાખજો!" એ પછી તે શ્વાન આખો દિવસ ગામમાં ભટકી ઉદર-પોષણ કરી રાતે આવીને યમુનાદાસના ઘરની ચોકી કર્યા કરતો હતો. એવી રીતે કેટલાક દિવસ વીતી જવા પછી યમુનાદાસ પરદેશથી પાછો ઘેર આવ્યો. તે ઘેર પહોંચે તે પહેલાં જ શ્વાન માર્ગમાં જ તેને મળ્યો અને તેના પગમાં લોટી પૂછડું હીલવીને તે શેઠના પગ ચાટવા લાગ્યો તેમજ ચતો પડીને પોતાનું પાતાળમાં પેઠેલું પેટ પણ તેને બતાવવા લાગ્યો. તે શેઠની સાથે તે દિવસે ઘરમાં પાછો આવ્યો. શ્વાનને જોઇને શેઠાણી શેઠને કહેવા લાગી કે;–"તમારા જવા પછી દિવસની વેળાએ આ કૂતરાને આજે જ મેં પહેલીવાર જોયો છે. રોજ રાત્રિના સમયે આ કૂતરો ગામનાં બીજાં કૂતરાંને ભેગાં કરી ઘરમાંની વસ્તુઓનો નાશ કરી નાખતો હતો, બીજાનાં ઘરોમાં ઘુસી જતો હતો અને લોકોનો કકળાટ રોજ મારે સાંભળવો પડતો હતો. આ કૂતરાએ મને એવો અને એટલો બધો કંટાળો આપ્યો છે કે, જો તમને મારો ખપ હોય તો આને અત્યારે ને અત્યારે જ જીવથી મારી નાખો, કારણ કે, એનો જૂનો ધણી આવીને હવે એને છોડવી જાય, એવો સંભવ જણાતો નથી." શેઠાણીએ તો પતિને આવી રીતે ભમાવ્યો, પણ શ્વાને જ્યાં શેઠાણીએ પોતાના જારના શબને દાટયું હતું તે સ્થાન પ્રતિ વારંવાર દોડાદોડ કરવા માંડી અને શેઠને વારંવાર તે તરફ ખેંચવા લાગ્યો. તેની આ ચેષ્ટાને જોઇ માણસોને બોલાવી તે જગ્યા યમુનાદાસે ખોદાવતાં તેમાંથી એક પુરુષની લાશ નીકળી આવી. શક પડવાથી તેણે પોતાની સ્ત્રી તથા ઘરનાં બીજાં માણસોને બાંધીને ચાબૂકનો માર માર્યો એટલે એક દાસીએ શેઠને બનેલી બધી બીના જણાવી દીધી અને શેઠાણીએ પણ પોતાના અપરાધનો મુક્ત કંઠે સ્વીકાર કરી લીધો. યમુનાદાસનો ક્રોધ સીમાને ઉલંઘી જતાં તેણે પોતાની સ્ત્રીને ખીલાવાળા પીપમાં નાખીને એક પર્વતપરથી નીચેની ઊંડી ખીણમાં ગબડાવી દીધી અને

શ્વાને પૂર્ણ વિશ્વાસપાત્રતાનો પરિચય કરાવેલો હોવાથી તેના ગળામાં મુક્તિની પત્રિકા બાંધીને કહ્યું કે;–"તું હવે આનંદથી પાછો તારા જૂના ધણી પાસે જા; મેં આપેલા રૂપિયા વ્યાજ સુદ્ધાં મને મળી ચૂક્યા છે!"

કૂતરો અહીંથી નીકળ્યો અને મહાધન કર્જ ભરવાની મુદ્દત ભરાઇ ગએલી હોવાથી વ્યાજ સહિત રૂપિયા લઇને પોતાના ગુણવાન્ શ્વાનને છોડવી લાવવા માટે પોતાને ઘેરથી નીકળ્યો હતો એટલે માર્ગમાં જ શેઠ અને શ્વાનનો મેળાપ થઇ ગયો. શ્વાનને જોતાં જ મહાધનને ક્રોધ આવતાં તે કહેવા લાગ્યો કે;–"કૃતઘ્ન પ્રાણી! અદ્યાપિ યમુનાદાસના રૂપિયા અપાયા નથી અને તે પહેલાં તેં પલાયન કરીને મારી પ્રતિષ્ઠાની હાનિ કરી નાખી. અર્થાત્ તારા આ અપરાધ માટે તને એવી જ મહા ભયંકર શિક્ષા આપવી જોઇએ." એમ કહી તેના પાછળના બે પગ ઝાલી તેનું માથું તેણે એક પાષાણશિલાપર પછાડ્યું અને તે સાથે કપાળમોક્ષ થતાં શ્વાનના પ્રાણ પ્રયાણ કરી ગયા. ત્યાર પછી તેણે તેના ગળામાંની પત્રિકા છોડીને વાંચી જોઇ એટલે બધો વૃત્તાંત જાણવામાં આવતાં તે મહા શોકના સમુદ્રમાં ડૂબી ગયો અને પોતાના માથામાં માટી નાખવા લાગ્યો.

એ પ્રમાણે, હે વારવનિતે! તું પણ પાછળથી મહા પશ્ચાત્તાપમાં પડી જઇશ, એટલા માટે મને મુક્ત કર અને જીવવા દે." આ વાર્ત્તા સાંભળી તે વેશ્યા કહેવા લાગી કે;–"હે રાજકુમાર! હું વેશ્યા હોવાથી મને પશ્ચાત્તાપ થાય, એ વાર્ત્તા સંભવતી જ નથી." એ પછી હજી નગરનાં દ્વાર ઊઘડવામાં થોડો વિલંબ હોવાથી રાજકુમાર રક્તસેને પુનઃ એક નવીન વાર્ત્તાનો આ પ્રમાણે પ્રારંભ કર્યો;–

## પોપટની વાર્ત્તા

પૂર્વે રાજપુરી નામક નગરીમાં રાજા ધનપાળ રાજ્ય કરતો હતો. તેની પાસે એક ઘણો જ સારો પોપટ હતો. તે નિત્ય રાત્રિના સમયે નાના પ્રકારની કથાઓ સંભળાવી રાજાના મનનું રંજન કરતો હતો.

એક દિવસ તેનું પાંજરૂં દેવડીએ ટાંગેલું હતું અને પાસે જ એક વડનું ઝાડ હતું. તે વૃક્ષપર સાયંકાળે કેટલાક પોપટ આવીને બેઠા અને તેઓ તે પાંજરામાંના પોપટને જોઇને કહેવા લાગ્યા કે;" સમુદ્રપારના બેટમાં આપણા રાજાનાં લગ્ન છે, એટલે તારે પણ ત્યાં આવવું જોઇએ." તે પોપટે રાત્રે વાર્ત્તા સંભળાવીને રાજાને પ્રસન્ન કર્યો અને તેની પાસેથી બે માસની રજા લઇને તે પેલા બેટમાં ગયો. ત્યાંનો લગ્નસમારંભ આટોપાઇ ગયા પછી પાછા ફરતી વેળાએ રાજા માટે તે એક અમૃતફળ ત્યાંથી લાવ્યો. રાજા પાસે આવી ત્યાંનો સંપૂર્ણ વૃત્તાંત જણાવી તેણે કહ્યું કે; "હું બહુ દૂરથી આ અમૃતફળ આપને માટે લઇ આવ્યો છું, માટે એનું આપ પોતે જ ભક્ષણ કરો !" પરંતુ રાજાનો તેના વચનમાં વિશ્વાસ ન બંધાયાથી તે ફળ તેણે ગોખલામાં મૂકી દીધું. કર્મધર્મસંયોગે રાત્રિના સમયે તે સ્થળે એક કાળો નાગ આવ્યો અને તે એ અમૃતફળમાંના અમૃતનું શોષણ કરી તેના સ્થળે તેમાં વિષ રેડી ગયો. પ્રાતઃકાળ થતાંજ રાજાએ પોતાના એક પ્રિય સેવકને તેમાંનું અડધું ફળ ખવડાવ્યું અને તે ખાતાંની સાથેજ ઉલ્ટી કરીને તે સેવક તત્કાળ મરી ગયો. આ બનાવને જોઇને રાજાને લાગ્યું કે;—"પોપટ આ વિષફળ ખાસ મને મારી નાંખવાને માટે જ લઇ આવ્યો હતો, પણ મારાં મોટાં ભાગ્ય કે મેં તે ખાધું નહિ અને બચી ગયો !" ક્રોધના આવેશમાં તેણે પોપટને પકડીને તરત મારી નાખ્યો અને એક સેવકને બોલાવીને કહ્યું કે; —"આ વિષફળને ગામ બહાર લઇ જઇને જમીનમાં દાટી દો !" સેવકે રાજાની આજ્ઞા પ્રમાણે એક નિર્જન સ્થાનમાં તે ફળ દાટી દીધું. કેટલાક દિવસ પછી તે ફળમાંથી એક વૃક્ષ ઉત્પન્ન થયું અને તેમાં ઉત્તમ ફળો આવીને પાકવા પણ લાગ્યાં, પણ લોકોમાં એ વૃક્ષ વિશે એવો ભય વ્યાપી ગયો હતો કે, 'એ ફળને જે ખાશે તે અવસ્ય મરીજ જશે!' તેથી એના ફળને કોઇ હસ્તસ્પર્શ પણ કરતું નહોતું. એવામાં બનાવ એવો બન્યો કે, એક વૃદ્ધ સ્ત્રી અને વૃદ્ધ પુરુષ પોતાનો પુત્ર કૃતઘ્ન નીકળવાથી અને તેથી

તે ખાવાને રોટલો ન આપતો હોવાથી જીવનનો કંટાળો આવતાં મરી જવાનો વિચાર કરીને ત્યાં આવ્યાં અને બંનેએ તે વૃક્ષનાં ફળો ખાધાં. પણ એથી મરવાને બદલે તેઓ તરુણ અને સ્વરૂપસુંદર થઇને પાછાં પોતાને ઘેર આવ્યાં. જેમણે આ બનાવ પ્રત્યક્ષ જોયો હતો તેમણે દોડતા જઇને આ સમાચાર રાજદરબારમાં રાજાને પહોંચાડયા. રાજાએ તત્કાળ ત્યાં આવી તેમાંનું એક ફળ એક રોગિષ્ઠ મનુષ્યને આપ્યું અને તે ફળ ભક્ષતાં જ તેના રોગનો લોપ થઇ તેને દિવ્ય દેહ પ્રાપ્ત થયો. રાજાને આવો સાક્ષાત્કાર થવાથી તે પોતાના પ્રજ્ઞ પોપટને મારી નાખવા માટે મહા શોક કરવા લાગ્યો. પણ એ શોકનો શો ઉપયોગ વારૂ?

એ જ પ્રમાણે હે સુંદરી! તું પણ પશ્ચાત્તાપ પામીને મારા માટે શોક કરીશ અને છેવટે મારા જીવના બદલામાં રાજા તારો જીવ પણ લેશે. એટલા માટે કૃપા કરીને 'મને છોડી દે–તું પણ જીવ અને મને પણ જીવવા દે!' પરંતુ એ ઉપદેશને ધ્યાનમાં ન લેતાં વેશ્યા તેને મારવા માટે ઉઠી, એટલે વળી પાછો રાજકુમાર કહેવા લાગ્યો કે;– 'રમણી! હજી થોડીક રાત બાકી છે, માટે એક કથા હજી પણ સાંભળી લે અને ત્યાર પછી જે કરવાનું હોય તે કરજે.' મદનમોહિનીએ આજ્ઞા આપવાથી તે નીચેની કથા સંભળાવવા લાગ્યો—

## રાજાનો વિશ્વાસ કરવો નહિ

પૂર્વે હસ્તિનાપુર નગરીમાં બલભીમ રાજા રાજ્ય કરતો હતો અને તેનો એક પુત્ર હતો કે જે મહાબલીના નામથી ઓળખાતો હતો. એ રાજકુમાર જે શાળામાં ભણતો હતો તે જ શાળામાં એક શાહુકારનો ઝવેરચંદ નામનો છોકરો પણ ભણવા માટે આવતો હતો અને તેથી એ બંનેનો વખતના જવા સાથે અત્યંત ગાઢ મૈત્રી-સંબંધ બંધાઇ ગયો. કેટલાક કાળ પછી એ બન્ને બાળકો તારૂણ્યમાં આવ્યાં તે વેળાએ રાજાનો અચાનક સ્વર્ગવાસ થઇ ગયો. રાજાનો દેહાંત થતાં સર્વસત્તાધિકારી અને પ્રજાના પ્રતિષ્ઠિત જનોની અનુમતિથી રાજકુમાર મહાબલી મુકુટ ધારીને સિંહાસને બેઠો અને દેશમાં

તેના નામની આણ ફેરવી દેવામાં આવી. ઝવેરચંદનો બાલસખા દેશનો સ્વતંત્ર અને સર્વસત્તાધીશ રાજા થયો.

કર્મધર્મસંજોગે એ જ સમયે તેનો મુખ્ય પ્રધાન પણ અચાનક માંદો પડી પરલોકવાસી થઇ ગયો, અને તેનો પુત્ર પિતાની પદવી ભોગવવાને યોગ્ય ન હોતો એટલે નવીન રાજાએ પોતાના મિત્ર ઝવેરચંદને પોતાપાસે બોલાવીને કહ્યું કે:–"મિત્ર! તું મારા જેવાનો મિત્ર થયો છે, પરંતુ અદ્યાપિ મારી પાસેથી તને કોઇપણ પ્રકારનો લાભ મળી શકયો નથી. પારસમણિના સંગથી લોહ સુવર્ણ ન થાય તો પછી પારસમણિનો સંગ શા કામનો? અર્થાત્ અત્યારે મારી એવી ઇચ્છા છે કે, તને આ રાજ્યના મુખ્ય સચિવની પદવી મારે આપવી; અને જ્યાં સુધી આપણે બન્ને જીવતા છીએ, ત્યાં સુધી ન્યાયનીતિથી રાજ્ય ચલાવીને સુખ અને આનંદમાં રહીશું."

એના ઉત્તરમાં ઝવેરચંદ વિનયથી કહેવા લાગ્યો કે;–' મહારાજાધિરાજ! અત્યારે મારા વેપારમાંથી શકિતપ્રમાણે હું બહુ જ સારો નફો મેળવું છું અને પૈસેટકે સુખી છું. એ મારા વંશપરંપરાના વ્યવસાયને ત્યાગી પ્રધાન પદને સ્વીકારૂં અને કોઇવાર કાંઇ ભૂલચૂક થતાં કદાચિત્ આપનો કોપ થાય, તો કાં તો મારે દેશનો ત્યાગ કરવો પડે કાં તો પ્રાણની હાનિ આપવી પડે. એટલા માટે મારી ઇચ્છા છે કે, કોઇ અન્ય ગુણશીલ પુરુષને એ પદવી આપો. અગર તો હું તો જ્યારે કામ પડશે, ત્યારે મિત્ર તરીકે આપની સેવામાં હાજર રહેવાનો જ."

રાજાએ પુન: આગ્રહ કરીને કહ્યું કે; " મિત્રવર્ય! અત્યારે આપણે કોઇવાર મળીએ છીએ, અને જો તું મારી સેવાને સ્વીકારીશ, તો આપણો એ નિમિત્તથી નિત્ય મેળાપ થતો રહેશે. માત્ર આ કારણથી જ હું તને પ્રધાનપદ સ્વીકારવાનો આગ્રહ કરૂં છું. દુષ્ટ, ઇર્ષ્યાળુ અને અવિચારી અધિકારીઓ હતા તે સર્વને મેં કાઢી મૂકયા છે અને અત્યારે મારી સભામાં જે પુરુષો વિરાજે છે તે સર્વ માયાળુ અને સદ્ભાવમંડિત પુરુષો છે એટલે આપણા સ્નેહમાં ખંડ પડવાની લેશ

માત્ર પણ ભીતિ નથી. તું મારો પરમ મિત્ર હોવાથી જો તારા પૂર્વે જ મારો દેહાંત થઇ જાય, તો તું જ રાજ્ય ચલાવીને મારા કુટુંબનું પાલનપોષણ કરજે અને જો મારા પૂર્વે તારો દેહાંત થશે, તો તારા કુટુંબના પોષણનો ભાર હું મારા શિરપર ઉપાડી લઇશ."

રાજાનો આવી રીતે અત્યંત આગ્રહ થવાથી અંતે નિરૂપાય થઇને ઝવેરચંદે તે પદવી લેવાની હા પાડી; અને તેની હા થતાં જ રાજાએ તરત તેને સભા ભરીને પ્રધાનનો પોશાક આપ્યો અને તેને પ્રધાન તરીકે જાહેર કરી દીધો. ઝવેરચંદ ન્યાયશીલતા અને નમ્રતાથી પ્રધાનપદને ચલાવ્યો જતો હતો અને પ્રજામાં તે પ્રિય થઇ પડવાથી રાજાનો પણ તેના પર વધારે ને વધારે પ્રેમ થતો જતો હતો. તેની આમ એકાએક અને અલ્પકાળમાં આટલી બધી ઉન્નતિ થઇ, એ જોઇને કેટલાક અદેખા અધિકારીઓના મનમાં દ્વેષ અને વિષાદનો ઉદ્ભવ થતાં તેઓ પોતપોતામાં એવા ઉદ્ગારો કાઢવા લાગ્યા કે;-"આ મૂર્ખ નવા રાજાએ બજારના એક વાણીયાને પકડી લાવી તેને પ્રધાનપદે ચઢાવીને આપણાં તો નાક કાપી નાંખ્યાં છે નાક! હવે તો આપણે આપણી પ્રતિષ્ઠાને જાળવવા માટે અવશ્ય બની શકે તેટલી ત્વરાથી એને એના પદથી ભ્રષ્ટ કરવો જ જોઇએ!" આવા પ્રકારનો વિચાર કરી એક દિવસ એક અતિ સુંદર કન્યાનું ચિત્ર આલેખીને તેમણે રાજા આગળ રજૂ કર્યું અને કહ્યું કે;-"મહારાજ! આ સિંહલદ્વીપના રાજાની કન્યા છે અને અદ્યાપિ કુમારિકા છે. એ કન્યા આપના અંતઃપુરને શોભાવવા યોગ્ય હોવાથી જ અમે તેનું આ ચિત્ર આપ પાસે લઇ આવ્યા છીએ. જો યત્ન કરશો, તો એ રમણીરત્ન અવશ્ય આપને પ્રાપ્ત થશે જ!"

એ ચિત્રને જોઇને તથા તેમની એ વાણીને સાંભળીને રાજાએ દરબાર ભરી પોતાના સર્વ વિશ્વાસુપાત્ર અધિકારીઓને ઉદ્દેશીને કહ્યું કે;-"સિંહલદ્વીપના રાજા પાસે જઇ મારા માટે આ કન્યાનું માગું કરવાનું કામ કોણ પોતાના માથાપર લેવાને તૈયાર છે? જે કોઇ પણ આ

કાર્ય કરી આવશે, તેને હું મોઢે માગ્યું ઇનામ આપીશ." પરંતુ કોઇએ પણ એ કાર્યને પાર પાડવાની હામ બીડી નહિં. કારણ કે, સિંહલ દ્વીપના રાજાપાસે જો કોઇ પણ તેની કન્યાનું માગું કરવાને જતું હતું, તો તેને રાજા પોતાની કન્યા પાસે મોકલતો હતો અને તે કન્યા પોતાની પાસે એક કળયંત્રી પાનદાન હતું તે તેના હાથમાં આપીને કહેતી હતી કે;—"આમાંની પાનબીડી લઇ લ્યો!" અને તે પાનદાન હાથમાં લેતાં જ તેનું ઢાંકણું ફટાક દેતું કે ઊઘડી જતું અને તેમાંનું ઝેર આંખમાં ઊડવાથી તે માણસની દૃષ્ટિ હમેશને માટે ચાલી જતી. આ ભયથી કોઇ પણ માણસ તેની પાસે જતું નહોતું. ત્યાંની આ પીડાને જોઇ ત્યાં જવાની કોઇની પણ હિંમત થતી નથી, એમ જોઇને રાજા તેના માટે અત્યંત શોક કરતો. છેવટે હૃદયની વ્યથા અસહ્ય થવાથી ખાટલામાં પડી ગયો. ધીમેધીમે તેનું શરીર એટલું સુકાયું કે સર્વ માંસનો લોપ થતાં માત્ર હાડકાંની ભારી જ બાકી રહી. એટલે પેલા અધિકારીઓ રાજા પાસે જઇને કહેવા લાગ્યા કે;— "મહારાજ! જ્યારે આપને એ સ્ત્રી માટે આટલું બધું કષ્ટ થાય છે, તો આપનો મિત્ર અને આપણા રાજ્યનો મુખ્ય સચિવ ઝવેરચંદ મહા કુશળ પુરુષ હોવાથી તેને જ ત્યાં મોકલો એટલે તે અવશ્ય પોતાના ચાતુર્યથી એ કાર્યમાં વિજય મેળવી આવશે." આ ઉપદેશ યોગ્ય લાગવાથી રાજાએ ઝવેરચંદને પોતા પાસે બોલાવીને કહ્યું કે;—"મિત્ર! મારા માટે ગમે તે જોખમ વેઠીને પણ એ સ્ત્રીને લઇ આવ, નહિ તો તેના વિરહમાં હું થોડા જ વખતમાં આ સંસારને સદાને માટે ત્યાગી જઇશ. તને આ કાર્ય માટે જેટલા દ્રવ્યની અગત્ય હોય, તે તું રાજભંડારમાંથી લઇ જા." ઝવેરચંદે રાજાની એ ઇચ્છા જાણીને પોતાના મનમાં વિચાર કર્યો કે:—"જે ભયથી હું પ્રારંભમાં જ પ્રધાનપદનો સ્વીકાર કરતો નહોતો, તે જ ભય અને તે જ સંકટ આજે મારાપર આવી પડ્યું છે. હવે જ્યારે સેવાનો સ્વીકાર કર્યો જ છે, તો પછી અમુક પ્રસંગે સ્વામીનું કાર્ય ન કરવું, એ તો અયોગ્ય જ કહેવાય. એકવાર મરવાનું તો અવશ્ય છે જ, તે

પછી આજે જ મરણને સ્વીકારી લઇને કાર્ય કરવાની હામ ભીડવી જ જોઇએ; પછી ઇશ્વરની ઇચ્છા હશે તેમ થઇ રહેશે !"

આવા પ્રકારનો નિશ્ચય કરી રાજાની આજ્ઞા પ્રમાણે પુષ્કળ દ્રવ્ય લઇને પ્રધાન ઝવેરચંદ સિંહલદ્વીપમાં ગયો અને નગરની બહાર છાવણી નાંખી ત્યાંનાં ગરીબગુરબાંને દ્રવ્યનું અતોનાત દાન આપ્યું. ત્યાર પછી આનંદથી રાજાનાં દર્શનનો લાભ લઇ તેને પણ ઉત્તમ વસ્ત્રાલંકારોનું નજરાણું કર્યું. એથી રાજાએ સંતોષ પામીને તેને તેનાં નામ, ગામ અને આવવાનું કારણ વગેરે પૂછ્યાં. એના ઉત્તરમાં પ્રધાન ઝવેરચંદે જણાવ્યું કે;–"હે પ્રભો ! હું શા કારણથી અહીં આવ્યો છું તે પોતાના પ્રાણના ભયથી કહી શકતો નથી. મારો જે ઉદ્દેશ છે તે આપે આપના મનમાં જ સમજી લેવાનો છે; જો આ કાર્ય થઇ જાય, તો તેથી ઉભયપક્ષનું કલ્યાણ છે; કારણ કે, આવું ઉત્કૃષ્ટ સ્થળ વારંવાર મળી શકતું નથી."

રાજા બહુ જ સંતુષ્ટ થઇને કહેવા લાગ્યો કે;–"વારૂ, ત્યારે આનું ઉત્તર હું મારી કન્યા સાથે વાતચીત કર્યા પછી આપીશ." આ વાર્ત્તા સાંભળી નગરમાંના દીન અને ગરીબ લોકો પ્રધાનજીની ધાર્મિકતાનો વિચાર કરી ઇશ્વરને તેના વિજય માટે પ્રાર્થના કરવા લાગ્યા.

રાજાએ અંતઃપુરમાં જઇ સર્વ વૃત્તાંત કન્યાને સંભળાવી કહ્યું કે;–"પુત્રિ ! અત્યારે જ રાજાનું માગું આવ્યું છે, તે રાજા સર્વ રાજાઓ કરતાં મહાસુંદર અને ગુણવાન્ છે; તેમ જ તું પણ હવે તારુણ્યમાં આવી છે, તો હવે આ માગાનો સ્વીકાર કરી લે. તારી અપકીર્ત્તિનો સર્વત્ર વિસ્તાર થએલો હોવાથી મરણના ભયને લીધે હવે કોઇ માગું લઇને આવે, એવો સંભવ જણાતો નથી. આ કારણથી જો આ રાજાના ગળામાં તું વરમાળા આરોપી દે, તો તેમાં તારૂં અને મારૂં ઉભયનું કલ્યાણ સમાયલું છે." એના ઉત્તરમાં રાજકુમારીએ જણાવ્યું કે;–"પિતાજી ! તે માગું લાવનાર પુરુષને મારી પાસે મોકલી આપો, એટલે તેના ચાતુર્યની પરીક્ષા કર્યા પછી હું જે ઉત્તર આપવાનું હશે

તે આપીશ." રાજાએ પોતાના સેવક દ્વારા ઝવેરચંદને સંદેશો કહાવ્યો કે;–"તમે એકલા જ આ સેવક સાથે મારી કન્યા પાસે જાઓ એટલે તે પોતે જ તમને ઉત્તર આપશે." આ સંદેશો સાંભળી પ્રધાન તરત તે સેવક સાથે રાજકન્યાના મહાલયમાં ગયો. રાજકન્યાએ તેનો સત્કાર કરીને તેને પોતાની પાસે બેસાડયો અને કુશળ સમાચાર પૂછી તે જ પાનદાન તેના હાથમાં આપીને કહ્યું કે;–"આમાંથી તાંબૂલ લઇ લ્યો !" એના ઉત્તરમાં પ્રધાને જણાવ્યું કે;–"બાઇ સાહેબ ! જ્યારે મારા રાજાની આજ્ઞા લઇને હું અહીં આવવાને નીકળ્યો ત્યારથી જ મેં એવી પ્રતિજ્ઞા કરી છે કે, જો આ કાર્ય સિદ્ધ થશે, તો જ તાંબૂલ ભક્ષણ કરીશ, નહિ તો મરણ પર્યંત તાંબૂલને સ્પર્શ પણ કરીશ નહિ." આ ઉત્તર સાંભળી રાજકુમારીએ કહ્યું કે;–"વારૂ ત્યારે અત્યારે તમે તમારી છાવણીમાં જાઓ અને હું પછીથી મારો મનોભાવ તમને જણાવીશ !" પ્રધાન પોતાની છાવણીમાં આવ્યો અને તેને સુરક્ષિતતાથી આવેલો જોઇને ગરીબ લોકોના મનમાં બહુ જ આનંદ થવા લાગ્યો.

ત્યાર પછી રાજકુમારીએ પોતાના પિતાને બોલાવીને કહ્યું કે;–"પિતાજી ! જ્યારે આપની એવી જ ઇચ્છા છે, તો હું મારા સંતોષથી જ, તે રાજાના ગળામાં વરમાળા આરોપવાને પોતે જ ત્યાં જવાને તૈયાર છું, માટે મારી સાથે જે માણસોને મોકલવાં હોય તેમને તૈયાર કરો." એથી રાજાને અત્યંત સંતોષ થયો અને તેણે પોતાના મુખ્ય સચિવ તથા બીજાં કેટલાંક માણસોને સાથે આપી કન્યાને તે રાજા પાસે પહોંચતી કરી દીધી.

પ્રધાન ઝવેરચંદ પોતાની ઇચ્છા પ્રમાણેનું કાર્ય કરી આવ્યો એટલે સંતુષ્ટ થઇને રાજાએ તેને મોટાં મોટાં ઇનામો આપ્યાં અને તેનું બહુ જ ગૌરવ કર્યું; એટલું જ નહિ, પણ આગળ કરતાં પણ તેનામાં વિશેષ પ્રેમ રાખી પોતાનો ખાનગી કાર્યભાર પણ બધો તેને જ સોંપી દીધો. ત્યાર પછી રાજાએ તે સિંહલદ્વીપની સુંદરી

સાથે લગ્ન કર્યાં અને રાજ્યનું કાર્ય પ્રધાનને સોંપી પોતે મહાલયમાં જ આનંદવિલાસમાં અધિક સમય વીતાડવા લાગ્યો.

હવે પ્રધાનના દ્વેષ્ટાઓ વિચાર કરવા લાગ્યા કે;–"આ પ્રધાન એ રાજકુમારીના હાથે મરાઇ જાય અથવા તો એનાં નેત્રો ફૂટી જાય, એ ઉદ્દેશથી આપણે એને સિંહલદ્વીપમાં મોકલવાનો પ્રપંચ રચ્યો હતો, પરંતુ ત્યાંથી તો તે પોતાનું કાર્ય સિદ્ધ કરીને આવ્યો અને રાજાનો વિશેષ વિશ્વાસપાત્ર થયો, એટલે હવે એના નાશનો બીજો આપણે શો ઉપાય કરવો?" છેવટે મસલત કરીને તેમણે રાજાના અંતઃપુરમાંના ખોજાપર બસેં સોનામોહોરો એક દાસી દ્વારા મોકલી તે સાથે એક પત્ર પણ મોકલ્યું. તેમાં એમ લખવામાં આવ્યું હતું કે;–"સિંહલદ્વીપની રાજકન્યા પોતાના દેશમાંથી અહીં આવતી હતી એવામાં માર્ગમાં તે પ્રધાનજી પર મોહી પડી અને તે બન્નેનો પ્રેમસંબંધ થઇ ગયો; એમ અમારા જાણવામાં આવ્યું છે." આવા પ્રકારની વાર્તા કોઇ ઉપાયે રાજાના કાને જાય, એવી યુક્તિ કરવી. અત્યારે એ મહેનતના બદલામાં બસેં મોહોરો છે અને કાર્યની સિદ્ધિ થશે, તો બીજી ત્રણુસેં સોનામોહોર મોકલી આપવામાં આવશે!" એવી રીતે મોહોરો અને પત્ર લઇને દાસી અંતઃપુરમાં ગઇ. તે વેળાએ તે ષંઢરાજ નિદ્રાને આધીન થયેલો હતો એટલે પત્ર ફોડીને દાસીએ વાંચ્યું અને પાછું બંધ કરીને ત્યાં રાખી દીધું. જ્યારે ખોજો જાગૃત થયો ત્યારે તેને તે આપવામાં આવ્યું.

બીજે દિવસે પત્રમાં લખેલી બીના વિશે રાજમંદિરમાં દાસીઓ પોતપોતામાં સળવળાટ કરવા લાગી અને છેવટે એ વાત રાજાના કાન સુધી પહોચી ગઇ. એ વાર્તા રાજાને સત્ય લાગવાથી બીજો કાંઇ પણ વિચાર ન કરતાં પ્રધાનને બોલાવીને તેણે પૂછ્યું કે:–"પ્રધાનજી! જો કોઇ પુરુષે વિશ્વાસઘાત કરીને પોતાના અન્નદાતા સ્વામીની સ્ત્રી સાથે વિપરીત વ્યવહાર કર્યો હોય, તો તે અપરાધની તેને શી શિક્ષા મળવી જોઇએ વારુ?" નિષ્કપટતાથી પ્રધાને ઉત્તર આપ્યું કે,

"મહારાજ! એવા અધમ નરને તો પ્રાણાંત શિક્ષાજ મળવી જોઇએ!" આ ઉત્તર સાંભળી રાજાએ પોતાની કમરમાંથી કટાર કાઢીને તત્કાળ પ્રધાનની છાતીમાં ભોંકી દીધી, એટલે તેથી અતિશય વિહ્વળ થઇને પ્રધાન ભુમિપર પડી ગયો અને બે હાથ જોડીને રાજાને કહેવા લાગ્યો કે;–"મહારાજ! મારો જરા પણ અપરાધ ન છતાં આપે વિનાકારણ મારો ઘાત કર્યો છે. સ્વામીના હાથે મરણ થયું એ પણ મારા માટે તો એક રીતે સારૂં જ થયું છે! પરંતુ મારા મરણ પછી પણ મારા વિશે આપના મનમાં જેમણે ખોટી શંકા ઉપજાવી હોય તેમને શોધી કાઢી તપાસ કરીને અપરાધીને શિક્ષા આપશો તો પવિત્ર ન્યાયદેવતા ઉપર આપનો મોટો ઉપકાર થશે; આ કારણથી;જ પૂર્વે મેં પ્રધાનપદને સ્વીકારવાની ના પાડી હતી, પરંતુ આપે આગ્રહ કરીને મારા પ્રાણ લેવા માટે જ મને એ પદવી આપી હતી, એમ આજે સિદ્ધ થયું. અસ્તુ. હવે મારી માત્ર એટલી જ યાચના છે કે, જે કારણ માટે આપે મારો જીવ લીધો છે, તેની બરાબર તપાસ કરજો એટલે પોતાની ભૂલ આપને અવશ્ય જણાઇ આવશે." આટલી પ્રાર્થના કરીને તે સ્વામિનિષ્ઠ પ્રધાન અને કલ્યાણકારક મિત્રે પોતાના પ્રાણનો તત્કાળ ત્યાગ કરી દીધો.

ત્યાર પછી રાજાએ એ વિષયની સૂક્ષ્મ દૃષ્ટિથી તપાસ ચલાવી એટલે અમુક અધિકારીઓનો એ પ્રપંચ હતો, એમ સપ્રમાણ તેના જાણવામાં આવી ગયું. એથી રાજા અત્યંત ખેદ પામી પોતાના મિત્રના શબને આલિંગન આપી છાતીફાટ વિલાપ કરવા લાગ્યો અને જેમણે તે પત્ર લખાવ્યું હતું તથા જેણે લખ્યું હતું તે સર્વને ફાંસીને લાકડે લટકાવી દીધા.

## વીરક્ષેત્રની સુંદરીની કથા

અનંગભદ્રા! આટલી વાર્ત્તા કહીને મેં તે વીરક્ષેત્રની સુંદરીને કહ્યું કે;–"ભદ્રે! એનો સારાંશ એટલો જ છે કે, એ રાજા જેવી રીતે મિથ્યા સંશય અને અવિચારથી પોતાના કલ્યાણેચ્છુ બાલસખાને એક

ક્ષણ માત્રમાં પોતાના હાથે જ મારી નાખી અનિવાર્ય પશ્ચાત્તાપનો ભોક્તા થયો હતો, તે જ પ્રમાણે તારો મારામાં આટલો બધો અનુરાગ હોવા છતાં નિષ્ઠુર થઇને મારો ઘાત કરીશ, તો તને પણ તેવો જ પશ્ચાત્તાપ થવાનો. એટલા માટે વિચાર કરીને અત્યારે મને જવા દે, પછી તું જેમ કહીશ તેમ હું કરીશ!"

એ સાંભળીને તે સુંદરી કહેવા લાગી કે;–"તમારા માટે મારા પ્રાણ જાય છે, અને હું તમારા પ્રાણ બચાવું, એથી મને શો લાભ? તમને બચાવવાથી પુણ્ય થવાનું નથી અને મારવાથી પાપ લાગવાનું નથી. બલ્કે, તમારા જેવા જે દુષ્ટ, સ્વાર્થસાધુ અને વિશ્વાસઘાતક પુરૂષ હોય તેમનો તો સ્ત્રીઓએ પોતાના કલ્યાણ માટે અવશ્ય ઘાત કરવો, એવો જ મારો અભિપ્રાય છે."

## રક્તસેનની આંતર કથા

રક્તસેને મદનમોહિની વેશ્યાને ઉપર પ્રમાણેની વાર્તા કહી સંભળાવી એટલામાં નગરનાં દ્વાર ઉઘાડવાની સૂચના આપનારી તોપ પડી; અને તે સાથે જ તે વેશ્યા રાજકુમારનું ગળું કાપવાને એક પગે તૈયાર થઇ ગઈ, પણ એ ક્ષણે જ દૈવયોગે તેના મિત્ર પ્રધાનપુત્રે બહારથી રાજકુમારને મોટે સાદે હાંક મારવાથી તેનો અવાજ સાંભળતાં જ વેશ્યાના હાથમાંની તલવાર નીચે પડી ગઇ, અને તેની જિહ્વા શુષ્ક થવા સાથે તેના શરીરમાં ભયંકર કંપનો આવિર્ભાવ થવા લાગ્યો. તે બન્ને હાથ જોડી રાજકુમારને પ્રાર્થના કરવા લાગી કે;–"મહારાજ! જો અત્યારે મારા આ અન્યાય અને અત્યાચારની ક્ષમા આપી મારા પ્રાણ બચાવવાનું વચન આપતા હો, તો હું તમને છોડવાને તૈયાર છું. નહિ તો અત્યારે જ તમારા પ્રાણ લઇશ અને સાથે મારા પોતાના પ્રાણનો પણ ભોગ આપીશ. કારણ કે, તમે આ બંધનથી મુક્ત થતાંની સાથે અમસ્તા પણ મારા પ્રાણ તો લેવાના જ. આમ હોવાથી તમને મારીને પોતાને હાથે જ મરી જવું, એ વધારે સારૂં છે!"

વેશ્યાના આવા ઉદ્‌ગારો સાંભળીને રાજકુમાર કહેવા લાગ્યો કે:–"પ્રિયે! હું તારામાં આટલો બધો લંપટ હોવા છતાં તને હું મારી નાખીશ એ કલ્પના જ તારા મનમાં કેમ આવી શકે છે, તે હું સમજી શકતો નથી. તારે એ વિશે પોતાના ચિત્તમાં જરા પણ ચિંતા ન રાખવી; જા, જીવ અને સદા સુખ ભોગવતી રહે!"

રાજકુમારનાં આવાં વાક્યો સાંભળી મદનમોહિનીએ તેના બંધ છોડી નાખ્યા, તેને તાંબૂલ આપી પલંગપર બેસાડયો અને પછી દ્વાર ઉઘાડીને પ્રધાનપુત્રને અંદર આવવા દીધો. થોડીકવાર સુધી બન્ને મિત્રોનું સંભાષણ અને છેવટે મદનમોહિનીની કૃપા મેળવીને તેઓ પોતાના નિવાસસ્થાનમાં ચાલ્યા ગયા.

રાજકુમાર રક્તસેન હૃદયમાં અતિશય પશ્ચાત્તાપ પામીને મનમાં જ કહેવા લાગ્યો કે; "હે દેવાધિદેવ! આજે તેં મને એક મહા ભયંકર પ્રાણહારક સંકટમાંથી બચાવ્યો છે, એ મારા પર મહદુપકાર થયેલો જ કહી શકાય. હવે કૃપા કરીને મને આવી દુષ્ટ બુદ્ધિ કદાપિ આપીશ નહિ!" આવી પ્રાર્થના કરીને તેણે ગરીબગુરબાને પુષ્કળ દાન આપ્યાં અને પછી તે વિશ્વાસઘાતિની વેશ્યાનો તત્કાળ ત્યાગ કરી ભાવિ અનર્થપાતને અટકાવી દીધો. રાજપુત્ર પોતાની નગરીમાં પાછો ફર્યો અને પિતાના મરણ બાદ રાજ્ય કરવા લાગ્યો.

## વીરક્ષેત્રની સુંદરીને સદુપદેશ

અનંગભદ્રા! રક્તસેન રાજકુમારની વાર્તા સમાપ્ત કરીને મેં તે સુંદરીને કહ્યું કે;–"રમણી! આવી રીતે લોભી, ક્રોધી, જાર, ચોર, જુગારી અને બુભુક્ષિતો સદા સર્વકાળ પોતાના જીવપર ઉદાર અને નિર્ભય થએલા જ હોય છે. અત્યારે મેં તને જે દષ્ટાંતસૂચક છ વાર્તાઓ કહી સંભળાવી છે તે સર્વનો વિચાર કરીને તું અત્યારે મને જવા દે. નહિ તો મને મારીને તું પોતે પણ મરાઇ જઇશ, એટલા માટે નિર્દયતાને ત્યાગીને ઉભયના પ્રાણ બચાવવાની યોજના કર. એટલા માટે પતિના ગૃહમાં રહી મરણપર્યન્ત ધનસંપત્તિનું સુખ

ભોગવ, એજ તારા માટે વિશેષ કલ્યાણકારક છે. જે મનુષ્ય કામાધીન થાય છે અને પ્રતિદિન ચોરીછુપીથી કુકર્મ કર્યા કરે છે, તે કોઇ દિવસે પણ પકડાઇને નષ્ટ થઇ જાય છે. આ આપણું ગુપ્ત વ્યભિચાર કર્મ હજી કોઇના જાણવામાં આવ્યું નથી, એટલે ન્હાસભાગની કલ્પના પણ કરીશ નહિ; નહિ તો પરિણામ એ જ આવશે કે, કાં તો બન્નેના પ્રાણ જશે કે કાં તો આબરૂને હમેશને માટે બટ્ટો લાગી જશે. સારાસારનો વિવેક કરી મનનો સંયમ કર. પ્રિયે! મનુષ્ય તો શું, પણ આ વ્યભિચારથી દેવાદિકોનો પણ નાશ થઇ ગયો છે! એ વિશેનાં પુરાણ અને ઇતિહાસમાં અનેક ઉદાહરણો મળી આવે છે તે આ પ્રમાણે;—

## કામવિકારના પ્રાબલ્યનાં પુરાણપ્રસિદ્ધ દૃષ્ટાંતો

(૧) સર્વ દેવોમાં મહાદેવ શ્રેષ્ઠ મનાય છે. એ મહાદેવ એકવાર તપશ્ચર્યા કરતા હતા ત્યાં સર્વ દેવોએ મળીને કામદેવને મોકલી આપ્યો. કામદેવ ત્યાં જઇને તેમની તપશ્ચર્યામાં વિક્ષેપ કરવા લાગ્યો એથી કોપાયમાન થઇને મહાદેવે કામને બાળીને દગ્ધ કરી નાખ્યો.

(૨) તેજ પ્રમાણે સુરપતિ ઇન્દ્રે કામવિકારને આધીન થઇને કપટથી અહલ્યા સાથે વ્યભિચાર કરવાથી ગૌતમના શાપથી તેના શરીરમાં સહસ્ર ભગો થઇ ગયા અને સ્વર્ગલોકના રાજ્યથી તે ભ્રષ્ટ થયો એટલુંજ નહિ, પણ નિર્દોષ અહલ્યાને પણ સાઠ હજાર વર્ષો પર્યન્ત શિલાના અવતારમાં રહેવું પડ્યું.

(૩) બ્રહ્મદેવ પૂર્વે પંચમુખી હતા, પરંતુ તેમનું અંતઃકરણ પોતાની કન્યા વિશે જ સકામ થવાથી તેના એક શિરનો પાત થયો.

(૪) બ્રહ્મદેવનો પુત્ર નારદ બ્રહ્મચારી હોવા છતાં એકવાર કામવશ થયો અને દ્વારિકામાં શ્રીકૃષ્ણ પાસે જઇને કહેવા લાગ્યો કે;— "હું કામપીડિત થયો છું, તો આપની પાસે સોળ હજાર સ્ત્રીઓ છે, તેમાંથી એક સ્ત્રી મને આપો!" એના ઉત્તરમાં શ્રીકૃષ્ણે કહ્યું કે;—"જે સ્ત્રી પાસે હું ન હોઉં, તે સ્ત્રી તારે લઇ જવી." નારદ સર્વ સ્ત્રીઓનાં

મંદિરોમાં ભટક્યો, પણ કૃષ્ણ વિનાનું એક પણ મંદિર તેના જોવામાં ન આવ્યું અર્થાત્ પરમેશ્વરની વ્યાપકતાનો તેને સાક્ષાત્કાર થયો. ત્યાર પછી શ્રીહરિની અગમ્ય માયાથી સ્નાનકાળમાં તે નારદની નારદી થઇને તેણે સાઠ હજાર વાલખિલ્યપુત્રોને જન્મ આપ્યો.

(૫) વિશ્વામિત્રે લોહપિષ્ટ ભક્ષીને સાઠ હજાર વર્ષોપર્યન્ત ઘોર તપશ્ચર્યા કરીને બ્રહ્માંડને ડોલાવવા માંડયું એથી કદાચિત્ એ મારા ઇન્દ્રપદને લઇ લેશે એવા ભયથી સુરપતિ ઇન્દ્રે તેની તપશ્ચર્યાના પુણ્યનો ક્ષય કરવા માટે મેનકા નામક અપ્સરાને મોકલી, તેના મોહમાં લપટાઇ ઋષિ વિશ્વામિત્ર શ્વાનના રૂપે ઇન્દ્રની સભામાં ગયો અને પોતાની પરમ દુઃસાધ્ય તપશ્ચર્યાનો કામવિકારમાં પડી નાશ કરી નાખ્યો.

(૬) ચંદ્રે ગુરુગૃહમાં વિદ્યાભ્યાસ કરતી વેળાએ કામાસક્ત થઇને ગુરુપત્ની સાથે વ્યભિચાર કર્યો અને તેથી તેને શાશ્વત કલંક લાગી ગયું જે અદ્યાપિ સર્વના જોવામાં આવ્યા કરે છે.

(૭) રાવણે મદનોન્મત્ત થઇને સીતાનું હરણ કર્યું તેથી લંકા ભસ્મીભૂત થઇ અને શ્રી રામચંદ્રના હસ્તે પુત્રપરિવારસહિત પોતે પણ નષ્ટ થઇ ગયો.

(૮) વાલીએ પોતાના બંધુની તારા નામક સ્ત્રીનું હરણ કરવાથી તે રામચંદ્રજીના હાથે મરાયો અને કિષ્કિંધાનું રાજ્ય, તારા જેવી સુંદરપત્ની અને અંગદ જેવો ચતુર પુત્ર, એ સર્વથી તે વંચિત થયો.

(૯) ભસ્માસુરને શિવ પાસેથી એવો વર મળ્યો હતો કે, તે જેના મસ્તક પર હાથ મૂકે કે તે ત્યાં જ બળીને ભસ્મ થઇ જાય. એથી તે એટલો બધો ફાટી ગયો કે, સર્વથી અજેય થઇ ગયો. ત્યાર પછી મોહિનીના સૌન્દર્યને જોઇ કામાસક્ત થઇને જેવી રીતે મોહની નાચી તેવી રીતે પોતે પણ નાચવા લાગ્યો અને કામભ્રાંતિથી ભાન ભૂલી પોતાનો હાથ પોતાના મસ્તક પર મૂકીને ભસ્મીભૂત થઇ ગયો.

(૧૦) દુર્યોધને પાંડવોની મહાપતિવ્રતા પત્ની દ્રૌપદીમાં કામવાસના રાખી કપટદ્યૂતના યોગે તેને પાંડવો પાસેથી જીતી લીધી અને તેને

સભામાં લાવી પોતાની સ્ત્રી થવાનું કહ્યું, પણ તેણે તે વાર્તા અમાન્ય કરવાથી દુઃશાસનદ્વારા તેનાં વસ્ત્રો ખેંચાવી તેની વિડંબનાનો ઉદ્યોગ આદર્યો. પરંતુ ઇશ્વરકૃપાથી તેના તે સર્વ ઉદ્યોગો–પ્રયત્નો વ્યર્થ થયાં અને કુરુક્ષેત્રમાં પોતાના બંધુ, આપ્ત, સુહૃદ્ અને મિત્રોસહિત યુદ્ધ કરીને અંતે હસ્તિનાપુર જેવા રાજ્યથી અને પોતાના પ્રાણથી પણ તે વંચિત થઇ ગયો.

(૧૧) તેજ પ્રમાણે પાંડવો જ્યારે અજ્ઞાતવાસમાં હતા તે વેળાએ વિરાટ રાજાનો શ્યાલક કીચક દ્રૌપદીમાં કામાસક્ત થવાથી નૃત્યશાળામાં ભીમની ગદાથી નરકમાં વિદાય થઇ ગયો.

(૧૨) દ્રૌપદીના મનમાં કર્ણ વિશે જરાક દુર્ભાવના આવતાં તેના અલૌકિક પાતિવ્રત્યને સદાને માટે દૂષણ લાગી ગયું.

(૧૩) શૃંગીઋષિએ જન્મથી કદાપિ સ્ત્રીને જોઇ જ નહોતી તથાપિ તેને પણ રંભા આદિ અપ્સરાઓ ભ્રમાવીને પુત્રકામેષ્ટિ યજ્ઞ માટે દશરથ રાજાને ત્યાં લઇ આવી હતી.

(૧૪) પલાશ નામક ઋષિ કામાતુર થવાથી અરવલીના હસ્તે માર્યો ગયો હતો. મહિરાવણની સ્ત્રી ચંદ્રપ્રભા રામચંદ્રમાં વિષયાસક્ત થઇ અને તેથી તેણે પોતાના પતિના મરણનો ભેદ તેને જણાવી તેના હાથે પતિનો ઘાત કરાવી પોતાના હાથે જ પોતાને વૈધવ્ય દશામાં લાવી મૂકી.

(૧૫) ભૃગુઋષિની કન્યા દેવયાની વિષયાંધ થવાથી પોતે વિપ્રદુહિતા હોવા છતાં ગુરુપુત્ર કચની પરમ આયાસથી પ્રાપ્ત કરેલી મૃત સંજીવની વિદ્યાને શાપના પ્રભાવથી નિષ્ફળ કરી પોતે ક્ષત્રિયની પત્ની થઇ હતી.

(૧૬) પરશુરામની માતા રેણુકા જલચરોની ક્રીડાને જોઇને કામુક થઇ હતી; એ વાર્તા જમદગ્નિએ સાંભળતાં પરશુરામના હસ્તે તેનો ઘાત કરાવી નાખ્યો હતો.

તેમજ કથાકલ્પતરુમાંથી હું એક બીજી વાર્તા કહી સંભળાવું છું અને તે આ પ્રમાણે છે;–

## સૂર્યજિત ભારતી નામક તપસ્વીની વાર્ત્તા

ઉત્તર દેશમાં સમુદ્રના તીરે એક પર્વત છે, ત્યાં પૂર્વે સૂર્યજિત ભારતી નામના એક અતીતે મહાપ્રચંડ તપશ્ચર્યા કરી હતી. એ તપશ્ચર્યાના પ્રભાવથી તેને ઇશ્વરી તેજની પ્રાપ્તિ થતાં તે મહાસિદ્ધ પુરુષ થઇ ગયો હતો અને તે એટલે સુધી કે તેનું પ્રત્યેક વચન સિદ્ધ થતું હતું. તેની આવી ખ્યાતિ સાંભળીને જે રોગી વિશ્વમાંના કોઇ પણ વૈદ્યથી સારો ન થાય, તેવા રોગીને છેવટે એ અતીતનાં દ્વારમાં લાવીને રાખવામાં આવતો હતો અને તેને ત્યાં રાખી તેના સંબંધીજનો ત્યાંથી ચાલ્યા જતા હતા. પ્રાતઃકાળમાં તે સાધુ પુરૂષ પોતાનાં સંધ્યા આદિ કર્મની સમાપ્તિ કરીને તે રોગી પાસે જતો હતો અને પોતાના કમંડલુમાંથી પાણી લઇને તેના મુખમાં નાખતો હતો. એથી તે રોગી રોગમુક્ત થઇ સાધુનાં ચરણોમાં નમસ્કાર કરીને પોતાને ઘેર ચાલ્યો જતો. તેની આ કીર્તિનો સર્વત્ર વિસ્તાર થઇ ગયો.

એક વાર એવો બનાવ બન્યો કે, શિવપુરીના રાજા મદનપાલની કુમારિકા કન્યાને તારૂણ્યમાં આવતાં ભયંકર પાંડુરોગની બાધા થઇ ગઇ અને તે રોગના નિવારણ માટે રાજાએ અત્યંત દ્રવ્યનો ભોગ આપ્યો ને અનેક ઉપચારો કરાવ્યા, પણ તેથી કશો પણ લાભ થયો નહિ. એટલે અંતે નિરૂપાય થઇને કેટલાંક માણસોને સાથે આપી રાજાએ પોતાની તે કન્યાને એ અતીત પાસે મોકલી દીધી. સેવકો મધ્યરાત્રિના સમયમાં તે રોગિષ્ઠ રાજકુમારીને અતીતની પર્ણકુટીના દ્વારમાં મૂકીને પોતે ત્યાંના નિયમ પ્રમાણે ત્યાંથી દૂર ખસી ગયા. પ્રાતઃકાળ થતાંજ અતીત જાગૃત થયો અને કરમાં કમંડલુ લઇ સમુદ્રસ્નાન માટે જવાને નીકળ્યો, એવામાં મૃદુ શય્યામાં સૂતેલી તે રાજકુમારિકાના શરીર સાથે તેનો પગ અથડાયો, એટલે 'કોણ છે ?' એમ પૂછીને તેણે તેના શરીર પર હાથ ફેરવ્યો. તે રાજકુમારીના કોમળ સ્તન અને સુકુમાર શરીરને સ્પર્શ કરતાં જ અતીતના શરીરમાં કામનો વિકાર ઉદ્ભવ્યો, તેનાં રોમાંચ ખડાં થઇ ગયાં અને આસપાસ કોઇ પણ ન હોવાથી તે તેનાપર બળાત્કાર કરવા લાગ્યો.

રાજકુમારીએ અત્યંત દીનતાથી અતીતની અત્યંત પ્રાર્થના કરી કે;–"હું કુમારિકા હોવાથી મને અદ્યાપિ પુરુષનો સંપર્ક માત્ર પણ થયો નથી અને તેમાં વળી અત્યારે હું ભયંકર રોગને વશ થઇને મરવા પડી છું, એટલા માટે અત્યારે બળાત્કાર ન કરતાં પ્રથમ મને નીરોગી કરો એટલે પછી હું તમને જ વરીશ !" એ સાંભળીને અતીતે કહ્યું કે;–"તું અત્યારે મારા કામની શાંતિ કર એટલે હું તને આ ક્ષણે જ રોગમુક્ત કરી નાંખું છું." એમ કહીને અતીતે પોતાનો સ્વાર્થ સિદ્ધ કરી લીધો.

એ પછી તેણે સ્નાનાદિ કરીને તે કન્યા માટે ઇશ્વરને બહુ પ્રાર્થના કરી, પરંતુ તેના રોગનું નિવારણ ન થયું તે ન જ થયું. અંતે અતીત નિરુપાય થઇને સંધ્યાકાળે વળી બીજાં મનુષ્યો આવશે, તો મારી પ્રતિષ્ઠાનો નાશ થશે, એવા ભયથી તે રાજકન્યાને ત્યાંથી ઉપાડી જીવતી ને જીવતી જ વાલુકામાં દાટી આવ્યો.

તે રાજકુમારીના સેવકો કેટલાક અંતરપર બેસીને તેના આવવાની વાટ જોયા કરતા હતા, પણ રાજકુમારી તો ત્યાં હતી જ નહિ ! ત્યાર પછી આસપાસ સર્વત્ર તેમણે તેને શોધી, છતાં પત્તો ન જ મળ્યો એટલે અતીતને પૂછયું કે;–"રાજકુમારી કયાં છે ?" અતીતે કહ્યું કે;–"હું કાંઇ પણ જાણતો નથી." એ પછી સેવકોએ અતીતની પર્ણકુટી અને ગુહામાં શોધ ચલાવી તો ત્યાંથી તેની શય્યા મળી આવી, પણ રાજકન્યા પોતે મળી નહિ. છેવટે બહુ જ સૂક્ષ્મ શોધ કરતાં તે વાલુકામાં દાટેલી મળી આવી. તેને બહાર કાઢતાં તેનું સમસ્ત શરીર રુધિરથી ખરડાયલું દેખાયું અને તે મરવાની અણીપર આવી પહોંચી હતી. તેને જ્યારે તેની આ દશા થવાનું કારણ પૂછવામાં આવ્યું, ત્યારે તેણે પોતા પર થએલા અત્યાચારનો સમસ્ત વૃત્તાંત કહી સંભળાવ્યો અને ત્યાર પછી તરત જ પોતાના પ્રાણને ત્યાગી દીધા. સેવકો તેને ત્યાં જ દાટીને પોતાના રાજા પાસે ગયા અને ઇત્થંભૂત વૃત્તાંત તેને કહ્યો. આ વાર્ત્તા સાંભળી રાજાને મહા ક્રોધ થતાં તેણે પોતાના સેવ-

કોને આજ્ઞા આપી દીધી કે;–"અત્યારે અને આ ક્ષણે જ જઇને તે દુષ્ટ અતીતનો શિરશ્છેદ કરી નાખો અને તેનું માંસ કાગડા કૂતરાંને ખવડાવી દો!" સેવકોએ રાજાની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કર્યું.

## વ્યભિચારના દોષ અને પરિણામ

અનંગભદ્રા! એ દૃષ્ટાંતાત્મક વાર્તા સંભળાવીને મેં તે કામિનીને કહ્યું કે;–"જો ગુણવતી! તે તપસ્વીએ બહુ કાળ પર્યન્ત પરિશ્રમ વેઠીને જે ઇશ્વરની કૃપા મેળવી હતી, તેનો ક્ષણિક સ્રીસમાગમના સુખ માટે, ઘડી બે ઘડી માટે તેણે મતિ બગાડી તેથી નાશ થઇ ગયો, એટલું જ નહિ, પણ તેનો પોતાનો પણ ઘાત થયો અને તે પણ વળી મહા અપ્રતિષ્ઠા સાથે. આ કારણથી જ પૂર્વના રાજાઓ દુષ્ટ વ્યભિચારકર્મ માટે અનેક પ્રકારની મહા ભયંકર શિક્ષાઓ આપતા હતા. કેટલાકો એ દુરાચારમાં પડેલી સ્રીઓને નગ્ન કરી તેમનાં માથાં મુંડાવી નાખતા હતા અને ત્યાર પછી મસ્તક પર અંગાર અને લોઢાનો ગરમ રસ ઢોળીને તેના પ્રાણ લેતા હતા. અથવા તો પ્રથમ તેને ગધેડા પર બેસાડી આખા ગામમાં ફેરવી ત્યાર પછી તેના પર પાષાણની વૃષ્ટિ વર્ષાવીને મારતા હતા. કેટલીક વ્યભિચારિણી વનિતાઓને નાક, કાન અને સ્તન કાપીને દેશપાર કરી દેવામાં આવતી હતી અથવા તો પીઠ પર ફટકા મારીને મરણ પર્યન્ત તેઓને ગુલામડી તરીકે પણ રખાતી હતી. વ્યભિચારી પુરુષને જો તેની પાસે સાધન હોય તો અત્યંત ધન લઇને નિર્ધન બનાવી મૂકવામાં આવતો હતો અને જો તે દરિદ્રી હોય તો તેની પાસેથી ગુલામનું કામ લેવામાં આવતું હતું. અથવા તો એવાં વ્યભિચારાસક્ત સ્રીપુરુષોને લીલામ કરીને વેચી નાખવામાં આવતાં, કેટલાકોના કપાળમાં ધગધગતા ખીલા ઠોકીને પ્રાણ લેવાતા, કિંવા બન્નેનાં ગુહ્યસ્થાનો કાપી લેવામાં આવતાં અથવા તો બન્નેને જૂદી જૂદી જગ્યામાં પૂરીને ભૂખે મારવામાં આવતાં હતાં. કેટલાકોને હાથીના પગ તળે ચગદાવીને તો કેટલાકોને તોપના ગોળે ઉડાવીને નરકના માર્ગે ચઢાવતા

હતા. એ પ્રમાણે વ્યભિચારની મહા ભયાનક શિક્ષાઓ થતી હોવાથી કેટલાંક સ્ત્રીપુરૂષો એવા પ્રસંગે ભયથી વિષપ્રાશન કરીને પોતપોતાના હાથે જ મરી જતાં હતાં. હાલમાં ઇરાન દેશમાં એવી રૂઢી છે કે, વ્યભિચારિણી સ્ત્રીની સૂરવાલમાં એકાદ બે બીલાડાંને પૂરી સૂરવાલનાં બન્ને મોઢાંને બંધ કરી દે છે અને પછી બહારથી બીલાડાને મારવા માંડે છે. એટલે તેઓ તે સ્ત્રીના શરીરના કોમળ ભાગને વિદારીને તત્કાળ તેના પ્રાણનો નાશ કરી નાખે છે. સુંદરી! અંગ્રેજોના રાજ્યમાં સરકાર એવી ઘોર શિક્ષા આપતી નથી; તથાપિ એવી વ્યભિચારિણી સ્ત્રીઓના સંબંધીજનો બીજાના જાણવામાં ન આવે તેવી રીતે તેમના પર અસહ્ય સંકટોની વૃષ્ટિ વર્ષાવે છે. એટલા માટે વિષયવિશેનો તેં જે હઠ પકડી રાખ્યો છે, તેને ત્યાગીને તું આપણા બંનેના પ્રાણની રક્ષા કર; કારણ કે, જેને પણ આ વ્યભિચારનો છંદ લાગી જાય છે, તેનો સંસાર પછી ધૂળમાં જ મળી જાય છે. કુબેરનો ધનભંડાર પણ આ કાર્ય માટે સંપૂર્ણ થતો નથી; જ્યારે રાંડને આપવા માટે દ્રવ્ય રહેતું નથી, ત્યારે વ્યભિચારી પુરૂષ ચોરી અને ખૂન જેવા ઘોર અપરાધ કરી કારાગૃહ-વાસી થાય છે કે ફાંસીને લાકડે લટકી જાય છે અથવા તો અજ અજ કરીને ભૂખમરાની હાલતમાં રસ્તામાં કે હોસ્પીટલમાં મરી જાય છે અને ઢેઢભંગીના હાથે જમીનમાં દટાય છે. જ્યાં સુધી તારૂણ્ય અને દ્રવ્ય એ બે સાધનો હોય છે, ત્યાં સુધી જ એ વિષય સુખની લાલસા રહે છે; જેમ જેમ વૃદ્ધાપકાળ આવતો જાય છે, તેમ તેમ એ મદનનો વિકાર શાંત થતો જાય છે. એવામાં જો તારુણ્યમાં ઉપદંશનો વ્યાધિ થઇ ગયો હોય, તો વૃદ્ધાવસ્થામાં મહાયાતનાઓ ભોગવીને પ્રાણ ત્યાગવા પડે છે. દ્રવ્ય, દારા, મિત્ર અને રાજ્યનો એક વાર નાશ થતાં, તે પુનરપિ પ્રાપ્ત થઇ શકે છે, પરંતુ સર્વ પુરૂષાર્થના સાધનરૂપ શરીરનો નાશ થતાં તેની પાછી કદાપિ પ્રાપ્તિ થઇ શકતી નથી. વૃદ્ધા-વસ્થામાં કિંવા રોગના સમયમાં આત્માને કલેશ અને ત્રાસ ન ભોગ-વવા પડે, એટલામાટે વિચારશીલ જનો દ્રવ્યનો સંચય કરે છે. શાસ્ત્રમાં

કહેલું છે કે, જો એવો જ પ્રસંગ આવી પડે, તો પોતાના આત્મરક્ષણમાટે દ્રવ્ય, ભાર્યા, પુત્ર અને પૃથ્વીના રાજ્યનો પણ ત્યાગ કરી દેવો. સુંદરી! વિષયી મનુષ્યના આ સંસારમાં જેટલા શત્રુ હોય છે, તેટલા શત્રુ બીજા કોઇના પણ હોતા નથી. એટલા માટે અતિ મનોનિગ્રહ કરી અંતઃકરણના પ્રવાહને દુગ્ધસમાન સત્કર્મોપ્રતિ વાળવો, એજ મનુષ્યમાત્રનું કર્તવ્ય છે. કામમદથી વ્યભિચારમાં પ્રવૃત્ત થવું યોગ્ય નથી. કારણ કે, એ દુર્વ્યસનથી સ્વજાતિ દંડ, રાજદંડ અને અંતે દેવદંડ એવી રીતે મનુષ્યને ત્રણ ત્રણ મહાભયંકર દંડો ભોગવવા પડે છે. અર્થાત્ સ્વજાતિ, રાજા અને ઇશ્વરને નમીને વર્ત્તવામાંજ કલ્યાણ છે. મનુષ્યને માટે ઇશ્વરે જો ભયોને નિર્માણ ન કર્યાં હોત, તો આ જગત્માં કોઇ પણ કોઇની દરકાર રાખત નહિ અને ચોરી, ચાડી, વ્યભિચાર અને હિંસા આદિનો સર્વત્ર પ્રચાર થતાં આ જગત્નો ક્યારનોય અંત આવી ગયો હોત. કદાચિત્ એ વ્યભિચાર કોઇ મનુષ્યના જોવામા ન આવે, તો પણ સર્વવ્યાપક પરમાત્મા તો સર્વ ચેષ્ટાઓને જોયા જ કરે છે. દધિ, ઘ્રુત, શર્કરા ઇત્યાદિ મદને ઉત્પન્ન કરનાર પદાર્થોને ભક્ષવાથી જો ઇંદ્રિયોનું આકલન થતું હોય, તો તો પછી પર્વતો પણ સાગરમાં તરવા માંડશે. શાસ્ત્રમાં કહેલુંજ છે કે;—

"नदीनां नखिनां चैव शृंगिणां शस्त्रपाणिनाम् ।
विश्वासो नैव कर्त्तव्यः स्त्रीषु राजकुलेषु च ॥"

અર્થાત્–'નદી, તીક્ષ્ણ નખોવાળાં વ્યાઘ્ર અને રીંછ આદિ પશુઓ, શીંગડાંવાળાં પશુ, જેમના હાથમાં શસ્ત્ર હોય એવાં મનુષ્ય, સ્ત્રીઓ અને રાજાઓમાં કદાપિ કોઇએ વિશ્વાસ રાખવો નહિ!'

જેમની ઇન્દ્રિયો સ્વાધીન નથી હોતી, તેમના કુળનો નાશ થાય છે; જે લોભી હોય છે, તેના ધર્મનો ક્ષય થાય છે; જે વ્યસનાધીન હોય છે, તેના વિદ્યાધનનો લોપ થાય છે; કૃપણના સુખનો સંહાર થાય છે; જેનો પ્રધાન અવ્યવસ્થિત હોય છે, તેના રાજ્યનો નાશ થાય છે; તરુણ સ્ત્રી અને ધનમાં જેમનો મોહ નહિ હોય, એવા પુરુષો

આ જગતમાં બહુજ થોડા મળી આવવાના. જેવી રીતે પ્રજાપીડક રાજાનાં કુળ, ધન અને પ્રાણનો નાશ થાય છે, તે જ પ્રમાણે વ્યભિચારિણી વનિતાના સંસારનો સંહાર થાય છે; જે મનુષ્યના અંગમાં દયા, ક્ષમા, શાંતિ, વિવેક અને શીલ આદિ ગુણો હોય છે, તેના હૃદયમાં કોઇ પણ પ્રકારનો બોધ સત્વર ઠસાઇ જાય છે; ક્રોધિષ્ઠ અને દુર્જન એ ઉભયને અગ્નિ કરતાં પણ તીક્ષ્ણ ધારવા; પરોપકાર અને સત્ય ભાષણ સમાન કોઇ પુણ્ય નથી; વ્યભિચાર અને ચોરીથી બહુ જ ચેતીને ચાલવું અને જે સ્ત્રી પોતાના અમૂલ્ય પાતિવ્રત્યનું પાલન કરતી નથી, તેને તે જીવતી છતાં પણ મુએલી જ માની લેવી.

એ વ્યભિચારના પરિણામે સહસ્રાવધિ લોકો વ્યથા પામીને મરી જાય છે, પરંતુ કામી જનો બીજાઓની એ દુર્દશાને પ્રત્યક્ષ જોવા છતાં, ખેદનો વિષય છે કે, દુર્વ્યસનનો ત્યાગ કરતા નથી. વ્યભિચારના યોગે વડિલોપાર્જિત કિંવા સ્વયંસંપાદિત જે લક્ષ્મી હોય છે તેનો નાશ થાય છે; ગુરુ, માતાપિતા ઇત્યાદિકના નામને કલંક લાગે છે અને પોતાની અપકીર્તિ તો અવશ્ય થાય છે, એ વિશે તો કાંઇ કહેવાનું છે જ નહિ. !

ઇંદ્રિયોને આપણા તાબામાં રાખવી જોઇએ, તેને બદલે જો આપણે તેમના તાબામાં રહીએ, તો અવસ્ય પ્રાણ, ધન અને કીર્ત્તિનો નાશ થવો જ જોઇએ, એવો નિયમ છે. એ કામવિકાર એવો દુર્ધર છે કે, કૃષ્ણ સર્પ અને રાક્ષસ કોઇ પર ક્ષુબ્ધ થાય છે, ત્યારે તે એક જ વ્યકિતના પ્રાણનો તેઓ નાશ કરે છે, પરંતુ કામવિકારને આધીન થઇ અનુચિત કર્મનો આરંભ કરવામાં આવે તો ધન, કીર્તિ અને પ્રાણ એ ત્રણે વસ્તુઓનો ધીમે ધીમે નાશ થવા સાથે સમસ્ત કુલસહવર્ત્તમાન આ લોકમાં અપકીર્ત્તિ અને પરલોકમાં કુંભીપાક આદિ નરકની તે પ્રાપ્તિ કરાવે છે. આ મૃત્યુલોકમાં કાયિક, વાચિક અને માનસિક એવાં ત્રિવિધ પાતક કહેલાં છે. તેમાંનું માનસિક પાપ સર્વથી મોટું છે; એટલા માટે ઘોડાને જેવી રીતે લગામથી

હાથીને અંકુશથી અને નૌકાને સુકાનથી વશ રાખવામાં આવે છે, તેજ પ્રમાણે મનને વિવેકાંકુશથી વશ રાખવાની બહુ જ અગત્ય છે. ઇશ્વરનો ભય રાખી વ્યભિચારનો ત્યાગ કરવો અને બની શકે તો પરોપકારમય કૃત્ય કરીને પોતાના મનુષ્યાવતારની સાર્થકતા કરવી.”

## વીરક્ષેત્રની સુંદરીને ઉપદેશ

અમારૂં પરસ્પર આ પ્રમાણેનું ભાષણ ચાલતું હતું એટલામાં રાત્રિની સમાપ્તિ થવાનો સમય નિકટમાં આવી લાગ્યો એટલે હું અત્યંત દીનતાથી તે સુંદરીને કહેવા લાગ્યો કે, ‘હવે તો કૃપા કરીને મને છોડ અને તારા મનમાં જે ઇચ્છા હોય તે મને જણાવ એટલે હું તે પ્રમાણે વર્ત્તવાને તૈયાર છું. પણ મેં જે આખી રાત તને ઉપદેશ આપ્યો છે, કે, પોતાના ઘરને છોડીને બહાર નીકળવાથી મહાકલેશ ભોગવીને છેવટે તું પશ્ચાત્તાપને પામીશ, તે ઉપદેશને સ્વીકારી જો ગૃહમાંજ રહીશ, તો તેથી તારૂં અતિશય કલ્યાણ થશે.”

મારાં આ વાક્યો સાંભળી તે સુંદરી કહેવા લાગી કે;–“ડોક્ટર સાહેબ! હવે કદાચિત્ મારા પ્રાણ જવાનો પ્રસંગ પણ આવે, તો પણ હું આ ઘરમાં તો નથી રહેવાની તે નથી જ રહેવાની. તમે મને અહીંથી ગમે ત્યાં બહાર લઇ જાઓ. પછી જો મારૂં ભૂંડું થશે, તો તેનો દોષ હું તમને આપવાની નથી.’ એટલે મેં તેને વચન આપ્યું કે, “આવતી કાલે સંધ્યા કાળે અંધારૂં થવા પછી પુરૂષનો વેશ ધારણ કરીને નગર બહાર ખંડેરાવના મંદિર પાસે આવજે, ત્યાં હું બે અશ્વ તૈયાર રાખું છું એટલે ત્યાંથી આપણે અશ્વ પર બેસીને પલાયન કરી જઇશું.”

## પલાયન

મારા મુખના આ શબ્દો સાંભળતાં તેને મહા આનંદ થયો અને તેણે દાસીના જાણવામાં ન આવે તેવી રીતે પોતાની હવેલીમાંથી પોતાના હાથે જ મને વિદાય કરી દીધો. એ સમયે મારા પ્રાણ

બચ્યા એમ ધારીને મનમાં મેં ઇશ્વરની પ્રાર્થના કરી અને ઇશ્વરનો અતિશય આભાર માન્યો. પરંતુ હું તરુણ અને વળી વિષયમાં લંપટ થએલો હોવાથી ભાવિ દુર્દશાની ભીતિ ન રાખતાં સાયંકાળે સંકેત સ્થાનમાં અશ્વોને તૈયાર રાખી તે સુંદરીના આગમનની માર્ગપ્રતીક્ષા કરતો ઊભો રહ્યો. છેવટે તે આવી લાગી અને અમો બન્ને અશ્વારૂઢ થઇ ત્યાંથી પલાયન કરીને ભૃગુપુર-ભરૂચમાં આવી પહોંચ્યાં, અને ત્યાં તેને મારા એક મિત્રના ગૃહમાં રાખીને મેં કહ્યું કે;-"મારે તો અત્યારે ને અત્યારે જ વડોદરે જવું પડશે; કારણ કે, આવતી કાલે સાંજે તારા પતિના આવ્યા પછી તારી દાસીના મુખથી આ બધો ભેદ પ્રકાશમાં આવી જશે અને તે કદાચિત્ આપણી પૂઠ પકડશે, તો મોટી પંચાતમાં આવી પડીશું. એટલા માટે હું ત્યાંની સર્વ વ્યવસ્થા કરી આવું ત્યાં સુધી તું અહીં સુખપૂર્વક રહે. અહીં તને કોઇ પણ પ્રકારનું દુઃખ થવાનું નથી." આમ કહીને હું ત્યાંથી તરત પાછો નીકળી બીજે દિવસે સવારમાં દશ વાગતામાં તો પાછો વડોદરામાં આવીને હરતોફરતો દેખાવા લાગ્યો.

સાંજે તેનો પતિ આવ્યો અને પોતાની સ્ત્રીના પલાયનની વાર્ત્તા સાંભળી દાસીને મારકૂટ કરવા લાગ્યો એટલે તેણે મારૂં નામ આપી દીધું, અને તેથી ઘરેણાં માટે તેણે મારા પર સરકારમાં ફરિયાદ નોંધાવી. એથી સરકારનાં માણસોએ મારા ઘરનો ઝાડો લીધો, પણ મુદ્દાની એક પણ ચીજ ન નીકળવાથી તે બિચારાને ચૂપ થઇને બેસી રહેવું પડયું.

વડોદરામાં આવીને હું પાછો મારી નોકરીમાં દાખલ થઇ ગયો અને ત્યાર પછી થોડા દિવસમાં અમારી ટુકડીનું અન્યત્ર જવાનું નક્કી થયું. એટલે બે દિવસની રજા લઇ ભરૂચ જઇને એક જગ્યા ભાડે લઇ તે સુંદરીના નિવાસ અને નિર્વાહની સર્વ વ્યવસ્થા કરી આપી મારા મિત્રને તેની સંભાળ રાખવાની ભલામણ કરી દીધી અને હું મારી નોકરી પર ચાલ્યો ગયો.

## પુનઃ પતનને પંથે

કેટલાક દિવસ પછી મારા મિત્રનો મારા પર એક પત્ર આવ્યો, અને તેમાં નીચેની વિગતનો સમાવેશ કરવામાં આવ્યો હતોઃ—

"તમારી સુંદરી કાંઇક દુષ્કર્મ કરવાને તત્પર થઇ છે, એટલા માટે તમો પોતે સત્વર આવો અને બધો બનાવ પોતાની આંખે જોઇ જાઓ." એ સમાચાર સાંભળી હું એક સપ્તાહની રજા લઇને ભરુચ ગયો અને ત્યાં આખા અંગે ભભૂત ચોળી ખાકી બાવાનો વેશ લઇને મારા મિત્રને ત્યાં જઇને એકાંતમાં તેના પિતાને મળ્યો. ત્યાર પછી રાત થતાં તે રંડાનાં સર્વ કૃત્યોને જોવા માટે હું છુપાઇને બેઠો. લગભગ એક પ્રહર જેટલો નિશાનો સમય વીતી ગયો હતો અને તે સુંદરી પોતાના ઉંબરામાં કોઇના આવવાની વાટ જોતી બેઠી હતી. એટલામાં તે જેની વાટ જોતી હતી તે તેનો જાર પણ આવી લાગ્યો, તેણે તેને ઘરમાં ઘાલીને દરવાજો બંધ કર્યો અને બન્ને જણ પલંગ પર પધાર્યાં. હું મારા મિત્રને લઇને ત્યાં જઇ પહોંચ્યો અને દરવાજો ઉઘાડ કહીને સાંકળ ખખડાવી. તે વેળાએ તે નારીના મનમાં અત્યંત ગભરાટ થવાથી તેણે તે જારને સ્ત્રીનો વેષ પહેરાવીને પલંગપર બેસાડયો અને ત્યાર પછી દ્વાર ઊઘાડીને મને અંદર લીધો. તે વેશધારિણી સ્ત્રીનો પરિચય આપતી તે કહેવા લાગી કે;–"આ આપણા પાડોશીની સ્ત્રી છે. તે અહીં મારી પાસે બીજું કોઇ ન હોવાથી હમેશ સુવાને આવે છે. બિચારી ઘણી જ ભોળી ને ભલી બાયડી છે!"

તેના આવા હડહડતા જૂઠાણાને જોઇને મારા કોપનો અવધિ થઇ ગયો અને તેથી તે બનાવટી બાયડીનાં વસ્ત્રો ખેંચીને તેની બનાવટ તેના હાથમાં ખુલ્લી કરીને આપી દીધી. પછી તેમને મારકૂટ વગેરે કાંઇ પણ ન કરતાં માત્ર શબ્દોનો પ્રહાર કરીને જ મેં કહ્યું કે;–"તારા હાથે આ દુષ્કૃત્ય થયું એ ઘણું જ સારૂં થયું. ઘર છોડતી વેળાએ મેં જે બોધ આપ્યો હતો તે સર્વ વ્યર્થ થયો અને છેવટે તારા ભાગ્યમાં જે દુર્દશા લખાયલી હતી તે જ તારી સ્હામે આવીને ઊભી રહી." તે

બહુજ શરમાઇને અને શોકાતુર થઇને કહેવા લાગી કે;—"મને આ આટલા અપરાધની એક જ વાર ક્ષમા આપો; એટલે બીજી વાર હું કદી પણ આવી ભૂલ કરીશ નહિ." એના ઉત્તરમાં હું બોલ્યો કે;—"ભ્રષ્ટ ભાર્યા ! ગમે તો પરણેલો હોય કે રાખેલો હોય, તોય કોઇ પુરુષ આવા સ્ત્રીના કુ કૃત્યને સહન કરી શકે જ નહિ. એટલા માટે હવે મારી આશા છોડી દે જે; કારણ કે, હવે હું તને સ્વપ્નમાં પણ દૃષ્ટિગોચર થવાનો નથી. હવે તમો બન્ને આનંદથી મનગમતાં ભોગ સુખને ભોગવ્યાં કરો !" આ પ્રમાણે કહી તત્કાળ હું ત્યાંથી નીકળીને મારી નોકરીપર જવાને ચાલ્યો ગયો.

## અંતિમ પરિણામ

સુંદરીના તે નવા જારે કેટલાક મહિના સુધી તેના વિકારને શાંત કરી તેને દૃઢતાથી પોતાના મોહપાશમાં બદ્ધ કરી તેની પાસે જે કાંઇ પૈસા ટકા અને ઘરેણાં ગાંઠાં હતાં તે બધાં કઢાવી લીધાં અને તે બધું પોતે જુગારમાં હારી ગયો. જ્યારે તે સ્ત્રી પાસે કાંઇ પણ ન રહ્યું ત્યારે તેને છોડીને તે કોણ જાણે કયાં ચાલ્યો ગયો, તેનો કશો પત્તો જ કોઇને મળી શકયો નહિ. નિર્વાહનું કાંઇપણ સાધન ન રહેવાથી તેણે નિરૂપાય થઇને ભરૂચમાં જ દુષ્કર્મની દુકાન ઉઘાડી અને વેશ્યાનો વ્યવસાય કરી તે પોતાનું પેટ ભરવા લાગી. એ ધંધામાં પડયા પછી થોડા જ દિવસમાં તેને ઉપદંશનો વિકાર થયો અને તેથી તેનું શરીર કુરૂપ થઇ જવાથી કોઇ તેની સ્હામે દષ્ટિ પણ નાખતું નહિ, એવી અવદશા આવી લાગી. એક શરીરમાં ભયંકર રોગ અને બીજું, ખાન-પાન તથા ઔષધોપચારનાં સાધનોનો વીસે વસા અભાવ એટલે રોગ અતિશય વધી જવાથી તેનાં અંગે અંગમાં ક્ષતો પડી ગયાં, તે ચુડેલ જેવી થઇ ગઇ, મહાદુઃખી થઇ અને અન્ન વિના ભૂખે મરવા લાગી, એ સમયમાં કેટલાક દિવસ સુધી ઘેર ઘેર ભટકી ભીખ માગીને તેણે પોતાના પ્રાણ ટકાવ્યા, પણ પછી સંધિવાયુ થતાં જ્યારે ચાલવાની શક્તિનો પણ લોપ થયો, ત્યારે એક સાહેબનો ઢેઢ બટલર

હતો તેની ઓરડીની પાછળ તેણે પોતાની છાવણી નાખી અને તે દેહના એઠવાડ પર ગુજારો કરી મરણના દિવસની તે આતુરતાથી વાટ જોવા લાગી.

## પરિણામે મૃત્યુ

કેટલાક કાળ પછી હું મારા મિત્રને મળવા માટે ભરૂચમાં આવ્યો અને તેણે મને તેની દુર્દશાની વાર્તા સંભળાવતાં મનમાં કરુણા આવવાથી હું તેને જોવાને ગયો. તેનું સ્વરૂપ એવું તો કલાહીન થઇ ગયું હતું કે, તેના મુખપ્રતિ દૃષ્ટિપાત પણ કરી શકાતો નહોતો. આગળનાં સુખોનું સ્મરણ થતાં અમો બન્ને એક બીજાને જોઇને રડવા લાગ્યાં, ત્યાર પછી તે મહા પશ્ચાત્તાપથી કહેવા લાગી કે, જો મારૂં મરણ થયું હોત, તો આ દિવસો તો મારે ન જોવા પડત. ડોકટર સાહેબ! આપ કૃપા કરી મને કોઇ વિષ આપીને મારી આ પીડાનો અંત લાવી નાખશો, તો આપનો મારાપર મોટામાં મોટો ઉપકાર થશે." તેના આ શબ્દો સાંભળી અચાનક મારા અંતઃકરણમાં દયાનો આવિર્ભાવ થયો અને તેથી તેના મનનું અનેક પ્રકારે સાંત્વન કરી તેને થોડાક રૂપીયા પણ આપ્યા અને ઔષધોપચાર પણ કરાવ્યો; પરંતુ તેનો રોગ રગેરગમાં પેસી ગયેલો હોવાથી મારા પરિશ્રમ વ્યર્થ ગયા અને રોગે તેના પ્રાણ લઇને જ તેને છોડી-મહાવ્યથા ભોગવીને તે અંતે મરી જ ગઇ!

અનંગભદ્રા! એ ઉચ્ચ જાતિની અને કુલીન અબળા હતી તેમ જ તેના લાવણ્ય અને કળાકૌશલ્ય આદિમાં પણ કશી ન્યૂનતા નહોતી, છતાં પણ વ્યભિચારના દુષ્ટ વ્યસનને આધીન થવાથી આપ્તજનોની છાયા, કીર્ત્તિ અને સુખ આદિ સર્વ વસ્તુઓને ખોઇ બેઠી અને છેવટે આવી દુર્દશા ભોગવીને શ્વાન પ્રમાણે રસ્તામાં જ મરી ગઇ. અર્થાત્ એટલા માટે જ કહેવામાં આવે છે કે, સ્ત્રીનાં ચરિત્રોને ઇશ્વર પણ જાણતો નથી, તો પછી બિચારો મનુષ્ય તો ક્યાંથી જ જાણી શકે? એટલા માટે જો તમે પણ એવું કુકૃત્ય કરશો, તો પરિણામે એવી જ દુર્દશા ભોગવશો.

કેટલીક સ્ત્રીઓ તારુણ્યના મદમાં પોતાના ઘરબારને છોડી બહાર નીકળી જાય છે અને તેઓ જો કે પુષ્કળ ધન મેળવીને વિષયસુખનો યથેચ્છ આસ્વાદ લઇ શકે છે, છતાં અંતે તેમનો કોઇ પણ સહાયક કિંવા સંગી સાથી ન થવાથી દુર્દશા ભોગવીને જ મરણને વશ થાય છે. એટલું જ નહિ પણ ઐહિક તથા પારલૌકિક સુખથી વંચિત થઇને રૌરવ નરકમાં જઇ પડે છે. એ કારણથી, ઘરને છોડીને બહાર નીકળવાની કલ્પના માત્ર પણ કોઇ સ્ત્રી કરશો નહિ. સદાસર્વદા સુખદુઃખનો ભાર ઇશ્વરના શિરપર નાખીને તેના ભજનમાં નિમગ્ન રહેવું, એજ આપણુ સર્વનું પરમ કર્તવ્ય છે. હું એ પરસ્ત્રીપ્રેમનો સંપૂર્ણ અનુભવ લઇને પશ્ચાત્તાપ પામી ચૂકયો છું અને પરમેશ્વરની કૃપાથી સર્વ સંકટોમાંથી પાર પડતાં હવે મેં એ દુર્વ્યસનનો સર્વથા ત્યાગ કરી દીધો છે. આ અંગ્રેજી રાજ્યમાં વ્યભિચાર કરનારને વધારે ભય નથી, છતાં જ્યાં એકની વસ્તુને બીજો છીનવી લે એટલે કલહ તો થવાનો જ અને જ્યાં કલહ થયો ત્યાં બેમાંથી એકનો નાશ પણ થાય, એ સર્વથા સ્વાભાવિક જ છે. જેવી આપની તેવી બીજાની પ્રિયા સમજવી.

## અનંગભદ્રાને બોધ

અનંગભદ્રા! પશુ આદિકમાંની પણ કેટલીક જાતિઓના નર પોતાની સ્ત્રીને ત્યાગી પરસ્ત્રીનો સંગ કરતા નથી, કારણ કે, એથી લડાઇ થતાં પ્રાણનાશનો પ્રસંગ આવી લાગશે, એ તત્ત્વને તેઓ જાણતા હોય છે; તેમ જ તેમની માદાઓ પણ બીજા નર પશુ પાસે જતી નથી. પશુઓમાં બુદ્ધિ અને જ્ઞાન શકિતનો અભાવ હોવા છતાં તેઓ જે કર્મ કરતાં નથી, તે કર્મ વ્યભિચારી પુરૂષ અને વ્યભિચારિણી તથા વેશ્યા સ્ત્રીઓ કરે છે, એથી ખરી રીતે જોતાં તેઓ પશુ કરતાં પણ નીચ અને અધમ છે, એમાં લેશ માત્ર પણ સંશય નથી. ઇશ્વરે અને આપણા પૂર્વજોએ એવાં ઘોર કર્મોને અટકાવવા માટે સ્ત્રી પુરૂષના વિધિપૂર્વક લગ્નસંબંધની જે યોજના કરેલી છે, તેની જે કોઇપણ અવગણના

કરે છે, તેનો અવશ્ય નાશ થવાનો જ. એ સર્વ કારણોથી પતિ દરિદ્રી, જન્મરોગી કિંવા ગમે તેવો દુર્ગુણી હોય, તોપણ તેને ત્યાગીને આવા પ્રકારના કલેશો ભોગવવા એ તો કોઇપણ રીતે યોગ્ય નથી જ. અર્થાત્ તમે આટલી સંપત્તિ અને આવાં સુખોને જલાંજલિ આપીને સ્વૈરિણી થઇ બહાર નીકળી પડશો, તો અવશ્ય તમારો સર્વ પ્રકારે નાશ થઇ જશે. સત્ય વચન કહેવાનો મારો ધર્મ હું બજાવું છું; છતાં એ પ્રમાણે વર્ત્તવું કે ન વર્ત્તવું એનો આધાર તમારી પોતાની ઇચ્છાપરજ રહેલો છે."

મારો આ ઉપદેશ સાંભળી અનંગભદ્રા નમ્રતાથી પ્રાર્થના કરતી કહેવા લાગી કે;–"ડૉકટર સાહેબ! આપે વીરક્ષેત્રની સુંદરીનો પોતાના અનુભવમાં આવેલો જે વૃત્તાન્ત કહી સંભળાવ્યો, તે સાંભળીને મારા મનમાં અત્યંત ભય ઉત્પન્ન થયો છે અને મારા મનમાં જે ગૃહને ત્યાગી બહાર ચાલ્યા જવાનો વેગ ઉત્પન્ન થયો હતો, પરતંત્રતાને ત્યાગી સ્વતંત્ર થઇ યથેચ્છ વિષય સુખ ભોગવવાનો ઉન્માદ થયો હતો, તેના સ્થાનમાં હવે પશ્ચાત્તાપના યોગે વિરક્તતાનો આવિર્ભાવ થયો છે. કારણ કે, જ્યારે વીરક્ષેત્રની સુંદરી જેવી મહા ચતુર અબળાની પણ સ્વેચ્છાચારથી આવી દુર્દશા થઇ ગઇ, તો પછી મારા જેવી એક સાધારણ સ્ત્રીનો એ સ્વૈરગતિથી સહજમાં નાશ થઇ જાય, એમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી. એટલા માટે હવે મારા પ્રાણ જશે, તો પણ હું ગૃહમાંથી આવી ભાવનાવડે પગ બહાર કાઢવાની નથી."

તે પછી અનંગભદ્રા સ્વગૃહે પાછી ફરી હતી.

ડૉ. રામચન્દ્ર અને અનંગભદ્રાના સંવાદમાં વીરક્ષેત્રની સુંદરીની
કથા સમાપ્ત

રતિનાથની રંગભૂમિ અથવા ચપલા–ચરિત્ર–ચન્દ્રિકાનો
પ્રથમ ભાગ સંપૂર્ણ.

☞ વિક્રમાદિત્ય અને સ્ત્રી ચરિત્રની વાર્તા દ્વિતીય ભાગમાં ચાલુ છે.

## વ્યભિચારના નિષેધનાં શાસ્ત્રોક્ત પ્રમાણો

**स्वभाव एष नारीणां नराणामिह दूषणम् ।**
**अतोऽर्थान्न प्रमाद्यन्ति प्रमदासु विपश्चितः ॥**

શૃંગાર આદિ ચેષ્ટાવડે પુરુષોને મોહ પમાડી વશ કરવો એ સ્ત્રીઓનો સ્વભાવ જ છે. પણ તેમના મોહને વશ થનારા પુરુષો જ આ બાબતમાં દોષપાત્ર છે. એટલા માટે વિદ્વાન્ પુરુષો સ્ત્રીઓની બાબતમાં પ્રમાદ કરતા નથી. (મનુ ૨–૨૧૩)

**अविद्वांसमलं लोके विद्वांसमपि वा पुनः ।**
**प्रमदा ह्युत्पथं नेतुं कामक्रोधवशानुगम् ॥**

પુરુષ અવિદ્વાન્ હોય કે વિદ્વાન્ હોય, પણ જો તે કામ અને ક્રોધને વશ થઈ વર્તે તો તેને પ્રમદાઓ ઉન્માર્ગમાં લઈ જવામાં સમર્થ થાય છે. (મનુ ૨–૨૧૪)

**अश्वप्लुतं वासवगर्जितं च स्त्रीणां च चित्तं पुरुषस्य भाग्यम् ।**
**अवर्षणं चाप्यतिवर्षणं च देवो न जानाति कुतो मनुष्यः ॥**

અશ્વની ગતિને, ઇંદ્રની ગર્જનાને, સ્ત્રીઓનાં ચિત્તને, પુરુષના ભાગ્યને, અવર્ષણને અને અતિવૃષ્ટિને દેવ પણ જાણતો નથી તો પછી મનુષ્ય ક્યાંથી જાણી શકે? (સુભાષિત)

**राष्ट्रस्य चित्तं कृपणस्य वित्तं मनोरथं दुर्जनमानुषाणाम् ।**
**स्त्रियश्चरित्रं पुरुषस्य भाग्यं देवो न जानाति कुतो मनुष्यः ॥**

રાષ્ટ્રનું ચિત્ત, કંજૂસનું વિત્ત, દુર્જન મનુષ્યોનો મનોરથ, સ્ત્રીનું ચરિત્ર અને પુરુષનું ભાગ્ય દેવ પણ જાણતો નથી તો પછી મનુષ્ય ક્યાંથી જાણી શકે ? (સુભાષિત)

**शस्त्रेण वेणीविनिगूहितेन विदूरथं वै महिषी जघान ।**
**विषप्रदिग्धेन च नूपुरेण देवी विरक्ता किल काशिराजम् ॥**

વિદૂરથ રાજાને તેની રાણીએ વેણીમાં છુપાવેલા શસ્ત્રથી માર્યો. કાશિરાજને તેની વિરક્ત દેવીએ વિષ લગાડેલા નૂપુરથી માર્યો.

**लङ्केश्वरो जनकजाहरणेन वाली तारापहारकरणादपि कीचकाख्यः ।**
**पाञ्चालिकाग्रहणतो निधनं जगाम तच्चेतसापि परदाररतिं न काङ्क्षेत् ॥**

જનકકન્યા સીતાનું હરણ કરવાથી લંકાપતિ રાવણ મરણ પામ્યો. તારાનું હરણ કરવાથી વાલી મરણ પામ્યો. પાંચાલી–દ્રૌપદીનું ગ્રહણ કરવાથી કીચક મરણ પામ્યો. એમ હોવાથી ચિતથી પણ પરસ્ત્રીની રતિની ઇચ્છા કરવી નહીં. (સુભાષિત)

व्यभिचारेण वर्णानामवेद्यावेदनेन च ।
स्वकर्मणां च त्यागेन जायन्ते वर्णसङ्कराः ॥ (मनुः १०।२४॥)

વર્ણોના વ્યભિચારથી–બ્રાહ્મણાદિ વર્ણોમાં પરસ્પર વિવાહ કરવાથી, સગોત્રમાં વિવાહ કરવાથી અને સ્વોચિત કર્મોનો–ઉપનયનાદિ સંસ્કારોનો ત્યાગ કરવાથી પ્રજામાં વર્ણસંકર થાય છે.

व्यभिचारात्तु भर्तुः स्त्री लोके प्राप्नोति निन्द्यताम् ।
शृगालयोनिं प्राप्नोति पापरोगैश्च पीड्यते ॥ (मनुः ५।१६४)

પતિને તજીને અન્ય પુરુષ સાથે વ્યભિચાર કરનારી સ્ત્રી લોકમાં નિંદ્ય થાય છે, શિયાળની યોનિને પામે છે અને પાપી રોગોથી પીડાય છે.

पतिं या नाभिचरति मनोवाग्देहसंयुता ।
सा भर्तृलोकमाप्नोति सद्भिः साध्वीति चोच्यते ॥ (मनुः ५।१६५॥)

જે સ્ત્રી મનથી, વાણીથી અને દેહથી પતિનું અતિક્રમણ કરતી નથી–પતિનું અતિક્રમણ કરી વ્યભિચાર કરતી નથી તે પતિ લોકને પામે છે અને સત્પુરુષો તેને સાધ્વી સ્ત્રી કહે છે.

कामातुराणां न भयं नलज्जा चार्थातुराणां न गुरुर्न बन्धुः ।
विद्यातुराणां न सुखं न निद्रा क्षुधातुराणां न रुचिर्न वेला ॥

કામાતુરોને બીક કે લજ્જા હોતી નથી, અર્થાતુરોને ગુરુ કે બંધુ હોતો નથી, વિદ્યાતુરોને સુખ કે નિદ્રા હોતી નથી અને ક્ષુધાતુરોને રુચિ કે વેળા હોતી નથી. (સુભાષિત)

ઉંઘ ન જૂએ તુટી ખાટ, ભૂખ ન જૂએ ટાઢો ભાત;
લોભી ન જુએ ભ્રાત કે માત, ઇશ્ક ન જૂએ જાત-કુજાત.

પાઠાંતર :–

ઉંઘણસી ન જૂએ તૂટી ખાટ, ભૂખ્યો ન જૂએ ટાઢો ભાત;
તરસ્યો ન જૂએ ધોબી ઘાટ, કામી ન જૂએ જાત-કુજાત.

दुराचारेण पुरुषो लोके भवति निन्दितः ।
दुःखभागी च सततं व्याधितोऽल्पायुरेव च ॥ (સુભાષિત)

દુરાચારથી પુરુષ લોકમાં નિંદિત થાય છે, સર્વદા દુઃખભાગી રહે છે, રોગગ્રસ્ત થાય છે અને અલ્પ આયુષ્યવાળો થાય છે.

## પરસ્ત્રી માત સમાન

### પરસ્ત્રીવિષયક કવિ શામળભટના છપ્પા

પરનારીશું પ્રીત, દેહમાં દુઃખ ઘણેરૂં;
પરનારીશું પ્રીત, થાય અઘ અતિ અનેરૂં;
પરનારીશું પ્રીત, ખરે તનમાં ક્ષય રોગ;
પરનારીશું પ્રીત, ભાગ્યહીણાના ભોગ;
પરનારી સાથે પ્રીત છે, પડિયો પાપપ્રસંગમાં;
કવિ શામળ ભટ સાચું કહે, ઉચ્ચાટ ઉપજે અંગમાં. ૧

પરનારીશું પ્રીત, તેને ભોજન નવ ભાવે;
પરનારીશું પ્રીત, સુખે નિદ્રા નવ આવે;
પરનારીશું પ્રીત, હરી સેવા નવ સૂજે;
પરનારીશું પ્રીત, બુદ્ધિ સારી નવ બૂઝે;
એ પાપરૂપ પરનાર છે, અપજશ ઉપજે આપના;
શામળ પ્રીતી પરનારશું, બોળે બોતેર બાપના. ૨

પરનારીશું પ્રીત, નવે ગ્રહ તેને રૂઠયા;
પરનારીશું પ્રીત, અગ્નિ વરસાદજ વૂઠયા;
પરનારીશું પ્રીત, પનોતિ લોહને પાયે;
પરનારીશું પ્રીત, જરૂર ન સ્વર્ગે જાયે;
પરનારીકેરી પ્રીતથી, અગ્નિ આંચ નિત્ય નિત્ય ખમે;
શામળ કહે સાચું માનજે, ગુણવંતાને નવ ગમે. ૩

અગ્ની આગળ ઘૃત, તરત ઉકળે તે તાપે;
માનનિ આગળ મરદ, રહે કયમ આપો આપે;
તસ્કર આગળ દ્રવ્ય, કહો દીઠું કયમ મૂકે;
તેતર બાજનિ પાસ, ચોટ કરતાં નવ ચૂકે;
લોભી આગળ લક્ષ્મી અને, જુવતિ પાસ નર જે હશે;
કવિ શામળ કહે સોબત મળે, જરુર લાજ તેની જશે;

અગ્નિ ઉપર ઉદક, ઉકળતાં વાર ન લાગે;
દારૂને દેવતા, મળે ભડકો થઈ ભાગે;
તરણી ઊગ્યે તિમિર, તુરત નિરખંતાં નાસે;
તડકો પડતાં ટાઢ, પડેલી ન રહે પાસે;
પ્રમદાની આગળ ત્યમ પુરુષ, એકાંતે જો એ મળે;
શામળ કહે જો સત્યવાદિયો, તોય લુણ જળમાં ગળે. ૫

સો કાયર એક શૂર, નાસતાં તે પણ નાસે;
જેને સંગતિ જૂઠ, જૂઠનો બેસે પાસે;
કાજળ કોટડિમાંહિ, પ્રવિણ પૂરો થઈ પેસે;
રાખે શુભ સંભાળ, ડાઘ તેને પણ બેસે;
પ્રમદાસંગે પણ પુરુષ તે, કામવિવશ થાયે સહી;
શામળ કહે સજ્જન પુરુષ તો, પરસ્ત્રિ પાસ વસે નહી. ૬

શિવ સરખાય સમર્થ, ભોળવ્યા ભિલડી રાણી;
ઈંદ્ર અહલ્યા નાર, ગયો જ્યાં છે ગોરાણી;
તરણી તારાસાથ, વિવેકી વાળિ વણ્યો;
બૃહસ્પતીની નારિ, તેહશું શશી સહ્યંધ્યો;
કામાને સંગે કોટિયા, પવિત્ર થયા કુપાત્ર છે;
શામળ કહે શામા આગળે, માનવિ તે કુણ માત્ર છે. ૭

પરસ્ત્રિથી સુખ હાણ, પરસ્ત્રી સંગે પાપ;
પરસ્ત્રિ નરકનિ ખાણ, ત્રિવિધના ઉપજે તાપ;
પરસ્ત્રિગત પ્રભુ દૂર, પરસ્ત્રી ગુણ ઘટાવે;
તે તાતી તરવાર, કોઇ દિન શીશ કટાવે;
પરનારીને જે પરહરે, તે ડહાપા કહેવાય છે;
શામળ પરનારી સંગથી, જિવનું જોખમ થાય છે. ૮

પરસ્ત્રિ પાપનું વૃક્ષ, બીજ છે ઝેરજ કેરૂં;
પરસ્ત્રિ શોકનું સદન, પરસ્ત્રી દુઃખ અનેરૂં;

પરસ્ત્રિ રગરગ રોગ, પરસ્ત્રી જ્વરવત જાણો;
પરસ્ત્રિ શૂળી સાત, અધિક એથી ઉર આણો;
પરનારિ પિંડ હરનાર છે, પરસ્ત્રિ છે પરતક્ષ છરી;
શામળ પરનારી સંગથી, નથિ એકો નર કો ઠરી. ૯

પરનારીશું સ્નેહ, પુરો નર તે તો પાપી;
પરનારીશું સ્નેહ, સદા તે શિવનો શાપી;
પરનારીશું સ્નેહ, રામ તેને તો રૂઠયો;
પરનારીશું સ્નેહ, તેહનો દહાડો ઊઠયો;
પરનારી સાથે સ્નેહ તો, દુખ ડુંગર ડોલ્યા સદા;
શામળ કહે સુખ સ્વપને નહીં, કષ્ટ વિકટ ન ટળે કદા. ૧૦

પરનારીશું પ્રીત, કાળ ચંદ્રમા કહાવ્યો;
પરનારીશું પ્રીત, એ જ ઘર અપજશ આવ્યો;
પરનારીશું પ્રીત, દેહ તેની તો દહિયે;
પરનારીશું પ્રીત, પનોતી લોહનિ લહિયે;
દુખ દરીદ્રદાવાનળ બળે, ઘણા કષ્ટના ગરકમાં;
શામળ પ્રીતી પરનારની, નિશ્ચે નાંખે નરકમાં: ૧૧

પરનારીશું પ્રીત, કામ સારૂં નવ સૂજે;
પરનારીશું પ્રીત, પ્રભૂને તે નવ પૂજે;
પરનારીશું પ્રીત, ધર્મ પણ તે નવ ધારે;
પરનારીશું પ્રીત, હોડમાં તે તો હારે;
અપજશ અણલેખે એહનો, અહંકાર અન્યા ઘણો;
શામળ કહે સુખ પરવારિયું, પ્યાર થયો પરસ્ત્રી તણો. ૧૨

પરનારીશું પ્રીત, પંડ પરવશ છે તેનો;
પરનારીશું પ્રીત, જીવ જોખમમાં જેનો;
પરનારીશું પ્રીત, રીત તેની નહિ રૂડી;
પરનારીશું પ્રીત, બુદ્ધિ તેની તો બૂડી;

છે પરનારી પાળી સમી, કાયરોગ એ કારમો;
શામળ પરસ્ત્રી વશ જે પડ્યો, તેને ચંદ્રમા બારમો. ૧૩

પરનારીશું પ્રીત, અલછ તેને તો પેઠી;
પરનારીશું પ્રીત, દશા રાહુની બેઠી;
પરનારીશું પ્રીત, પિશાચનિ પીડા સહિયે;
પરનારીશું પ્રીત, વિઘ્ન ત્યાં કોટિક કહિયે;

પરનારી કેરી પ્રીતથી, ગદ્ધાઇના ગરકમાં;
કવિ શામળ ભટ સાચું કહે, નિશ્ચે જાશે નરકમાં. ૧૪

પરનારીશું પ્રીત, લોકમાં લજ્જા જાય!
પરનારીશું પ્રીત, લછ લૂટી લે રાય;
પરનારીશું પ્રીત, બાપની લાજ ન બૂઝે;
પરનારીશું પ્રીત, સત્યની વાત ન સૂઝે;

નહિ રામનામ હૃદયે રહે, પીછે નહિ તે પુન્યમાં;
શામળ પરસ્ત્રીની પ્રીતથી, શમવત હીંડે શૂન્યમાં. ૧૫

પ્રીત વિના પરનાર, સ્નેહ ન કરે તે સાથે;
પ્રીત વિના પરનાર, હોડથી નાવે હાથે;
પ્રીત વિના પરનાર, જોરથી કોઇ નવ જીતે;
પ્રીત વિના પરનાર, છત્રપતિ છે પણ છી તે;

વળિ પ્રીત વિના પરનારિ તે, વશ વરતી થાયે નહી;
શામળ સંપૂરણ સ્નેહથી, શામા વશ થાયે સહી. ૧૬

પરસ્ત્રિ સંગે પાપ, બહુસ્ત્રિ હત્યા બેસે;
પરસ્ત્રિ સંગે પાપ, નરક કુંડે નર પેસે;
એક પત્નિ શ્રીરામ, દિલે પોતાને દાખી;
સત્યવંતિ સીતાય, રીત ઘણિ રૂડી રાખી;

બુદ્ધી નિધિ બીજાં બાપડાં, કામજીત કો નવ થયાં;
તો જન્મ મરણ જોખમ જરા, કોટિ વિઘન કવિયે કહ્યાં. ૧૭

છાનો ન રહે ચોર, રહે નહિ છાની ચાડી;
છાનું ન રહે પાપ, અકલ ફેલાવે આડી;
છાનો ન રહે મેહ, રહે નહિ છાની રહેણી;
ન રહે છાનું પ્રભાત, તથા કીરતી કે કહેણી;
છાની ન રહે વિદ્યા ભણી, સુગંધિ છાની નવ રહે;
ત્યમ પ્રીત છાનિ પરનારશું, છાનિ ન રહે શામળ કહે. ૧૮

## કામીજનવિષયક કવિ શામળભટના છપ્પા

કામી ન જુએ કર્મ, કામિ જન ધર્મ ન ધારે;
કામીને શી શરમ, કામિજન મરે કે મારે:
કામી ન સૂજે કામ, શાસ્ત્રની વાત ન સૂજે;
કામી ન ભજે રામ, બુદ્ધિ એકે નવ પૂજે;
કોટી અવગુણ કામીતણા, ધર્મ મારગે નવ ધસે;
અપજશ જે અવની ઉપરે, કામાતુરને તન વસે. ૧૯

કાં રાજા કાં રંક, કોણ નર કે કો નારી;
કામાતુરે કલંક, હોડ હિંમત જાય હારી;
પૃથ્વીમાં જે પાપ, રોગ ક્ષય આદિક દેહે;
ત્રિલોકમાં પરિતાપ, નકી પરનારી નેહે;
લાખો વીંછીની વેદના, દુખ દિવાનના દંડમાં;
શામળ કહે કોઇ રખે કરો, પ્રીત પરસ્ત્રી પંડમાં. ૨૦

## ૧૦૦૧ રાતની વાત



# અરેબિયન નાઇટ્સ

### પરપ થી વધુ ચિત્રો

આ વાર્તાના પુસ્તકને અરબ્બી ભાષામાં અલફ લયલા વ લયલા અથવા એક હજાર ને એક રાતની વાર્તાઓ કહે છે. એમાં ગુજરાતી ભાષામાં છપાયલા કોઈ પણ સચિત્ર પુસ્તક કરતાં સહુથી વધારે સારાં ચિત્રો છે. એમાં વાર્તાઓ તો એવી સરસ છે કે જેનું વર્ણન કરવા બેસીએ તો પાર આવે નહિ. આ વાર્તાઓ જગવિખ્યાત છે. એકવાર ગ્રન્થ હાથમાં લીધો તો પાછો મૂકવો ગમશે નહિ. આ આવૃત્તિ બર્ટનની છેલ્લી આવૃત્તિ ઉપરથી સુધારી વધારવામાં આવી છે અને તેમાં ઐતિહાસિક વિગતો અને અન્વેષણથી ભરપુર પ્રસ્તાવના લખી છે. આ નવી આવૃત્તિમાં બધાં મળીને લગભગ પરપ સુંદર આકર્ષક ચિત્રો છાપવામાં આવેલાં છે. કી. રૂ. ૧૬. ટ.ખ. રૂ. ૧-૮-૦

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ, સાસુન બિલ્ડિંગ, સર્કલ, કોટ, મુંબઈ.

ગુજરાતના એક મહાન-અજોડ અમર લેખક

## સ્વ. નારાયણ વિશનજી ઠક્કરના રચેલાં ઉપયોગી પુસ્તકો.

## તત્ત્વજ્ઞાન અને ધાર્મિક ગ્રંથો

### સ્વામીશ્રી વિવેકાનંદની વિચારમાળા-પાંચ પુષ્પો

| | |
|---|---|
| પ્રથમ – કર્મયોગ, ભક્તિયોગ અને વૈરાગ્યયોગ | રૂ. ૩-૦-૦ |
| બીજું – રાજયોગ-(પાતંજલ યોગસૂત્રો સહિત) | રૂ. ૩-૦-૦ |
| ત્રીજું – જ્ઞાનયોગ (૨૧ વ્યાખ્યાનો) | નથી |
| ચોથું – સાંખ્યયોગ (૧૫ વ્યાખ્યાનો) | રૂ. ૩-૦-૦ |
| પાંચમું – ૨૦ પ્રકીર્ણ વ્યાખ્યાનો | રૂ. ૩-૦-૦ |

(૬-૭-૮) સાર્થઅમૃતાનુભવ, હરિપાઠ અને ચાંગદેવપાસષ્ટિ
(સંત શિરોમણી જ્ઞાનેશ્વર મહારાજકૃત
ત્રણ મરાઠી ગ્રંથોનો સરળ સુબોધ અનુવાદ) રૂ. ૨-૦-૦

(૯) અનન્તાનુભૂતિ અથવા અનન્તજીવન
(અમેરિકન સંત રાલ્ફ વાલ્ડો ટ્રાઇનના પુસ્તકનો
સરળ સુબોધ અનુવાદ) રૂ. ૨-૪-૦

## ભારત લોકકથાઓ

બેગમ બજાર અથવા રંગમહાલયમાં રતિ તાંડવ
ભાગ ૧ લો અને ભાગ ૨ જો દરેકના રૂ. ૧-૮-૦

બંગાળ દેશની લોકકથાઓ (૩-૪-૫-૬)
ભાગ ૧ લો, ૨ જો, ૩ જો અને ૪ થો દરેકના રૂ. ૧-૮-૦

(૭) વિક્રમ અને કાપાલિક (પરકાયા પ્રવેશ) રૂ. ૦-૧૨-૦

આ સિવાય ભારત લોકકથાના બીજા ૪ ભાગો છે. તેમાં જુદા જુદા લેખકોની લખેલી રજપૂત વીર રસકથાઓ અને કેટલીક સામાજિક નાની રસમય વાર્તાઓ છે જે વાંચવા લાયક છે. દરેકનો રૂ. ૧-૮-૦

# ઐતિહાસિક નવલકથાઓ

૧ હલદીઘાટનું યુદ્ધ અથવા અકબરનો પરાજય — રૂ. ૧—૦—૦
૨ અનારકલી અથવા અપરાધી અકબર — રૂ. ૨—૦—૦
૩ ચક્રવર્તી હમીર અથવા ચિતોડનો પુનરૂદ્ધાર — રૂ. ૨—૦—૦
૪ ભદ્રકાળી અથવા પાવાગઢનો પ્રલય — રૂ. ૨—૦—૦
૫ અનંગમદ્રા અથવા વલ્લભીપુરનો વિનાશ — રૂ. ૨—૦—૦
૬ બાદશાહ બાબર અથવા નૂરે ઇસ્લામ — રૂ. ૨—૦—૦
૭ કચ્છનો કાર્તિકેય અથવા જાડેજા વીર ખેંગાર — રૂ. ૨—૦—૦
૮ કચ્છનો કેસરી અથવા ઘોઘો અને ચનેસર — રૂ. ૩—૦—૦
૯ મહારાણી મયણલ્લા અથવા ગુજરાતની રાજમાતા — રૂ. ૪—૮—૦
૧૦ પરાધીન ગુજરાત અથવા ચાવડા વંશનો ઉદય — રૂ. ૩—૦—૦
૧૧ નાનાસાહેબ અથવા સ્વધર્મ માટે પ્રાણાર્પણ — રૂ. ૨—૦—૦
૧૨ મુરીદેશયતાન અથવા મલબારના માપલાઓનો અત્યાચાર — ૨—૦—૦
૧૩ સિતમગર સુલતાન અથવા તલવાર અને કુરાન — રૂ. ૨—૦—૦
૧૪ અમર ગર્જના અથવા સુષુપ્તિ અને જાગરણ — રૂ. ૨—૦—૦
૧૫ લાલ ઉદેરો અથવા લુહાણાના દેવનો પ્રતિહાસ — રૂ. ૨—૦—૦
૧૬ વીર જયમલ અથવા ચિતોડનો ઘેરો — રૂ. ૦—૮—૦
૧૭ જ્યોતિર્લિંગ સોમનાથની મૂર્તિ — રૂ. ૦-૧૨-૦

# સામાજિક નવલકથાઓ

૧ સંદગ્ધ સંસાર અથવા સાધુ કે ચ્યવતાન ? — રૂ. ૩—૦—૦
૨ ચૂડેલનો વાંસો—એક નટીની આત્મકથા ભાગ ૧ લો — રૂ. ૩—૦—૦
૩ " " ભાગ ૨ જો — રૂ. ૩—૦—૦
૪ આત્મહત્યા—કર્તવ્ય કે પાપ ? — રૂ. ૫—૦—૦

## ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ

રીઝર્વ બેંકની પાછળ, બજારગેટ સ્ટ્રીટને નાકે, સાસુન બિલ્ડીંગ,
એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુબઇ ૧

# ગુજરાતી પત્રે પ્રકટ કરેલી ઐતિહાસિક નવલકથાઓ

"ગુજરાતી" પત્રના આદ્ય તંત્રી અને સંસ્થાપક

## (૧) સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઇકૃત

૧ રાસેલાસ અથવા એબિસિનિયાનો રાજપુત્ર (૧૮૮૬) નથી

૨ હિન્દ અને બ્રિટાનિયા, (રાજકીય સંવાદ)
રાજભક્તિ વિડંબણ- (ભાણ નાટકનો એક પ્રકાર) (૧૮૮૭) ૨-૦

૩ મહારાણી વિક્ટોરિયાનું જીવન ચરિત્ર (૧૮૮૮) ૧-૮

(૪ સવિતા સુંદરી અથવા ઘરડા વરનો ફજેતો (૧૮૮૯) ૦-૪

૫ ટીપુ સુલ્તાન અથવા શ્રીરંગ પટ્ટણનો ઘેરો ભાગ ૧ લો (૧૮૯૦) નથી

૬ દિલ્લીપર હલ્લો અથવા ભરતખંડના પરવશપણાનો પ્રારંભ (૧૮૯૫) ૨-૦

## (૨) સ્વ. નારાયણ હેમચન્દ્રકૃત

૧ વિધવા વિવાહ શાસ્ત્ર સંમત છે (૧૮૮૬) નથી
૨ ગૃહધર્મ (૧૮૮૬) નથી

૩ ગંગા ગોવિંદસિંહ અથવા વારન હેસ્ટીંગનો જમણો હાથ (૧૮૮૮) ૧-૮

૪ રૂપનગરની રાજકુમારી અથવા મહારાણા રાજસિંહ (૧૯૦૪) નથી

## (૩) સ્વ૦ પેસ્તનજી જમશેદજી સહુ (Epoch) કૃત.

૧ અઢારમી સદીનું હિંદુસ્તાન (૧૮૯૬) ૨-૦

૨ શાહજાદો અને ભીખારી (૧૮૯૮) ૧-૮

## (૪) દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીકૃત

૧ ઔરંગઝેબ અને રાજપુતો અથવા મોગલ શાહનશાહતની
પડતીનો પ્રારંભ (૧૮૯૭) ૨-૦

## (૫) સ્વ૦ શાસ્ત્રી પ્રાણજીવન હરિહરકૃત

૧ હેસ્ટીંગ્સની સોટી અથવા પ્લાસીના યુદ્ધ પછીનું બંગાળ (૧૮૯૯) ૨-૦

૨ બેગમ સાહેબ અથવા અયોધ્યાનું પતન (૧૯૦૧) નથી

૩ નૂરજહાન અથવા સૌન્દર્ય વિજય (૧૯૦૨) નથી

### (૬) સ્વ૦ વકીલ ધીરજરામ નરભેરામ દેશાઈકૃત

૧ પાણીપતનું યુદ્ધ અથવા નાના ફડનવીશ (૧૯૦૦) નથી
૨ બાજીરાવ બલ્લાળ અથવા પેશ્વાનો ઉદયકાળ (૧૯૦૩) નથી

### (૭) સ્વ૦ છગનલાલ નારાયણભાઈ મેશ્રીકૃત

૧ ઇન્દુકુમારી અથવા બંગાળામાં મરાઠાની દોડ (૧૯૦૪) નથી
૨ નન્દનવનનો નાશ અથવા આ તે રામની અયોધ્યા? (૧૯૦૭) ૩-૦

### (૮) સ્વ૦ શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજીકૃત

૧ શિવાજીનો વાઘનખ અથવા અફઝુલખાનનું ખૂન. (૧૯૦૬) ૧-૦

### રા. મોરિંખ

૧ હલદીઘાટનું યુદ્ધ અને અકબરનો પરાજય ૧૯૧૬ ૨-૦

### (૯) સ્વ૦ ઈશ્વરદાસ ઈચ્છારામ મશરૂવાળાકૃત

૧ પેશ્વાઈની પડતીનો પ્રસ્તાર અથવા બાલાજી નેરાગણ. (૧૯૦૮) ૨-૦
૨ હરલેશ્વાર (સ્વ. નારાયણ વિસનજી ઠક્કરે પૂર્ણ કરી) (૧૯૧૧) નથી

### (૧૦) રા. મોહનલાલ મગનલાલ દેશાઈ એડવોકેટકૃત

૧ ઔરંગઝેબનો ઉદય અથવા આ તે મહાન મોગલ? (૧૯૦૯) ૨-૦

### (૧૧) સ્વ૦ મણિલાલ ઈચ્છારામ દેશાઈ કૃત

૧ પુરાતન દિલ્હી (સચિત્ર) (૧૯૧૧) ૨-૦
૨ ચુંબનમીમાંસા નથી

### (૧૨) રા. રમણીકલાલ અમૃતરામ મહેતાકૃત

૧ ભુજબળથી ભાગ્યપરીક્ષા (૧૯૧૫) ૨-૦
૨ રોનક મહેલની રાજખટપટ (૧૯૧૬) ૨-૦
૩ ઘરની આગ (૧૯૪૪) ૩-૦
૪ ડીનારબાસ (અથવા ડિનર રાસેલાસ) ૧-૦

### (૧૩) રા. ઘનશ્યામકૃત (શ્રી ક. મા. મુનશીકૃત)

૧ પાટણની પ્રભુતા (૧૯૧૬) ૪-૦

### (૧૪) સ્વ. છગનલાલ અમથારામ બ્રહ્મભટ્ટકૃત

૧ અમરકેસરી કટારી (૧૯૩૧) }
૨ તેગારી તરવાર અને રાયસિંગજીની હવેલી } (૧૯૩૧) ૨-૦
૩ મહારાણા પ્રતાપી પ્રતાપ (૧૯૪૬) ૨-૦

### (૧૫) રા૦ જેઠાલાલ હરજીવન મહેતાકૃત

૧ શત્રુંજયનો શ્યામ અથવા જોગણીનું ખપ્પર (૧૯૩૨) ૩-૦
૨ રક્તપિપાસુ રાજકુમારી (૧૯૩૮) ૩-૦

### (૧૬) રા૦ માધવલાલ ત્રિભુવન રાવળકૃત

૧ પાટણની પ્રતિષ્ઠા (૧૯૩૩) ૩ ૦
૨ મહારાજાધિરાજ (૧૯૩૫) ૩-૦

### (૧૭) રા. નર્મદાશંકર વલ્લભજી દ્વિવેદીકૃત

૧ મહારાણી લક્ષ્મીબાઇ અથવા ખાલસાનું ખપ્પર (૧૯૩૪) ૩-૦
૨ ગુજરાતનો બુઝાતો દીપક અથવા ઇસ્લામી સત્તાનો ઉદય (૧૯૩૬) ૩-૦
૩ ગુજરાતના વેરની વસુલાત (૧૯૩૭) ૩-૦

### (૧૮) રા. ગુણવંતરાય આચાર્યકૃત

૧ જળસમાધિ (અથવા વારસા ડ ગામાનો અત્યાચાર) (૧૯૩૯)

### (૧૯) રા. અમૃતલાલ રતનજી ત્રિવેદીકૃત

૧ ડગમગતી શાહેનશાહત (૧૯૪૦) ૩-૦

### (૨૦) રા૦ જેઠાલાલ નારાયણ ત્રિવેદીકૃત

૧ સોલંકીનો સૂર્યાસ્ત (૧૯૪૧) ૩-૦

### ૨૧ ઉછરંગરાય કે. ઓઝાકૃત

૧ પિતૃહત્યા (૧૯૪૨) ૩-૦

### ૨૨ ચંદુલાલ એમ. શાહ

૧ જિત કોની ? (૧૯૪૩) ૩-૦

### ૨૩ હરિશંકર દુર્ગાશંકર દવે

૧ ચાલમનો વીર રત્નસિંહ (૧૯૪૭) ૩-૦
૩ રાજબા (૧૯૪૮) ૪|૦

"ગુજરાતી" પ્રિ. પ્રેસ, સાસુન બિલ્ડિંગ રીઝર્વ બેંકની પાછળ,
બઝારગેટ સ્ટ્રીટને નાકે, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ,

## રા૰ નારાયણ વિશનજી ઠક્કુરકૃત

| | | |
|---|---|---|
| ૧ પ્લાસીનું યુદ્ધ અથવા લૉર્ડ ક્લાઇવનું ષડયંત્ર | (૧૯૦૫) | નથી |
| ૨ હલદીઘાટનું યુદ્ધ અથવા અકબરનો પરાજય | (૧૯૦૬) | ૧–૦ |
| ૩ પદ્મિની અથવા ભસ્મીભૂત ચિતોડ | (૧૯૧૦) | નથી |
| ૪ કત્લેઆમ અથવા દિલ્હીનો ડગમગતો રાજમુકુટ | (૧૯૧૧) | ૨–૦ |
| ૫ ભદ્રકાળી અથવા પાવાગઢનો પ્રલય | (૧૯૧૨) | ૨–૦ |
| ૬ જગન્નાથની મૂર્તિ અથવા ભારતનું ભવિષ્ય | (૧૯૧૩) | નથી |
| ૭ હમ્મીર હઠ અથવા રણથંભોરનો ઘેરો | (૧૯૧૪) | નથી |
| ૮ ચાણાક્ય નન્દિની અથવા ચમ્પા અને સુંદરી | (૧૯૧૭) | નથી |
| ૯ અનંગભદ્રા અથવા વલ્લભીપુરનો વિનાશ | (૧૯૧૮) | ૨–૦ |
| ૧૦ બાદશાહ બાબર અથવા નૂરે ઇસ્લામ | (૧૯૨૦) | ૨–૦ |
| ૧૧ ચક્રવર્તી હમ્મીર અથવા ચિતોડનો પુનરુદ્ધાર | (૧૯૨૧) | ૨–૦ |
| ૧૨ કચ્છનો કાર્તિકેય અથવા જાડેજા વીર ખેંગાર | (૧૯૨૨) | ૨–૦ |
| ૧૩ અનારકલી અથવા અપરાધી અકબર | (૧૯૨૩) | ૨–૦ |
| ૧૪ મહારાણી મયણલ્લા અથવા ગુજરાતની માતા | (૧૯૨૪) | ૪–૮ |
| ૧૫ પરાધીન ગુજરાત અથવા ચાવડા વંશનો ઉદય | (૧૯૨૫) | ૨–૦ |
| ૧૬ નાના સાહેબ અથવા સ્વધર્મ માટે પ્રાણાર્પણ | (૧૯૨૬) | ૨–૦ |
| ૧૭ મુરીદે શયતાન અથવા મલબારનો મોપલા અત્યાચાર | (૧૯૨૭) | ૨–૦ |
| ૧૮ સિતમગર સુલ્તાન અથવા તલ્વાર કે કુરાન ? | (૧૯૨૮) | ૩–૦ |
| ૧૯ કચ્છનો કેસરી અથવા ધોધો અને ચનેસર | (૧૯૨૯) | ૩–૦ |
| ૨૦ અમર ગર્જના અથવા સુષુપ્તિ કે જાગ્રતિ ? | (૧૯૩૦) | ૨–૦ |
| ૨૧ ૨૫૦૦ વર્ષ પૂર્વનું હિંદુસ્તાન અથવા ચન્દ્રગુપ્ત અને ચાણાક્ય | (૧૯૪૫) | ૩–૦ |

ગુજરાતી પ્રિ. પ્રેસ, સાસુન બિલ્ડિંગ, રીઝર્વ બેંકની પાછળ,
બઝારગેટ સ્ટ્રીટને નાકે, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ

# એમ.એ.બનાકે ક્યોં મેરી મિટ્ટિ ખરાબ કી?

આ વાર્તામાં એમ. એ. ની પરીક્ષામાં પાસ થયેલો અને તેમાં પોતાની જાતને રદ કરનારા માણેકચંદ નામના વિદ્યાર્થીની હકીકત છે. તે પછી તે એક પારસીની પેઢીમાં રહે છે, અને ત્યાં આગળ જતાં તેની કેવી ઉન્નતિ થાય છે તે દર્શાવ્યું છે. તે ઉપરાંત હિન્દુ સમાજના કેટલાક બગાડાનું પણ દર્શન કરાવેલું છે. વાર્તા લોકપ્રિય થઇ પડેલી છે. કી. ૨-૦-૦ ટ. ખ. રૂ. ૦ાા.

# વિલાયતી વિલાસમાં ફેશનબાઈ ખલાસ

આ એક મુસલમાન સંસારની સત્ય ઘટનાપૂર્ણ સામાજિક નવલકથા છે તેની રચના દર્શાકન એટલી રસપૂર્ણ છે કે એકવાર એક પાનું વાંચતાં બીજું પાનું અને બીજું પાનું વાંચતાં ત્રીજું, એમ મોહ વધતો જાય તેવી વાર્તા છે. વિલાયતનું અનુકરણ કરવા જતાં કેટલીક નુકસાની થાય છે તે આમાં સારી રીતે દર્શાવ્યું છે. કી. રૂ. ૩-૦-૦. ટપાલ ખર્ચ ૦-૮-૦.

# સંદિગ્ધ સંસાર અથવા સાધુ કે શયતાન

આ વાર્તામાં આપણા કેટલાક થઈ બેઠેલ ધર્માચાર્યોની પોલ ઉઘાડી પાડવામાં આવી છે. ટાલીઆ ગોપાળના કાવાદાવા અને તેનો આખરે અવલો ફેં. વાંચતાં વાંચનારને કેટલાક પોતાના અનુભવના વિષયો તેમાં નજરે જોયેલા જણાશે. અને વાર્તાની રહસ્યમય સત્ય ઘટના પોતાની નજર આગળ બનેલી લાગશે. કી. રૂ ૩-૦-૦. ટપાલ ખર્ચ ૦-૮-૦

# નવો જમાનો, અમૃત કે ઝેર?

આ વાર્તામાં ચાલુ જમાનાની એક સત્યગર્ભી રસમય કથા છે. ઉપરથી દેખાતી અમૃતમય જીંદગીમાં કોઈ કોઇ વાર ઝેર ક્યાં રહેલું છે તે સૂક્ષ્મતાથી વાંચનારને દર્શાવ્યું છે. વાર્તા અદ્ભુત અને રસિક છે. કી. રૂ. ૪-૦-૦

ગુજરાતી પ્રિન્ટિંગ. પ્રેસ

સાસુન બિલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ

‘ગુજરાતી’ પ્રેસની

# ઉત્તમ નવલકથાઓ

| | |
|---|---|
| એમ. એ. બનાકે ક્યોં મેરી મિટ્ટી ખરાબ કી! | રૂ. |
| વિલાયતી વિલાસમાં ફેરાનબાઈ ખલાસ ... | |
| સંદિગ્ધ સંસાર અથવા સાધુ કે શયતાન ... | |
| સુડેલનો વાંસો અથવા એક નદીની આત્મકથા ભા. ૧ લો | |
| સુડેલનો વાંસો અથવા એક નદીની આત્મકથા ભા. ૨ જો | |
| નવો જમાનો-અમૃત કે ઝેર? ... ... ... | |
| પ્રતાપી પ્રતાપ ... ... ... ... | ૨– |
| ગંગા—એક ગુર્જર વાર્તા ... ... ... | ૨– |
| શિવાજીની સુરતની લુટ ... ... ... | ૨– |
| દિલ્હી કે હલ્લો ... ... ... ... | ૨– |
| હેસ્ટીંગ્સની સોટી ... ... ... ... | |
| પાટણની પ્રભુતા ... ... ... ... | ૮ |
| અઢારમી સદીનું હિંદુસ્તાન ... ... ... | ૨– |
| વીરક્ષેત્રની સુંદરી ... ... ... ... | ૧– |
| વીર જયમલ ૦–૮ :: વિક્રમ અને કાપાલિક | ૦– |
| યૌવનના ઉલ્લાસ ૦–૧૨ :: સુવર્ણલતા | ૦– |

## “ગુજરાતી” પ્રિન્ટિંગ પ્રેસ

સાસુન બિલ્ડિંગ, રીઝર્વ બેંક પાછળ, બઝારગેટસ્ટ્રીટને નાકે

એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ, ૧